ટ્રમ્પ: અહીનું હવામાન ઘણું જ સારું છે. જરા પણ ઠંડી નથી. અમારે ત્યાં તો ખુબ જ ઠંડી પડે. પણ મને એ ખબર નથી પડતી અહી ઠંડી નથી તો પણ લોકો હથેળી કેમ ઘસે છે?
મોદી: એ હથેળી નથી ઘસતા, માવો ઘસે છે.
ટ્રમ્પ: વોટ ઇસ માવા?
મોદી: ઇન્ડિયન હિટ પેક

ટ્રમ્પ: મોદી, તે તો મને કહ્યું હતું કે સિત્તેર લાખ(સેવન મિલિયન) લોકો મારું સ્વાગત કરવા આવશે. પણ અહી તો માંડ એકાદ લાખ લોકો આવ્યા છે
મોદી: ટ્રમ્પ ભાઈ, એક ડોલર બરાબર સિત્તેર રૂપિયા એજ પ્રમાણે એક ગુજરાતી બરાબર સિત્તેર અમેરિકનો થાય, હિસાબ બરાબરનો છે ને?

એક નર્સરી સ્કુલની કેન્ટીનમાં સફરજનની બાસ્કેટ મૂકી હતી અને તેમાં એક નોટ લખી હતી કે કોઇએ પણ એક થી વધારે સફરજન લેવાનું નથી, ભગવાન બધું જુવે છે. બીજા ટેબલ ઉપર ચોકલેટનું બોક્સ હતું. એક નાનો છોકરો ત્યાં ગયો અને એક કાગળમાં લખ્યું, જેટલી જોઇએ તેટલી ચોકલેટ લઇ લો, ભગવાન સફરજન જોવામાં બીઝી છે. ઉપદેશ: આજના આ નવા જનરેશન પાસે હોશિયાર થવાની હોશિયારી કરવી નહિ.

https://suratundhiyu.wordpress.com/

મેં જેને ડેરી મિલ્ક અને કીટકેટ આપી, આજે એ જ મને ટીફીનમાં ગવાર, રીંગણા અને કારેલાં આપે છે

શિક્ષક: સોલાર એનર્જીમાંથી બનેલ કોઈ વસ્તુનું નામ બતાવ
ભોપો: કુંતીપુત્ર કર્ણ(ભોપાને ટીચરે ધોળે દિવસે તારા બતાવ્યા)

પત્રકાર: બાપુ, ફિલ્મી લાઈફ અને અસલી લાઈફમાં શું ફરક છે
બાપુ: ફિલ્મી લાઈફમાં બહુ મુશ્કેલી બાદ લગ્ન થાય છે જયારે અસલી લાઈફમાં લગ્ન પછી ખુબ મુશ્કેલી પડે છે

જો પ્રભુ શ્રીરામ અને સીતામાં ના 36 ગુણ મળ્યા તા તો પણ તેમણે વનવાસ મળ્યો. તો પછી આપણા 17-18 ગુણમાં તો સાહેબ ભુક્કા નીકળી જ જાય ને...

સવાલ: સ્ત્રીઓ લાંબુ કેમ જીવે છે?
જવાબ: કારણ કે શોપીંગ કરવાથી કોઈ દિવસ હાર્ટએટેક નથી આવતો. હાર્ટએટેક તો તેના બીલો ભરવાથી પુરુષોને આવે છે!

આજકાલ જો બાળકોને શાક પસંદ ના આવે તો, તેમની પાસે કેટલાય ઓપ્શન હોય છે....
બેટા મેગી બનાવી દઉં?, બેટા પાસ્તા બનાવી દઉં?, પીઝા બનાવી દઉં.? મારા રાજાને શું ભાવે ?
અને, આપણે જ્યારે બાળક હતા ત્યારે ફક્ત બે જ ઓપ્શન હતા, આ શાક ખાવું છે કે ઝાપટ ?
આપણે તો પાછા બેઉ ખાતા. પહેલા એક ઝાપટ, પછી, રોતા રોતા એ જ શાક..

જીગો: એકવાર મેં પણ રોડ શો કર્યો હતો.
મિત્ર: ક્યારે?
જીગો: બહુ ભારે પડ્યો હો..
મિત્ર: પણ ક્યારે એ તો કહે?
જીગો: જયારે મારા લગ્ન હતા ત્યારે..

લખુભાને પત્નીને મારવાના ગુન્હા માટે ફરીવાર એવું નહિ કરવાની ચેતવણી આપીને છોડી દીધા. બીજે જ દિવસે ફરીવાર પત્નીને મારવા માટે પોલીસે એજ જજ સામે લખુભાને રજુ કર્યા.
જજ: તમારી બીજી વાર મારવાની હિંમત કેવી રીતે થઇ? કોર્ટને શું મજાક સમઝો છો?
લખુભા: ના સાહેબ તમારી અને કોર્ટની હું ખુબ જ ઈજ્જત કરું છું. મારી વાત સાંભળશો પછી તમને ખ્યાલ આવશે કે હું તમારી ને કોર્ટની કેટલી ઈજ્જત કરું છું. હું છુટવાની ખુશીમાં આખી આખી બોટલ દારુ પીને ઘરે ગયો. મારી પત્ની મારા પર ગુસ્સે થઈને બોલી, “હરામી, ગંદા નાળાનું પાણી પી ને આવી ગયો”. સાહેબ, મેં ચુપચાપ સાંભળી લીધું. કશું બોલ્યો નહિ. પછી તે બોલી, “કોઈ કામ ધંધો કરવો નથી ને પૈસા બગાડવા છે”. છતાં હું કશું બોલ્યો નહિ અને બેડરુમમાં સુવા જતો હતો એટલે મારી બૈરીએ ફરીવાર ઘાંટો પાડીને કહ્યું, “જો જજમાં

https://suratiundhiyu.wordpress.com/

થોડી પણ અક્કલ હોત ને તો તું હાલમાં જેલમાં જ હોત”.  બસ સાહેબ, તમારૂ અને અદાલતનું અપમાન મારાથી સહન નહિ થયું અને એને મારી”. બસ..કેસ ખતમ..લખુભાને અદાલતે બા ઈજ્જત છુટા કરી દીધા.

પતિ પત્નીને સામ સામા બેસીને ચા પીતા જોઈને થયું કે "વાઘ બકરી"નામ પરફેક્ટ રાખ્યું છે

વનવિભાગને એક અરજી મળી કે મારા ઘરની સિંહણ પર તમે કાર્યવાહી કરી શકો છો કે કેમ?
વનવિભાગ તરફથી જવાબ મળ્યો, તમે લાવ્યા ત્યારે વનવિભાગની એન.ઓ.સી. લીધું હતું?
અરજી કરવાવાળો: સાહેબ, હું તો બકરી લાવ્યો હતો સિંહણ ક્યારે બની ગઈ તે જ ખબર નહિ પડી.....!!

ફક્ત બે પ્રકારના પુરુષો મહિલાને સમજી નથી શકતા. કુંવારા અને પરણેલા, જે લોકો સમજી શક્યા છે એ લોકો સાધુ બની ગયા...

સુહાગરાતે પતિએ શરમાતા શરમાતા પત્નીનો ઘૂંઘટ ઉઠાવીને પૂછ્યું, “બેબી તારું નામ શું છે?”
પત્ની: કંકોત્રીમાં શું તારી માનું નામ લખ્યું છે?

ગ્રાહક: હિયરીંગ એઇડનું મશીન કેટલાનું છે?
દુકાનદાર: એ વીસ રૂપિયાથી વીસ હજાર સુધીના આવે છે
ગ્રાહક: વીસ રૂપિયાવાળું બતાવોને
દુકાનદાર: આ લો, આ કાનમાં લગાવવાનું એક બટન અને એ બટનથી ખીસા સુધી પહોંચે એવો વાયરનો ટુકડો
ગ્રાહક: એ કેવી રીતે કામ કરે છે?
દુકાનદાર: એ કોઈ કામ નથી કરતુ. પણ એ જોઈને લોકો તમારી સાથે મોટે મોટેથી વાત કરે છે. અમારા અમદાવાદમાં આ મશીનો ખુબ વેચાય છે.

એક નિર્દોષ વિધ્યાર્થી ભગવાનને પત્ર લખ્યો
ડોલર 72 પર પોચ્યો, પેટ્રોલ 70 પર,
દુધ 50 પર, ડુંગળી 80 રુપિયા અને દાળ 100 પર
હે ભગવાન તારો ખુબ ખુબ આભાર છે કે પાસિંગ માર્ક્સ હજુ 35 પર જ અટકેલા છે નહિતર હુ તો બરબાદ જ થઇ ગયો હોત

શિયાળાનો આરોગ્યવર્ધક સુવિચાર, “મેથી ખાવી, મારવી નહીં”

એક સાહેબ કહેતા હતા કે છેલ્લા વીસ વરસથી તે ગીતાનો ઉપદેશ નિયમિત સાંભળે છે અને એ મુજબ જ જીવન જીવે છે. મને એમના માટે ખુબ જ માન ઉત્પન થયું. પછી ખબર પડી કે એમની પત્નીનું નામ “ગીતા” છે.

https://suratiundhiyu.wordpress.com/

2588 વર્ષ બાદ આ યોગ આવ્યો છે. જો આપ પણ કોઈ માનસિક બીમારીથી પીડાતા હો, આંખો બળતી હોય, ઊંઘ ના આવતી હોય, મન એકાગ્ર ના થાય, ધંધામાં નુકસાન થતું હોય, નોકરી પર જવાનું મન નહિ થાય, છોકરાંઓ ભણતા ના હોય, પરીક્ષામાં ઓછા ગુણ આવતા હોય, માથું દુખે, આળસ આવે, ભૂખ ના લાગે તો અચૂક આ કિમીઓ આજમાવો. તમારી સર્વે તકલીફો નો 100 ટકા સચોટ ઈલાજ. હોળીના દિવસે તમારો મોબાઈલ માથા પર સાત વાર ફેરવીને હોળીમાં પધરાવી દેવો. પાછા ફરીને જોવું નહીં. ૨-૩ દિવસ તકલીફ થશે, પણ તમામ બીમારીઓ થી મુક્તિ મળી જશે.

રઘલો: બાપુ, આ તમે નાનો ચંદ્રક લગાવ્યો છે એ શા માટે મળ્યો?
બાપુ: ગાવા માટે
રઘલો: તો આ મોટો ચંદ્રક શા માટે મળ્યો?
બાપુ: ગાવાનું બંધ કરવા માટે

જીવલો: બાપુ, બળનું કામ કળથી કરવું એટલે શું?
બાપુ : ડોબા, કાયમ ચૂર્ણ ખાવું

એ અમદાવાદ આવી, સાબરમતી ગઈ, આગ્રા ગઈ, તાજ મહાલ જોઈ આવી પણ ડ્રેસ નહિ બદલ્યો. અમેરિકાની first lady હોવા છતાં. નહિ તો આપણા બૈરાઓ, સવારના માંડવામાં એક સાડી, લગ્નમાં બીજી સાડી, રિસેપ્શનમાં ત્રીજી સાડી, પાછા વળતાં વળી પાછી ચોથી સાડી અને એ પણ વળી બીજા કોઈક ના લગ્નમાં. આટલું ઓછું હોય તેમ ઘણા બૈરા તો બીજાની સાડી સારી છે કહીને પહેરવા લઇ જાય અને ધોયા વગર પાછી થેંક્યું કહીને આપી જાય..

એક દિવસ અમદાવાદમાં સ્કુલમાં ગણિતના ટીચરે એક છોકરાને સવાલ પૂછ્યો કે તારી પાસે ૪૦૦૦ રૂપિયા હોય અને તને તારો ખાસ મિત્ર મેસેજ મોકલે કે તેને ૨૦૦૦ રૂપિયા જોઈએ છે અને તારી ગર્લફ્રેન્ડ મેસેજ મોકલે કે તેને ૧૦૦૦ રૂપિયા મોકલ તો તારી પાસે બાકી શું રહે?
છોકરો: ૪૦૦૦ રૂપિયા અને બે નહિ વાંચેલા મેસેજો..!!

મારિયા શારાપોવાએ સન્યાસ લીધાના સમાચારથી સાધુ સમાજમાં ઉત્સાહનું વાતાવરણ!
અલ્યાઓ, ટેનિસમાંથી સન્યાસ લીધો છે !

નાટકનો પહેલો જ પ્રયોગ પુરો થયો...
લેખક: કેવું લાગ્યુ નાટક? ફેરફાર કરવા લાયક કોઇ સુઝાવ...?
પ્રેક્ષક: નાટકની અંતમાં નાયિકા ઝેર ખાઇને મરી જાય છે, તેમ તમે બતાવ્યુ છે, બદલામાં બંદૂકની ગોળી માથામાં મારી લે છે તેમ બતાવો.
લેખક: કેમ?

https://suratiundhiyu.wordpress.com/

પ્રેક્ષક: અંતમાં બંદૂકની ગોળીનો અવાજ થશે, એટલે બધા પ્રેક્ષકો જાગી જશે અને પોત-પોતાના ઘરે જતા રહેશે...!

બાપુની બાજુમાં બેન્કનો બંગાળી મેનેજર રહેવા આવ્યો. બાપુ જોડે સારા સબંધ એટલે એક દિવસ સવારમાં બંગાળી આવ્યો અને બાપુને કહ્યું, “આજ તુમ સારા ઘર હમારે ઘર ભોજનમેં આના”. બાપુ તો મેનેજરનો સ્વભાવ જોઇને ખુશ થઇ ગયા અને કહ્યું કેટલા વાગે?. તો પેલાએ અગિયાર વાગે કહ્યું. બાપુ અને ઘરના બધા બરાબર અગિયાર વાગે તેમને ઘરે પહોંચી ગયા. ત્યાં એક ભાઈ હાર્મોનિયમ, એક ભાઈ તબલા લઈને બેઠા હતા, એક ભાઈ ગાતા હતા. બાપુને થયું કે ઘણાને બોલાવ્યા લાગે છે, એટલે સંગીતનો પ્રોગ્રામ પણ રાખ્યો લાગે છે. આમ ને આમ બે વાગ્યા એટલે પેલા મેનેજરે બાપુને ભજનમાં આવવા બદલ થેંક્યું કહ્યું. બાપુ તો બબડતા બબડતા ભૂખ્યા પેટે ઘરે ગયા અને બબડ્યા સાલા બંગાળીઓ પણ ભજનને ભોજન કહે મને ક્યાંથી ખબર હોય?

કાકાને કોઇએ કહ્યું કે ડિસેમ્બર છે એટલે શાંતાક્લોઝ આવશે. કાકા તો વાટ જોતા રહ્યા પણ શાંતા ક્લોઝ આવી જ નહીં...કાકાની મનની મનમાં જ રહી ગઈ..!!

ડોક્ટરને એમના એક જૂના પેશન્ટ ઘરડાકાકાએ એમની હોસ્પીટલમાં કહ્યું, “ડોક્ટર સાહેબ, તમે મારે માટે કોઈ સારી, દેખાવડી અને યુવાન નર્સ રાખતા હો તો?
ડોક્ટર: આ ઉંમરે તમારું મગજ બહેર મારી ગયું છે કે શું? આવી માંગણી આ ઉંમરે કરો છો?
કાકા: તમે ઊંધું સમજો છો, જો દેખાવડી નર્સ હોય તો મારા છોકરાઓ રોજ મારી ખબર કાઢવા આવેને...

પત્ની: મને ખબર છે કે તમને ઓફિસમાં ખુબ કામ રહે છે, પણ “પોતા” માટે થોડો સમય તો કાઢો
પતિ: હા, કાઢીશ પણ ફિનાઈલ ના હોય તો લઈ રાખજે..ફરીથી વાચો તો ખબર પડશે...

એક બહેન બે બાળકોને એક જ સરખો ડ્રેસ પહેરાવીને મેળામાં જતા હતા. કોઈએ પૂછ્યું કેમ એક સરખો ડ્રેસ?
બહેન: છોકરું મેળામાં ખોવાઈ નહિ જાય માટે
બીજા બહેન નવ છોકરાઓને એક જ સરખો ડ્રેસ પહેરાવીને મેળામાં જતા હતા. કોઈએ પૂછ્યું, કેમ એક સરખો ડ્રેસ?
બહેન: કોઈનું છોકરું મારી સાથે આવી નહિ જાય એટલે

**If you are experiencing the following symptoms**
**Headache, Body ache, Poor eyesight, Difficulty in breathing, High temperature, Always out of mind, Difficulty in sleeping, Most of the time in shock, Easily gets mad & can't communicate properly, Feeling dizzy**
**“This is not CORONA VIRUS..!”**
**These are symptoms of..a “Married life..!!”**

https://suratiundhiyu.wordpress.com/

જીવન શું છે? બાળપણમાં હોમવર્ક, જુવાનીમાં હોમલોન, ઘડપણમાં હોમ એલોન, અને પછી ઘરે બેઠા અનુલોમ-વિલોમ

સાલું, જિંદગીમાં ક્યારેય પણ નહોતું વિચાર્યું કે મોત પણ...
"મેઇડ ઇન ચાઇના" આવશે..

જોડીઓ બને છે સ્વર્ગમાં, પણ ઝગડે છે પૃથ્વી પર...

ભારતમાં કામવાળીની અછત કેમ છે? સરકારે 15 વર્ષ થી નીચેની ઉંમર ઉપર કામ કરવા નો પ્રતિબંધ મૂક્યો છે, ઘરવાળી એ 16 થી 40 ની ઉંમર ની કામવાળી ઉપર પ્રતિબંધ મૂક્યો છે અને પતિઓ એ 40 થી ઉપરની ઉંમર હોય એવી કામવાળી ઉપર પ્રતિબંધ મૂક્યો છે. હવે અછત શું કામ છે તે સમજાયું ને??

**महिलाओं से छेड़छाड़की पहली शिकायत मीनाकुमारीने की थी, इन्हीं लोगोंने ले लीना दुपट्टा मेरा वो 3 गवाह भी साथ लाई थीं.**
**हमरी न मानो बजजवा से पूछो,**
**हमरी न मानो रंगरेजवा से पूछो,**
**हमरी न मानो सिपाहिया से पूछो,**
**समय पर कठोर कार्यवाही की होती तो ऐसी घटनाओं पर अंकुश लग जाता..**

**एक बुजर्ग ने सुनने की नई मशीन लगवाई। नई मशीन बहुत छोटी थी और आसानी से दिखती नहीं थी। एक हफ्ते बाद वह फिर डॉक्टर के पास पहुंचा।**
**डॉक्टर: कैसी चल रही है नई मशीन?**
**बुजुर्ग: बढ़िया, अब मैं अपने रिश्तेदारों की सारी बातें अच्छे से सुन सकता हूं।**
**डॉक्टर: तब तो आपके रिश्तेदार बहुत खुश होंगे।**
**बुजुर्ग: नहीं, मैंने उन्हें बताया नहीं है। मैं पहले की तरह बैठा रहता हूं और वे लोग मुझे बहरा समझकर बात करते रहते हैं। अब पिछले एक हफ्ते में, मैं तीन बार अपनी वसीयत बदल चुका हूं।**

**कुछ लोग धर्म के नाम पर लड़ते हैं, कुछ धन के नाम पर तो कुछ जाति के नाम पर..**
**सिर्फ पति-पत्नी ही हैं जो निस्वार्थ भाव से बेवजह लड़ते हैं..**

https://suratiundhiyu.wordpress.com/

બાપુ છોકરાને ત્યાં અમેરિકા ફરવા ગયા. એમની મોટી મોટી મૂછો જોઇને અમેરિકનને નવાઈ લાગી. એટલે તેણે બાપુને પૂછ્યું, “વોટ ઇસ ધીસ?”.
બાપુ: ધીસ ઇસ ઇન્ડિયન્સ “આબરૂ”. વન પીસ વન હન્ડ્રેડ ડોલર્સ.
અમેરિકન(સો ડોલર આપીને): ગીવ મી વન પીસ. એટલે બાપુએ પાઘડી ઉંચી કરીને માથામાંથી એક વાળ તોડીને અમેરિકનને આપ્યો
અમેરિકન: આઈ વોન્ટ વોટ યુ શો મી નોટ થીસ..
બાપુ: ધેટ વોસ સેમ્પલ, આ ગેવ યુ ફ્રોમ માય ગોડાઉન...!!!!

**Latest rumours is that...:**
**Nirav Modi , Lalit Modi and Vijay Mallya have formed a new company called:**
**“HINDUSTAN LEAVERS”**

કાર્ડિયોલોજિસ્ટ: તમારે ત્રણ જગ્યાએ બ્લોક છે.
પેશન્ટ: નહીં ચાર છે, ૧.દહીંસરમાં, ૨.બોરીવલીમા, ૩.કાંદીવલીમા અને ૪.મલાડમા
કાર્ડિયોલોજિસ્ટ: એમાંથી એક વેચી નાખજો પરમ દિવસે તમારુ બાયપાસ કરવાનું છે

મારે તો પત્નીની વાત એટલા માટે માનવી પડે છે કે એ મને પોતાનો ભગવાન(પતિ પરમેશ્વર) માને છે અને ભગવાન હંમેશા ભક્તોના વશમાં હોય છે, જરા થોભો..હું ચા બનાવીને આવું છું....

"ઈન્ટરવ્યુંમાં પ્રશ્ન"
સવાલ : કાજુકતરીને ચાંદીનો વરખ કેમ લગાવવામાં આવે છે ?
આઇ.એ.એસ.: આ પ્રશ્ન જ ખોટો છે.
આઇ.આઇ.ટી.: નો કમેંટ.
આઇ.આઇ.એમ.: ખબર નહીં.
ગુજરાતી: ઉંધી છે કે ચત્તી તે ખબર પડે એટલા માટે.

દર્દી : ડૉ સાહેબ તમે દવા લખી આપી એ કઇ રીતે લેવાની?
ડૉક્ટર: રોકડેથી....

રઘલો માંદો રહેતો હતો અને ક્યારે મરી જાય એ કહેવાય એમ ન હતું. બાપુ રોજ રઘલાની ખબર કાઢવા જાય. એક વખત બાપુએ કહ્યું કે રઘલા, તું ઉપર જાય તો પહેલા તપાસ કરીને કહેજે કે ત્યાં ક્રિકેટ રમે છે કે નહિ. આપણે બંને નાનપણથી ક્રિકેટ જ રમીએ છીએ, સાલું ઉપર ક્રિકેટ નહિ હોય તો મારું શું થશે? રઘલો મરીને સ્વર્ગમાં પહોંચી ગયો. એક રાતે બાપુ સુતા હતા અને એમને સપનામાં રઘલાનો અવાજ સંભળાયો. બાપુને એણે કહ્યું કે તમારે માટે એક સારા અને એક ખરાબ સમાચાર છે. સારા સમાચાર અહી ક્રિકેટ રમાય છે. દર શનિવારે આપણા બધા જુના દોસ્તો ક્રિકેટ રમે છે. કોઈને થાક નથી લાગતો. મઝા આવે છે.
બાપુ: તો ખરાબ સમાચાર શું છે?

https://suratiundhiyu.wordpress.com/

રઘલો: આવતા શનિવારની મેચમાં તમે રમવાના છો..!!!

એક વૃદ્ધ રસ્તામાંથી પસાર થતા હતા. સામે એક પરિચિત વ્યક્તિ મળી.
તેમને વૃદ્ધને કહ્યું, “મઝામાં છો?”.
વૃદ્ધ: આનંદમાં છું
વ્યક્તિ: બંનેમાં શું ફરક?
વૃદ્ધ: મજા માટે પૈસા જોઈએ અને આનંદ માટે પરિવાર અને મિત્ર જોઈએ

કોલેજમાં બાપુ એક છોકરીના પ્રેમમાં પડ્યાં. તેમણે તેને એક પ્રેમપત્ર લખ્યો. “જો, તને પણ મારી સાથે પ્રેમ હોય તો આવતીકાલે લાલ રંગનો ડ્રેસ પહેરીને કોલેજમાં આવજે. પ્રેમપત્ર એક પુસ્તકમાં મૂકીને પુસ્તક તેને આપી દે છે. બીજા દિવસે તે પીળા રંગનો ડ્રેસ પહેરીને કોલેજમાં આવે છે અને બાપુને એમનું પુસ્તક પરત કરી દે છે. આ બધું જોઈને બાપુનું મન સંસારમાંથી ઉઠી જાય છે. તે દેવદાસની જેમ જીવવા લાગે છે. સમય વીતે છે. પેલી છોકરીનું બીજે ગોઠવાઈ જાય છે.
વર્ષો બાદ........બાપુ ઘરનો કચરો સાફ કરતાં હોય છે. પેલું પુસ્તક હાથમાંથી છટકીને નીચે પડે છે અને એમાંથી એક ચિઠ્ઠી સરકી પડે છે. “મને પણ તમે ગમો છો. તમે મારાં મમ્મી-પપ્પાને મળો. જો તેઓ સંમતિ આપશે તો હું જરૂરથી તમારી સાથે લગ્ન કરીશ. અને હા, મારી પાસે એક પણ લાલ ડ્રેસ નથી. તો SORRY !!!” ખાસ નોંધ- હવે તમે તમારાં જૂના પુસ્તકો ફંફોસવા ન બેસતાં, તમારો સમય ક્યારનોય વીતી ચૂક્યો છે. મહેરબાની કરીને પોતાના બાળકોના અભ્યાસ પર ધ્યાન આપો.

4th March - National Safety Day, Don't argue with your wife..Stay silent.. Stay safe..

ટ્રમ્પ અમેરિકા જઈને સંસદમાં બોલ્યા
ગુજરાતમાં educationનું બહુજ મહત્વ છે
ત્યાં ગાંઠિયાની આગળ પણ “ભણેલા”(વણેલા) એવું લખવામાં આવે છે

શાસ્ત્રો મુજબ કુંવારી છોકરીઓમાં નવ દેવીઓનો વાસ હોય છે. લગ્ન પછી કઈ દેવી પ્રગટ થશે એનો આધાર પતિના કર્મો પર છે

શિક્ષક: વિધીની વક્રતા એટલે શું તે સમજાવો?
ગગજી: મહારાષ્ટ્રવાળા પાસે દારૂમાં નાખવા માટે પાણી નથી, બિહારવાળા પાસે પાણીમાં નાખવા માટે દારૂ નથી અને ગુજરાત પાસે બંને છે પણ પરમીટ નથી. આને વિધિની વક્રતા કહેવાય.

99% ભારતિય મહિલાઓ તેના પતિઓની આદતો બદલવા માંગે છે અને 99% ભારતિય પુરુષો તેમની પત્નીઓને બદલવા માંગે છે, હિસાબ બરાબર

https://suratiundhiyu.wordpress.com/

ડોક્ટર: હવે તમે ખતરાથી બહાર છો તો પણ શું કામ ધ્રુજો છો?
રઘલો: જે ટ્રક જોડે મારો એક્સિડન્ટ થયેલો એના પર લખ્યું હતું, "જિંદગી રહી તો ફિર મિલેંગે"

આખી દુનિયાની નોટો પર ફોટો પુરુષોનો હોય છે અને તેના પર કબજો સ્ત્રીઓનો હોય છે

ઘરવાળીઓને હવે બબ્બે ટેન્શન
સંતાન માટે દેખાવડુ પાત્ર શોધવાનું
અને...
પાછી વેવણ  પણ કદરુપી હોય તેનો ખ્યાલ રાખવાનો, બોલો?

કોરોના વાયરસ ઇટાલીથી ભારત આવનારી બીજી રાષ્ટ્રીય આપત્તિ છે

એક ભાઈને પુછવામા આવ્યું: તમારા સુખી દામ્પત્ય જીવનનુ રહસ્ય શું છે? જવાબમાં તેમણે તેના ઘરમાં લગાવેલુ બોર્ડ દેખાડ્યુ, જેમાં લખ્યું હતું "2KM".
મેં કહ્યું, મને કશું સમજાયું નહીં..
તેમણે ફોડ પાડયો: લગ્નના પહેલા દિવસથી જ મેં તેને કહ્યું છે કે હવેથી "તું  કે  એમ" (2KM), બસ ત્યાર પછી આજ સુધી કોઇ ઝઘડો થયો નથી...

કોરોના વાયરસ ભારતમા પણ આવી ગયો. બધા રાજ્યોવાળા તો દારૂ પી ને બચી જશે પણ બચારા ગુજરાતીઓનું  શું ? અને આ ગુજરાત સરકારને કોણ સમજાવે કે પીશે ગુજરાત તો જ જીવશે ગુજરાત..!!

સુંદર દેખાવ મજબૂત બાંધો સિક્સ પેક વાળી બોડી, આ બધા સાથે પત્નીને કઈ લેવા દેવા નથી. રિતિક રોશનની પત્ની એને છોડીને જતી રહી, લાલુયાદવની હજુ સાથે છે....

**"पड़ोसन" को जब भी और जितनी बार भी देखो, अच्छी ही लगती है,**
**क्योंकि................**
**इसमे सुनील दत्त, महमूद और सायराबानोने बहुत बढिया काम किया है....**
**बहुत अच्छी फिल्म है... कोई शक?**

**शादीकी पच्चीसवी सालगिरह पर पत्नी खुश होकर पति को बोली, "आप बिलकुल भी नहीं बदले, वैसे के वैसे ही भोले भाले, वैसे ही शांत, एकदम पहेले जैसे ही हो".**
**पतीभी भावुक होकर बोल उठा,**
**"जो रहिमन उत्तम प्रकृति, करी शकत कुसंगा, चन्दन विष व्यापत नहीं, लिपटे रहत भुजंगा".**

https://suratiundhiyu.wordpress.com/

पति सरस्वती शिशु मंदिरका छात्र था और पत्नी इंग्लिश मीडियम कोंवेन्टमें पढ़ीथी, वो तो खुश होकर पकोड़े बनाने चली गई.

एक औरत का दर्द तुम क्या जानो 'बाबू', काम करे तो 'सांस' फूल जाती है। बेठ जाए तो 'सास' फूल जाती है, और काम न करें तो खुद फूल जाती है।

उर्दू के टीचरने सवाल पूछा, "नाकाम इश्क़" और मुकम्मल इश्क़ में क्या फर्क होता है? स्टूडेंट ने जवाब दिया: नाकाम इश्क बेहतरीन शायरी करता है, ग़ज़ल गाता है, पहाड़ों में घूमता है, उम्दा शराब पीता है. मुकम्मल इश्क, सब्ज़ी के साथ मुफ्त में धनिया कैसे मिले, रास्ते से ब्रेड लाने और दालमें नमक ज़्यादा/कम, संडे को पंखा साफ़ करने, में दम तोड़ देता है...

કરીના અને કોરોનામાં શું તફાવત છે?
કરિનાએ લપેટમા લીધેલ "સેફ" છે....
જ્યારે....
કોરોનાની લપેટમાં કોઈ પણ "સેફ" નથી

લાગે છે કે આ વરસે
અનાજ ઉપરવાળો નહિ રહેવા દે...
પૈસા બેંકવાળા નહિ રહેવા દે.........
અને
જીવ ચાઈનાવાળા નહિ રહેવા દે....

કોઈને ભડકાવવા કે બીવડાવવા નથી માગતો, વૈજ્ઞાનિકોએ કહ્યુ કે કોરોના વાઈરસ કરન્સી પર ચોંટે છે એટલે તમારા ઘરમાં જેટલી નોટો હોય તે હાથમાં મોજા અને મોં પર માસ્ક પહેરી એક થેલીમાં ભરી ઘરની બહાર રાત્રે મુકી દેજો. પછી મને મારા ટોલ ફ્રી નંબર પર ફોન કરજો એટલે મારી ગાડી મોકલી ઊપડાવી લઈશ અને સારી રીતે નિકાલ કરી આપીશ. ગમે તેમ તોય તમે મિત્ર છો એટલે કામમાં આવું ને?

પત્ની: આ મેં તમને માસ્ક લેવા મોકલ્યા હતા ને આ શું લઈને હાલી આવ્યા ? કઈ મગજ તો ઠેકાણે છે ને ?
પતિ: અરે ગાડી સ્ટોર માં એક પણ માસ્ક નથી તો આ સસ્તામાં સસ્તી બ્રા ૫૦ નંગ લઇ લીધી હવે વચ્ચેથી કાપીને બે બાજુ દોરી બાંધી દેવાની ...

પહેલા બેંકમાંથી લૉન લઈને લોકો ઉઠી જતા
હવે લોકો પાસેથી પૈસા લઈને બેંક ઉઠી જાય છે..
મેરા દેશ બદલ રહા હે...

https://suratiundhiyu.wordpress.com/

આને કહેવાય “સબકા સાથ સબકા વિકાસ”

બેંકો બધી મોહમાયા છે
અંતિમ સત્ય તો..........
બેંગકોક જ છે............

કેવી રીતે કોરોના વાયરસ સામે લડવું..??
આ અભ્યાસ કરવા માટે કાઉન્સિલરો, ધારાસભ્યો, સાંસદોને ચીનના પ્રવાસ પર મોકલો.
આવી માંગ સામાન્ય નાગરિકો તરફથી થઈ રહી છે....!

રૂપિયા રાખવા હોય તો BANK OF WIFE પાસે રાખો વ્યાજ નહીં મળે, કપાત થશે પણ મુશ્કેલ સમયમાં LOAN એજ આપશે પાછા આપવાની શરતે, “Happy Womens day”

જ્યોતિષ:"તમારી હસ્તરેખા કહે છે કે તમારા ઘર નીચે ખૂબ ધન છે, પણ તમને ઉપયોગમાં નહી આવે".
બાપુ: "સાવ સાચું, મારા ફ્લેટ નીચે જ યશ બેંક છે"....

મહિલા દિવસના શુભ અવસર પર પુરુષોએ નિરાશ થવાની જરૂર નથી
એમનો દિવસ પણ આવશે પહેલી “મે”ના દિવસે
“મજૂર દિવસ”.....

અમદાવાદી મુંઝવણમાં...
એસી સાફ કરવા?
સ્વેટર ધોવા?
કે
રેન કોટ પેરવા...

**Question: ALEXA which is the next Bank to take a Dip ?**
**Answer: I am Alexa not, Nirmala ...**

**Go outside and you are afraid of "Virus Corona"**
**Stay at office and you are afraid of "Target pura Carona"**
**Stay at home and you are afraid of "Yeh Carona, Woh Carona"..**

ફસાયેલા નાણા કઢાવી આપનાર તાંત્રિક બાબા આજે યશ બેંકની લાઈનમાં ઉભા હતા

https://suratiundhiyu.wordpress.com/

**RBI का सभी बैंकों को निर्देश।**
**पासबुक के आखिरी पन्ने पर प्रिंट करवाएं गीता-सार**
**"तुम क्या ले के आये थे, क्या ले के जाओगे"**
**"क्यों रोते हो, तुम्हारा क्या था जो खो गया"**
**"जो लिया यहीं से लिया, जो दिया यहीं दिया"**
**"जो आज तुम्हारा है, कल किसी और का था। परसों किसी और का हो जाएगा"**

**चीनवाले *Corona* के *Virus* से परेशान हैं**

**और हम यहां *Corona* की *Callertune* से**

શેર બજારમા ગભરાવાની જરૂર નથી હોળી પહેલા ભગવાને કપડાં બગડે નહિ એટલે ઉત્તરી લીધા. ભગવાનનો ખૂબ ખૂબ આભાર માની, નાગા થઈને હોળી રમો અને મઝા કરો

એક રેડિયોલોજીસ્ટ ડોકટર મિત્ર એના પરિણિત મિત્રને મળવા આવ્યા. વાઇફ ચા લઈને આવી, પતિએ ઓળખાણ કરાવી કે આ શહેરના મોટા રેડિયોલોજીસ્ટ છે.!
તરત પત્ની બોલી "તમે પેલા જુના વાલવાળા રેડિયો રીપેર કરો છો.?"
પતિ ક્યારનો ડોકટરને પાણી છાંટે છે પણ હજુ ડોકટરને ભાન નથી આવ્યું !
પાછી હમણાં વાઇફ કહીને અંદર ગઈ કે "ભાનમાં આવે એટલે પાછું પુછજો, હું માળીયા પરથી રેડિયો ઉતારતી આવું.!"...કોઇક પતિને પણ પાણી છાંટો યાર !!

રઘલો: તે હે બાપુ, આ *કપૂરને* કારણે વાયરસ જતો રહે..?
બાપુ: "અલ્યા *કપૂરને* કારણે આખે આખી બેન્ક જતી રહી તો વાયરસની શી વિસાત..?"

**The Best quote of the day by Former Attorney General- Bishwajeet Bhattacharya "Profits are privatised while losses are nationalised."**

સંતા: મારા દોસ્તે મારા મોબાઇલમાંથી મારી ગર્લફ્રેન્ડનો પર્સનલ નંબર ચોરી લીધો
બંતા: પછી શું થયું..?
સંતા: એમાં થાય શું..? ઇ બેવકૂક પોતાની પત્નીને રોમેન્ટીક મેસેજ કર્યા કરે છે

એક પતિ એ પત્નીને કહ્યું, “આજે Mallમાં તારા જેવી જ એક છોકરી જોઈ.
પત્નીનો Trap question: ગમી? હા કહે તો પણ મર્યો, ના કહે તો પણ મર્યો

https://suratiundhiyu.wordpress.com/

તમે હિન્દી ભાષામાં કોમેન્ટ્રી સાંભળી હશે પરંતુ હાલમાં સંસ્કૃત મહાવિધાલયો વચ્ચે ક્રિકેટની મેચો રમાઈ જેમાં કોમેન્ટ્રી સંસ્કૃતમાં આપવામાં આવી હતી. ક્રિકેટના કેટલાક શબ્દો સંસ્કૃતમાં નીચે પ્રમાણે આપ્યા છે.
ક્રિકેટ: ત્રિકાષ્ઠ દંડ-કંડુક ક્રિડા, બેટ: દંડ, બોલ: કંડુક, બેટ્સમેન: પ્રતાડકઃ, બોલર: ક્ષેપક, ઓવર: ક્ષિપ્તિ, રન: ધાવનાંક, આઉટ: નિષ્કાસીત, અમ્પાયર: નિર્ણાયક, વાઇડ બોલ: દૂર ક્ષેપ, નો બોલ: અકંડુક, લેગ બોલ: ક્ષેપ, થ્રો: શીઘ્ર ક્ષેપ, ફાસ્ટ બોલ: ઇયી ક્ષેપ, ટીમ: સમૂહ, દલ

**सोनिया गाँधी का अपेक्षित बयान**

1. **लोकटंट्र की हातिया**
2. **लोकटंट्र का खाला धीन**
3. **लोकटंट्र कातरे में**
4. **डिश भर मे**
5. **निरोध प्रदर्शन**

**राहुल: तम सो मा ज्योतिर्गमय....**
**सोनिया: मतलब?**
**राहुल: तुम सोती रहीं माँ, ज्योतिरादित्य चला गया....**

**वो रोज वज़न चेक करती थी, 68 के क़रीब क़रीब रहता था,**
**आज चश्मा लगाकर देखा, 88 दिखा, बोली... "हे भगवान 20 किलो का चश्मा ..!!"**

**आज सुबह सुबह अपने पुराने गणितके गुरुजी मिल गए, रिटायर हो चुके है, हालचाल पूछा, मन प्रसन्न हो गया. चलते समय उनका मोबाइल नंबर पूछा..?**
**गुरुजीने बताया: "नौ अरब , बीयासी करोड़, छत्तीस लाख, सैंतालीस हजार चार सौ उन्नीस!"**
**गुरुजीके बैंत फिर से याद आ गए..!!**

માંડ માંડ સગાઈ નક્કી કરી..................
ત્યાં ખબર પડી કે છોકરો યશ બેંકમાં છે
આજે તો હદ થઈ ગઈ..........................

**A letter to HR...**
**Dear HR**

https://suratiundhiyu.wordpress.com/

**I am suffering from corona virus and request you to grant me paid leave for 20days. Otherwise I will come to office .......**

કોરોનાને કારણે ખાંસીની કેસેટ વાગે છે કાલે ઝાડાનો રોગચાળો ફાટ્યો તો શું થશે? અને શું ફોન પર વાગશે? એ વિચાર આવતા જ બીક લાગે છે

જો તમે ફોન લગાવતી વખતે કોરોના ની ટેપ થી કંટાળ્યા છો તો ફોન લગાવ્યા પછી ટેપ ચાલુ થાય તો તરત # કી દબાવો. તમારો ફોન તરત લાગી જશે...નહિ તો તમને કોરોના લાગી જશે...

પત્ની: મુંબઈ જાવ છો તો કબાટમાં મારી બધી સાડીઓના ફોટા ફોનમાં પાડતા જાવ
પતિ: તું તો ગાંડી થઇ ગઈ છે કે શું? આટલા બધા ફોટા શું કામ પાડવાના?
પત્ની: એ પ્રમાણે સાડીના મેચિંગ માસ્ક લેતા આવજો, અહી પાછા મેચિંગ મળે કે ના પણ મળે

**सोनियाने दिया भाजपाको अल्टीमेटम...**

**अगर कांग्रेसका एक भी विधायक तोड़ा गया तो राहुलभी भाजपा जॉइन करेंगे...**

**भाजपा में दहशतका माहौल...**

**आज मध्यप्रदेश में सीएम हैल्पलाइन**
**पर फोन लगाया तो उधर से आवाज आयी,**
**अभी सीएम को खुद हेल्प की आवश्यकता है**
**बाद में फोन करे।**

**छोटे थे तो होली के निबंधमें लिखतेथे कि "इस होली के त्योहार पर कुछ असामाजिक प्रवृति के लोग शराब भी पीते हैं।"**
**उस समय क्या पता था की बात अपनी ही हो रही है...!!**

**Whole of Italy in lockdown and people maintaining safe distance from Italians.**
**Scindia took it quite seriously....**

દેશમાં જેટલી બેંકો ડૂબી છે તે બધી પૂંજીપતિઓએ ડુબાડી છે, મજદૂર, નોકરિયાત કે ખેડૂતે નહિ, એમની તો બચત ડૂબી ગઈ છે. “મોદીજી, સિર્ફ આપકી મનકી બાત સુનાને સે પહેલે હમારે મનકી બાત ભી સુનો”

ચેક બાઉન્સ થાય તો ગુન્હો અને બેન્ક બાઉન્સ થાય તો ચૂનો...

https://suratiundhiyu.wordpress.com/

સિદ્ધુ આપી ને સિંધિયા લઈ લીધો, પાવલી આપી ને રૂપિયો પડાવી લીધો..
જુવો સિંધિયા સિદ્ધ કરે છે કે પોતે બેશુદ્ધ થાય છે...

રોકડ ઘરમાં રાખો તો નોટબંધી, બેંકમાં રાખો તો બેંકબંધી, મને આપો તો ભાઈબંધી

જૈન સાહેબ, તમે તો વરસોથી શેરબજારમાં જાવ છો, કેમ ચાલે છે?
જૈન સાહેબ: શું વાત કરું તમને, વરસો પહેલા ગયો ત્યારે શ્વેતાંબર હતો ને આજે દિગંબર છું...

અમદાવાદ રીવરફ્રન્ટ પર પોલીસ પેટ્રોલીંગ કરે  છે,
અને પુછે કે શેરબજારમાં કામ કરો છો ?
અને જો હા પાડો, તો *પોલિસ વેન*માં બેસાડીને ઘરે મુકી જાય છે.

બેંકોની લોન ગરીબ નહિ ચૂકવે તો એનું ઘર વેચાય છે અને જો અમીર લોકો નહિ ચૂકવે તો બેંકો જ ઉઠી જાય છે

સ્વાસ્થ્ય અને કલ્યાણ વિભાગ ની ખાંસી થી ચાલુ થતી જાહેરાત એટલી લાંબી ચાલે છે કે ફોન કોને કર્યો હતો એ પણ ભુલી જવાય છે..

**मध्यप्रदेशमें कमलनाथजीको होली पर रंग लगाने के बजाए उनके विधायक "चूना" लगा गए।**

**डीयर कोरोना, भारत में आये है तो कुछ लोगों से मिलकर जरुर जाना....**
**जो आए दौर सबूत मांगते रहते हैं..???**

**तिरूपति बालाजी मंदिरके 650 करोड रुपये “येस बैंक” मे फंस गये और “येस बैंक”के ग्राहक अपने पैसेके लिये उसी मंदिरमेमन्नत मांग रहे हैं !!!**

**Dear HR..**
**I am suffering from Corona Virus and request you to grant me paid leave for 20 days. Otherwise I will come to office.**
**And the answer from HR: Ok agreed, your salary will be credited in Yes Bank , please note the same...**

**Corona Virus Impact on Stock Markets across the World in the last 1 Month**
**US -18-21%/ GB -22%/ CA -20%/ BR -27%/ RU -20%/ AE -19%/ ZA -16%/ AU -24%/ IN -14%/ SG -17%/ HK -12%/ KR - 17%**
**And**

https://suratiundhiyu.wordpress.com/

**CN (China) +0.3% *Think twice***

ઘર વેચીને શેર લઈ લ્યો...
કાં તો બે ઘર થઈ જશે...
નહીં તો બેઘર થઈ જશો..

ગ્રાહક: ડેટોલ સાબુ છે..?
દુકાનદાર: હા...
ગ્રાહક: તો હાથ ધોઈને ૨ કિલો બાજરીનો લોટ આપો...

ગો કરોના ગો....ગો કરોના ગો...નહિ તો કરો....નાગો(કરોનાગો)...

બાપુ: દારુ પીનારાઓ માટે કોરોના વાયરસ ભગવાન બનીને આવ્યો છે
રઘલો: એવું કઇ રીતે?
બાપુ: કોરોના વાયરસને લઇને પોલીસ કોઇના મોઢા નથી સુંઘતા..

મંદિરની આરતી પછી પુજારી પ્રસાદ આપતા હતા ! મારી હથેળીમાં પણ બે ટીપાં નાંખ્યા. મે કીધું પુજારીજી આતો કડવું છે.
પુજારી: ડફોળ, એ સેનેટાઈઝર છે. પ્રસાદ આપવાનો હજી બાકી છે.

Confession of a happy man:
The corona virus is the best thing that has ever happened in my life!
- My wife doesn't want to travel anymore!
- She no longer buys anything because everything comes from China!
- She no longer goes to the mall to avoid the crowd!
- She spends all her time in a mask with her mouth closed!
This is not a virus! It is a blessing !!!

This is the first time question and answer both are same
Q: Who declared Corona as a pandemic?
A: WHO declared Corona as a pandemic.

Yes Bank to be renamed as *ASHIK* Bank(Axis/SBI/HDFC/ICICI/Kotak)
હવે સાંભળ્યું કે BANDHAN બેંક પણ એમાં સામેલ થઇ એટલે એનું નામ BHIKSA રખાશે

https://suratiundhiyu.wordpress.com/

સમજણ નથી પડતી કે નાગરિકતા બચાવીએ કે ખાતું બચાવીએ કે પછી જાન બચાવીએ??

પત્ની વેલણ લઈને મારવા આવે તો બચાવ માટેનો સસ્તો અને સારો ઉપાય, એક ઉધરસ ખાઇ લેવી એટલે પેલી તરત જ અડધેથી પાછી વળી જશે, થેંક યુ કોરોના..

મેં મારા સ્ટોક બ્રોકરને પૂછ્યું કે હવે શું લેવું જોઈએ?
એણે જવાબ આપ્યો, "ભગવાનનું નામ"..

ઉનાળે કેરી ખાવા 15-20 હજાર રાખ્યા તા...
પછી એમ થયુ કે લાવ SBI-CARDS નો IPO ભરું
પૈસા મળે તો કચ્છ, ગીર, વંથલી, વલસાડની બધી કેરી ખાય લઈશું IPO લાગી જાય તો...
હવે IPO લાગી ગયા પછી એવી હાલત છે કે આ વર્ષે કેરીની "ગોટલી"નો મુખવાસ પણ ભાગમા નહિ આવે

ઘરવાળીને કહ્યું કે તું મોઢે માસ્ક કેમ નથી પેરતી?
તો એણે કહ્યું કે "પછી હું મોઢું ચઢાવીને ફરું તો તમને ખ્યાલ કેમ આવશે?"

ઘરમાં બૈરી બહુ કચકચ કરતી હતી. પતિ એ આરોગ્ય વિભાગના હેલ્પલાઈન નંબર પર ફોન કરીને માહિતી આપી કે બૈરી બિમાર છે. કોરોનાની અસર લાગે છે...
108 આવીને બૈરીને ઉપાડી ગઈ, 14  દિવસમાટે ઓબ્ઝર્વેશનમાં છે.
પતિ ઘરે બેસીને પીઝા ખાય છે

હવે તો હાલ એવા થયા છે કે "ખાંસી" ખવાય નહીં ને "છીંક" ખાઇએ તો પણ શંકા. ભગવાનને બસ એટલી જ વિનંતી કે "બગાસાં" ખાવા દેજો મારા વ્હાલા..!

**"कोरोना"से बचने और "भारत"को बचाने के लिए**
**"हाथ" (पंजा)🖐को लगातार साफ करते रहीये**

**पंजाब मुख्य मंत्री ने सरदारों से निवेदन किया है कि**
**एल्कोहलका प्रयोग लिमिट में करें..**
**"कोरोना" मारना है डायनासोर नहीं..!!**

**कत्ल करने की उनकी साजिश तो देखिए..**
**पास से गुज़रे तो, मास्क हटा के छींक दिया..**

https://suratiundhiyu.wordpress.com/

**कोरोना वोरोना "सब अंधश्रद्धा हैं" सच बताऊँ तो यमराजका मार्च एंड चल रहा है, उसे भी टार्गेट पूरा कर के भगवान को जवाब देना है**

**सत्ता पार्टी की प्रेस नोट:**

**किसी भी व्यक्ति को, "कैसे हो, मजे में?" "धंधा पानी कैसा है?", "मार्केट का क्या हाल है?" ऐसे प्रश्न पुछनेवाले व्यक्तिको "Indian Penal Code Section 498 (Mental Harrassment)" धारा में गुनहगार माना जायेगा.**

હદ થઇ ગઈ હવે તો...કામવાળીનો ફોન આવ્યો, "વર્ક ફ્રોમ હોમ". વાસણ-કપડા મારે ઘરે મોકલવાની જવાબદારી તમારી છે..

પહેલાં ઘી ખાવાનું બંધ કરાવ્યું, પછી તેલ માખણ,
પછી ગળ્યું ગળેથી અટકાવ્યું, નમક બંધ કર્યું..
મરચું-મસાલા બંધ, પછી મેંદો-બેકરી અને ઘંઉની રોટલીથી પણ દૂર કર્યા..
ખાંસી ખવાય નહીં, ને હવે છીંક ખાઇએ તો પણ શંકા..
હવે બસ એટલી જ વિનંતી, શાંતિથી પાદવા દેજો ભૈસાબ !

રઘલો: બાપુ, કપૂરથી વાયરસ મરી જાય એ વાત હાચી?
બાપુ: આખી "યસ"બેંક કપૂરથી મરી ગઇ ત્યાં વાયરસ શું ચીજ છે..

અફવાઓથી સાવધાન, કોરોના વાયરસના પગલે ફક્ત શાળા કોલેજ અને મોલ મલ્ટીપ્લેક્સ બંધ રહેશે, પણ દારૂના અડ્ડા રાબેતા મુજબ ચાલુ રહેશે...બુટલેગર એસોસીએશન ઓફ ગુજરાત

નાનપણમાં કોઈ કહેતુ કે મારો દીકરો ફલાણા દેશમાંથી આવ્યો છે તો આખુ ગામ જોવા જતુ, અત્યારે કોઈ કહે તો આખી સોસાયટી ખાલી થઈ જાય છે..

ભારતમાં 1000 પુરુષે 930 સ્ત્રીઓનો રેસીયો છે
બાકીના 70 પુરુષો જ કલામ કે વાજપેયી બનશે.
930 તો કુકરની ત્રીજી સીટી એ ગેસ જ બંધ કરશે

અમદાવાદી: ડોક્ટર સાહેબ, પ્લાસ્ટિક સર્જરી કરાવી છે, કેટલો ખર્ચો થશે
ડોક્ટર: ત્રણ લાખ રૂપિયા
અમદાવાદી(થોડો વિચાર કરીને): અને જો પ્લાસ્ટીક હું આપું તો?

https://suratiundhiyu.wordpress.com/

ડોક્ટર(ગુસ્સે થઈને): નાલાયક, તો પછી ફેવિકોલ પણ તું જ લાવજે હું મફતમાં ચોંટાડી આપીશ..

બાબા રામદેવની પતંજલિ ફાર્મસીની "પુત્રજીવક"વટીને.......મધ સાથે લેવાથી "યોગેન્દ્ર યાદવ", રાયતા સાથે લેવાથી "કેજરીવાલ", મરી સાથે લેવાથી "આશુતોષ", ભૂસા સાથે લેવાથી "રાહુલ ગાંધી", હવાબાણ હરડે સાથે લેવાથી "મોદી", વાયગ્રા સાથે લેવાથી "દિગ્વિજય", શિલાજીત સાથે લેવાથી "આશારામ" અને ચુપચાપ ખાવાથી "મનમોહન" જેવો પુત્ર થવાની સંભાવના હોય છે

બાપુ: આપ પાર્ટી સારી છે, એમાં જોડાવવાનું મન થાય છે પણ એનું નિશાન નડે છે
રઘલો: બાપુ એમાં નિશાન કેવી રીતે નડે?
બાપુ: આખી જિંદગી તલવાર વીંઝી ને છેલ્લે હું હાવરણા હાથમાં લેવાના..!!

How the name "WIFE" was invented?
They took first and last two letter of "WILDLIFE" and invented "wife"

કોને ખબર હતી કે કેજરીવાલની ખાંસી એક દિવસ રાષ્ટ્રીય caller tune બની જશે

**कोरोना के वजह से महिलाएं नहीं हो पा रही एकत्रित, चुगली में आई भारी गिरावट...**

ડર કા માહોલ કુછ ઇસ તરહ બના હૈ ગાલીબ, કી "કેરીનો રસ" લખેલા ય "કોરોના વાયરસ" વંચાતા હૈ – રૂપાણી

છેલ્લા અઠવાડિયાથી પાણીપુરી અને વડાપાઉંનો ટેસ્ટ બદલાઈ ગયો છે. મને લાગે છે કે લારીવાળાઓએ હાથ ધોવાનું ચાલું કર્યું લાગે છે..!!!

કોરોના વાઇરસ શા માટે ગુજરાતમાં પગપેસારો ના કરી શક્યો એનું કારણ મળી ગયું. કારણ છે માવો, વૈજ્ઞાનીકોએ પુષ્ટિ કરી કે સંક્રમિત હાથમાં વારંવાર માવો ઘસવાથી કોરોના ના વાઇરસ મૃત્યુ પામે છે..

ભારતીય સ્ત્રીઓએ કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી. કારણ કે એ વાયરસ ત્રીસ ડીગ્રીથી તાપમાનથી વધુ ગરમી સહન કરી શકતો નથી અને આપણા બૈરાઓનો પારો પચાસથી નીચે શિયાળામાં પણ હોતો નથી...

મનેય કોરોના થવાની તૈયારીમાં જ હતો. પણ ફટાફટ મેં ન્યુઝ ચેનલ બદલી દૂરદર્શન ચાલુ કરી દીધું. હવે પોદડામાંથી ખાતર કઈ રીતે બને એ શીખુ છુ....સાલાઓ ડરાવી ડરાવીને મારી કાઢશે...

**Meanwhile in Lahore a terrorist blows his own house after Pakistan Government issued work from home advisory to it's Citizens**

https://suratiundhiyu.wordpress.com/

**Husbands working from home**
**Children indoors**
**Malls closed**
**Movies closed**
**No outside food**
**Wishing strength to all the women to deal with this sudden calamity**

**Probably for the first time in the history of mankind..**
**Divided We Stand..**
**United We Fall.**

ઈ.સ. 1980માં બેંક ઓફ ઇન્ડિયાએ ધીરુભાઈ અંબાણીને લોન આપવાની ના પાડી હતી
2010મા મુકેશ અંબાણીએ આખી બેંક ઓફ ઇન્ડીયા વેચાતી લેવાની ઓફર આપી હતી
દુનિયામાં કશું જ અશક્ય નથી..
પરમ દિવસે મને પણ સ્ટેટ બેંકે લોન આપવાની ચોક્ખી ના પાડી દીધી...
જોઈએ હવે શું થાય છે???

આલ્કોહોલ જો કોરોના વાયરસને હાથ પરથી ખતમ કરતો હોય તો આલ્કોહોલ(દારુ) પીનારથી તો એ દસ ગાઉ દૂર જ ભાગતો હશે ને???

પહેલા લોકો વર્લ્ડ ટુર પર નીકળતા હવે કોરોના વર્લ્ડ ટુર પર નીકળ્યો છે

થોડો વખત પત્ની સાથે સારું વર્તન કરજો, રેસ્ટોરન્ટ અને હોટેલ બંધ થઈ ગયા છે

કથાકાર મોરારીદાસ હરિયાણીએ હાલ પંદર દિવસ કથાઓ બંધ રાખવાનું જાહેર કર્યું છે એને શું કહેવાય?
માનસ કોરોના..

અમદાવાદી અમદાવાદ સ્ટેશન પર મહેમાનને મુકવા ગયો. ટિકિટબારી પર ટિકિટ માંગી તો પચાસ રૂપિયા માંગ્યા.
અમદાવાદી: કેમ આટલા બધા રૂપિયા માંગો છો?
કલાર્ક: સરકારે ભાવ વધારો કર્યો છે
અમદાવાદી: મણિનગરની ટીકીટના કેટલા પૈસા?
કલાર્ક: સાત રૂપિયા
અમદાવાદી: એક મણિનગરની ટિકિટ આપો(આમાં સરકાર બિચારી શું કરે? અમદાવાદીને પહોંચવા અમદાવાદી જ જોઈએ)

https://suratiundhiyu.wordpress.com/

સાંતાએ ટી.વી. પર સાંભળ્યું કે બહાર જતી વખતે માસ્ક અને હાથમોજા પહેરવા પુરતા છે. એણે એવું જ કર્યું પણ બહાર જઇને જોયું તો લોકો માસ્ક અને મોજા સાથે પેન્ટ-શર્ટ પણ પહેરીને આવ્યા હતા. ટી.વી.વાળાને ગાળો દીધી સાલા જુઠ્ઠા છે...

કોરોના વાયરસ સામે લડવા અમે સક્ષમ નથી – ઇમરાન ખાન, ભલા માણસ એટમ બોમ્બ તારે ત્યાં કટાય છે તે ક્યારે કામ આવવાનો, ફોડી નાખ...

ટ્રેન રાતે અમદાવાદથી મુંબઈ જવાની હતી. રાતે દસ વાગે બધા ડબ્બા પેક હતા. બાપુ પણ એક ડબ્બામાં ચઢ્યા અને ગીર્દી જોઇને એકદમ ટોયલેટમાં ગયા અને અંદરથી મોઢા ઉપર રૂમાલ બાંધીને બહાર આવ્યા. આવીને ધડાધડ ત્રણ-ચાર છીંકો ખાધી. મુસાફરો સામાન સાથે ડબ્બો ખાલી કરીને બીજા ડબ્બામાં જતા રહ્યા. બાપુ આખો દિવસના થાકેલા હતા એટલે લંબાવીને સુઇ ગયા. સવારે ઉઠીને ચાવાળાની બુમ સાંભળીને ચાવાળા પાસે ચા લીધી અને પૂછ્યું, “કયું સ્ટેશન છે?”.
ચાવાળો: અમદાવાદ
બાપુ: અરે રાતે ગાડી અમદાવાદથી ઉપડી હતી ને તું કે છે કે અમદાવાદ છે. પીને તો નથી આવ્યો ને?
ચાવાળો: સાહેબ, આ ડબ્બામાં કોઇ “કોરોના”ના ચેપવાળો માણસ ચઢ્યો હતો એટલે ડબ્બો અમદાવાદ સ્ટેશન પર જ કાપી નાખ્યો છે.

કોઈ સારો વેલ્ડીંગવાળો હોય તો કહેજો, શેરબજારને તળિયું ફીટ કરાવવું છે

કોઈ માણસે ચીનમાં કઈ ખાધું અને આખી દુનિયા પોતાના હાથો ધોય છે

રવિવારે તો કુતરાંઓને એમ થતું હશે કે માણસોને મ્યુન્સીપાલટીવાળા લઇ ગયા લાગે છે

વરાછામા લોહીથી લથબથ 3200 માસ્ક મળ્યા. તંત્રમા ખળભળાટ. તપાસ બાદ આરોગ્ય ટીમે ચોખવટ કરી કે આ કાઠયાવાડીઓએ માવા ખાધ્યા પછી યાદ જ નથી રાખ્યુ કે એમણે માસ્ક પહેર્યું છે

માસ્ક મોંઘો છે એ સમસ્યા નથી, સમસ્યા માસ્ક લગાવીને માવો થુકીએ ક્યા?

સમસ્યા એ નથી કે આલ્કોહોલથી કોરોના મરે છે કે નહિ? સમસ્યા એ છે કે જો બધા આલ્કોહોલથી હાથ ધોશે તો અમારે પીવાનું શું?

માની લીધું કે ચાઇનીઝ લોકોની આંખો ઓછી ખુલે છે પણ હરામખોરોએ આખી દુનિયાની આંખો ખોલી નાખી

ખાધું ચાઈનાવાળાએ અને હાથ આખી દુનિયા ધોય છે

રોડ ઉપર ભૂલથી પણ ઇંગ્લીશ ના ફાડતા, નહીતર NRI સમજીને  ટીંગાટોળી કરીને  ઉઠાવી જશે.

https://suratiundhiyu.wordpress.com/

યુવતીઓની મુરતિયા પસંદગીમાં એકાએક ફેરફાર...
ઓસ્ટ્રેલિયા, અમેરિકા, યુ.કે. ના NRI છોકરાઓની તો વાત જ નહિ કરવાની..
પરંતુ, મુંબઈ, બેંગ્લોર, સુરત જેવા મોટા શહેરના છોકરાઓ પણ નહિ...
હવે, ફક્ત ચુડા - ચોટીલા, વિછીયા - ટોકરાળા, લીંબડી વાકાનેર જેવા નાના ગામના મુરતિયા હોય તો તે First Choice...

જબ ભી કોઈ સાબુ દેખું મેરા દીલ દીવાના બોલે, ધોલે ધોલે...ધોલે ધોલે...

Do you know why all the temples are closed?
Because all the Gods are in Hospitals wearing white coats...

એક મચ્છર ઉદાસ થઈને બેઠો હતો. બીજા મચ્છરે આવીને તેને પૂછ્યું કે કેમ ઉદાસ થઈને બેઠો છે?
પહેલો મચ્છર: કોરોના વાયરસને લઈને કોઈ માણસને કરડી પણ નથી શકતા, ભૂખે મરવાના દિવસો આવી ગયા છે

મેનેજર સાહેબ, મારી પત્નીને જરા ફોન પર સમજાવી દો કે Work from home નો મતલબ ઘરેથી કામ કરવાનું હોય છે નહિ કે ઘરનું કામ કરવાનું..!!

મોત કાલ આવતુ હોય તો આજ આવે, બાકી જીવવુ તો વટ થી જ.. આવા મેસેજ હમણા નથી આવતા..

તમારી પાસે ત્રણ ચોઈસ છે
ઘરમાં રહેવું
હોસ્પીટલમાં રહેવું
ફોટો ફ્રેમમાં રહેવું
નક્કી તમારે કરવાનું છે..!

પાન-માવા બંધ થતાં સૌરાષ્ટ્ર પર કોરોના કરતાં કબજિયાતનું  જોખમ વધ્યું

ઘરમાં 'બાયુ' અને બહાર 'વાયુ', બોલો હવે ક્યાં જાય બિચારા 'ભાયુ'?

બધાને વિનંતી કે મહેરબાની કરીને કોઈ પણ અફવા ઉડાડવા અથવા ફેલાવા ન દો . જો સરકારે ગુસ્સામાં internet બંધ કરી દીધુ | તો "ચકલી ઉડે-પોપટ ઉડે" રમવા સિવાય કોઈ વિકલ્પ નહિ બચે . . .

પંજાબમાં એક ગામમાં જાહેરાત કરવામાં આવી કે ટુક સમયમાં કોરોનાને લઈને કર્ફ્યુ લાગશે અને પેટ્રોલ પંપો બંધ થઇ જશે માટે તમારા વાહનોમાં પેટ્રોલ પુરાવી લેજો. આખું ગામ પેટ્રોલ ભરાવવા પેટ્રોલ પંપ પર લાઈન

https://suratiundhiyu.wordpress.com/

લગાવીને બેઠું. ત્યાં એક ઘરડો માણસ પંપ પર આવીને બુમો પાડીને કહેવા માંડ્યો, “ કર્ફ્યું લાગ્યા પછી તમારા વાહનો ક્યાં ચલાવશો? તમારા બેડરૂમમા? તરત જ બધા લોકોએ ભાગીને દારૂની દુકાની બહાર લાઇન લગાવી દીધી..!!

જે બીક હતી એ જ થયું. કોરોના પણ ગૂંચવાય ગયો કે હું વાઇરસ છું કે તહેવાર?

મોદીજી પાંચની પચાસ મિનીટ કરી છે તો હવે ટી.વી. પર આવીને કહી દો કે પાંચ મિનીટ પૂરી થઇ, મારા છોકરાએ ત્રણ થાળીઓ તોડી નાખી છે..સોનિયા

એક્ત્રીસ તારીખ સુધી ટ્રેનો નહિ ચાલે એ સમાચાર જાણીને રેલવે ટ્રેકની બાજુની ઝૂપડપટ્ટીમાં જશ્નનો માહોલ.. કેમ?, કારણ કે હવે નિરાંતે આપણા ટાઇમે આરામથી સંડાસ કરાશે...

કાલે ચવાણાનું મોટું પેકેટ લઇ આવ્યો હતો. એમાં  124-વટાણા,  98-શીંગદાણા,  1146-સેવના નાના-મોટા ટુકડા અને  85-ચણા ગણી લીધા. હું કંઈ પણ કરીશ પણ બહાર નહિ જાઉં.

કોરોના વાયરસને લઈને રાજ્યના પ્રધાનમંડળની બેઠક મળી. બધા એક નિષ્કર્ષ પર આવ્યા કે ઇટલીથી આવેલા ટુરિસ્ટને લઈને કોરોના ગુજરાતમાં આવ્યો છે.  ઇટાલીના વાયરસને ફક્ત અંગ્રેજી બોલતા આવડે. એટલે પ્રધાન મંડળમાં અંગ્રેજીના એક માત્ર જાણકાર  ખુપાણીને કોરોના વાયરસો જોડે મંત્રણા કરવા મોકલ્યા. ખુપાણી એવું અંગ્રેજી બોલ્યા કે વાતચીત માટે આવેલા બધા વાયરસ બેભાન થઇ ગયા. એટલે શરૂઆતમાં કોઈ કોરોનાના કેસ ગુજરાતમાં દેખાયા નહિ. હવે વાયરસ ભાનમાં આવી ગયા અને ખુપાણી જોડે કોઈ પણ કોરોના વાત નથી કરવા માંગતા એવું સ્પષ્ટ કહી દીધું, બસ ત્યારથી આપણે ત્યાં મોકાણ મંડાણી છે...

સસરા(ફોન પર): કોરોના નાં શું વાવડ છે કુમાર..?
કુમાર:  ખાઈ પી ને સોફા પર ફેલાઈ ગયો છે..!!

કર્મનો એકાદ જુનો સિધ્ધાંત લાગુ પડાયો છે. પશુ પંખી આઝાદ અને આજે માણસ પાંજરે પુરાયો છે

ચાયનાવાળાનું બધું જ ડુપ્લીકેટ હોય છે પણ હરામખોરો વાયરસ ઓરીજીનલ લાવ્યા

ઇતિહાસમાં પહેલી વાર એવો અવસર આવ્યો છે કે કશું જ ન કરવાથી અને ઘરમાં આરામ કરવાથી સમાજની સેવા થશે. આ મોકો જવા ન દો. ભરપૂર સેવા કરો.

ઘરમાં રહીને કોઈ એવું કામ નહિ કરતા કે અમારે નવ મહિના પછી ફરીથી થાળી વગાડવી પડે. સાવધાન રહેજો..!! આપણે પહેલેથી જ 138 કરોડ છીએ

ઘરે બેસીને તમારા અંગો દુખે અને કંટાળો આવે છે, તો થોડા સમય માટે ચાર રસ્તે જઇ આવો.

https://suratiundhiyu.wordpress.com/

પોલીસ દ્વારા મસાજ સેવા ચાલુ છે.  સેવાનો લાભ લો..

સાલી આપણી હાલત તો માછલી જેવી છે, હાથ લગાડો તો ડરી જઈશું, બહાર કાઢશો તો મરી જઈશું

લોક ડાઉન માટેની સલાહ. જેનો પગ ઘરમાં નહિ ટકતો હોય એને જમવા ભેગી જુલાબની ગોળી આપી દેવી. જેથી તે ઘરે પણ રહેશે અને હાથ પણ ધોતો રહેશે

મગજ પર કાબુ રાખજો. હનીમૂન પછી જિંદગીમાં પહેલી વખત દસ દિવસ ચોવીસે કલાક પતિ-પત્નીએ સાથે રહેવાનું છે. આ પરીક્ષા પાસ થયા તો સમજી લો જિંદગી જીતી ગયા...

“એકાંત” ઇસ બેટર ધેન “દેહાંત”..

મહિલાઓને વિનંતી કે થોડા દિવસ શાંતિ રાખે જેથી પુરુષો ઘરમાં રહી શકે

મોદીજી આપણા મત લઈને જીત્યા છતાં આપણુ કાઇ  બોલ્યા જ નહીં કે 22 તારીખે કીચન બંધ...

સાવચેત રહેજો, આ કરમિયા નથી તે નિકળી જશે. કોરોના છે રાશનકાર્ડમાંથી નામ નિકળી જશે..!

ઘરેથી કામ કરનારના જવાબથી સંતોષ નહિ થવાથી કસ્ટમરે કહ્યું કે હું તમારા બોસ સાથે વાત કરવા માંગુ છું
પતિએ પત્નીને કહ્યું, “તારી જોડે કોઈ વાત કરવા માંગે છે”

વિચારો પોઝીટીવ સારા..
અને રીપોર્ટ નેગેટિવ સારા..
પ.પૂ.શ્રી કોરોનાબાપુ વુહાનવાળા

બાળપણમાં મા-બાપ ડરાવતાં...કે
બહાર નથી જવાનું.... બહાર 🐛"બાઉ"🐛છે.
આજે ખબર પડી બહાર ખરેખર 🐛"બાઉ"🐛 છે

સરકાર ખાલી એટલી જ જાહેરાત કરી દે કે “જે લોકો બહાર નીકળશે,
એને પકડી કોરોના પેશન્ટની સેવામા મૂકવામાં આવશે.”
બસ પત્યું,
પછી મારો બેટો કોઈ પણ બાલ્કનીમાં ડોકિયું કરવા સુધ્ધા નહીં આવે

https://suratiundhiyu.wordpress.com/

એક ભાઈને ત્યાં ચોર આવ્યા. એના છોકરાએ ચોરને ભગાડી મુક્યા. એટલે શેરીના કુતરા ભેગા થઈને એ ભાઈના કુતરાને ખખડાવવા માંડ્યા કે તું શું કરતો હતો કે છોકરાએ ચોરને ભગાડ્યા.
કુતરો: હું માણસ થોડો છું કે પાંચ વાગ્યા સુધી વોટ્સએપ લઈને બેસી રહું..

ખાલી ખાલી સાબુથી હાથ ધોવા કરતા સાથે સાથે એક બે વાસણ પણ ધોતા હોય તો પેટમાં શું ચૂંક આવે છે?
એક પત્નીનો બળાપો..

**मोदी विरोधी आजकल बहुत दुविधा में पड़े हैं**
**कहना माने तो "शान" चली जाएगी**
**नहीं माने तो "जान" चली जाएगी**

**बहुत देख लिया धारावाहीक**
**"भाभीजी घर पर है?'**
**अब देखो, "भैयाजी घर पर है"**

**वो फ़र्श की धुल पे पड़े, चंद पैरों के निशान👣**
**वो चाय के दो सुखे कप ☕☕**
**वो ख़ामोश दाल के सुखे बर्तन**
**वो सुखी पड़ी, चाय की पत्ती से भरी बेजान छन्नी**
આનો અર્થ એ કે આજે કામવાળીબાઇ નથી આવી,
દર વખતે ગુલઝાર ક્યાંથી લાવો...

જીગો: છૂટાછેડા હવે બહુ ઓછા કેમ થઇ ગયા?
મનીયો: કારણ કે હવે વોટ્સએપનું ચલણ વધી ગયું, પતિ પત્ની બેઉ છુટા રહે તો બાઝેને. એટલે ઝગડો નથી થતો એટલે છૂટાછેડા નથી થતા..

ગઈ સાલ ઉનાળાના વેકેશનમાં બહુ કુદી કુદીને ગાતા હતા કે,
બયરુ ગયુ પિયર ને ફ્રિઝમા પડી બિયર.
બસ આ એના જ કર્મો નુ ફળ છે, ભોગવો હવે....

https://suratiundhiyu.wordpress.com/

ખાડીયાવાળાઓ, તમારો ૨૧ મીનીટનો વરઘોડો ૨૧ દીવસનો પડ્યો

કારોના વાયરસની દવા મળી ગઈ GMCB-14 d( ઘરમાં ચૂપચાપ બેસો-14 દિવસ)

પહેલીવાર ગરમીમાં પતિઓને રજા મળી છે ત્યારે પત્નીઓની રજા કેન્સલ થઇ છે

મુકેશ અંબાણીનુ ટવીટ, “મે પણ કરફ્યુને લીધે આજે મારું આખુ ઘર પહેલી વાર જોયુ..”

"સિંહના ઠેકાણા ન હોય વાલા", આવુ કહેવાવાળાઓ રસોડામાં બે દિવસથી લસણ ફોલે છે

મહેરબાની કરીને કોઈએ પોલીસ મારતી હોય તેવી કલીપ વોટ્સએપ પર મુકવી નહી, મારી વાઈફ વસ્તુ લેવા બહાર મોકલે છે

ટ્રેનની બોગીમા બેઠા હોય એવૂ લાગે છે. ટોયલેટ જવાનૂ અને પાછા આપણી જગ્યાએ આવીને બેસી જવાનું

કોઈ પણ પુરુષે પોતે રસોઈ કરતા કે ઘરકામ કરતા ફોટા કે વિડીયો મુકવા નહિ, બીજાને ઘરે માથાકૂટ થાય છે

**21 दिन, 24 घंटे बीबी के साथ**
**रहेना तुम क्या जानो नरेंद्रबाबू**

**जो 21 दिन घर में रहेगा वही**
**“2021”की जनगणना में रहेगा**

**हलवा बनानेका मन हुआ मगर हलवे का आटा ख़त्म**
**पड़ोसी को कोल करके पूछा, भाई सूजी है?**
**बोला. हां बहोत ज्यादा, बैठा भी नहीं जाता...**

જો આજ રીતે લોકડાઉન વધતું રહેશે અને 24x7 પતિ-પત્નીએ સાથે રહેવું પડશે તો વૈજ્ઞાનિકો કરતા પહેલાં જ કોઈ પતિ કોરોનાની રસી શોધી નાખશે(એટલો બધો નાસીપાસ થઇ ગયો હશે)

જ્યારે “લોકડાઉન” ખુલશે પછી કેટલાક તો એ પણ ભુલી જશે કે આપણે છેલ્લે શૂં “ધંધો” કરતા હતા.!!!

તંત્રના હુકુમનું જે પાલન ન કરીને બહાર નીકળે, તેને દંડો મારવા કરતાં જુલાબની ગોળીઓ ગળાવો. એ

https://suratiundhiyu.wordpress.com/

ઘરમાંય રહેશે અને હાથ પણ ધોસે

થોડાક વર્ષો પછી બાપા એના છોકરાવની ઓળખાણ આમ કરાવશે.
આ મોટો છે તે માતાજીના આશીર્વાદનો
આ વચલી છે તે બાની ઉઘાડા પગની માનતાની
અને...
આ નાનકો છે તે કોરોના “lockdown” નો...

મેરે “સવાસો કરોડ” દેશવાસીઓ...
થોડું “ડીસ્ટન્સ” ઘરે પણ રાખજો...
નહીં તો “અઢીસો કરોડ” થતા વાર નહીં લાગે..!!

મેરીગોલ્ડના દરેક બિસ્કીટમાં બાવીશ કાણા હોય છે અને આખા પેકેટમાં ચારસો ચાલીસ કાન હોય છે. હજુ એકવીસ દિવસ બાકી છે, બીજી જ્ઞાનની વાતો પણ બતાવીશ

આપણે તો ચાઈનાની પિચકારી અને ફટાકડા બંધ કરાવા નીકળ્યા હતા પણ ઈ મુવાએ તો આપણા જલેબી, ફાફડા,ગાઠીયા,સમોસા, દાબેલી કચોરી,પાણીપુરી.ચોળાફળી બધું બંધ કરાવી દીધુ

31 સુધી ધારો તો ગોળ ગોળ રોટલી-ભાખરી બનાવતા શીખી જવાય અને દાળ,શાક પણ. કુદરતે પુરુષોને “સ્ત્રી સમોવડા” થવાનો અવસર આપ્યો છે. તક ગુમાવતા નહિ, બધુજ શીખી લેજો...

Bobby ફિલ્મનું ગીત યાદ આવ્યું
બહાર સે કોઈ અંદર, ના આ સકે
અંદર સે કોઈ બાહર, ના જા સકે
સોચો કભિ ઐસા હો તો ક્યા હો
Sochi લીધું ભાઈ ને ભોગવી ય લીધું

21 દિવસના લોક ડાઉન પછી તમને કોણું મોઢું જોવાનું ગમશે ?
એક whatsapp ગ્રુપ પર પૂછવામાં આવ્યું !
બૈરાઓએ કીધું કામવાળી...
પુરુષોએ પણ કીધું કામવાળી...

પારલેજી 3 કરોડ બિસ્કીટ્સ આપશે. કિંગફિશર, મેકડોવેલ રોયલ સ્ટેગ વાળા ક્યાં ગયા?
તમારી કોઈ ફરજ છે કે નહીં? માનવતા કોરાણે મૂકી છે કે શું?

https://suratiundhiyu.wordpress.com/

સમય સમયની વાત છે. પહેલા રામાયણ-મહાભારત આવતું એટલે રસ્તાઓ સુમસામ થઈ જતા અને આજે રસ્તા સુમસામ છે એટલે રામાયણ-મહાભારત આવે છે. “મૈં સમય હું....”.

પોલીસવાળાને સારુ લાગે એટલે ચા લઈને ગયા ને કીધું આ તો અમારી ફરજ છે,
તો એમણે ચા પીધીને પછી અમને માર્યા અને બોલ્યા આ તો અમારી ફરજ છે....

બહાર પોલીસના ડંડા અને ઘરે બૈરાનો કકળાટ
ચાઈનાવાળા તમને ઇન્ડિયન પુરુષો માફ નહિ કરે

એક ડોક્ટરના શબ્દો:
તમને બધાંને ઘરેથી નીકળતાં બીક લાગે છે,
જ્યારે અમને ઘરે જતાં બીક લાગે છે

પત્ની: હવે તો દાઢી કઢાવો
પતિ: કેમ કાંઈ પ્રોબ્લેમ?
પત્ની: બાજુ વાળી પૂછતી હતી કે, "તમારે ઘરે બાવો આવે છ કોરોનાનો દોરો કરે છે?"

3 મહિના પોતપોતાના છોકરાવને “૨૪ કલાક” સાચવ્યા પછી ખબર પડશે કે સ્કૂલવાળાની ફી “ખૂબજ ઓછી છે

ડોકટરો માટે એક નવી સમસ્યા. આજે એક દર્દી એ સારવાર બાદ પૂછ્યું, “સાહેબ, તમને ફી આપવાની જગ્યાએ 5 મિનીટ થાળી વગાડી દઉં તો ચાલશે?”

દરબારોની સોસાયટીમાં “કોઈ એ ભેગું થવું નહીં” એ કહેવા 80 દરબારોની મિટિંગ ભરાઈ. એક બાપુએ પાછું સૂચન પણ કર્યું કે જો આની અમલવારી નહીં થાય તો ફરીથી મિટિંગ બોલાવામાં આવશે...

જિંદગી લુંગી જેવી થઈ છે, ક્યાય ચેઇન નથી....

ચંપા: મમ્મી, પપ્પા Bike લઇને બહાર જાય છે...
મમ્મી: ભલે જાય તું ગેસ પર હળદર ગરમ કરવા મૂકી દે...

કોરોના જ પહેલો એવો રોગ આવ્યો કે કોઈ ખબર કાઢવા જ નથી આવતું

કરિયાણું એટલું બધું પણ ભેગું ના કરતા કે લોકડાઉન પછી લારી કાઢવી પડે...!

https://suratiundhiyu.wordpress.com/

લાખ ટકાની વાત કે હવે તો ઘરે ચોરી થઇ હોય તો પણ કોઈ પોલીસને જઇને કહી નથી શકતું કે સાહેબ, મારે ઘરે ચોરી થઇ છે. પોલીસ બે ડંડા મારીને સામેથી પૂછશે કે “તું ક્યાં ગયો હતો?”.

દુનિયામાં પહેલી વખત એવો સમય જોઈ રહ્યા છીએ કે માણસ જીવવા માટે પૈસા કમાવવાનું છોડી દીધું

એક વખત એવો હતો કે વિદેશથી કોઈ અમીર આવે અને એની બાજુમાં કોઈ ગરીબ આવીને ઉભો રહે તો તે અમીર મોઢે રૂમાલ ઢાંકી દેતા. આજે વિદેશથી કોઈ અમીર આવે અને ગરીબ પાસે ઉભો રહે તો ગરીબ માણસ મોઢા પર રૂમાલ ઢાંકી દે છે. “વક્ત કે દિન કુછ ઔર વક્ત કા હર શેર ગુલામ..”

કોઈની ઉઘરાણી બાકી હોય તો આજે મોકો છે, ભાઈ ઘરે જ મળશે...

એક મહિના પછી લેડીઝ ગ્રુપમાં નવા મેસેજ આવશે, અલી તું થઈ કે નહીં??

પત્ની: એવો ક્યાં કાયદો છે કે મારે જ તમને રોજ  રસોઈ કરી ને જમાડવા?
પતી: ગાંડી, દુનિયા નો નિયમ છે કે કેદી ને સરકાર જ જમાડે.

કોરોના એક એવી બીમારી છે કે જેનો ઉપાય ડોક્ટરો ઓછો અને પોલીસ વધારે કરે છે

ડોક્ટરો ખરેખર ભગવાન જ છે. બીજું ઇન્જેક્શન મારતી વખતે પૂછે તો ખરા, "કાલે કઈ સાઈડ માર્યું હતું?" અને એક આ પોલીસવાળા, સાલા પૂછ્યા વગર ગમે ત્યાં ઠોકે છે...

“સમય બડા બલવાન”, તંત્ર 24/2/2020 એ ભીડ એકઠી કરવા માટે અને આજે 24/3/2020 એ ભીડ વિખેરવા માટે કામ કરે છે..

આજે તો બૈરીએ હદ કરી નાખી, મને કહ્યું, “તમને મારી કડવાચોથ પર વિશ્વાસ નથી?”. બિન્દાસ થઈને બહાર ફરો, તમને કશું નહિ થાય..

રામાયણ જુઓ એ સારી વાત છે. આપણે એમા કુમ્ભકર્ણનુ કામ કરવાનુ છે.
બાકી કોઈએ જડીબુટ્ટી લેવા હમણા જવાનુ નથી. સમજ્યા ને બધા!!

સવારે નવ વાગે રામાયણ જોતી વખતે દશરથ રાજાની ત્રણ ત્રણ પત્ની જોઇને મારો છોકરો નવાઈ પામી ગયો. તેણે પિતાને પૂછ્યું, “પપ્પા, એવું કેવું? આપણા ઘરમાં તો એક જ મમ્મી છે”.

https://suratiundhiyu.wordpress.com/

પિતાએ ઉદાસ થઈને કહ્યું, “હા, તારી વાત સાચી છે, તારે પણ ત્રણ ત્રણ મમ્મી હોવી જોઈએ”. ત્યાં જ રસોડામાંથી અવાજ આવ્યો, “એને બપોરે બાર વાગે મહાભારત બતાવું છું, એમાં દ્રૌપદીના પાંચ પાંચ પતિ હતા તે પણ બતાવીશ..!!”.

બે સાઢુંની ફોન ઉપર વાતચીત
પહેલો સાઢું: હું અત્યારે સ્ટેજ 3 માં છું, પહેલા સ્ટેજમાં વાસણ ધોયા, બીજા સ્ટેજમાં રસોઈ બનાવી, અને ત્રીજા સ્ટેજમાં કપડાં ધોઈ રહ્યો છું અને તમે???
બીજો સાઢું: મેં વેલણેથી માર ખાઈ લીધો પણ મચકના આપી, ભાઈ કોરોનાતો થોડા દિવસ બાદ સમી જશે પણ જો પત્નીને ખબર પડી જશે કે આને તો સઘળું ગૃહકાર્ય આવડે છે તો આજીવન ગૃહકાર્ય કરવું પડશે..

“લોકડાઉન” પતી ગયા પછી બ્યુટી પાર્લરોમાં એટલી બધી ભીડ એકઠી થઇ જશે કે જે કુંભમેળાની ભીડનો રેકોર્ડ પણ તોડી નાખશે

ફક્ત એવું નથી કે ઇંગ્લેન્ડ અમેરિકાને આપણે નમસ્તે શીખવ્યું છે, એ લોકોએ પણ આપણને કામવાળી વિના કામ કરવાનું શીખવી દીધું છે

એક રહસ્યની વાત, ઘરે બેસીને એક વસ્તુની ખબર પડી ગઈ કે ઘરનો ખર્ચો એટલો નથી જેટલો પત્ની બતાવે છે..

બે વાયરસ અંદર અંદર વાત કરતા હતા.
પહેલો વાયરસ: મારું નામ કોરોના છે તારું નામ?
બીજો વાયરસ: મૌલાના

ટીચર: વેલેન્ટાઈનનો વિરોધી શબ્દ કયો છે
જીગો: ક્વોરન્ટાઈન
ટીચર: કેવી રીતે?
જીગો: વેલેન્ટાઈનમાં બે જણા ચોંટીને બેસે છે જયારે  ક્વોરન્ટાઈનમાં દૂર દૂર બેસે છે

આજથી મને ન્યૂઝ પેપરમાં આવતી આપની આજ કોલમ પરથી વિશ્વાસ ઉથી ગયો. પેપરમાં સૌથી પહેલા હું “આપની આજ” વાંચતો હતો. ખ્યાલ આવે કે આજનો દિવસ કેવો રહેશે. પણ આજે પણ લલ્લુ લખે છે કે નાની મોટી મુસાફરીના યોગ છે, નવીન કોઈ કાર્ય રચના થાય, પત્નીનો સાથ સહકાર મળે, શેર સટ્ટામાં લાભ થાય, નોકરીમાં પ્રમોશનના યોગ છે, વિદેશ પ્રવાસ થાય. આવા લોકોને શું કહેવું?

લોકડાઉનને લઈને કેટલા દિવસોથી ઘરે બેઠો છું. પત્ની આવતા જતા કેટલીયે વાર બોલી ગઈ કે “આ બીમારી ક્યારે જશે?”. ખબર નથી પડતી કે તે મને કહી રહી છે કે કોરોનાને?

https://suratiundhiyu.wordpress.com/

Indian Police has won the Toss..
“And choose to Bat first..”
Stay At Home

Very scary....
In the morning there were 2
By afternoon there were 14
By Evening there were 22...
vessels in the kitchen sink....

Finally Got a Hindi Name for Social Distancing
“Tan doori”

In Great Britain, The Queen, The Prince of Wales & The Prime Minister, all in isolation!
So, who is running the Country?
Well, it could be the Chancellor of The Exchequer (India born, Rishi Sunak) or the Home Sectetary, Priti Patel.
What a delicious irony! After 200 years, Indians ruling Great Britain !!
Robert Clive, Queen Victoria, Winston Churchill etc. all must be turning in their graves.

“મહાન” વ્યક્તિઓના જીવનમાં હંમેશા મુસિબતો આવે જ છે
“રામ”  ૧૪ વરસના “વનવાસમાં”
“પાંડવો” ૧૨ વરસના “અજ્ઞાતવાસમાં”
“કૃષ્ણ”  “કારાવાસમાં”
અને અત્યારે  “હું” મારા “આવાસ”માં.

એટલી ઊંઘ થઈ ગઈ કે હવે તો સપના પણ Repeat આવે છે..

હવે પુરુષો અંદર અંદર પૂછતા થયા છે  કે કચરાપોતાં અને વાસણ થઈ ગયાં!!

દરરોજ એ ભગવાન મને લઇ લે તો સારુ. એમ કહેવાવાળી માજીઓ  પણ હવે  "ઉકાળો"પીવા માંડી છે...બોલો..!!

વાતાવરણ શાંત છે, પૈસાની જરૂર નથી, 5 ટાઈમ જમીએ છીએ, આવું ને આવું રે તો કપડાંની જરૂર ન પડે માત્ર બે ચડ્ડી , અને બે ગંજીમાં આખું વર્ષ નીકળી જાય. કાર્બન ડાયોક્સાઇડ ઝીરો, એકલો ઓક્સિજન જ લેવાનો એટલે બીમાર ના પડીએ. મૃત્યુ દર તો જે કોરોના મારે એજ બાકી એક્સિડન્ટમાં કોઈના મરે, ઝગડા ખતમ, ખરેખર કેતા હતા ને કે મોદીના શાસનમાં રામ રાજ્ય આવશે આવ્યું હો...!!!

https://suratiundhiyu.wordpress.com/

રામાયણ અને મહાભારત તો ચાલુ થઇ ગયા અને હવે તમે બહાર નીકળશો તો “ગરુડ પુરાણ” પણ ચાલુ થઇ જશે

પતિ: આપણે સાથે મળીને કોરોના વાયરસ સામે લડીશું અને હરાવીશું
પત્ની: મને એ કોરોના જોડે નહિ ફાવે, હું તો તમારી સાથે જ લડીશ

એકવીસ દિવસ લોકડાઉનમાં રહ્યા પછી અને રામાયણ-મહાભારતની સીરીયલો જોયા પછી નોકરીએ જઇએ ત્યારે બની શકે કે બોસને જોતા જ મોઢામાંથી બોલી દેવાય, “મહારજ કી જય હો”

એક સારા પતિ નું ઉદાહરણ સેટ કરવા માટે મેં એક સાવ કાળી પડી ગયેલી કઢાઈને ઘસીને ઘસીને ચાંદી જેવી કરી નાખી.
પરંતુ એ જોઈને પત્ની બરાડી ઉઠી: એ તો નોન સ્ટિક કઢાઇ  હતી, કોઈ કામમાં ભલીવાર નહીં હોય…

કામવાળી બાઈ કામના બાકીના પૈસા અને કઇ એડવાન્સ માંગવા આવી
પત્ની: તને પૈસા તો મળી જશે પણ પાછી જયારે આવે ત્યારે ઝાડું-પોતા અત્યારે માર્યા છે એવા મારજે, જો મારું ઘર કેવું ચમકે છે!!
કામવાળી: ભાભી, મરદનો હાથ એટલે મરદનો હાથ, આપણે બૈરામાં એટલી બધી તાકાત ક્યાંથી હોય?

બાપુ: આ તમે પોલીસવાળા આટલી બધી બેરહેમેથી કેમ મારે છે? તમારામાં દયાનો છાંટો પણ નથી?
પોલીસ: અમારે પણ ઘરેથી કેટલું સાંભળવું પડે છે, તમને શું ખબર?
બાપુ: તમારે શેનો પ્રોબ્લેમ?
પોલીસ: પહેલા તો મોડા જતા તો પણ બૈરા અમારા ખીસા તપાસીને ખુશ થતા, હવે તો ખાલી ખીસ્સા જોઇને મો મચકોડે છે ને કહે છે, “ તમારે પૈની પેદાશ નહી ને ઘડીની નવરાશ નથી”, રોકડી જ બંધ થઇ ગઇ છે, ઘર કેવી રીતે ચલાવવું?

ભારતમાં આવીને "કોરોના" પણ માથું ખંજવાળે છે કે....
હું "વાઈરસ" છૂ કે "તહેવાર" છું...
સાલુ કંઈ સમજાતું નથી!!
ઘંટ... શંખ... દિવા... મીણબતી...

ફક્ત દીવો પ્રગટાવજો, દિવાળી નથી મનાવવાની. આ બધું તો સુરતીઓને ખાસ કહેવું પડે, બાકી ફટાકડા પણ લઈને લાગી પડે એવા છે...

યાદ રાખજો મિત્રો....
લાઇટ બંધ કરી

https://suratiundhiyu.wordpress.com/

બાલ્કનીમાં જવાનું છે
બેડરૂમમાં નથી જવાનું.....
કારણકે મોદીજી એ દીપક
પ્રગટાવવાનુ કીધું છે,
કુળ દીપક નહીં

મિત્રો ગયા રવિવારે થાળી, ઘંટડી વગાડવાનુ કહ્યું હતું અને અમુક લોકોએ વરઘોડાની જેમ જુલુસ કાઢ્યું હતું.
આ વખતે દીવો સળગાવવાનુ કહ્યું છે, પાછા ભેગા થઈને હોળી ના પ્રગટાવતા....

5 એપ્રિલ રાત્રે 9:00 વાગે કોઈ પણ લેડીઝ વ્હાઇટ સાડી પહેરીને બાલ્કનીમાં મીણબત્તી લઈને ના આવતા,
છોકરાઓ ગભરાઈ જશે..!

સોસીયલ ડીસ્ટન્સિંગને ગુજરાતીમાં શું કહેવામાં આવે છે..?
આઘો મર.....

કોરોનાથી બચવા માટેના બે મહત્વના નિયમો
- કોરોનાથી બીવાનું નથી, લડવાનું છે
- પત્ની સાથે લડવાનું નથી, બીવાનું છે

આજે રવિવાર.....
બહાર જમવાનું...
રસોડામાંથી લાવીને
ડ્રોઈંગરૂમમાં....

પડોશમાં રહેતી 2 બહેનો એકબીજાને પુછતી તી આજે રાત્રે નવ વાગ્યે તમે ક્યા કપડાં પહેરવાનાં છો?
અંધારું હશે તો મેકઅપ કરવો છે કે એમ જ ચાલશે..?

પેલા થાળી ટીપીને કોરોનાને બહેરો કર્યો હવે એને દિવા કરી આંધળો કરવાનો છે, કોરોના વાઇરસને રીબાવી રીબાવીને મારવાનો છે..

**Interviewer: What is “Lock Down?”**
**Candidate: When “Wine & Friends” get replaced by "Water & Wife", that critical phase of life is called “Lock Down”**

**Wife: How many whistle the cooker did?**
**Husband: Eh..? Two... three...! I don't know**

https://suratiundhiyu.wordpress.com/

**Manager(on skype): Three! I heard three!**

**Well, I finally lost it..........**
**Was just in Acme and saw a man whose cart was FULL to the top with hand sanitizers, baby wipes, soaps, everything that people need!!**
**I called him selfish, and gave him a low down about the elderly, moms and people who are in desperate need of these types of items. Told him he should be ashamed of himselfHe said: "Are you done? Cause I really need to get back to filling the shelves now..."**
**Ooops. ........**

**People in Punjab still wondering, Who the hell is, "Shoshal Distan Singh"(social distances)**

પહેલાં ઘંટડી 🔔વગાડી
હવે દીવા કરવાના🪔
લાગે છે આવતા રવિવારે પ્રસાદ આપશે...

લોકડાઉન દરમ્યાન એક વધું જ્ઞાન પ્રાપ્તિ
આપણી "દુકાન", આપણી "ઓફીસ", આપણી "ફેક્ટરી", આપણી "સ્કુલ",
બધું જ લાવારીસ થઈ ગયું છે, આજે...
આપણે આપણી જ જગ્યાએ જઈ નથી શકતા.
કમાલ છે ઈશ્વરની, સાંભળ્યું હતું કે મર્યા પછી બધું જ છુટી જાય છે
પણ, આ તો "જીવતે જીવ" જ છુટી ગયું છે.....!
ખબર નહીં, પણ 'માણસ"ને કઈ વાતનો
"અહમ્' કાયમ રહયા કરે છે કે હું જ "કંઈક" છું.....! - હેમંત શાહ

હવે તો અલમારીની અંદરના શર્ટ-પેન્ટ અંદર અંદર પુછવા લાગ્યા છે કે માલિક જીવે છે કે ઉપર પહોંચી ગયા? એ તો સારું થયું કે બરમુડા અને બનીયને જવાબ આપી દીધો કે એવું કશું નથી ભાઈ, અમારી તો ત્રણે શિફ્ટમાં ડ્યુટી લાગી ગઈ છે

આકાશ તરફ ફ્લેશ બતાવવાની હતી, સામે બાલ્કનીમાં ભાભી સામે નહિ. દેશભક્તિનો ઉત્સાહ બતાવવાનો હતો, તમારો નહિ..

એણે કહ્યું થાળી વગાડજો તો લોકોએ સરઘસ કાઢ્યા
એણે કહ્યું કે દીવા સળગાવો તો લોકોએ બોમ્બ ફોડ્યા
આ પરંપરા અનાદીકાળથી ચાલી આવે છે
ભગવાને કહ્યું, "હનુમાન, સીતામૈયાનો પત્તો મેળવી લાવો
તો હનુમાનજીએ આખી લંકા સળગાવી દીધી

https://suratiundhiyu.wordpress.com/

ભગવાને કહ્યું, “સંજીવની બુટ્ટી લઇ આવો” તો
હનુમાનજી આખો પહાડ ઉઠાવી લાવ્યા
આમાં કોઈનો વાંક નથી, ભક્તો એટલે ભક્તો...

પત્રકાર: મોદીજી એકાએક આજકાલ બધાને ફોન કરીને ફોન પર કેમ વાત કરવા માંડ્યા છે?
બાપુ: ઈન્ટેલીજન્સના રીપોર્ટ પ્રમાણે “મન કી બાત” કોઈ સાંભળતું નથી એટલે ફોન પર વાત કરે તો પેલાએ ઝખ મારીને સાંભળવી પડેને....

માણસ: "હે ઈશ્વર, કોરોનાને કારણે મારા જીવવાના 21 દિવસ કપાઇ ગયા તો એ મારી ઉંમરમાં વધારી આપને પ્લીઝ."
ઈશ્વર: આ 21 દિવસ જ તું જીવ્યો છે, બાકી તો ભટ્કયો જ છે

પહેલા જયારે રામાયણ સીરીયલ આવતી ત્યારે કર્ફ્યુ જેવું લાગતું અને હવે કર્ફ્યુ લાગ્યો છે ત્યારે રામાયણ આવે છે...સમય બડા બલવાન....

વાયરસને લીધે ....
- વેનિસ નદીનું પાણી ચોખ્ખું થઈ ગયું...
- ઇટાલીના દરિયા કિનારે ડોલ્ફીન આવતી થઈ...
- જાપાનમાં હરણો રોડ પર ફરતા થઈ ગયા...
- ચીનનું પ્રદૂષણ રેકોર્ડ લેવલ પર ઘટી ગયું...
- શહેરોમાં ઝાડનાં પાંદળાં માં ચમક આવી ગઈ છે
- પક્ષીઓ ની ચહેલ પહેલ વધી ગઈ છે
- પક્ષીઓનાં ગીતો હવે બધાને સંભળાય છે
- આકાશ ભૂરાની બદલે બ્લૂ દેખાય રહ્યુ છે
- રાત્રે આકાશ તારાઓ થી ભરપૂર દેખાય રહ્યુ છે
- હવા ચોક્ખી થઈ રહી છે
- પ્રકુતી ખીલી રહી છે
- પ્રાણી પક્ષીઓ ડર વગર ફરી રહ્યા છે
- ધ્વનિ પ્રદૂષણ તદ્દન ઘટી ગયું છે
-માણસો બીમાર થઈ રહ્યાં છે પૃથ્વી સાજી થઈ રહી છે...
ટૂંકમાં સાર એજ છે કે માણસ પોતે જ કુદરતનો નાશ કરનાર “વાયરસ”છે

https://suratiundhiyu.wordpress.com/

ઉંદરને ઉચાળો નહીં, મીંદડીને માળો નહી
કુંવારાને સાળો નહીં, કયાય હંસ કાળો નહીં
વાઘ શહેરમાં ભાળો નહિ, હબસી કોઇદી ગોરો નહિ

સંસારીને ભેખ નહીં, મરણમાં કેક નહીં
સાઇકલમાં જેક નહીં અને વાંઢાને બ્રેક નહીં
ઘા પર કોઈ શેક નહિ, નવરાને કોઇ ટેક નહિ

કડી ઉપર તાળુ નહીં, લાડુ ઉપર વાળુ નહીં
કોટ ઉપર શાલ નહીં, બખતર ઉપર ઢાલ નહીં
કેરડામાં પાન નહીં અને ઘર જમાઈને માન નહીં

કૂતરાની પૂંછડી સીધી નહીં અને કજીયામાં વિધિ નહીં
ડુંગરા નરમ નહીં, ગુલફી ગરમ નહીં
પાપીને ધરમ નહીં, નફફટને કોઈ શરમ નહિ

ફળ ફૂલમાં કયાય સાંધો નહીં, સુકલકડીનો કોઈ બાંધો નહિ
હિજડાના શબને કાંધો નહિ, આગળ મોકલો તો વાંધો નહિ

રામાયણ જોતા જોતા
પતિ: પ્રિયે... જળ
પત્ની: જાતે લેવાનું રાખો, lock down છે, કઈ વનવાસ નથી..

માર્ચમાં જન્મનાર બાળકોના નામ:
સેનેટાઈઝર શર્મા, લોકડાઉન લંકેશ, માસ્ક મિત્તલ, આઇસોલેશન અગ્નિહોત્રી, વુહાન વહાણવટી, ગ્લોવ્ઝ ગોમ્સ, જનતા કર્ફ્યું જમાદાર, કોરોના કોટવાલ, ક્વોરેંઘટાઇન કોઠારી, તબ્લીકી ટાંગાવાલા અને છેલ્લે મરકઝ અલી

કોરોનાના ભારતના ચોંકાવનાર આંકડા જોઇને દુનિયા સ્તબ્ધ થઇ ગઈ
સંક્રમિત – 3029
મૃત્યુ – **67**
અને ઢગરા પર સોજો – **1453742** આનંદો..ભાઈ આનંદો..

પીધેલાને પકડીને જમાદાર પોલીસચોકીએ લાવ્યા, જોતજોતામાં બહાર બસો માણસોની ભીડ થઈ ગઈ.
પોલીસ: ગમે તેમ કરશો પીધેલાને છોડવામાં નહી આવે ,મોટાસાહેબનો ઉપરથી હુકમ છે...

https://suratiundhiyu.wordpress.com/

ભીડમાંથી અવાજ આવ્યો: અંહિયા એને છોડાવવા કોણ આવ્યું છે, અમે તો એ જાણવા આવ્યા છીએ કે આ કપરા સંજોગોમાં માલ લાવ્યો કયાંથી..?

કેટલાક શબ્દો તો બ્રહ્માંડમાંથી જ ગાયબ થઇ ગયા, ક્યાં છો? ઘરે ક્યારે આવશો?

વિદેશથી પૈસાવાળા કોરોના લાવે છે અને ગરીબ લોકો તેનો ભોગ બને છે...

લોકડાઉન ખુલ્યા પછી...
એરહોસ્ટેસ: સર તમને આ ફ્લાઇટમાં બિલ્કુલ ઘર જેવી સુવિધાઓ મળશે
યાત્રી: વાંધો નહિ બહેન, પણ હું કચરા-પોતા તો નહીં જ કરું...

આદિમાનવ જેવી જિંદગી થઈ ગઇ છે. સ્કૂલ નહીં, ઓફિસ નહીં, કામ નહીં, ફક્ત ખાવાનું અને ગુફામાં રહેવાનું. અને શિકાર કરવા જઇએ એમ કરિયાણું, દુધ, શાકભાજી લાવવા જવાનું.....

બારેમાસ તરસ્યાને પીવડાવવાનું અપાર પુણ્ય મેળવવાના કારણે દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી !

ફ્રેશ થવા સોસાયટીમાં કોઈને મળ્યા વગર એક ચક્કર મારી ઘેર આવ્યો, તો *વાઇફે પૂછ્યું, “તમારી બધી ઈન્સ્યુરન્સ પોલિસીઓ ક્યાં મૂકી છે?”, છેલ્લે મને કોઇ દોડાદોડ ના જોઈએ.....!!

લોકડાઉનમાં બધાની જિંદગી જેઠાલાલ જેવી થઇ ગઈ છે. બબીતા દેખાતી નથી અને ઘરવાળી સહેવાતી નથી

પત્ની: તમે માસ્ક પહેરી લો
પતિ: પણ હું તો ઘરમાં જ રહુ છું, બહાર તો ક્યાંય જતો પણ નથી..
પત્ની: અરે ! થાકી ગઈ છું તમારું મોઢું જોઈ જોઈને

આજની નવી શોધ
કાગડો ગમે તેટલી વાર બોલે
તો પણ મહેમાન આવવાના નથી

પહેલા રોજ ફોન કરતી અને પુછતી કે જમવામાં શુ બનાવુ ?
અને અત્યારે કહે છે કે આખો દિવસ કેટલુ ખા ખા કરો છો

આજે ગેલેરીમાં ઉભો હતો તે જરા કુદકા મારવાનું મન થયું, જેવા મારવા માંડ્યો ત્યાં ડાબી બાજુની ગેલેરીમાંથી પાડોશી એ પૂછ્યું, “આજે આ કરવાનું હતું. કેટલા વાગ્યાનો ટાઈમ હતો?

https://suratiundhiyu.wordpress.com/

હજુ જવાબ આપું ત્યાં તો જમણી બાજુએથી ભક્ત બોલ્યો, “આ તો મહામાનવ મોદીની સરપ્રાઇઝ છે, ૧૩૦ કરોડ કુદશે એટલે એના કંપનથી કોરોના મરી જશે...

પત્ની: હે આર્ય શ્રેષ્ઠ, આ ધવલરંગી પુષ્પને આ લોકો શા માટે ચપટી ગદાથી એક બીજાની સામે ફેંકી રહ્યા છે?
પતિ(અકળાઈને): બે યાર, તું આજકાલ ધાર્મિક સીરીયલો જોવાનું ઓછું કર, એ લોકો બેડમિન્ટન રમે છે...

આજનો જીવનમંત્ર:
વેન્ટિલેટર કરતાં માસ્ક પહેરવું સારું,
આઈ.સી.યુ.માં રહેવા કરતાં ઘરમાં રહેવું સારું,
અને જીંદગીથી હાથ ધોવા કરતાં સાબુથી હાથ ધોવા સારા

લોકડાઉનનાં એક પત્રકારે એક વકીલનો ઇન્ટરવ્યૂ લીધો
પત્રકાર: વકીલ સાહેબ, આપ સમય કેવી પસાર કરો છો.
વકીલ: રામાયણ અને મહાભારત જોઇને
પત્રકાર: અચ્છા તૌ આમાંથી શુ જાણવા મલ્યુ?
વકીલ: મહાભારત એક જમીન કેસ છે અને રામાયણ એક અપહરણ નો કેસ છે..

**दिलको छू लेनेवाली बात, सदियोंसे जो बदनामीका बोझ झेल रही है,**
**आज वो ही सबके हाथ धो रही है,** “ALCOHOL”

**मैरीगोल्ड के हर बिस्कुट में** 22 **छेद होते हैं और पूरे पैकेट के बिस्कुटों में** 440. **अभी थोड़े दिन है और भी ज्ञान की बाते बताऊंगा..**

જીવન મોક્ષ તરફ વળી રહ્યું હોય એવું લાગે છે, ના રવિવારની ખુશી છે, ના સોમવારનું દુઃખ...

સવારે ચા બનાવી પછી ગરણી ક્યાંય જડી નહીં. પછી મેં તો માસ્ક પહેરીને ચા પી લીધી. હું તો પહેલેથી જ ટેલંટેડ છું પણ અભિમાન જરાય નહીં..!!

અત્યારે તો બસ્સો કી.મી. દુરનો પહાડ સાફ દેખાઈ રહ્યો છે. જો સુધરશો નહિ તો થોડા વખતમાં આકાશમાં પાડા પર બેઠેલા યમરાજ પણ સાક્ષાત દેખાશે

વારંવાર હાથ ધોઈએ તો હાથમાંથી પૈસાની રેખા ઝાંખી થતી હોય તેમ લાગે છે, અને ન ધોઈએ તો આયુષ્યની રેખા ગાયબ થઈ જવાની બીક લાગે છે. શું કરવું સમજ નથી પડતી.

એક સર્વે અનુસાર નેવું ટકા પતિ પોતાની પત્નીથી પરેશાન હોય છે અને બાકીના દસ ટકા જુઠું બોલે છે

https://suratiundhiyu.wordpress.com/

કાલે ઈડલી સાંભાર કર્યા હતા. તેમાંનો સાંભાર વધ્યો એટલે આજે મેદુ વડા બનાવ્યાં. હવે સાંભાર ખલાસ થઈ ગયો પણ મેદુ વડાનો લોટ વધ્યો એટલે હવે કાલે દહીંવડાનો પ્રોગ્રામ છે. હવે જો કાલે દહીં વધશે તો તેનું શું કરવું તેનું પ્લાનિંગ અત્યારથી માથામાં શરૂ થઈ ગયું છે. જે દિવસે કંઇ ના વધે તો તેના બીજા દિવસે કંઇ ન વધ્યાની ખુશીમાં ગુલાબજાંબુનો ઓર્ડર આપવાનો ઓર્ડર છે . પણ જો ફરી રસોઇ વધી તો ફરી કરશું પણ જો એમાં ફરીથી લોટ વધ્યો તો શું કરવું? વારે ઘડીએ ખાવાનું શું છે? ખાવાનું શું છે?

ભગવાન તું ઉઠાવી લે, ઉઠાવી લે..., મને નહિ..પણ આ લોકડાઉનને....

બાવા જેવી જિંદગી થઈ ગઈ છે, ના કમાવાની ચિંતા કે ના ભેળું કરવાની ચિંતા. કટોરામા જે મળે તે ખાઈને ગૂફામા પડ્યા રહેવું....

વિદેશી બૈરા કોરોનામાં જીવતાં રહીશું કે નહીં એ વિચારે છે અને  અહિયાં આપણા બૈરાઓ બટેટાની વેફર, સાબુદાણાની  વેફર, પાપડ મસાલા વગેરે આખું વર્ષ હાલે એનો સ્ટોક કરવામાં વ્યસ્ત છે.....!!

કોન્ટ્રકટરો એમના મજુરો ખાલી બેસીને બીડી પી રહ્યા હોય ત્યારે જે તિરસ્કાર ભરી નજરે જુવે છે એવી જ રીતે આજકાલ ઘરવાળીઓ એમના ધણીઓને જોતી હોય છે

તમે જેટલું વધારે ઘર માં બેસી રહેશો એટલીજ જલદી જલેબી, ફાફડાની દુકાનો ખુલશે..! હવે આનાથી વધારે હું મોટિવેશન નહિ આપી શકું !

ફક્ત રામાયણથી કશું નથી થવાનું. આ રામાયણના એક પાત્ર પાસે આપણે કઈ શીખવું પડશે અને એ પાત્રનું નામ છે “કુંભકર્ણ”, એ જ આપણને બચાવી શકશે

પત્નીએ પતિનો ફોન ચેક કર્યો તો એમાં એક કોન્ટેક્ટ નંબર Corona-19 હતો. પત્નીએ એ નંબર પર રીંગ મારી તો પોતાના ફોનની જ ઘંટી વાગી...પતિ આઈસોલેશનમા છે..

પહેલા છીંક આવતી તો લાગતું કે કદાચ કોઈ અંગત યાદ કરતું હશે.
હવે સાલુ છીંક આવે છે તો એમ લાગે છે કે ઉપર ચીત્રગુપ્ત આપણી ફાઈલ તો ચેક નથી કરતોને..

એક પતિની વ્યથા: એવો વિચાર આવે છે કે ૧૫ તારીખ પછી પાંચેક ઘરના કામ બાંધી લઉં

દુનિયાની સૌથી પ્રચલિત ધમકીનું અકાળે મોત, “હું પિયર જતી રહીશ”...

પત્ની: કહું છું, હવે ઘરે પણ જરા, શર્ટ,પેન્ટ પહેરવાનું રાખો, આમ ગંજી-ચડ્ડીમાં ના ફરો..

https://suratiundhiyu.wordpress.com/

પતિ: યાર, આપણું જ ઘર છે, આમા શું વાંધો છે..?
પત્ની: વાંધો તમને નહીં, મને છે. પેલી સામેવાળી મંજુએ ફોન કર્યો તો એ પુછતી હતી કે આવા લોકડાઉનમાં તને ઝાડુ-પોતા માટે રામો ક્યાંથી મળ્યો..?

પતિ: 18 દિવસથી તારા હાથનું ખાઇ ખાઇને કંટાળી ગયો છુ.
પત્ની: તો બહાર જઇને પોલીસના હાથનું ખાઇ આવો.

પાકિસ્તાનમાં બે લોકોનો કોરોનાનો રીપોર્ટ નેગેટીવ આવ્યો એટલે ખુશીમાં ચાર-પાંચ જણાએ ફાયરીંગ કર્યું જેમાં પાંચ માણસો માર્યા ગયા

**न वफा का जिकर होगा, न वफा की बात होगी,**
**अब मोहब्बत जिससे भी होगी, कोरोना जाने के बाद होगी**

**इस साल ना आमरस ना गन्नारस सिर्फ और सिर्फ वायरस**

**सोना बिल्कुल फ्री कर दिया है सरकारने....!!**
**सुबह सोना, दोपहर सोना, रात में सोना, जब मन करे तब सोना..!**

**करवाचौथ के दिन पूजे गये देवता आजकल घरों में बर्तन, खिड़की, दरवाजे, पंखे साफ करते हुये दिख रहे हैं. "सब प्रभु की माया है".**

સુરતી: નથી મળતો હવે બજારમાં "માવો", ચાઇનાવાળાની બેનને લઈ જાય આશારામ"બાવો"

આમ જ 2-3 મહિનાં ઘરમાં બેઠાં રહીશું તો ઇગ્લેન્ડવાળાં કરતાં પણ વધારે ધોળાં થઇ જઇશું..

નાજુક સમય ચાલી રહ્યો છે, આ યુદ્ધ અલગ પ્રકારનું છે, અલગ અલગ થઈને લડો

ખાઈ ખાઈને પેન્ટ અને શર્ટના ગાજ બટનનું પણ Social Distancing શરૂ થઈ ગયું છે...!

પતિ: આ કચરા-પોતા સવારે એક જ વાર કરવાના હોય ને?
પત્ની: હા..
પતિ: તો હું તો રોજ સવાર સાંજ કરું છું, તારે મને કહેવાય નહીં?
પત્ની: હું તમને કહેવાની જ હતી....
પતિ: ક્યારે?

https://suratiundhiyu.wordpress.com/

પત્ની:  લોકડાઉન પતે પછી...

આટલા દિવસો પત્ની સાથે રહ્યા પછી પતિએ બોસને મેસેજ મોકલ્યો
માફ કરજો, હું તો તમને "રાક્ષસ" સમજતો હતો
પણ તમે તો દેવતા હતા..

ઘરમાં એકતા તો છે જ...! હું પાણી પીવા ઊભો થયો હોઉં ત્યારે જ બધાને તરસ લાગે... બોલો...!

માર્ગદર્શન આપજો સાબુ દાણાની ખીચડી માટે ક્યો સાબુ લેવાનો આજ રસોડાનો હવાલો મારી પાસે છે

મહાભારત, રામાયણ સાથે જોયાં એટલે એકવાત સમજાણી કે રાજાઓ ગંજી નહોતા પહેરતા

આજે તો ઓશિકું ય બોલી પડ્યું, "અલ્યા થોડીક વાર તો ઉભો થા, મારેય આરામ કરવો હોય કે નહિ?"

મારી પત્નીની ધીરજ અને મારા પરનો વિશ્વાસ ખરેખર વખાણવા લાયક છે....
મારાથી પાણીનું માટલું ફૂટી ગયું, દૂધ ઉભરાઈ ગયું, તેલ ઢોળાઇ ગયું, શાકમાં મીઠું ડબલ નખાઈ ગયું, રોટલી બળી ગઈ, અથાણાની બરણી તૂટી ગઈ, ચામાં દૂધ ને બદલે છાશ નખાઇ ગઈ...
મારા આટલા પ્રયાસો છતાં મને હજી ઘરકામ સોંપે છે..!! બોલો..!

પત્ની: હવે કે છે "લૉકડાઉન ખુલી જાય તોય હું તમને ઓફિસ નઈ જવા દઉં".
પતિ: કેમ?
પત્ની: હવે મને કામવાળી કરતા તમારું કામ વધારે ચોખ્ખું લાગે છે....

પંદર પંદર 'દિ થી હાવ નવરીબજાર છે તોય હજી સ્ટેટસ, in a meeting / at work / urgent calls only / busy / at school !

મારા એક પાડોશી ગુપ્તાજીને મેં ઘણા વખતથી જોયા નહિ એટલે આજે એમને ઘરે ગયો. જોયું તો એમના પગ પર પ્લાસ્ટર હતું. એ જોઇને મેં પૂછ્યું આ ક્યારે થયું? ક્યારે પડી ગયા? એમણે આજુ બાજુ જોઇને ચહેરા પર રહસ્યમય મુસ્કાન કરીને ધીરેથી કહ્યું, "કોઈ ટેન્શન લેવાની જરૂર નથી, મને કઈ થયું નથી". એક વીસ દિવસના લોકડાઉનમાં કોઈ જગ્યાએ જવાય એવું તો નથી. એટલે જ ઓફિસથી આવતી વખતે હાડવૈદ્ય પાસે પગ પર એકવીસ દિવસ માટે પ્લાસ્ટર ચઢાવી લીધું. નહિ તો ઘરવાળી કામ કરાવી કરાવીને કેડ તોડી નાખે..

તમે એક વાત માર્ક કરી..?

https://suratiundhiyu.wordpress.com/

પહેલીવાર  8 વાગે
બીજીવાર  9 વાગે
ત્રીજીવાર  10 વાગે
તીન પત્તીની જેમ રોન કાઢી, 8-9-10
આપણે બ્લાઈંડમાંજ ચાલવાનું છે, સાહેબ જુના ખેલાડી છે...

દુનિયાનો સૌથી સસ્તો મજૂર પતિ હોય છે,
એને એ ભ્રમમાં રાખવામાં આવે છે કે એ ઘરનો માલિક છે

લોકડાઉન લંબાયું એનો મતલબ?
દેશી ભાષામા કહુ તો જામીન અરજી નામંજૂર થઇ અને તારીખ પડી..

વિશ્વમા જેટલા ડૉક્ટર કોરોનાની રસી શોધે છે એનાથી વધારે અમદાવાદમા 135ના માવા ગોતે છે...

“જરા દૂર બેહને” ને અંગ્રેજીમાં સોસીયલ ડીસ્ટનસિંગ કહેવામાં આવે છે

મંગળ પર જીવન વિકસાવવાની વાતો કરતો માણસ, પૃથ્વી પર અસ્તીત્વ ટકાવવા ઝઝૂમી રહયો છે..!!

**भारतके चौंकानेवाले आंकड़े पूरी दुनिया देखकर रह गई दंग.**
**संक्रमित-10,541, ठीक हुए-1205, मृत्यु-358 और टांग पर सूजन-21,53,742.**
**भारतीय पुलिसका मूल मंत्र**
**तोड़ देंगे, शरीर का कोना कोना, पर होने नहीं देंगे कोरोना..**

**कोरोंटाइनको ऐसे समझे, जैसे ठाकुर साहबकी ठकुराइन**
**गुप्ताजी की गुप्ताइन, मिश्राजीकी मिश्राइन...**
**चौधरीकी चौधराइन, वैसे ही कोरोनाकी कोरोंटाइन**
**सब लेडीज हैं और लेडीज़ से पंगा ना लें...**

પ્રદૂષણ એટલું ઓછું થઈ ગયું છે ને કે રસોડામાંથી કાઢેલા ડોળા છેક ડ્રોઈંગ રૂમ સુધી દેખાય છે, બોલો..!!!

કાલ સુધી જે લોકો કહેતા હતા કે મરવાની ફુરસદ નથી એ જ લોકો આજે વિચારે છે કે જીવવું કઈ રીતે?

ઉદાહરણ આને કહેવાય: તમો 3 દિવસ માં 2 રુમ રસોડાના ઘરમાં કંટાળી ગયા તો યાદ કરો સરદાર 400 દિવસ, ગાંધીજી 1450 દિવસ અને નહેરુ 3259 દિવસ  જેલની 8’X8’ ની લાઇટ પંખા વગર ની જેલની બંધીયાળ

https://suratiundhiyu.wordpress.com/

કોટડીમાં આ દેશની આઝાદી માટે  કેવી રીતે રહ્યા હશે. આજે જે દેશ માટે એક પણ દિવસ જેલમાં નથી ગયા એ અને એમના ચમચાઓ એમને ગાળો દે છે. એમને મન તો આઝાદી બ્રિટીશરો એમ જ આપી ગયા હતા.

પોઝીટીવ કેસ: ગુજરાત-52820, મહારાષ્ટ્ર-72690, મધ્યપ્રદેશ-62540,
રાજસ્થાન-45760, દક્ષીણના રાજયો-21783, બંગાળ,ઓરીસા,-89570,
પુર્વોત્તર રાજયો-54210, દિલ્હી,પંજાબ અને આસામ-8657,
કાશ્મીર-25980, ઉત્તર પ્રદેશ-82658, બીહાર-89560,
આ બધા  આંકડા લોકડાઉન દરમ્યાન "પ્રેગનંન્સી ટેસ્ટ પોઝીટીવના" છે

અત્યારે આપણે ગુજરાતીઓ એ એક જ ગીત ગાવાનુ થાય છે
"નહિ મેલુ રે તારા ફળીયામાં પગ નહિ મેલુ"

પત્રકાર: લોકડાઉનમાંથી તમે શું શીખ્યા?
બચું બાટલી: ઘરમાં દારુ-સિગારેટ-માવાનો પુરતો સ્ટોક રાખવો, રાશન તો સરકાર પણ પહોંચાડી દે છે

આજે શાક લેવા ગયો તો શાકવાળાએ શાક એકદમ કસોક્સ જોખીને આપ્યું.
મારાથી રહેવાયું નહીં એટલે મેં કીધું: કમાલ છે, શાક તો સોનીની જેમ  જોખીને આપ્યું..!!
શાકવાળો(ધીમેથી): હું સોની જ છું, આ તો લોકડાઉનમાં મારી દુકાન બંધ છે એટલે આ શાક વેચુ છું..

આટલા બધા દિવસ જો ઘરમાં આમ જ ખા ખા કરતા રહ્યા તો લોકઆઉટ પછી મોદી કહેશે કે "મેરે પ્યારે હાથીઓ"..

**Couples are in dilemma whether**
**They are 'Made' for each other ,**
**'Mad' for each other or**
**'Maid' for each other**

**The day is cutting like a test match**
**And name of the year is 20-20**

આટલું બધું સાથે રહેવાનું તો નવા નવા લગ્ન થયા ત્યારે પણ નહોતું થયું..

આપણી ગરમી જો કોરોના સહન નહિ કરી શકે તો આવતે ઉનાળે ડોલર અને પાઉન્ડનો ભારતમાં વરસાદ થશે. પહાડો,દરિયો કે જંગલો ગોરાઓથી ઉભરાઈ જશે

જ્યારથી વાસણ ધોવાનું શરુ કર્યું છે ત્યારથી એક જ પ્લેટમાં દાળ-ભાત-રોટલી-શાક-અથાણું-પાપડ-સલાડ વગેરે એડજસ્ટ કરી લઉં છું

https://sureshjundhiyu.wordpress.com/

જ્યાં સુધી પુરુષોને બરાબર ગોળ રોટલી બનાવતા નહિ આવડે ત્યાં સુધી લોકડાઉન ઉઠવાનું નથી

હવે 50નુ પેટ્રોલ હવે 3 મે સુધી ચાલશે, એક ભાઈ આવીને એવરેજ વધારી ગયા..

છેલ્લા 4 થી 5 દિવસમાં એક વાત બધાના ધ્યાનમાં આવી હશે કે "અર્જન્ટ" જેવું કશું જ હોતુ નથી. . .

સમય સમયની વાત છે...
પહેલા કહેતા નેગેટીવ લોકોથી દુર રહેવું..
હવે કહે છે કે પોઝીટીવ લોકોથી દુર રહેવુ.....

ભૂરો: બાબા હવે શુ થાશે?
બાબા: થોડાં દિવસમા કોરોના વાયરસનો નાશ થઈ જાશે.
ભૂરો: પછી શુ થાશે?
બાબા: નોકરી, કામ, ધંધા ચાલુ થઈ જાશે. પણ માણસો આળસું થઈ ગયા હશે.
ભૂરો: તો શુ થાશે?
બાબા: અત્યારે ધોકા મારીને માણસોને ઘરમા રાખવા પડે છે અને ધોકા મારીને કામ ધંધે મોકલવા પડશે

આમીરખાને આપણા પર ફિલ્મ બનાવી હતી "પી.કે." હવે પોતાના જમાતીઓ પર ક્યારે ફિલ્મ "થું.કે." બનાવશે?

પી.એમ.સાહેબે શિક્ષક જેવું કર્યું. જે હોમવર્ક બરાબર પૂરું કરશે એને બહાર રમવા જવા મળશે...

ભારતના એક મહાન જ્યોતિષે કહ્યું હતું કે 2020માં ભારતના લોકોને રાજયોગ છે, ઘેરે બેઠા બેઠા ખાવા મળશે

પડોસણે ખુબ જ હિમ્મત આપી છે અને કહ્યું કે કોરોના હાથ મેળવવાથી ફેલાય છે, નજરો મેળવવાથી નહિ

આ સમય દરમિયાન નવી આવેલી ગુજરાતી ફિલ્મો:
ઓફિસમાં મનડું નથી માનતું
વીર ઝાડુ-પોતાવાળો
માંજુ તો માંજુ તારા ઠામડાં
તમે રે બોસ ને અમે રામા
ચાલ જીવવા દે
કેવી રીતે છૂટીશ
ધણી પાછો ના પડે ને ધણિયાણી કોઇથી ના ડરે

સમય બડા બલવાન..

https://suratiundhiyu.wordpress.com/

હાલ જો પચાસ તોલાની સોનાની ચેઈન પહેરીને ફરશો તો કોઇ નહીં પુછે ક્યાં કરાવી?
પણ જો “વાળ કપાવીને” ફરશો તો આખું ગામ પુછશે ક્યાં કપાવ્યા..?

**Work From Home**
**Boss: "I called you. Your wife picked the phone and told that you were cooking. Why did not you call me back?"**
**Employee: "I called you back sir. Your wife picked the phone and told that you were washing clothes"**

ભાઇ ધ્યાન રાખજો કે જેમના ત્યાં ડિસેમ્બર 2020 અથવા જાન્યુઆરી 2021 માં ઘરે ઘોડિયું બંધાશે તે “કપલની” ધરપકડ કરવામાં આવશે.
ગુનો: social distance નહિ જાળવવા બદલનો ગુનો

ચાઈનાએ ટચવાળો ફોન
ટચવાળા દરવાજા
ટચવાળી કાર
ટચવાળા ટી.વી.
ટચવાળા ફ્રીઝ, ખબર નહિ શું શું ટચ બનાવી દીધું છે. એ તો સમજ્યા પણ હરામખોરોએ માંદગી પણ હવે ટચવાળી બનાવી દીધી છે

પત્ની સાથે હેલ્મેટ અને માસ્ક પહેરીને શાકભાજી લેવા ગયો. ઘરે આવીને બંનેએ હેલ્મેટ અને માસ્ક ઉતારીને જોયું તો બીજી નીકળી, પત્નીના ત્રીસ મિસ કોલ...બોલો શું કરું?

યમરાજ ની વેદના: હે માનવ, મહેરબાની કરીને હવે તુ ઘરમાં જ રહે. છેલ્લા 3 મહીનાથી હું મારા ઘરે નથી ગયો. મારો પાડો પણ થાકી ગયો છે. દેશ વિદેશમાંમાં ફરી ફરીને પાડો અત્યારે દુબળી ગાય જેવો દેખાય છે.

કોણ કહે છે કે પ્રેમમાં તાજમહેલ જ બાંધવો પડે? લોકડાઉનમાં લોટ બાંધે એને પણ પ્રેમ જ કહેવાય

સીધા બાથરૂમમાં જતા રહો...
ક્યાંય અડતા નહીં...
ફુવારા નીચે ઉભા રહી પહેરેલે કપડે જ માથાબોળ નાહી લો...
ભીના કપડાને ગરમ પાણીની ડોલમા નાખી દેજો...
આખા શરીરે બે વખત સાબુ ઘસજો...
આ તમારો ટુવાલ બાથરૂમ ની બહાર મુક્યો છે, લઈ લેજો...
સાલુ કોઈકની સ્મશાનયાત્રા મા જઇ આવ્યા હોઈએ એવું લાગે...
ખરેખર તો શાક લેવા ગયો હતો...

https://suratiundhiyu.wordpress.com/

મારું હૃદય ફફડી ગયું, ગાત્રો શિથિલ થઈ ગયા, શ્વાસ ચુકાઇ ગયો, આંખોમાં આંસુ આવી ગયા, આજે જ્યારે પત્નીએ એમ કહ્યું કે લોકડાઊન હટે પછી હવે આપણે કામવાળી પાછળ પૈસા બગાડીવાની જરાય જરુર નથી, તમને બધુ ફાવી ગયું છે.....

દેશી ટેસ્ટીંગ: પતિ-પત્નીએ અડધો કલાક સુધી જોર જોરથી બુમો મારી મારીને ઝગડો કરવાનો. છતાં જો તમને શ્વાસ લેવામાં કોઈ મુશ્કેલી નહિ પડે તો તમે “કોરોના” વાયરસથી મુક્ત છો

આ ચીનાઓને પ્રતાપે આ કોરોનાએ આખી દુનિયામાં મુશ્કેલી ઉભી કરી છે. સાલાઓને ગાળ દઈને એમ પણ નહિ કહેવાય કે તમારા મોઢામાં કીડા પડે. એ હરામીઓ માટે તો એ સવારનો નાસ્તો થઇ જશે..

પડોસણ: મારે કોથમીર જોઈએ છે, છે તમારી પાસે...?
પતિ: ખલાસ થઈ ગઈ છે.
પડોસણ: દીદીને પૂછી તો જુઓ...
પતિ: એને શું ખબર? છેલ્લાં 21 દિવસથી એણે રસોડામાં પગ નથી મૂક્યો..!!

કેળામાંથી પાઈનેપલ કેવી રીતે બને? Bananas માંથી B કાઢી નાખો...
ઘરમાં બેઠા બેઠા આવા ને આવા ફાલતુ વિચાર આવે છે બોલો...

**Very positive thinking**
**“The World is closed for Renovation”, “Grand Opening Soon!"**

એકવાર રાજા કૃષ્ણ દેવરાયએ તેનાલીરામને એક બકરો આપતા કહ્યું કે આ બકરાને તારી પાસે એક મહિનો રાખ અને શરત એટલી જ કે આ બકરાનું વજન વધવું નહિ જોઈએ. તેનાલીરામે બકરાને ઘાંસ-ચારો બીજો ખોરાક ભરપુર મળે એવી વ્યવસ્થા કરી. એ બકરાને બરાબર વાઘણના પાંજરા સામે બાંધી દીધો. પછી જોયું તો બકરાનું વજન એક મહિના પછી નહિ વધ્યું કે નહિ ઘટ્યું. એટલે જે લોકોના મનમાં વહેમ છે કે આ લોકડાઉનમાં એમનું વજન વધી જશે તો કોઈ ચિંતા કરવાની જરૂર નથી તમે એક વાઘણની સાથે રહેવાના છો..શું સમજ્યા?

કળિયુગ છે મિત્રો, બાકી કોણે વિચારેલું કે મચ્છરને પણ અગરબતી કરવી પડસે..!!

**आदमी और जानवर में बेझिक क्या फर्क है?**
**शेर शेरनी से नहीं डरता, क्योंकि प्यार करता है शादी नहीं करता**
**आदमी औरत से डरता है क्योंकि प्यार नहीं, सिर्फ शादी करता है**

https://suratiundhiyu.wordpress.com/

बड़े अफासरने छोटे अफसर को डाटा, बोला आप निक्कमे है, एकदम गधे है
छोटा अफसर: ठीक है सर, आप बड़े है...

बीबी एक तो जीने नहीं देती, ऊपर से कड़वा चोथ रखती है, मरने भी नहीं देती...

कुछ साल पहले  हम सोचते थे की जिस रफ्तार से technology आगे बढ़ रही है 2020 आते आते  कारे उड़ेगी. पर यहां तो तोते उड़ गए...

एक बात और गौर करी आपने?
फिल्म शोलेमें पुरे गाँव मे एक ही अंधा शांतिदूत और उसका लडका अहमद था.
अहमदको गब्बरसिंह मार देता है, अंधा बाप उसकी लाश के पास खडा होकर रो रहा है की अचानक मस्जिद से अजान होती होती है और अहमद का अंधा बाप नमाज पढ़ने जाता है.
रामगढ़ मे जब ये दो ही मुसलमान है जिसमे से एक मर गया तो मस्जिद मे अजान कौन दे रहा था..?

ભારતના મચ્છરોએ દેશનું નામ રોશન કરી દીધું. મચ્છર નહિ હોત તો હાઈડ્રોક્સીનક્લોરીક્વીન બનતે નહિ અને દુનિયા અમારી પાસે મદદ માંગતે નહિ. મને આપણા દેશના મચ્છરો પર ગર્વ છે..

આટલા વરસો પછી ખબર પડી કે આપણે જેને "સૂતક" કહીએ છીએ એને અંગ્રેજીમાં "ક્વારનટાઇન" કહેવામાં આવે છે

કોરોના વાઇરસને લીધે ગામડે કુટુંબ કબીલો ભેળો થયો હતો. બધા જ લોકો ઘરડા બાપુજીની સેવા કરવા લાગ્યા ખુરસીમાં ગોઠવીને તડકે લઈ આવ્યા. ઘડીકવાર થઈ ને બાપુજી ડાબી કોર નમવા મંડ્યા. બેચાર જણ હડી કાઢીને ઓશીકાં લઈ આવ્યા અને ડાબી બાજુ બે ઓશીકાં મૂક્યાં. બાપુજીને સીધાં બેસાડ્યાં. થોડીક વાર થઈને બાપુજી મંડ્યા જમણી કોર નમવા. એટલે જમણી બાજુ ઓશીકાં મૂકીને એમને સીધાં કર્યાં.
થોડીક વાર થઈ ને દીકરીનો દીકરો અમેરિકાથી આવી પહોંચ્યો.
દોહિત્રો(બાપુજીને): મઝા આવે છે ને?
બાપુજી: રાંડનાવ પાદવા પણ નથી દેતા, જરા એક બાજુ પાદવા ઉંચો થાઉં કે ઓશિકા મુકીને સીધો કરી નાખે છે.
નોંધ: વધારે પડતી લાગણી પણ ક્યારેક મુશ્કેલી માં મુકી દે છે

બ્રેકીંગ ન્યુઝ: ચીનના રાષ્ટ્રપતિ શી જીન પીંગની બહેન અને માતાને બીજિંગની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. બંનેને સતત અટકડી(હિચકી) આવતી હોવાથી દાખલ કરવામાં આવ્યા. ડોક્ટરોએ હાથ અધ્ધર કરી

https://suratiundhiyu.wordpress.com/

દીધા અને કહ્યું અમે બધી ટ્રાય કરી હવે કશું કરી નહિ શકીએ. આખી દુનિયા તમારી મા-બેનને યાદ કરી રહી છે એટલે એ અટકાવવી અમારે માટે અશક્ય છે(સમજે એને સલામ)

આ લોકડાઉનમાં વર્ષો જુનું સપનું પૂરું થયું. હું પોતું કરતો હતો ને મારી પત્નીએ એમાં  પગલાં પાડ્યાં, એટલે તેને બરોબરની ધમકાવી જ નાખી. એમ કાંઈ દબાઈને હવે નો રેવાય!

હજામને ત્યાં હવે બે-ત્રણ મહિના કોરોનાના ડરને લઈને નહિ જવાય એટલે ઘરે જ ફીલીપ્સના કટરથી ટકલુ કરી નાખ્યું તો સાલી એક બીજી ઉપાધિ થઇ ગઈ, બહાર નીકળું છું તો લોકો મને હવે, “ પ્રણામ આચાર્યશ્રી” કહે છે

પત્ની(રોજ રોજ લોકડાઉનમાં): આજે શું ખાશો ?
પતિ(એક દિવસ કંટાળીને): એક કામ કર, આ સોફા , પલંગ , સોકેસ બધું એક બાજુ લઈ લે, ગલોટિયાં ખાઈશ...ગલોટિયાં..

આજે કબાટ ખોલ્યો તો બધા ફોર્મલ શર્ટ અને પેન્ટ એક બીજા સાથે વાત કરતા હતા કે " આપણો શેઠ RIP નથી થઇ ગયો ને?"
તો ટીશર્ટ બોલ્યા,"ના ના ક્યાંક ફરવા ગયા હશે".
આ વાત કાને પડી તો એક અન્ડરવેર બોલ્યો "અમને લીધા વગર ન જાય હો અમે તો અહી જ છીએ".
આ વાત સાંભળી નીચેના ખાનામાં પડેલા નાઇટ ડ્રેસ બોલ્યા "ભાઇઓ એવું કાઈ જ નથી અત્યારે અમારી 24 કલાકની ડ્યુટી છે". બધા એ નિરાંતનો શ્વાસ લીધો અને કબાટ બંધ થયો...

એક પતિ તેની પત્નીને હજી કાલે જ પૂછતો હતો, આપણી પાડોશણ મેળવણ લેવા ય નથી આવતી?
પત્નીએ કહ્યું ના, તમે બપોરે સૂતા હો ત્યારે એનો હસબન્ડ જ આવી ને લઇ જાય છે.
આમાં ને આમાં ભાઈ સાહેબ આજે આખી બપોર સૂતા નથી....

હજામ: માથામાં મસાજ કરી દઉં
બાપુ: કરી નાખ, પણ ક્યાં તેલથી કરશે?
હજામ: બસો પચાસ રૂપિયામાં બદામનાં તેલથી કરી દઉં
બાપુ: નવરત્નનો શું ભાવ?
હજામ: દોઢસો રૂપિયા
બાપુ: કોપરાના તેલના કેટલા પૈસા?
હજામ: સો રૂપિયા
બાપુ: આનાથી સસ્તું કોઈ નથી?
હજામ: મગન, પેલું ક્રુડ ઓઈલનું પીપડું બહાર કાઢ..

https://suratiundhiyu.wordpress.com/

હવે જો જલદી હેરકટિંગ સલુન શરુ નહિ થયા તો થોડા દિવસોમાં દ્રોણાચાર્ય, વ્યાસ, અગત્સ્ય, ભારદ્વાર્જ મુનિ જેવા લોકો બજારમાં ખરીદી કરતા જોવા મળશે અને જો બ્યુટી પાર્લરો શરુ નહિ થયા તો હેડંબા, સુર્પન્ખા, પૂતના જેવી સ્ત્રીઓ જોવા મળશે. છેલ્લે જો હેર ડાઈ અને કાળી મહેંદીની દુકાનો નહિ ખુલી તો વિક્રમ વેતાળ, શબરી અને મંથરા જેવી સ્ત્રીઓ પણ જોવા મળશે. ભગવાન જાણે આ લોકડાઉન કેવા કેવા દિવસો બતાવશે?

હાલમાં રામાયણ/મહાભારત/ચાણક્ય/કોરોનાની સીરીયલો જોઇને એટલો બધો ગુચવાડો થાય છે કે ગઈ કાલે રાતે સપનામાં સુગ્રીવે દુર્યોધનને ગદા મારી, ચાણક્યે સુપર્ણખાનું નાક કાપી નાખ્યું, ભીમે મેઘનાથને પટકી દીધો અને રાવણનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો...

**What is the fullform of APRIL ?**
**All People Resting In Lockdown**

પતિ: ટીચર, હું છોકરાનો બાપ છું અને આ મારી પત્ની છે
ટીચર: તમને તો હું ઓળખું છું પણ તમારા પત્નીને પહેલીવાર જોયા
પત્ની(શંકાથી): ટીચર, તમે મારા પતિને કેવી રીતે જાણો છો? એ તો પહેલીવાર જ સ્કુલમાં આવ્યા છે
ટીચર: મેં છોકરાઓના ઓનલાઈન ક્લાસમાં એમને ઝાડું-પોતા કરતા કેટલીયે વાર જોયા છે

આવનારી પેઢી માનવા તૈયાર નહીં થાય કે "એમના દાદા ધાબા પર *ભજીયા* ખાવાના ગુનામાં જેલ ગયા હતા"

પતિ નહાવા ગયો. પત્નીએ એનો ફોન ચેક કર્યો તો કોન્ટેક્ટમાં એક નામ “કોરોના” હતું. પત્નીએ એ નંબર ડાયલ કર્યો તો રસોડામાં પત્નીના પડેલા મોબાઈલની ઘંટી વાગી. પત્નીના લાખ વાર સમજાવા છતાં પતિ હજુ બાથરૂમમાંથી બહાર નથી આવતો. બાથરૂમમાંથી કહે છે કે હું, “સેલ્ફ કોરનટાઇન”માં છું....

જયારે છોકરી જોવા જાવ ત્યારે તેનો અવાજ તો રેડિયો કરતા પણ સુમધુર હોય છે. ખબર નથી પડતી લગ્ન પછી ગળામાં ક્યાં “બુફર” લાગી જાય છે...

**पहले लोग “Bell” बजा कर भाग जाते थे, अब** WhatsApp **पर** message **करके** Delete **कर देते हैं, हरकत वही सोच नई...**

જીગો: બાપુ લોકો લગ્ન કેમ કરે?
બાપુ: અનુભવ નહિ હોય એટલે
જીગો: તો પછી છૂટાછેડા શું કામ લે?
બાપુ: ધીરજ નહિ હોય એટલે..
જીગો: તો પછી પાછા શું કામ લગ્ન કરે?
બાપુ: યાદશક્તિ ખલાસ થઇ ગઈ હોય એટલે..

https://suratiundhiyu.wordpress.com/

એક અમેરિકન, એક જર્મન, એક ચાઇનીઝ અને એક ઇન્ડિયનને સાઉદીમાં લોકડાઉનનો ભંગ કરવા બદલ પકડવામાં આવ્યા. તેમને વીસ વીસ ચાબુકના ફટકા મારવાની સજા કરવામાં આવી. તે વખતે સાઉદીના કિંગે એમને કહ્યું કે આજે મારી પત્નીનો જન્મ દિવસ છે એટલે તેણે મને કહ્યું કે તમારી એક ઈચ્છા ચાબકા મારતા પહેલા પૂરી કરવામાં આવે. જર્મને કહ્યું કે મારી પાછળ એક ઓશીકું બાંધવામાં આવે.  પણ દસ ચાબકા માર્યા પછી ઓશીકું ફાટી ગયું અને બાકીના ચાબકામાં જર્મન લોહીલુહાણ થઇ ગયો. અમેરિકને બે ઓશિકા અને ચાઈનીઝે ત્રણ ઓશિકા બંધાવ્યા પણ એમના ઓશિકા ફાટી ગયા અને ખરાબ હાલત થઇ. હવે ઇન્ડિયનનો વારો આવ્યો. કિંગે કહ્યું કે મને ઇન્ડિયન પ્રત્યે માન છે માટે હું તારી બે ઈચ્છાઓ પૂરી કરીશ. તો બોલ તારી બે ઈચ્છાઓ શું છે? ઇન્ડિયને કહ્યું, મારી પહેલી ઈચ્છા મને બધાની જેમ વીસ ચાબકા મારી પીઠ પર મારો એવી છે. કિંગને નવાઈ લાગી એટલે પૂછ્યું તું સાચું કહે છે? પેલાએ હા પાડી. કિંગે પૂછ્યું તારી બીજી ઈચ્છા શું છે? પેલાએ કહ્યું કે આ ચાઈનીઝને મારી પીઠ પર બાંધીને ફટકા મારો..

રામ-રાવણનું યુદ્ધ પૂરું થયા બાદ રામ, લક્ષ્મણ અને જાનકી પાછા ફરતા હતા ત્યાં ડૂસકાના આવાજ સંભળાયા. રામે પાછું ફરીને જોયું તો કોઈ માણસ દેખાયું નહીં. બધે નજર કરી ત્યાં અવાજ આવ્યો "પ્રભુ આ તરફ, ઉકરડા તરફ જુઓ". રામે જોયું તો સંજીવનીને વાટયા પછી વધેલા કુચાને વાચા ફૂટી.
રામે કહ્યું "શું કામ રોવો છો?"
કુચા: "અમે આપના ભાઈની મૂર્છા ઉડાડી અને અમને જ ફેંકી દીધા, માણસ સ્વાર્થી હોય, પણ પ્રભુ તમેય?"
રામને ખૂબ લાગી આવ્યું અને સંજીવનીના કુચાને આશીર્વાદ આપતા કહ્યું "આવતા જન્મે તમારા નામમાંથી "કુ" નીકળી જશે અને "ચા" બની તમે આખા જગની મૂર્છા ઉડાડસો" અને એ રીતે, ચા એ પ્રભુ એ આપેલ વરદાન છે એમ માનીને “સૌએ ચા પીવી”.

કેટલો મોટો એક્શન પ્લાન ભગવાને પોતે બનાવવો પડે છે. બધા જ મંદિરો, ગુરુદ્વારા, મસ્જિદો, ચર્ચો એ બતાવવા માટે બંધ કરી દીધા કે હું બહાર નહિ પણ તમારી અંદર છું

પોલીસવાળાની આંખમાં પણ આંસુ આવી ગયા જ્યારે એક જણને પકડીને પૂછ્યું કેમ બહાર નીકળ્યો છે? એ માણસે કીધું પત્નીના ત્રાસ કરતા તમારા 2-3 દંડા ખાઈ લેવા સારા...

પત્ની(એક પાર્ટીમાં): જો પેલો ખુબ નાચે છે ને તેને મેં દસ વરસ પહેલા રીજેક્ટ કરેલો
પતિ: એટલે જ હજુ સુધી ખુશી મનાવે છે

**ભુરો: બાપુ, અખરોટ નથી તુટતા..!!**
**બાપુ: પાછલા ખીસ્સામાં નાખીને સર્કલ સુધી એક આંટો મારી આવ..!!**

**માસ્ક પહેરુ તો મોઢું વાનર જેવું લાગે,**
**વાળ વધ્યા છે તો શરીર ભાસે વાનર જેવુ,**
**એક ઓરડે થી બીજે, ઠેકડા લાગે વાનર જેવા**
**પત્ની સાથે વાત કરું તો દાંતિયા લાગે વાનર જેવા**

https://suratiundhiyu.wordpress.com/

છોકરાં કરે લાડ તો પીઠે બેઠેલા વાનર બચ્ચાં
'વત્સ' કહે, કોરોના તેંતો બનાવ્યો નર ને વા-નર

રામાયણમાં મેઘનાથે લક્ષ્મણ ઉપર બ્રહાસ્ત્ર બાણ છોડ્યું, એકદમ નજીક આવતા લક્ષ્મણે પ્રણામ કરતા પાછું જતું રહ્યું. એજ રીતે રસોડામાંથી આજે છુટ્ટું વેલણ આવ્યું, મેં પણ તેને પ્રણામ કર્યાં તો તે પાછું તો ગયું પણ કપાળમાં મોટું ઢીમચુ કરીને ગયું

એક ભાઈ જંગલમાં જતો હતો, ત્યાં અચાનક એક રીંછ સામે આવી ગયું. હવે, શુ કરવું એ વિચારી તે જમીન પર શ્વાસ બંધ કરીને સુઈ ગયો. રીંછ નજીક આવ્યું અને તેના કાનમા કહ્યું કે " કોરોના વાયરસના ચેપની બીક લાગે છે, તારી હોશિયારી તારી પાસે જ રહેવા દે બાકી તો સાલા તને આખો ને આખો કાચો કાચો ચાવી જાઉં એટલી બધી ભૂખ લાગી છે,

અમદાવાદી(ફોટો પડાવવા ગયો): તેણે પૂછ્યું કે ફોટો પડાવવો છે, શું ભાવ છે?
ફોટોગ્રાફર: મોટી સાઈઝના સો રૂપિયા અને નાની સાઈઝના પચાસ રૂપિયા
અમદાવાદી: પાસપોર્ટ સાઈઝનો પડાવવો છે પણ બુટ આવવા જોઈએ
ફોટોગ્રાફર: બુટ ચોક્કસ આવશે પણ માથે મુકવા પડશે

એક ડોક્ટર દર્દી પાછળ દોડી રહ્યો હતો. બધા એ પુછ્યુ કેમ એની પાછળ દોડો છો..?
ડોક્ટર: પાંચ જણાં આવું કરી ગયા સાલાઓ, આ છઠ્ઠો છે, મગજનું ઓપરેશન કરાવવા આવે છે અને માથાના વાળ કપાવીને ભાગી જાય છે

ઇતિહાસમાં પહેલીવાર જ...ભૂગોળની પરીક્ષા રદ્દ થઈ અને તે પણ સૂક્ષ્મ "જીવશાસ્ત્ર"ને લીધે. આની અસર "સમાજશાસ્ત્ર" ઉપર થઇ. એના કારણે બધાનું "અર્થ શાસ્ત્ર" વિખેરાઈ જવાને કારણે એમાંથી ઘણા બધાનુ "માનસ શાસ્ત્ર" બગડી ગયુ છે, હવે "નીતિ શાસ્ત્ર" જેવું કશું રહ્યું નથી. બધાનું આવક -જાવકનું "ગણિત શાસ્ત્ર" ડામાડોળ થઇ ગયું. "ભૌતિક શાસ્ત્ર" બંધ છે, જે સુધારવા માટે "રસાયણ શાસ્ત્ર"નો ચોરી છૂપીથી ઉપયોગ કરવામાં આવે અને "વનસ્પતિશાસ્ત્ર"નો ઉપયોગ કરી સ્વાસ્થ્ય જાળવવાના પ્રયત્નો  કરવા આવી રહ્યા છે...

માઈક અને વાઈફ વચ્ચે પહેલો ફરક એ છે કે તમે માઈકની સામે બોલી શકો છો. માઈકને બંધ કરવાનું એક બટન પણ હોય છે. માઈકને તમારા કદ પ્રમાણે ઊંચું નીચું કરી શકો છો. માઈક જો બરાબર નહિ હોય તો બીજાનું પણ લઇ શકાય...

કોરોના કોઈ પ્રેમમાં નિષ્ફળ ગયેલો પ્રેતાત્મા હશે. એટલે જ એણે બધા પ્રેમીઓને અલગ કરી દીધા અને પરણેલાઓને એક કરી દીધા

https://suratiundhiyu.wordpress.com/

સદીનો શ્રેષ્ઠ સવાલ: સરકાર જો આટલા બધા પગલા લે છે તો રાખે છે ક્યાં?
જવાબ: મિડલ ક્લાસની છાતી પર, બીજે ક્યાં રાખે?

ચીન પ્રત્યે લોકોને એટલી બધી એલર્જી થઇ ગઈ છે કે હિન્દીભાષી લોકોએ રસોડામાં ડબ્બા પર ચીનીની જગ્યાએ હવે ખાંડ લખવા માંડ્યું છે

સરકાર જો એક વરસ સુધી માસ્ક ફરજીયાત કરી નાખે તો બિચારી લીપ્સ્ટીક બનાવનારી કંપનીઓ બંધ થઇ જશે

માર્કેટમા લોકો સવારે 7 થી 11 તો એવા ફરે છે કે જાણે "કોરોના" 11:30 એ ઉઠતો હોય.

પતિ: તું મારી જોડે બો મગજમારી નહિ કરતી, કેટલા દિવસથી માવો નથી ખાધો એટલે મારું મગજ ફરેલું છે
પત્ની: તું બી મારી જોડે વધારે મગજમારી નહિ કરતો મારું તો તારા કરતા ડબલ મગજ ફરેલું છે કારણ કે મેં કેટલાય દિવસથી પાણીપૂરી નથી ખાધી

"સાત પેઢી બેસીને ખાશે" એવું પૂર્વજો કહેતાં હતાં એ "સાતમી પેઢી" આપણી જ લાગે છે..!

ત્રીજી મે એ મોદી બોલે "મિત્રો", તો સમજી જજો લોકડાઉન ખતમ અને બોલે "મેરે પ્યારે દેશવાસીઓ" તો સમજી જવાનું કે વેકેશન લંબાશે

લોકડાઉનથી એક શીખ મળી કે દરેક માણસ સામાન્ય જિંદગી તો પોતાના પગારમાં આરામથી પસાર કરી શકે છે પરંતુ દેખાડો કરવામાં જ વધારે ખર્ચો થાય છે

ડોક્ટર્સ પર હુમલો હવે બિનજામીનપાત્ર ગુનો ગણાશે.
આટલું વાંચતા જ ડૉક્ટરની પત્ની બરાડી:  આ કાયદો ફક્ત હોસ્પિટલ પૂરતો જ લાગુ પડે છે..! સમજ્યા?

મેડમ(કામવાળીને): ત્રણ દિવસથી કામ પર કેમ નહોતી આવી?
કામવાળી: તમે પણ શું  મેડમ, વોટ્સએપ પર સ્ટેટસ તો રાખ્યું હતું, "ગોઇંગ તો ગામડે ફોર થ્રી દિવસ".
સાહેબે રીપ્લાય પણ કરેલો, "મિસ યુ કાળી".

મારી પત્ની સાવ ભોળી છે, સવારે જાગુ એટલે મને બિમારીથી રક્ષણ માટે લીમડાના પાનનો જ્યુસ આપે. સવારે નાસ્તા પછી ડાયાબિટીસથી રક્ષણ માટે કારેલાનો જ્યુસ આપે. ત્યારબાદ નાહીને તૈયાર થયા પછી વાયરસથી રક્ષણ માટે હળદર અને લીંબુ નુ ગરમાગરમ પાણી આપે છે. હે પ્રભુ મને ધંધે લગાડો નહીંતો એકવીસ દિવસ પછી હુ લીલાપીળા પોપટ જેવો થઈ જંઉ તો નવાઈ નહિ

https://suratiundhiyu.wordpress.com/

**રાહુલ ગાંધીએ મોદીનો વિરોધ કરતા કહ્યું કે મોદી હંમેશા MAN KI BAAT કરે છે. એમણે કોઈ કોઈ વાર WOMENની વાત પણ કરવી જોઈએ**

**જિન્સના પેન્ટની ચેનમાં પણ અઠવાડિયામા એક વાર, ઓઇલ મૂકતા રેવું..**
**નહિ તો લોકડાઉન ખુલશે પણ ચેન નહિ ખુલે..નાઈટ ડ્રેસ જિંદાબાદ.......**

**પરિસ્થિતિ જોતા તો એવું લાગે છે 2020 નું વર્ષ તો બરમુડા ગંજીમાં જ નીકળી જશે**

**આખી દુનિયાને ગ્રુપમા એડ કરીને પોતે જ છોડી ગયેલા એડમીન એટલે ચીન**

**માસ્ક પહેરીને પત્ની સાથે શાક લેવા ગયો હતો. ઘરે પાર્કિંગમાં એકટીવા મુકતા પત્ની બોલી,"આ કયાં લઈને આવ્યા મને..? મેં કહ્યું આપણા ઘરે... પછી મને લાગ્યુ કે મહેસાણાનો અવાજ કાઠીયાવાડી કયારે થઈ ગયો. . પછી બન્નેએ માસ્ક ઉતારીને જોયુ તો આ તો બીજી નીકળી. પાછો શાકમાર્કેટમાં ગયો, એને ઉતારી પત્નીને બેસાડી. ત્યાં તો પાછળથી અવાજ આવ્યો, ઉભા રહો, તેનો પતિ કહે આને પણ સાથે તમારા ઘરે જ લઇ જાઓ. મારી પત્ની તમને હાથ અડાડીને બેસી હતી. હવે 14 દિવસ QUARANTINE પતી જશે પછી લઇ જઇશ. અરે ભાઈ લઇ જાઓ આ તમારી પત્ની છે, નહી ભગવાન રામે પણ સીતાજીની અગ્ની પરીક્ષા લીધી હતી આ તો એક કોરોના રોગ છે, "સાલો" એ આઝાદ થઈને મને પધરાવી ગયો.....**

**હવે તો એવું લાગવા માંડ્યું છે કે વિજય નેહરા આપણા CM છે શિવાનંદ ઝા આપણા ગૃહ મંત્રી,અને જ્યંતી રવિ મેડમ આપણા આરોગ્ય મંત્રી છે. હવે તો એવું લાગે છે ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન આવી ગયું..**

**હવે તો કાનને વાપરવા માટે જગ્યા જ નથી બચી.પહેલાં ચશ્મા, પછી ઈયરફોન અને હવે આ માસ્ક. બસ, હવે કંઈ એના પર મુકાય તેટલી જગ્યા નથી**

**રામરાજય પછી આખા ભારતવર્ષમાં એક પણ ઘરે તાળું ન હોય એવો આ પહેલો સમય હશે..**

**પાઠ્યપુસ્તકોની દુકાનો ખુલ્લી રહેશે, શાળા-કોલેજો બંધ રહેશે...સરકારની જાહેરાત**

ઘરે બેઠા ટીવી સીરીયલો જોઈને મગજ એવું થઈ ગયું છે કે ઘરમાં ઘરવાળી આંટા મારતી હોય તો પણ બોલાય જાય છે કે "મહારાણી કી જય હો"...

**આઇસ્ક્રીમ ખાવાના દિવસોમાં ઉકાળો પીવો પડે છે, ઝીણી આયખું વાળાવ તમારું નખ્ખોદ જાય..**

**લોકો રોજરોજ નવી નવી વાનગીઓનાં ફોટા મુક્યા કરે છે તે જોઈને યાદ કરાવી દઉં કે આપણે કોરોનાને ખતમ કરવાનું છે, કરિયાણાને નહિ !**

https://suratiundhiyu.wordpress.com/

**લોકઅપ અને લોકડાઉનમાં ફરક શું?**
**લોકઅપમાં અંદર જાઓ ત્યારે મારે છે.**
**લોકડાઉનમાં બહાર જાઓ ત્યારે મારે છે.**
**બંનેમાં સામ્ય શું?**
**મારે છે બંનેમાં એકજ જગ્યા પર !!!!**

**આપણે ચીનની લાઇટો, દોરી,રમકડા બંધ કરવા માંગતા હતા પરંતુ ચીને આપણા ફાફડા, જલેબી, સેવ-ખમણ, પાણીપુરી વગેરે બંધ કરાવી દીધા.**

**આજ તો એક મિત્ર એવો કંટાળી ગયો કે શાકભાજીની લારીવાળાને કીધું કે ભાઈ તું ઘડીક રેવી જો, ત્યાં સુધી હું તારી લારી લઇ ચક્કર મારતો આવું....!**

**પહેલા દરરોજ મારે ઘરે કોઈને કોઈ મહેમાન આવતા રહેતા હતા. પછી મારી માસીએ મને એમ.વે., ટપવેર, ઓરીફ્લેમનો ધંધો શરુ કરવા કહ્યું અને સાથે સાથે એલ.આઈ.સી.ની એજન્સી લેવા કહ્યું. આજે બે વરસ થઇ ગયા, બોલાવીએ છીએ તો પણ કોઈ મહેમાન ફરકતા નથી**

**સાંતા: જ્યારે મારો જન્મ થયો ત્યારે આખું આકાશ ઝૂમી ઉઠ્યું, દેવતાઓએ ખુશી મનાવી, ફૂલોનો વરસાદ વરસ્યો અને ભગવાન બોલ્યા, "મારી તો જાન છૂટી, હવે ધરતીવાળા જાણે ને સાંતા જાણે".**

**ગાડી લઈને ઘરેથી બહાર નીકળ્યો. ગુગલ મેપ ચાલુ કર્યું.**
**તરત અવાજ આવ્યો, "ફટકા ખાવા હોય તો સો મીટરથી જમણી તરફ વળો**
**ઊઠક બેઠક કરવી હોય તો ડાબી બાજુ વળો**
**પાછડ ખાવી હોય તો ખુશીથી સીધા જાવ અને આ ત્રણે ન જોઈએ તો...**
**યુ ટર્ન લઈને ચુપચાપ સીધા ઘરે જાવ..!!**

**પહેલીવાર બ્યુટીપાર્લરની મુલાકાત વગર ગામડે જવાનું થયું. તો દાદીમાંએ પૂછ્યું, "તારી વહુ ક્યાં?", તું આ કામવાળીને સાથે લાવ્યો એ સારું કર્યું**

**ભૂરો રોજ એના બોસના ઘરની આગળ સંડાસ કરીને ચાલ્યો જતો. એક દિવસ એના બોસે એને પકડ્યો**
**બોસ: ભૂરા આ બધું શું છે?**
**ભૂરો: તમને બતાવવા માંગુ છું કે તમારી નોકરી વગર ભૂખ્યો નથી રહેતો**

ભારતની વસ્તી 135 કરોડ છે. જો દરરોજ 1 લાખ ટેસ્ટ થાય તોય છેલ્લા વ્યક્તિ નો નમ્બર 37 વર્ષ પછી આવસે. એટલે આદુ અને તુલસીનો ઉકાળો પીધે રાખો અને બીજું બધું યમરાજ ઉપર છોડી દો...

ગામડાના માજી દવાખાને જઇને બેટા કપાતર, આ ડાઉનલોડ ક્યારે પૂરું થશે?

https://suratiundhiyu.wordpress.com/

કમ્પાઉન્ડર: માજી, એને ડાઉનલોડ નહીં લોકડાઉન કહેવાય અને હું કપાતર નથી કમ્પાઉન્ડર છું

**લોકડાઉનથી કંટાળી ગયા છો ??**
**ઓસ્મા બિન લાદેનને યાદ કરો,**
**5 વર્ષ રહ્યો એક જ ઘરમાં અને એ પણ ત્રણ-ત્રણ ઘરવાળી સાથે...**
**તમે તો ફક્ત એક સાથે જ રહેવામાં કંટાળી ગયા?**
**કહે છે કે લાદેને એ ત્રણના લોકડાઉનથી કંટાળીને આપઘાત કર્યો હતો**
**તમે શું વિચારો છો?....એ તો ચક્રમ હતો તમે નથી...**

**બકો: પપ્પા, તમે તો મેથ્સના ખાંટું છો, તો એક સવાલનો જવાબ આપો**
**પપ્પા: હા! બોલો બેટા! પૂછ તારે જે પૂછવું હોય એ! દુનિયાના કોઈ પણ પ્રશ્નનો જવાબ આ તારા જીનીયસ ડેડ પાસેથી મળી જ રહે.**
**બકો: તો બોલો પપ્પા, એક સફરજનના એકસરખા થ્રી પીસ કરીએ તો દરેક પીસ કેટલો થાય?**
**પપ્પા: 0.333 બેટા. આ તો સાવ સહેલું.**
**બકો: ઊભા તો રહો! 0.333 ને 3 વડે મલ્ટીપ્લાય કરીએ તો શું આવે?**
**પપ્પા: 0.999 , આ પણ સહેલું સટ્ટાક.**
**પપ્પા: ટફ તો હવે આવશે, ડેડ, બોલો સફરજનનો બાકીનો 0.001 ભાગ કયાં ગયો?**
**પપ્પા(માથું ખંજવાળતા): આ વિચારવું પડશે સાલું!**
**રસોડામાંથી મમ્મી: બેટા, એમણે કદી ઘરનું કામ કર્યું હોય તો ખબર પડે ને! તારા નવરા બાપને સમજાવ કે એટલું ચપ્પુ પર ચોંટ્યું હોય!!**

અમુક વિસ્તારોનું લોકડાઉન લુંગી જેવું છે,
ઉપરથી ગાંઠ મારી છે પણ નીચેથી બધું ખુલ્લું !!

**2020 નો નવો ઉખાણો:**
**એવી કઇ વસ્તુ છે જે લોકો ધોયા વગર ખાય છે,**
**ખાઈને પછતાય છે, અને બીજાને કહેતા પણ શરમાય છે..**
**જવાબ: "પોલીસના ધોકા"**

**पॉलिटिकल बातोंसे ऊबकर गर्लफ्रेंडने झल्लाते हुये कहा,**
**दूल्हा बनकर तो तू ही आयेगा ना?**
**कि वहां भी कहेगा "आयेगा तो मोदी ही"**

અમે આજથી ફક્ત ગુજરાતીમાં વાતચીત કરવાનું નક્કી કર્યું અને કમનસીબી તો જુઓ ,
પાણીનો નળ ટપકવાનો શરુ થયો. વાંદરીપાના ની જરુર હતી.

https://suratiundhiyu.wordpress.com/

પત્ની પાસે માગ્યું: વાંદરી પાનું આપજે...
પછી જે થયું તે કહેવાની જરુર નથી. તમારે જાણવું હોયતો માગી જોજો...

**હવે આંખોથી મુશ્કરાવાનું શીખવું પડશે કારણ કે હોઠોની જગ્યા તો માસ્કે લઇ લીધી છે**

**છોકરીવાળા(અમદાવાદ): શું ધંધો કરો છો..?**
**છોકરો: ગ્રીન ઝોનમાં પાનનો ગલ્લો છે**
**છોકરીવાળા: તો પછી જમાઈ માવો ખવડાવો અને લગ્નની તારીખ નક્કી કરો**

**ગ્રીન ઝોનવાળા દારુ પીવો, ઓરેન્જ ઝોનવાળા ગુટકા ખાવ અને રેડ ઝોનવાળા તમે રામાયણ/મહાભારત જુવો, ગયે જન્મના પાપનું ફળ ભોગવો**

**પતિ સ્ટોરરૂમમાં ખાંખાખોળા કરતો હતો.**
**પત્ની: શું શોધો છો..?**
**પતિ: તારી પ્રેગનન્સી વખતે ખોળો ભર્યો હતો તે પોટલું શોધું છું....!**
**પત્ની: અત્યારે તમારે મારા "ખોળાભરત"વાળા પોટલાની શું જરૂર પડી....?**
**પતિ: એમાંથી તારા ખોળામાં ચોખા સાથે મુકેલી "સોપારી" માવો બનાવવા કાઢવી છે...!!!**

**થોડા દિવસો પહેલા રાતે પત્નીએ પાનસિંહ તોમર ફિલ્મ જોઈ, સવારે ઈરફાન પ્રભુને પ્યારો થઇ ગયો. પછી એક દિવસ પત્નીએ "પ્રેમરોગ" જોઈ તો બીજે દિવસે સવારે ઋષિ કર્પૂર પ્રભુને પ્યારો થઇ ગયો. આજે રાતે કહેતી હતી કે મારે લગ્નની સી.ડી. જોવી છે, હું કઈ મુરખો છું તે કાઢી આપું. મોડી રાતે મેં "લગ્નની સી.ડી." જોઈ પણ સાલું સવારે જોયું તો પથારીમાં બેઠી થઈને કોરોનાની જેમ મારી સામે જોતી હૈ...!!!**

**બ્રેકિંગ ન્યુઝ..!**
**પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે કોરોનાના ઇંજેક્શન ગોતી લીધા છે,**
**બસ ખાલી અંદરની દવા શોધવાની બાકી છે..!**

**આ બે વાત મગજમાં ફિટ કરી દો**
**કોરોનાથી લડવાનું છે, ગભરાવાનું નથી....**
**પત્નીથી ગભરાવાનું છે, લડવાનું તો નથી...**
**આ બન્ને વસ્તુમા ગડબડના કરતા,**
**કારણકે હજી આ બન્નેની રસી શોધાઇ નથી..**

**આર્થિક હાલત ખુબ જ ખરાબ થઇ ગઈ હોવાથી લગભગ બધા જ રાજ્યોએ દારૂની દુકાનો ખોલવાની અનુમતિ આપી દીધી છે. આપણે જેને "બેવડો" સમજતા એ તો દેશની અર્થ વ્યવસ્થાનો પાંચમો સ્તંભ નીકળ્યો.**

https://suratilundriyu.wordpress.com/

**રઘલો: બાપુ કેમ આવો રડમસ ચહેરો લઈને બેઠા છો?**
**બાપુ: આ લોકડાઉનને લઈને આજે પુરા ચાલીસ દિવસ થઇ ગયા, પીનલબા જોડે ફોન પર વાત નથી કરી..**
**રઘલો: તો એમાં હું થઇ ગયું? લોકડાઉનમાં તો હારે ને હારે તો રહો છો**
**બાપુ: એજ તકલીફ છે. પહેલા તો સવલીને ત્યાંથી ફોન પર પીનલબા જોડે વાત કરતો એટલે પીનલબા એમ સમજતા કે કામ પરથી પણ મને યાદ કરે છે, એટલે પીનલબા ખુશ અને સવલી પણ ખુશ**

મારા બેંકના ખાતામાં 1500 રૂપિયા જમા થવાનો મેસેજ આવ્યો. પત્નીને મેસેજ બતાવીને કહ્યું ખબર નથી પડતી આ 1500 રૂપિયા શાના છે? કોઈ સરકારી સહાય તો નથી ને?
પત્ની: મેં જ તમારા એપ્રિલ મહિનાના ઘરકામના પૈસા જમા કરાવ્યા છે
પતિ: ફટક દોઢ હજાર? કામવાળીને તો તું ત્રણ હજાર આપે છે
પત્ની: કામવાળીને ખાવા પીવાનું નથી આપતી, ફક્ત પગાર જ આપું છું, સમજ્યા...!! તમને જે બે ટાઈમ ખાવાનું, ચા-નાસ્તો આપું છું તેના પૈસા કાપી લીધા છે. કામવાળા કોઈ દિવસ નહિ સુધરે, આંગળી આપો તો પહોંચી પકડે તે આનું નામ...

ભારત જેવા દેશમાં લોકડાઉનનું  પાલન કરાવવું એટલે દેડકાઓને ત્રાજવામાં બેસાડવા જેવું અઘરૂ કામ છે માંડ એકને બેસાડો ત્યા બીજો કુદી જાય

વાતાવરણ એટલું ચોખ્ખું થઈ ગયું છે કે હવે સીધી દિવાળી જ દેખાય છે

પડોસન: ચંપા, તું તો નશીબદાર છે કે તને કેટલો સારો કામવાળો મળી ગયો. કપડા-વાસણ અને કચરો પોતું કેટલું સારું કરે છે
ચંપા: કામવાળો નથી એ તો મારો ચંપક જ કરે છે. આટલો હોશિયાર હશે ખબર જ નહિ, નહિ તો આજ સુધી કામવાળો શું કરવા રાખતે. હવે તો હું કામવાળો નથી રાખવાની

**पियेगा इण्डिया तभी जियेगा इण्डिया**
**जाम है तभी जहान है**
**छलका ए जाम, कमाई के नाम**
**सिर्फ शराब से ही जी.डी.पी. को आसरा**
**शराब पर मारामारी, तो कैसे रुकेगी महामारी**

**અમદાવાદી તો દેશી કેરીઓનો ધોળીને રસ કાઢતા, પાછું છાલ ને ગોટલા ય ધોઈને ધોળા બાસ્તા જેવા કરી નાખે અને એ પાણીનો પાછો "ફજેતો" બનાવે. વળી  ધોયેલા છોતરા તડકે સૂકવે અને સુકાઈ ગયેલા છોતરા ખાંડીને પાવડર બનાવે ને એમાં ચણાનો લોટ મિક્સ કરીને ન્હાવાનું ઉબટન બનાવે. વળી ધોયેલા ગોટલા ય**

https://suratiundhiyu.wordpress.com/

**ચીરીને અંદરથી ગોટલી કાઢે અને એ ગોટલી મીઠા વાળા પાણીમાં બાફીને છાયડે મુકીને કોરી કરે , પછી એ કોરી કરેલી ગોટલીઓ ને પછી ઘી માં સાંતળીને કાચની બરણીમાં ભરે ને આખું વરસ જમ્યા પછી એ ગોટલીનો મુખવાસ ખાય. છેલ્લે ય પાછું ગોટલી કાઢી લીધા પછી વધેલા છોડિયા ય તડકે સુકવી નાખે અને એ સુકા છોડીયા ય લાકડા સાથે બમ્બામાં સળગાવે ને ન્હાવાનું પાણી ગરમ કરે, હજુ ય કસ કાઢવાનો પાછો....છોડિયા અને લાકડાની રખિયા ( રાખ ) કાઢીને ચાળીને ડબ્બામાં ભરી રાખવાની ને એનાથી વાસણ ઉટકવાના, ઝીરો વેસ્ટેજ ...**

નોટબંધી વખતે જેટલા પતિ એ પોતાની ઘરવાળી ની બચત જપ્ત કરી લીધી તી...
એ બધા પતિ અત્યારે ઘરકામ કરીને હિસાબ ચૂકવી રહ્યા છે..
ઉપરવાળાને ત્યાં દેર છે પણ અંધેર નથી...

એક બાજુ "કેસ" વધે છે,
બીજી બાજુ "કેશ" ઘટે છે
અને હા ત્રીજી બાજુ "કેશ" વધે છે

જેલરના ઠેકાણા નથી છતાં માણસ જાતે કેદ છે

માણસે ચંદ્ર પર જવાની હિંમત કરી છે પણ આજે નીચે ચોકમાં જતા ડરે છે

પત્ની: આટલા દિવસ માવા વગર ચાલ્યું તો વચન આપો કે  લૉકડાઉન પછી નહિ ખાઓ.
પતિ: વચન આપ્યું... તારે પણ પાણીપુરી વગર ચાલ્યું હવે તારે પણ નહિ ખાવાની...
પત્ની: દાદરા નીચે ખાનામાં એક માવો પડ્યો છે. ખાઈ લ્યો, તમારા જેવું કોણ થાય?

નીચેના ફ્લેટવાળી ફરિયાદ કરવા આવી કે ભાઈ સાહેબ, ભાભીને કહો કે કપડા ધોય તો ધોકા ધીમા મારે, નીચે ખુબ અવાજ થાય છે. હવે એને કોણ સમજાવે કે છેલ્લા કેટલાય દિવસોથી ગંગાધર જ શક્તિમાન છે...

કોરોના વાયરસ અને પત્ની જ્યારે તમારો ફોન ચેક કરતી હોય ત્યારના તમારા...
- બંને symptoms સરખા હોય છે....
-શ્વાસ લેવામાં તકલીફ પડે
- ખૂબ પરસેવો વળે
- શરીરમાં નબળાઈ અનુભવાય
- માથામાં દુખાવો શરૂ થાય
- અને આખરે જ્યારે ફોન બુક માંથી શોધીને પત્ની પૂછે, " આ ટીના કોણ છે?"
- તમને  સૂકી ઉધરસ આવવાની શરૂ થઈ જાય..

https://suratiundhiyu.wordpress.com/

પેટ તો મારું ઘરે બેસી બેસીને પણ વધી રહ્યું છે એનો મતલબ બહારના સમોસા, કચોરી, પિત્ઝા અને જલેબી બલેબી બિચારા નિર્દોષ હતા, વગર લેવે દેવે બદનામ થઇ ગયા...

ભારતમાં ૭૬% પુરુષો અને ૨૪% સ્ત્રીઓ કોરોનાનો ભોગ બની છે. મતલબ કે ૭૬% સ્ત્રીઓએ કડવાચોથ એમના પતીને ઉલ્લુ બનાવવા કરી હતી

રહી જો ડાળીઓ તો પાંદડા પણ આવશે. આ દિવસો  ખરાબ છે તો સારા પણ આવશે, માટે જ  નિશબ્દ પ્રેમ
વેન્ટિલેટર કરતાં માસ્ક પહેરવું સારું. આઈ.સી.યુ.માં રહેવા કરતા ઘરમાં રહેવું સારું.  જિંદગીથી હાથ ધોવા કરતા સાબુથી હાથ ધોવા સારા.  તમને મળવું જરૂરી નથી, તમારું હોવું અત્યંત મહત્વપુર્ણ છે.

**45 दिन शराब न पीकर  जनताने बता दिया कि वो बिना शराब के जिंदा रह सकते हैं.**
**लेकिन ठेके खोल कर सरकार ने बता दिया कि शराब के बिना सरकार मर जाएगी...**

**देश पहले ही तबलीगी जमात से परेशान था😡***
***अब देश "तलब लगी" जमात से परेशान रहेगा**

**आज कल पत्नी मुझे “आर्य श्रेष्ठ” कहकर बुलाती है, फिर कहती है,**
**“राजन, रात्री भोजनमे प्रयुक्त पात्र स्वच्छ करनेका समय हो गया है”**

**कोई भी सरकार के भरोसे ना रहे सरकार खुद शराबियो के भरोसे है**

પ્રધાન: અડસઠ હજાર કરોડ રૂપિયા ખાઈ જનારાઓમાંથી કોઈને પણ છોડવામાં નહિ આવે
બાપુ: પહેલા પકડો તો ખરા, પછી છોડવાની વાતું કરજો

ગુજરાતમાં “ડોલર” સામે “ચારભાઈ” બીડી મજબુત, ડોલર=70, ચારભાઈ બીડી=80 રૂપિયા

સળિયા નથી છતાં આખુ વિશ્વ જેલમાં છે, નહિ ખુલ્લી કે નહિ બંધ જેલ...

લોક ડાઉન લાંબુ ચાલશે તો બે જ ઝોન રહેશે..
એક અમીર ઝોન અને એક ગરીબ ઝોન..
મધ્યમ વર્ગનું પુરૂ થઈ જશે...

ડક્વર્થ લુઈસ નિયમ પ્રમાણે જેમણે લોક ડાઉન પાળ્યો છે એ લોકો આ વર્ષે શ્રાવણ નહીં પાળે તો પણ ચાલસે

https://suratiundhiyu.wordpress.com/

ખબરદાર જો આજ પછી કોઈએ દારુ પીનારને દારૂડિયો કે બેવડો કહ્યો છે તો, હકીકતમાં તો એ બધા “ઈકોનોમી વોરીયર્સ” છે

અમદાવાદનું ઉષ્ણતામાન  આજકાલ લગભગ 45 ડીગ્રી સે. જેટલું રહે છે. બધા દંડો લઈને પેલા માણસને શોધે છે જે કહેતો હતો કે આડત્રીસ ડીગ્રી સે. ઉપર તાપમાન જશે એટલે કોરોના ખતમ થઇ જશે

લોકડાઉનને લઈને કઈ કામ નહિ હોવાથી થયું ચાલ ને બધા દોસ્તોના જન્મ દિવસ અને વેડિંગ એનીવરસર્રી પૂછીને નોધી લઉં. પહેલા દોસ્તને ફોન કર્યો અને પૂછ્યું તારી વેડિંગ એનીવરસર્રી ક્યારે છે?
મિત્ર: એક બે મિનીટ ઉભો રહે, વાસણ માંજું છું અને આ લોટો સાફ કરીને તને કહું. લોટો સાસરેથી કરિયાવરમાં મળ્યો છે અને મારો સસરો તો જાણે સોનાના વાસણો આપ્યા હોય એમ દરેકે દરેકે વાસણ પર નામ, લગ્ન તારીખ વગેરે લખાવીને આપ્યા છે

**केसी विपदा आई है**

**ना नाई**

**ना बाई**

**ना शहनाई**

**Only 20 people allowed to gather for a funeral because the spirit has already left the body.**
**1000's allowed to gather near an alcohol shop because all the bottles have spirit in them.**

ટ્રકની પાછળ જે લખે છે તે હવે માણસોની પાછળ લખવાની નોબત આવી ગઈ છે, “KEEP DISTANCE”

સેનેટાઈઝર અને સાબુથી જો હાથ ધોઈએ તો પૈસાની રેખા ભુસાઈ જતી લાગે છે અને નહિ ધોઈએ તો આયુષ્યની રેખા ભુસાતી લાગે છે

ઉંઘ પણ એટલી લઈ લીધી કે સપનાં પણ રિપીટ થવા લાગ્યા. ત્યા સુધી તો બરાબર હતું પણ હવે તો વચ્ચે જાહેરાત પણ આવવા માંડી

એક જગ્યાએ વાંચ્યું કે પ્રદૂષણ એટલું બધું ઓછું થઇ ગયું કે રીઝર્વ બેંકનું તળિયું ચોકખું દેખાવા માંડ્યું

બધાએ સાથે મળીને કાંઈક અલગ પાપ કર્યું છે, તેથી જ ગંગાજળ ના બદલે મદિરાથી હાથ ધોવા પડે છે

https://suratiundhiyu.wordpress.com/

ઈ.સ. 2070 માં  હેં દાદા આપણા વડવાઓ જેલમાં કેમ ગયેલા?
બેટા, કોરોના લોકડાઉનમાં સત્યનારાયણની કથામાં રેડ પડેલી એટલે..

સવારે બ્રેકફાસ્ટમાં ચા-નાસ્તા સાથે પતિને થોડી દવાની ગોળીઓ આપીને
પત્નીઃ લો, ચા પી ને તરત આ "પેરાસીટામોલ" ગળી લ્યો
પતિઃ કેમ? મને કાંઈ તાવ નથી આવ્યો?
પત્નીઃ તો પછી "ડાયજીન" લઈ લો
પતિઃ અરે યાર, મને ગેસ ટ્રબલ પણ નથી
પત્નીઃ તો પછી "પુદિનહરા" તો લઇ જ લો એનાથી તમને સારું લાગશે
પતિઃ ઓ ડિયર, મારુ પેટ પણ ok જ છે
પત્નીઃ તો છેવટે આ કોમ્બીફ્લેમ તો લેવી જ પડશે. જો જો ને, એનાથી તમારા હાથ-પગ નો દુખાવો સાવ ગાયબ જ થઈ જશે
પતિઃ ગાંડી, અચાનક કેમ મારી આટલી બધી કાળજી! થેંક્સ ડાર્લિંગ. પણ હું એકદમ ફિટ- ફ્રેશ અને એનર્જેટીક જ છું
પત્નીઃ વાહ બહું સરસ, તો હવે લો આ ઝાડું ને બધી રૂમના જાળાં પાડી નાખો ને પછી ફટાફટ માળીયામાં ચડી જાવ

એક વાત સાબિત થઇ ગઈ કે પબ્લિક દોઢ મહિનાથી વધારે દીવસો સુધી દારુ વગર જીવી શકે છે, પણ પ્રજા જો દારુ નહિ ખરીદે તો સરકાર ટકી નહિ શકે

**पंकज उदास की दोनो भविष्यवाणिया सच हुई....**
**"हुई महंगी बहुत ही शराब के थोड़ी थोड़ी पिया करो"**
**और "निकलो न बेनक़ाब ज़माना ख़राब है"**

આ ગઇકાલની જ વાત છે
એક પ્રેમાળ પતિ એ ફેસબુક પર પોસ્ટ મુકી,
"હેપ્પી મધર્સ ડે" ટુ અ લવલી મધર ઓફ માય ક્યુટ ચાઇલ્ડ..
બહેનપણીઓ પણ ગજબની તોફાની નીકળી..
બધી એ Thank You લખ્યું...
ભાઈને ગઇકાલ થી જ 14 દિવસ માટે  ઘરે સેલ્ફ ક્વોરનટાઈન કરવામાં આવેલ છે..

WHO ના રીપોર્ટમાં થયો મોટો ખુલાસો. ભારતમાં માસ્ક પહેરીને ફરતા લોકોમાં 74.88 % લોકો તો ફક્ત ઉઘરાણીઓવાળાથી બચવા માટે જ માસ્ક પહેરે છે, એક કાંકરે બે પક્ષી મારે છે

https://suratiundhiyu.wordpress.com/

રામના નામે પથરા તરે આ વાક્યની સાબિતી જોઇતી હોય તો આપણી સામેજ છે. જે દૂરદર્શન પોપ્યુલારિટીના મામલે નીચે સરકી રહ્યુહતું તે રામના નામે ઈન્ડિયા જ નહિ વર્લ્ડમાં ટોપ પર પહોંચ્યું

સાલું એક વાતનું તો ગૌરવ થાય હો, બીજા કોઈ પણ રાજયને એક પણ શ્રમિક ટ્રેન ગુજરાત જવા માટે દૌડાવી પડી નથી

નવ ગ્રહ,અને બાર રાશિ અને બાકી બચેલા ખરાબ યોગ,
આ બધા કોઈને અત્યારે નડતા નથી.
આ બધા હાથ જોડીને આપણને કહે છે કે ઘરમાં રહો
તમે ઉકલી ગયા તો અમે નડસુ કોને...??

બંધ દુકાનનાં શટર ઉપર બોર્ડ માર્યું હતું...
"ઓનલાઈન ઓર્ડર આપવા નીચેના નંબર પર ફોન કરો"...
ફોન કર્યો તો કે "શટર ખોલીને અંદર આવી જાવ"..

આજે સવારની પહોરમા કામવાળીનો ફોન આવ્યો  અને કહે બધા ઓનલાઈન કામ કરે હું પણ ઓનલાઈન કરીશ..
શેઠાણી: કેવી રીતે?
કામવાળી:  બસ, હું જેમ જેમ કહું તેમ તેમ તમે અને શેઠ ઝાડુંપોતા કચરા વાસણ કરતા જજો...

દારૂનું ઓપનિંગ આટલુ જોરદાર રહ્યું તો વિચારો પાણીપુરીનું ઓપનિંગ કેટલું જોરદાર હોઈ શકે? - ભડકેલું મહિલા મંડળ

રઘલો: સરકારી હોસ્પિટલ અને ખાનગી હોસ્પીટલમાં શું ફરક હોય છે?
બાપુ: સરકારી હોસ્પીટલમાં માણસનો જીવ જાય છે, જયારે ખાનગી હોસ્પીટલમાં માણસના જીવ સાથે સાથે જમીન અને જાયદાદ પણ જતી રહે છે...

**कुछ राज्यों में शराब की दुकानें इसलिए भी खुलवायी जा रहीं हैं, क्योंकि आरबीआई गवर्नरने कहा है दो से तीन क्वार्टर में अर्थव्यवस्था पटरी पर आ जायेगी**

**शराबकी लाइन तो बस झांकी है, ब्यूटी पार्लरकी आंधी अभी बाकी है**

છોકરાના રિઝલ્ટની રાહ જોતા હતા ને શિક્ષણમંત્રીનું રિઝલ્ટ આવ્યું

https://suratiundhiyu.wordpress.com/

આજે રાત્રે સાહેબ શું કહેશે??? ચક્કી પીસીગ પીસીગ કે પછી, જા સિમરન જી લે અપની જીંદગી...

રૂપિયાને વધુ ગબડતો અટકાવવા સરકારના નક્કર પગલા. ગોળના બદલે ચોરસ બનાવાશે રુપિયો

આજે મેં સુરતમાં એક કાર પર સ્ટીકર જોયું. "ભૂતપૂર્વ કોરાનાનો દર્દી". મને નવાઈ લાગી એટલે જાણવા માટે સિગ્નલ પર એ કારવાળાને મેં પૂછ્યું, "આ સ્ટીકર શું કરવા માર્યું છે?".

કારવાળો: ભાઈ સાહેબ, સ્ટીકર જોઇને પોલીસ ગાડીવાળાનો બ્રીધીંગ ટેસ્ટ નથી કરતી...

આમ જોવા જઈએ તો કોરોના પત્ની જેવો છે. શરૂઆતમાં તમે એને કંટ્રોલ કરવા ટ્રાય કરો છો. પછી તમને લાગે છે કે એ કંટ્રોલ થાય એમ નથી એટલે તમે એની જોડે જીવવાનું શીખી લો છો

કોરોના એક માત્ર એવો રોગ છે, જેમાં..
ડોક્ટરને, દર્દીને, સરકારને,
ચીનને, અમેરિકાને, ઈટાલીને
મને, તમને, પેથાભાઈને...એક સરખું જ્ઞાન છે

મને એક ભાઇ કહે લોકડાઉન ખુલે પછી આપણે ધંધો શુ કરશુ??
મે કહ્યું ઘોડીયા બનાવીશુ, ઘમઘોકાર ચાલશે

આત્મનિર્ભર ભારતનું હિન્દી = **अपना अपना देखा लो**

મોદીના ચોથા ભાષણનો સાર: મિત્રો અમારી પાસે કોઈ પણ જાતની અપેક્ષાઓ રાખવી નહીં, આત્મનિર્ભર બનો

કાલ રાતે ઘર આગળ બાળકોએ રમવા માટે કુંડાળા કર્યા હતા. સવારે ઉઠીને જ્યારે દરવાજો ખોલ્યો તો લોકો થેલી લઈને કુંડાળામાં ઉભા હતા...
ને પુછતા હતા કે અહી શું મળે છે..??

**रामायण इफेक्ट:**

**पत्नी(डिनर के बाद): हे आर्यपुत्र, सत्य बताइएगा आज भोजन कैसा बना है?**

https://suratiundhiyu.wordpress.com/

**पति(विनम्रतापूर्वक): हे देवी! सत्य तुम सुन नहीं सकती, मिथ्या मैं बोल नहीं सकता, अभी लॉकडाउन है कई दिन शेष है, मैं इतने दिन युद्ध नहीं कर सकता और ना ही निराहार रह सकता हूँ, क्षमा देवी..!!**

લોક ડાઉન પેલા અમે "શનિ રવિ"ની રાહ જોતા હતા
હવે "જયંતિ રવિ"ની રાહ જોઈએ છીએ.
કેટલા વધ્યા ને કેટલા ઘટયા

લોકડાઉન-4 નવા રૂપરંગવાળું હશે
એટલે તમારા લોકડાઉન-1, 2, કે 3 ના જુના નાઈટ ડ્રેસના લેંઘા અને ટીશર્ટ નહીં ચાલે
મને આટલું સમજાયું....

દારૂડિયો પણ ગજબ નો છે, એક બોટલ ઉધારની પીવે તો સરકાર બદલી નાખે, ને ખરીદીને પીવે તો અર્થવ્યવસ્થા..!!!

વિદેશમાં રસી શોધાય જાય તો આપણે લેવાની કે પછી આપણા દેશમાં શોધાય તેની રાહ જોવાની? આ તો વિચાર આવ્યો કે આત્મનિર્ભરતા ક્યાં સુધી..?

એક ભાઈ ખુશીના મારે જોર જોરથી નાચતા જાય અને હસતા જાય તો મેં પૂછ્યું: આટલો આનંદ અને ખુશીનું કારણ શું છે?
ભાઈ: હું હવે ગ્રીનઝોનમાં છું, ઘરવાળી પિયર ગઈ છે અને ત્યાં રેડઝોન છે..

આર્થિક આત્મનિર્ભર ભારત અભિયાન. હાળુ, મોદીજી એ આર્થિક પેકેજનું નામ જ એવું અટપટું રાખ્યું કે સોનિયા ગાંધીને વ્યવસ્થિત બોલતા મહિનો દિવસ લાગશે

બ્રેકિંગ ન્યુઝ: 'સેલ્ફી' ના નામમાં ફેરફાર.!
હવેથી 'આત્મનિર્ભર ફોટો' તરીકે ઓળખાશે સેલ્ફી.!

**ग़रीबोंको सब्सिडी मिली, अमीरोंको मिली रिबेट**

https://suratiundhiyu.wordpress.com/

**मिडिल क्लास तुम टीवी देखो, तुमको मिली डिबेट**

કાલે મોદીજીનું ભાષણ સાંભળતા સાંભળતા પત્નિ પાસે પાણી માગ્યું.
તેણે તરત જ કહ્યું આત્મ નિર્ભર બનો.
સાલો આત્મનિર્ભરતાનો હું પહેલો શિકાર બન્યો.

18 Mayથી બધી દુકાનો ખુલશે, **Odd/Even** રુલ હશે. એક દિવસ દુકાનદાર આવશે અને એક દિવસ ગ્રાહક

બાપુ: છોકરીઓ મેગી બનાવે તો ય સ્ટોરીમાં મુકે કે "મેઈડ બાય મી", અને આપણે તો આખા ગામનું કરી નાખ્યું હોય તો પણ શાંતિથી બેઠા હોય...

**જૂની કહેવત: સાપ ગયા ને લીસોટા રહ્યા**
**નવી કહેવત: કોરોના જશે ને કુંડાળા રહેશે**
**દુકાન આગળના અને અમુકને પાછળ પોલીસના દંડાના**

**હવેથી કોઇ પાર્ટીએ બીજી પાર્ટીના MLA ખરીદવા નહિ, આત્મનિર્ભર બનો...**

**કોરોનાનું પાકું પ્રોમિસ. ચિંતા ન કરો...લઈ જાઉં છું એના કરતાં વધારે પારણા બંધાવતો જઈશ**

**કાલે સ્વદેશી ની હાકલ પછી ભગલો પાંચ કોથળા અખાધ ગોળ ફાર્મ હાઉસ લઈ આવ્યો છે..**
**આત્મનિર્ભર થવા..**

**બે બેનો ફોનમાં વાત કરતી હતી. આજે 8 વાગે મોદીજી લોકડાઉન લંબાવે તો સારું, નહીં તો વેકેશનમાં મારી નણંદ અને એના છોકરા પંદર દીવસ ધામા નાખશે, એના કરતા કોરોના ખમી લેવો સારો...**

**આટલી મોટી મહામારીમાં જો એકાદ બે ભ્રષ્ટ નેતાઓ નહિ મરે તો મારો તો કોરોના પરથી પણ વિશ્વાસ ઉઠી જશે**

**અમદાવાદ એક એવું શહેર છે કે જયા ભીડભાડ,ગીચવાળી જગ્યાનું નામ અમદાવાદીઓએ રીલીફ રોડ રાખ્યું છે**

https://suratiundhiyu.wordpress.com/

એક સંતને યમદુતો લઇ જતા હતા. ત્યાં રસ્તે એણે જોયું તો એક જગ્યાએ લોકો દારુ પીને મસ્તી કરતા હતા, અપ્સરાઓ નાચતી હતી. થોડે દૂર ગયા તો ત્યાં ઋષિ-મુનીઓ હવન-જાપ કરતા હતા. એને ત્યાં ઉતારવામાં આવ્યા. તો એણે કહ્યું વચ્ચે જે નાચગાન કરતા હતા તે શું હતું?
યમદૂત: એ નરક હતું
સંત: તો મને ત્યાં નરકમાં જ લઇ જાવ. સ્વર્ગનું સુખ મેળવવા હવન-બવન તો પૃથ્વી પર ખુબ કર્યા, અહિયાં એજ કરીને શું ફાયદો. યમદૂત એને નરકમાં મૂકી આવ્યા. પેલા સંત તો બધું જોતા જોતા આગળ આગળ ચાલતા હતા. ત્યાં જ એક દરવાજા પાસે પહોંચ્યા અને ખોલીને અંદર ગયા તો રાક્ષસો એને ઊંચકીને ગરમ તેલની કઢાઈમાં ફેંકવા જતા હતા.
સંત: આ શું છે?
રાક્ષસ: નરક છે
સંત: તો આગળ શું હતું?
રાક્ષસ: એ તો અમારૂ પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ હતું

09 દિવસ માર્ચના
30 દિવસ એપ્રિલના
17 દિવસ મેના
ટોટલ ચેક કરી જોજો જરા, (9+30+17=56)ની છાતી

**આંઠ વરસનો છોકરો: આ કોરોનાએ તો મારી અડધી મિલકત હડપ કરી લીધી**
**પત્રકાર: એ કેવી રીતે?**
**છોકરો: મારી મોમ પ્રેગન્ટ છે**

**સવારે ઉઠીને ચા બનાવી, વાસણ ધોયા**
**નાહ્યા પછી ચા-નાસ્તો કર્યો, વાસણ ધોયા**
**રસોઈ કરી, ખાધું અને વાસણ ધોયા**
**બપોરે આરામ કરી ચા બનાવી, વાસણ ધોયા**
**સાંજ થઇ ચા-નાસ્તો કર્યો, વાસણ ધોયા**
**રાત્રે ડીનર લીધું અને વાસણ ધોયા**
**આ વાસણ ધોવાનું આરતી કરતી વખતે દર બે લાઈન પછી "જયદેવ....જયદેવ" કહે એવું થઇ ગયું છે**

Thanks to Modiji's speech, My wife addresses me every night at 8 PM as 'Mere Pyare - Dish Washiyo"

**A Britisher asked me, why no Politician in India tested positive for corona while lot of politicians around the world even some of the prime minister's tested positive for corona?**

https://suratiundhiyu.wordpress.com/

**Me: The Politicians in India following "Social Distancing" with people since Decades.**

**મને આજે બેંકમાંથી લોનના હપ્તા માટે ફોન આવ્યો મે તો કહી દીધું ક્યાં સુધી આમ પૈસા માંગશો? હવે આત્મનિર્ભર તો બનો?**

**વગર ગેરંટીએ લોન મળશે પણ લોન મળશે એની ગેરંટી નહિ, આત્મનિર્ભર બનો..**

**બાપુએ પોપ વિશે વાંચેલું. એમણે રઘલાને પૂછ્યું, એ રઘલા "પોપ કોન છે?".**
**રઘલો: નથી, વેફર છે, ચાલશે?**
**(શરત મારું તમે બે વાર વાંચશો)**

**જીગલો(લાલ દરવાજા): આ સરકાર ચોર છે**
**પોલીસ: તારી ધરપકડ કરવામાં આવે છે**
**જીગલો: કેમ?**
**પોલીસ: તે આ સરકાર ચોર છે એમ કહ્યું એટલે**
**જીગલો: મેં ક્યાં કહ્યું કે મોદીની સરકાર ચોર છે? હું તો ઇમરાન ખાનની સરકારની વાત કરતો હતો**
**પોલીસ: તું અમને મૂરખા સમજે છે, અમને ખબર નથી કે કઈ સરકાર ચોર છે?**

ભવિષ્યમાં થનારાં મામેરું
151 નંગ માસ્ક, 51 લીટર સેનેટાઇઝર, પાંચ કિલો સુંઠમા માટલામાં, 1 કિલો હળદરનો પાવડર, મેથીની ફાકી, એક કિલો લીંબુ, 101 નંગ હાથમાં પહેરવાના મોજા, પાનેતરની બદલે એએપી કીટ, વેક્સીન માટે ઈંજેક્શન નીડલ સાથે નંગ 50, કપુર  500 ગોટી, લવિંગ 200 ગ્રામ, સરસોનું તેલ પાંચ લીટર, હાથ ધોવાના સાબુ બાંધા નંગ પાંચ, પગ ના મોજા 21 જોડ...

બધા પરણેલા યુગલને સમર્પિત: મોહબ્બત ભી ઉસ મોડ પે જા ચુકી હેં , કી અબ
બીવી કો પ્યાર ભરા મેસેજ કરો તો પૂછતી હેં "તમને આવા મેસેઝ આવે છે ક્યાંથી ???

**જનતા: હજી રાજ્યસરકાર એ કેમ ગાઈડલાઈન બહાર નથી પાડી.??**
**વિજયભાઈ રૂપાણી: અહીંયા હિન્દી ભી ગોઠવના પડતા હૈ ઔર કેન્દ્રસરકારને અંગ્રેજી મા ભેજ દિયા. સાંજ સુધી મે ગુજરાતી મેં હો જાયેગા કામ ચાલુ હૈ...**

**દુકાનદાર: આજે મારો બદલો પૂરો થયો.**
**જીગો: કેવી રીતે?**
**દુકાનદાર: આજે એસ.બી.આઈ.નો કેશિયર કરિયાણું ખરીદવા આવ્યો હતો. 2 કલાક લાઈનમાં રાહ જોયા પછી, તેનો વારો આવ્યો અને મેં તેને કહ્યું, "હવે રીષેસનો સમય છે".**

https://suratiundhiyu.wordpress.com/

**કેન્દ્રની ગાઈડલાઈન વાંચીને ડીલીટ કરી દેવી, કેમ કે રાજ્ય નવી બહાર પાડશે, રાજ્યની પણ વાંચીને ડિલિટ કરવી, કેમ કે કલેક્ટર નવી બહાર પાડશે, કલેકટરની પણ વાંચીને ડિલિટ કરવી, કેમ કે નગરપાલિકા નવી બહાર પાડશે, નગરપાલિકાની વાંચી અને ડીલીટ કરવી,  કેમકે સોસાયટીની બહાર પડશે, સોસાયટીની વાંચીને પણ ડીલીટ કરી નાખવી કારણ કે છેલ્લે તો શ્રીમતીજીની ગાઇડલાઇન પ્રમાણે જ ચાલવાનું છે ને "લોકડાઉન કોરોનોલોજી"**

**હું સુપર માર્કેટમાં લાઈનમાં ઉભો હતો. મારી આગળનો ભાઈએ ગેસ છોડ્યો. મારું મગજ ઉકલી ગયું પણ હું કઈ કહું એ પહેલા પેલા ભાઈએ પાછળ ફરીને મને કહ્યું, "જો તમે અવાજ સાંભળ્યો હોય તો તમે સેઈફ ડીસસ્ટન્ટ રાખતા નથી, જો તમને વાસ આવી હોય તો તમારો માસ્ક તકલાદી છે, કશા કામનો નથી. હંમેશા "સેઈફ ડીસસ્ટન્ટ રાખો અને માસ્ક પહેરો".**

**પતિ અને પત્ની એક હોરર મૂવી જોતા હતા.
અચાનક સ્ક્રીન પર ચૂડેલ દેખાય છે.
પત્ની: ઓ.....મમ્મી!
પતિ: લે તું ઓળખી ગઈ..?**

**છૂટ સરકારે આપી છે, કોરોનાએ નથી આપી માટે માપમાં રહેજો. ભારત ફાઈનલમાં જ હારે છે. આટલામાં સમજી જજો. ઘરે રહો, સુરક્ષિત રહો...**

**એક ભાઈએ એની વાઇફને છુટાછેડા આપ્યા. કારણ આપ્યુ કે હવે હું "આત્મનિર્ભર" બનીશ.
કલાકમાં જ એના પાડોશીએ એ ભાઈની ઘરવાળી જોડે લગન કરી લીધા. કારણ આપ્યુ કે હુ "લોકલને સપોર્ટ" કરીશ**

તારી-મારી વચ્ચે આવનાર દરેક દિવાલને હુ પાડી દઈશ અને  ડુંગરને પણ ફોડી નાખીશ. બસ આજ દિલફેક ડૉયલૉગ ઊપર ઓળઘોળ થઈને  તેણે  *લગ્ન* કરી લિધા. .
પછી ખબર પડી કે એ તો JCB નો ડ્રાઈવર છે..!!!

પહેલા નિશાળેથી ભાગીને મુંબઈ કામ કરવા ભાગી ગયો. હવે મુંબઈથી ભાગીને સુરત આવ્યો તો સીધો ઉતારો નિશાળમાં મળ્યો(14 દિવસ ક્વોરનટાઈન). લાગે છે નિશાળે બદલો લીધો..

**મગનાનું પેન્ટ ધોબીએ બરોબર ધોયું નહી.
તેણે ધોબીને મેસેજ કર્યો, કપડા બરોબર ધોવાનું રાખ
ધોબીએ સામો મેસેજ કર્યો, "તમે પણ બરોબર ધોવાનું રાખો"
સમજે એને સલામ....(ગાંડ ધોવાનું છી છી ચોંટેલી છે)**

https://suratiundhiyu.wordpress.com/

**વિચારું છું કે ટેક્સ ભરું કે સરકારને પણ આત્મનિર્ભર બનવાનો મોકો આપુ?**

**આજે પુરુ લેશન કર્યું નથી, કાલે લેશન કરીને આવીશુ લી. ગુજરાત સરકાર**

**મને લાગ્યું કે પહેલું લોકડાઉન પંચકમાં જ આવ્યું હશે એટલે પાંચ પુરા કર્યા વગર નહિ જાય**

**ગુજરાતનો ગુજ્જુ આ કોરોના રોજ બંધમાં ચારસોનું રમે છે. તો ઓપનમાં તો ગાભા જ કાઢી નાખશે**

**કોરોનાની રસી આ અઠવાડીયામા શોધાઈ જશે, કેમ કે હવે વૈજ્ઞાનિકો ગલ્લે ભેગા થવાના છે**

**અર્જુન: હે કૃષ્ણ આજે આ સંસારમાં સુખી મનુષ્ય કોણ?**
**કૃષણ: હે પાર્થ, જેની પોતાની પરચૂરણની દુકાન છે અને એના પુત્રનો મેડીકલ સ્ટોર હોય અને એની પત્ની શાકભાજી વેચતી હોય એ જ મનુષ્ય પુરા બ્રહ્માંડમાં સૌથી સુખી મનુષ્ય છે**

કોઈએ  પાન મસાલાનું પૂછ્યું, તો કોઈએ વાળંદની દુકાનનું
તો કોઈએ રીક્ષા ને બસનું અને કોઈએ wine સોપનું પૂછ્યું
પણ એક પણ માણસે એમ ના પૂછ્યું કે મંદિર ક્યારે ખુલશે.?
આવી છે આ આપણી મતલબી દુનિયા અને એના લોકો

આજ કાલ હાલ ચાલ પૂછવાનો નવો અંદાજ: ક્યાં ઝોનમાં છો ભાઈ?

પત્ની(હાથમાં વેલણ સાથે): તમે એક ખાશો કે બે?
પતિ: તું પરોઠું, ભાખરી કે એમ ચોખવટ કર, આમાં ખોટી ગેરસમજ ઉભી થાય છે

લોકડાઉન ખુલે એટલે જ્યાં બેસતા હતા એ ચાના ગલ્લે આળોટવું છે...સુનીલ શેટ્ટીની જેમ એ ધરતી મેરી માં હૈ...

તમને ખબર છે કે આપણે જે 52 પાના ના પત્તા રમીએ છીએ એમાં
લાલ ના બાદશાહને મૂછો નથી બાકી ના બાદશાહોને મૂછો છે
લાલનો બાદશાહ એની તલવાર સંતાડી રાખે છે બાકીના બતાવે છે
ચોકટના બાદશાહને એક જ આંખ છે બાકી ના બાદશાહોને બે આંખો છે
કાળીની રાણી અને રાજા  બીજી દિશામા જુએ છે અને બાકીની રાણીઓ અને રાજાઓ એક જ દિશા મા જુએ છે.

https://suratiundhiyu.wordpress.com/

એક અમદાવાદી ડોકટરે બોર્ડ મારેલું મારાથી સારું નહિ થાય તો એક હજાર રૂપિયાનું ઇનામ. એક મારવાડીને થયું કે આ તો તદ્દન સહેલી રીત છે. સહેલાઈથી એક હજાર રૂપિયા મળી જશે. તે ડોક્ટર પાસે ગયો.
મારવાડી: સાહેબ, મારી જીભમાં કોઇ પણ વસ્તુનો સ્વાદ લાગતો નથી.
ડોક્ટર(નર્સને): આમને બાવીસ નંબરની બોટલમાંથી બે ટીપા એમની જીભ પર મુકો. નર્સે બે ટીપા જીભ પર મુક્યા એટલે મારવાડીએ બુમ પાડીને કહ્યું આ તો પેટ્રોલ છે
ડોક્ટર: તમારી જીભ પર સ્વાદ આવી ગયો મારી ત્રણસો રૂપિયા ફી આપો. મારવાડી ફરીવાર ગયો
મારવાડી: સાહેબ, મારી યાદશક્તિ જતી રહી છે
ડોક્ટર(નર્સને): આમને બાવીસ નંબરની બોટલમાંથી બે ટીપા એમની જીભ પર મુકો
મારવાડી: પણ સાહેબ, આ તો સ્વાદ જતો રહે એના ટીપા છે
ડોક્ટર: મારી ફી ના ત્રણસો રૂપિયા આપો, તમારી યાદશક્તિ આવી ગઈ. મારવાડી પાછો ડોક્ટરને ત્યાં જાય છે
મારવાડી: ડોક્ટર સાહેબ, આ મને શું થયું છે? કશું દેખાતું નથી.
ડોક્ટર: પહેલીવાર આવો કેસ આવ્યો લઇ તમે આવ્યા છો. આવા રોગની તો કોઈ દવા જ મારી પાસે નથી
મારવાડી: ડોક્ટર સાહેબ, લાવો મારા હજાર રૂપિયા, તમે મને સારું નથી કરી શક્યા. ડોક્ટર એને પાંચસોની નોટ આપીને કહે છે લો આ તમારા હજાર રૂપિયા
મારવાડી:નોટ જોઇને કહે આ તો પાંચસો રૂપિયા જ છે
ડોક્ટર: લાવો મારા પાંચસો અને બીજા ત્રણસો રૂપિયા ફીના. તમે દેખતા થઇ ગયા

જાપાનના વડા સીંજો એબે સાથે બુલેટ ટ્રેન કરાર કર્યા ને ત્રીજે જ દિવસે ૩ કલાક ગંગા આરતીમાં બેસાડ્યા.. સીંજો જતા એટલું જ કહેતા ગયા જો આટલી બધી ફુરસત હોય તો બુલેટ ટ્રેનની શુ જરૂર?

જીવલો: બાપુ શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં શું ફેર ?
બાપુ: જેને દાંત દીધા તે ચવાણુ દેશે તે શ્રધ્ધા. પણ આપણે કોઇને ઘરે ગયા હોઇયે અને તે આપણને નાસ્તામાં ચવાણુ આપે ત્યારે આપણે રાહ જોઇયે કે હમણા બોટલ પણ કાઢશે તે અંધશ્રધ્ધા.
જીવલો: બાપુને ઘણીખમા

ટીચર: CHOLESTEROL લખીને કહ્યું આ વાંચ
જીગો: સાહેબ, છોલે સુધી બરાબર  લખ્યું છે પણ ભટૂરેની સ્પેલિંગ ખોટી લખી છે

ટ્રમ્પ(રજત શર્માને): અમારા અમેરીકામાં કઇ કેટલાયે નેતાઓ કોરોનાના શિકાર થઇ ગયા છે. આખા યુરોપમાં કેટલાય નેતાઓ સંક્રમિત છે. તમારા ભારતમાં કેમ કોઈ નેતા સંક્રમિત નથી થયા?
રજત શર્મા: સાહેબ, એનું કારણ એ છે કે અમારા દેશના નેતાઓ ફક્ત ચૂંટણી વખતે જ જનતાને મળવા જાય છે. બાકીના પાંચ વરસ તો એ લોકો “social distancing” નું સખ્ત પાલન કરે છે

બચું બાટલીને લોટરીમાં બેહજારનું ઇનામ મળ્યું. એટલે એણે સ્કોચની બોટલ ખરીદી. પછી એને વિચાર આવ્યો કે જો રસ્તામાં સાઇકલ પરથી પડી ગયો તો બોટલ ફૂટી જશે. એટલે એ આખી બોટલ ત્યાં જ પી ગયો. તમે માનો નહિ પણ એનો નિર્ણય સાચો હતો. કારણ કે એ રસ્તામાં ચારવાર સાઇકલ પરથી પડી ગયો...

https://suratundhiyu.wordpress.com/

જગો:  “ચાહુંગા મૈ તુજે સાંજ સવેરે”, આ ગીત કોણે લખ્યું ?
ભગો:  રાજકોટવાળાએ.....
જગો:  હેં  !!!!
ભગો:  કેમ, બપોરે હુવા નું નૈ???

સાંભળ્યું છે કે જિંદગી પરીક્ષા લે છે, લાગે છે આ વરસે તો પી.એચ.ડી. કરાવશે

બાપુએ મારી પાસે સ્કૂટરની ચાવી માંગી અને કહ્યું કે લેબમાં રીપોર્ટ લેવા માટે જવું છે. બાપુ રીપોર્ટ લઈને આવ્યા, મને ચાવી આપી અને ભેટી પડ્યા. પછી ઘરે ગયા. ત્યાં ગેટ પર જ પત્ની ઉભી હતી બાપુએ તેને કહ્યું કે “ટેસ્ટ પોઝીટીવ” છે. એ સાંભળીને મારા તો હોંશકોશ ઉડી ગયા. ગભરાટમાં મેં મારા હાથ સેનીટાઈઝરથી સાફ કર્યા, પછી યાદ આવ્યું કે બાપુ તો મને ભેટીને ગયા હતા, એટલે ડેટોલ સાબુથી ઘસી ઘસીને નાહી લીધું. પલંગ પર આડો પડ્યો પણ મનને ચેન નહોતું પડતું એટલે બાપુને ફોન કર્યો અને કહ્યું બાપુ, તમારો રીપોર્ટ પોઝીટીવ હતો તો કમ સે કમ મને કહેવું તો જોઈએ? ઉપરથી તમે મને ભેટીને ગયા, ખરાબ ના કહેવાય..!!
બાપુ(જોસ જોસમાં હસતા હસતા): એ રીપોર્ટ...એ તો તમારી ભાભીની પ્રેગનન્સીનો હતો, પોઝીટીવ આવ્યો, બાર વરસે ઘરે પારણું બંધાશે. દરેક વસ્તુ થોડી કોરોના જ હોય?

હું તો નાનપણથી જ આત્મનિર્ભર હતો. જ્યારે ટીચર મને વાલીની સહી કરાવીને લાવવાનું કહેતાં ત્યારે હું જાતે જ સહી કરીને જતો હતો..!!

બદલવાની જરૂર હતી ગુજરાતના વિજયને અને બદલી નાખ્યા અમદાવાદના વિજયને !!

છોકરી: મારે એવો છોકરો જોઇ છે જે શાંત,સુશીલ,હોશિયાર, હેન્ડસમ હોઈ..
છોકરો: કેરી,ચીકુ, દ્રાક્ષ,સફરજન બધું એક ઝાડ ઉપર ન થાઇ ગાંડી...

દિવસના  દસ દસ રસોઈ શો જોયા પછી પત્ની ખીચડી, વેંગણ-બટાકાથી આગળ નહિ વધતી હોય એ પણ એક પ્રકારનો આંતક જ કહેવાય ને..!!

તરબૂચ વેચનાર એક ભાઇને એક બેને પૂછ્યું કે તમે આ તરબૂચ પર ટપલી મારીને કેવી રીતે ઓળખી જાવ છો કે તે મીઠું હશે કે નહિ?
તરબૂચવાળો: મને ય ખબર નથી બેન, આ તો મારા બાપાએ કીધેલું કે બે તરબૂચ પર ટપલી મારીને ત્રીજું તરબૂચ ગ્રાહકને પધરાવી દેવાનું, ગ્રાહક ખુશ થઈ જશે

**बाजारमें एक महिलाने मेरा हाथ पकड़ कर पूछा: "अजी सुनते हो, भिंडी ले लूं.? बना लोगे.?**

https://suratiundhiyu.wordpress.com/

**जब मैंने चेहरेसे मास्क हटाया तो वो शर्माकर बोली, 'हाई दय्या, हमारे वो किधर गए? वो भी ऐसा वाला मास्क ही पहन रखे है..!**

**इसीलिए कहता हूं, खतरा अभी टला नही है, घर पर रहें, सुरक्षित रहें...।**

**Defence secretary in a briefing to Trump: "Sir, there has been a major terrorist attack in Chennai, India. 36 Tamillians have been killed"**
**Trump is silent. His lips quiver. His hands shiver. His eyes wells up. He is unable to speak.**
**Defence secretary is stunned. He never imagined that this event could affect him so badly.**
**After a few minutes, in a trembling voice, Trump asks "So, how many millions are there in one tamillion?"**

ડોક્ટર : બોલો  શું થાય છે..??
ભુરો: સાહેબ શ્વાસ લેવામાં બૌવ તકલીફ પડે છે, કોરોના થ્યો હોય એવું લાગે સે...
ડોક્ટર(થોડું વિચારીને): માસ્ક કાઢીને શ્વાસ લેવાનો પ્રયત્ન કરો તો..!!
ભુરો: હા સાહેબ હવે શ્વાસ બરાબર લઈ શકાય છે...
ડોક્ટર: ડફોળિયા, નીકળ બહાર..!! જુના જીન્સના પેન્ટમાંથી બનાવેલો માસ્ક પહેરીને હાલી નીકળ્યો છો તે..!!

એક જણ મંદિરના દરવાજે જઈને પ્રભુને યાદ કરીને બોલ્યો, "હે પ્રભુ, બધુ ખુલી ગયુ, તમે મંદિર ક્યારે ખોલો છો? તમારા દર્શન કરવાનું મન થયું છે.
પ્રભુએ એને કહ્યું, " દર્શન કરવાની બહુ ઉતાવળ હોય તો ઉપર આવી જા". પેલો ફટાફટ ઘર ભેગો થઈ ગયો.

વિજ્ઞાનના કેટલાક પંડિતો એવું સમજતા હતા કે ઈશ્વર/અલ્લાહ જેવું કશું છે જ નહીં, બસ એક નાનકડો વિષાણુ બતાવી ગયો ઈશ્વરીય શક્તિની હાજરી.....

એક શંકા: સંતુરનાં "હેંડવોશ"થી કોરોનાનાં વિષાણુ વધુ જુવાન તો નહીં થતાં હોય ને!!

જે ટીચરો સ્કુલમાં ફોન લાવવાની ના પાડતા હતા તે લોકો જ આજે ફોન પર સ્કુલ ચલાવી રહ્યા છે

વળી પાછા ઘેટા બકરાની જેમ "મે ભી કોરોના વોરીયર્સ" મંડી ના પડતા. જે સાચા અર્થમાં વોરીયર્સ છે તેના માટે જ છે

સામાન્ય માણસને દવાખાનામાં ઇન્જેક્શન મારતી વખતે નર્સ એમ પૂછે છે "ગઈ કાલે કઈ સાઈડ માર્યું હતું?" પોલીસ આવું નથી પૂછતી, કોરોના વૉરિયર્સમાં એટલોજ ફરક પડશે..

https://suratiundhiyu.wordpress.com/

મેં જોયું કે એક કામવાળી અમારી WING માં પ્રવેશી છે. મેં ચોકીદારને ફોન કર્યો અને પૂછ્યું કે તમે મકાનની અંદર કામવાળીને કેમ મંજૂરી આપી?
ચોકીદાર પાંડુ: સાબ એ તો અઢારમાં માળવાળી મેમસાહેબ છે. કચરો નાખવા નીચે આવી હતી. હવે તમે જાણો છો કે બ્યુટી પાર્લર કેમ મહત્વપૂર્ણ છે

આજે સવારે મેં મોદીજીને ફોન કર્યો અને પૂછ્યું કે “લોકડાઉન” ક્યારે ખોલો છો?
મોદી: અલ્યા ખોલવું તો છે પણ પાસવર્ડ ભૂલી ગયો છું

હવે આ “આરોગ્યસેતુ” પણ ઘા પર મીઠું ભભરાવે છે. લોકડાઉનને બે મહિના થવા આવવાના છતાં પૂછે છે કે “તમે પાછલા ચૌદ દિવસમાં વિદેશ યાત્રા કરી છે.?”
ટણપા, છેલ્લા ચોપ્પન દિવસથી પડોશયાત્રા થઇ નથી ને તું વિદેશયાત્રાની ક્યાં મા પૈણે છે

આજ સવારે જ ચા નાસ્તો કરતા-કરતા વિચાર આવ્યો કે હવે થી “આત્મ-નિર્ભર” બનવું છે. નાસ્તામા બ્રેડ હતી. “લીલીચટણી” ટેબલ ઉપર હતી ન હતી. ઉભો થયો અને રસોડામાં જઈને ફ્રીઝમાથી લઈને આવ્યો. આમ બ્રેડ ઉપર મસ્ત લગાવીને હજી તો ખાવા ગયો, ત્યાં વાઈફ આવી ને કહે ફ્રિઝમા મારી “મહેંદી નો વાટકો” મુક્યો હતો તે તમે જોયો??

પ્રિય મોદીજી, હવે "પિયર" સ્પેશયલ ટ્રેન કે બસ પણ ચલાવી દો. એવું ન થાય કે ઉનાળાની છુટ્ટીઓમાં પિયર ન જઈ શકેલી ગૃહણીઓ, મજૂરોની જેમ "ગુસ્સામાં" પગપાળા જ નિકળી જાય....?

લગ્નમાં જાન લઈને 50 નહિ પણ 49 માણસો લઈને જ જવાનું. નહિ તો પાછા આવશો ત્યારે 51 થઇ જશો, પછી એક ને મુકીને આવવું પડશે અને બબાલ નહિ થાય એટલે યાદ કરાવું છું

લગ્નમાં 50 અને અંતિમક્રિયામાં 20 માણસોને જ કાયમી રાખજો. કારણ કે લગ્નમાં 50 જણાં જ ખુશ અને અંતિમક્રિયામાં 20 જણાં જ દુઃખી હોય છે, બાકીનાઓ તો વિધિ કરવાજ આવ્યા હોય છે

એક દાદીમાં ઘરમાં સુતા હતા. ત્યાં ચોર આવ્યા. ચોરોએ નીચે હોલમાં સુતેલા દાદીમાને હાથથી હલાવી હલાવી જગાડીને પૂછ્યું, “પૈસા, ઘરેણા વગેરે ક્યાં છે?” બાકીના લોકો ક્યાં સુતા છે? દાદીમાને બધા ચોરોએ ઊંચકીને ખુરસીમાં બાંધ્યા અને નહિ બતાવે તો મારી નાખવાની ધમકી આપી
દાદીમાં: બધા લોકો પૈસા, ઝવેરાત વગેરે લઈને ફાર્મ હાઉસમાં સુવા ગયા છે. હું તો ઘરમાં એકલી જ છું. દીકરાઓ પાછા જાવ ત્યારે સાબુથી હાથ ધોઈને જજો. મને કોરોના થયો હોવાથી એકલી મુકીને બધા જતા રહ્યા છે, કેવો જમાનો આવ્યો છે? એટલું સાંભળ્યું કે ચોરોના હોંશકોશ ઉડી ગયા અને ભાગ્યા. પછી દાદીમાએ ઉપરથી બધાને બોલાવીને પોતે ચોરને કેવી રીતે ભગાડયા તે વાત કરી...

એક ભાઈ બિચારો આવા ધોમધખતા તડકામાં અગાસીમાં કપડા સુકાવતો હતો.

https://suratiundhiyu.wordpress.com/

મેં પૂછ્યું, “ભાઈ લગ્ન થઇ ગયા?”
પેલાએ જવાબ આપ્યો, “ કોઈમાં આવા તડકામાં દીકરાને કપડા સુકવવા મોકલે ખરી?”
પછી મને થયું કે કોણ આવી પારકી પંચાતમાં પડે, મારે તો કપડા ધોવાના અને સુકવવાના હજુ બાકી છે

પતિ-પત્ની બરાબરના લડેલાં. લડાઈ બસ હજી પતી જ હતી ને છોકરાએ ભેંકડો તાણ્યો.
પત્ની ગુસ્સે તો હતી જ.   બરાડો પાડીને કહે, હું તે કામ કરું કે આને છાનો રાખું.? હું કંઈ આને કરિયાવરમાં નો’તી લાવી. *જરાક છાનો રાખો તો નાના બાપના નહીં થઇ જાઓ......
પતિ હજી જરાય ટાઢો નો’તો પડ્યો. એણે ત્રાડીને કહ્યું, ભલે રો’તો, રોવા દે..., “હું ય એને જાનમાં લઈને નો’તો આવ્યો....”. રોવા દે તું તારે....
બોલો પેલો જાતેજ છાનો રહી ગયો.....

લગ્ન માં ૫૦ લોકો જ આવશે એવું કહેતા નજીકના સગાઓ એ કહ્યું કે અમે ઢોલી બની ને આવી તો ચાલે....?
લીસ્ટ બનાવતા ત્રીસ  ઢોલીઓની યાદી બની...

કામવાળી: બેન હું પ્રેગનન્ટ છું અને લાંબી રજા પર જવાની છું
શેઠાણી: અરે શું વાત કરે છે? તબિયતની કાળજી રાખજે...
કામવાળી: બેન તમે પણ ધ્યાન રાખજો, સાહેબનું નસબંધીનું ઓપરેશન ફેઈલ થઇ ગયું છે

ધંધાપાણી કેમ છે? આવો સવાલ કોઈને પણ કરવાથી તે  IPC 498 થકી સજાને પાત્ર છે(માનસિક ત્રાસ)

એકે ય ગાંડાને કોરોનો થયો? બેફામ, માસ્ક પહેર્યા વગર ફરે છે. સેનેટાઈઝર તો શું સ્નાન પણ નથી કરતાં. આખા ગામમાં રખડે, જે એરિયા શીલ થયેલા હોય ત્યાંય એ પહોંચી જાય પણ એને કાંઈ થાય? આ તો ખાલી ડાહ્યાઓ માટેની બીમારી છે(મગજની બીમારી, એટલે મગજવાળાની બીમારી છે)

હવેથી કોઈ પણ સ્ત્રીને “AUNTY” નહીં કહેવાનુ, સ્વદેશી અપનાવો, "માસી" કહી શકો છો.

ટીચર: ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હોય એવી ચાર વ્યક્તિઓના નામ બોલો
જીગો: વિજય માલ્યા, લલિત મોદી, મેહુલ ચોકસી અને નીરવ મોદી

આજે થોડી વસ્તુઓ લેવા માર્કેટમાં ગયો.  એક દુકાનની બહાર એક ફેરિયો ઉભા રહીને પોતા વેચતો હતો.. આજુ બાજુમાં ઘણી  સ્ત્રીઓ હતી, છતાં એ ફેરીયાએ મને જ પૂછ્યું , "સાહેબ, પોતું લેવું છે...?". સાલું ક્યાં ક્યાં વાત ફેલાઈ ગઈ છે!!!

એક કલાસમાં મેડમે વિદ્યાર્થીઓને My Teacher વિશે અંગ્રેજીમાં નિબંધ લખવા આપ્યો,
પાંચેક મિનિટ પછી એક છોકરાએ ઉભા થઈને પૂછ્યું, મેડમ, 'હરખપદુડી' ને ઇંગ્લિશમાં શુ કહેવાય...!!

https://suratiundhiyu.wordpress.com/

એક વાર બાપુ એમની સુંદર પડોસણ સાથે બાગમાં ફરવા ગયો. બંને એકાંતમાં બેઠા હતા.
પડોસણ: શું કરીએ?
બાપુ: એક વાર્તા કહું તે સાંભળ, એક સંન્યાસી મંદિરમાં ઊંઘતો હતો. રાતે તેને સપનામાં એક સુંદરી આવી અને તેની બાજુમાં સુઇ ગઇ. સવારે સન્યાસીને ખુબ જ પસ્તાવો થયો. એટલે તેણે જઈને તેના ગુરુને વાત કરી
ગુરુ: તે સુંદરી જોડે કઈ કર્યું?
સંન્યાસી: નાં..
ગુરુ: દસ દિવસ સુધી સવારે ઉઠીને ઘાસ ચર..
સંન્યાસી: એવું કેમ?
ગુરુ: કારણ કે તું ગધેડો છે. આ સાંભળીને પડોસણ ખુબ જ હસી. બહુવખત પછી બંને ઉઠીને ચાલાવા માંડ્યા. પડોસણે બાપુને સો રૂપિયા આપ્યા.
બાપુ: મારી વાત ગમી એટલે રૂપિયા આપી રહી છો?
પડોસણ: ના, ઘાંસ ખરીદવા માટે...

એવું સાંભળ્યું છે કે જોડીઓ ઉપરથી બનીને આવે છે, એનો મતલબ ઉપર પણ કામ ઢંગથી નથી થતું, ત્યાં પણ લોચા-લાપસી જ છે

પંડિતો ભલે ગમે તેટલા મુર્હતો કાઢી આપે પણ જ્યાં સુધી સલુન અને બ્યુટી પાર્લરો ખુલે નહિ ત્યાં સુધી લગ્નો નહિ થાય

દર્દી: સાહેબ,ખૂબજ ગરમી લાગે છે
ડોક્ટર: શું કરો છો?
દર્દી: કઈં નહિ. સવારે સૂંઠ, તુલસી,તજ,મરી,ફુદીનો, નાખીને ઉકાળો પીવું છું. થોડીવાર પછી આયુર્વેદનો ઉકાળો પીવું છું. પછી નાકમાં તેલના ટીપાં નાખું છું. ગરમ પાણીના કોગળા કરું છું. પછી હોમિયોપેથીકની ગોળીઓ ખાવું છું. પછી આયુર્વેદનું સૂંઠનું પાણી પીવું છું. સરસવના તેલની માલિશ અને કોગળા કરીને પછી તડકામાં બેસું છું. પછી હળદર ખાવું છું. તજ અને મધ ચાટું છું. પછી થોડો ચ્યવનપ્રાશ ખાવું છું. બે સુંદર્શનની અને બે સંશમનીની ગોળીઓ ખાવું છું. પછી હળદર નાખેલું દૂધ પીવું છું. મારી ચાલુ દવાઓ એલોપેથીની છે તે લઉં છું. પેટમાં જગ્યા હોય તો જમવામાં  આયુર્વેદમાં બતાવ્યા પ્રમાણે ગરમ મસાલા વાળું શાક,દાળ,ભાત અને રોટલી ખાવું છું. બપોરે ઉપર મુજબની "ટી"પીવું છું. સૂંઠ નાખેલું પાણી પીવું છું. પછી આયુર્વેદમાં બતાવ્યા મુજબનો ગરમ મસાલા નાખેલો સૂપ પીવું છું. બપોરે AC માં બેસતો નથી. થોડો ગોળ ખાવું છું. સાંજે ઉકાળો પીવું છું.સુદર્શન ખાવું છું. ચાર કી.મી. ચાલુ છું. તુલસી,સૂંઠનું પાણી પીવું છું. રાત્રે એસીડીટીની ગોળી લઉં છું.અને મસાની ટ્યુબ લગાવીને સૂઈ જવું છું. બોલો હવે શું કરું?
ડોક્ટર: સ્વેટર પહેરી દિવસમાં બે વખત શેક કરવો.

માસ્ક તો માત્ર બહાનું છે, ખરેખર તો માનવી કુદરતને મોઢું બતાવવા લાયક નથી રહ્યો...

https://suratiundhiyu.wordpress.com/

હવે તો પોલીસને જોતા જ પેલી નજરમાં પોલીસની પ્રજા માટે ગાઇડલાઇન શબ્દ ગાઇન્ડ લાલ વંચાય જાય છે...

એક વેપારી પોતાનું કામ કઢાવવા માટે પ્રધાન પાસે ગયો.
વેપારી: મંત્રી સાહેબ, તમે જો મારું કામ કરી આપો તો હું તમને તદ્દન નવી કાર ભેટમાં આપીશ
મંત્રી: ના..ના...ના...મારે કઈ પણ મફતમાં નથી જોઈતું.
વેપારી: સારું તો સાહેબ, મને કાર માટે એક રૂપિયો આપો
પ્રધાન પાસે એક રૂપિયો છૂટો ન હતો એટલે બે રૂપિયાનો સિક્કો હતો તે વેપારીને આપ્યો
વેપારી: મંત્રી સાહેબ, મારી પાસે તમને પાછો આપવા છૂટો રૂપિયો નથી
મંત્રી: નો પ્રોબ્લેમ, તમે મને એજ મોડેલની બીજી કાર મારી પત્ની માટે પણ આપી દો(વેપારી આઈ.સી.યુ.માં છે)

એક વાર ગીરમાં વીસ પર્યટકનું ટોળું સિહ દર્શન કરવા ગયું. ત્યાં મારણ પાસે બધાને લઇ જવામાં આવ્યા. સામેથી સાત-આંઠ સીહનું ટોળું મારણ ખાવા આવ્યું. ત્યાં એકા એક એક સિંહ વીફર્યો અને પર્યટકના ટોળામાંથી સરદારજીને ઉપાડીને લઇ ગયો અને આંખોને આખો ખાઇ ગયો. બધા સિંહો ત્યાં પાણી પીવા ભેગા થયા એટલે બધાએ પેલા સિંહને ઉધડો લેવા માંડ્યો કે ત્યાં મારણ તૈયાર હતું તે ખાવાનું છોડીને તું સરદારજીને કેમ ઉપાડી ગયો?
પેલો સિંહ: કેમ, આજે મને પંજાબી ખાવાનું મન થયું હતું

પત્ની: "તમે ઉઠી ગયા? તો ચા બનાવું".
પતિ: તને કેટલી વાર કહ્યું કે ઉઠી ગયા નહી જાગી ગયા એમ બોલ. હું શેરબજારનું કામ કરૂ છું.

પત્નીએ પોતાના વકીલ પતિ પાસે કાનૂની અભિપ્રાય માંગતા પૂછ્યું કે કાયદાની દ્રષ્ટીએ શું પત્નીએ પોતાના પતિ માટે રસોઈ બનાવવી જોઈએ?
પતિ: જીનીવા કન્વેન્શન પ્રમાણે બધા જ કેદીઓને ખાવાનું આપવું ફરજીયાત છે...

કુંવારા માણસ જોડે કોઈ પણ જાતની બહસ કરવી નહિ કારણ કે એને પરણેલા લોકોની જેમ સહન કરવાની આદત નથી હોતી

રેલ્વેમાં ભરતી થવાની છે, એન્જીનની આગળ આગળ દોડીને રસ્તો બતાવવાનો કે જેનાથી એન્જીન ખોટા ટ્રેક પર ચઢી નહિ જાય

બે અઠવાડિયાથી ટી.વી.માં શોધું છું કે કેરળથી કોઈ મજદૂર પગપાળા વતન જતો જોવા નથી મળતો ?

સાચું લોકડાઉન તો ગુજરાતના છવ્વીસ સંસદ સભ્યો નિભાવી રહ્યા છે. બે મહિનાથી એક પણ દેખાયો નથી

https://suratiundhiyu.wordpress.com/

એક ભાઈની દુકાન પર બોર્ડ મારેલું હતું, "અમિતાભ બચ્ચન દસ રૂપિયા, જયા ભાદુરી પાંચ રૂપિયા". એક જણે પૂછ્યું આ તું શું વેચે છે? પેલો કહે શેરડીનો રસ, મોટા ગ્લાસ દસ રૂપિયા અને નાનો ગ્લાસ પાંચ રૂપિયા

વિવાહ માટે ઘરે જમીન હોવી જરૂરી છે પણ છોકરો ખેતી કરતો નહિ હોવો જોઈએ એક કડવું સત્ય

પહેલા PM કમજોર હતા એટલે ચીન અને પાકિસ્તાનથી ડરતા હતા, આજે PM મજબુત છે તો બે ટકાનું નેપાળ પણ આખો બતાવી રહ્યું છે

જીગો એક સ્વામીજી પાસે ગયો. મેં એમને કહ્યું કે મારી એક ઈચ્છા છે કે હું ઘણા વર્ષો સુધી જીવું.
સ્વામીજી: તો લગ્ન કરી લે
જીગો: લગ્ન કરી લેવાથી હું ઘણા વર્ષો સુધી હું જીવીશ?
સ્વામીજી: ના, આ લાંબુ જીવવાની ઈચ્છા ખતમ થઇ જશે
જીગો: સ્વામીજી તમે સ્ત્રીઓ માટે આવી વાત કેવી રીતે કરી શકો, સ્ત્રીઓનું સન્માન કરવું જોઈએ
સ્વામીજી: એકદમ સાચી વાત છે. એક સ્ત્રી છે કે જે એક રડતા બાળકને આ દુનિયામાં લઈને આવે છે. બીજી એક સ્ત્રી એની પત્ની છે તે એ ધ્યાન રાખે કે એનો પતિ આખી જિંદગી રડતો જ રહે...

છોકરી: અલેક્ષા, હાવ તો મેઇક ચીઝ ઓરીઓ કેક, ટેલ મી ઇન ગુજરાતી
અલેક્ષા: ચુપ બેસ વાંદરી, ગયા એક મહિનાથી આખો દિવસ ખા ખા કરે છે, બસ કર હવે....

નિયમ: દરેક દુકાન માટે નેમપ્લેટ અંગ્રેજી અને ગુજરાતીમાં પણ હોવું જોઈએ. મેં અમદાવાદમાં એક જગ્યાએ એક તકતી વાંચી, "મારો કાગડો નરમ", મને ખબર નથી કે તેનો અર્થ શું છે. તેની નીચે લખ્યું હતું, "Microsoft"

ગટરમાં કેવી રીતે પડી ગયા ?
ભાઈ, ઢાંકણા વગરની ખુલ્લી ગટરને....
ભુલથી સોશિયલ ડિસ્ટન્સિંગનું કુંડાળું સમજી બેઠો તો...

આખરે લોકઅપ અને લોકડાઉનનો અર્થ સમજાયો.
લોકઅપ એટલે પોલીસની કસ્ટડીમાં અને
લોકડાઉન એટલે પત્નીની કસ્ટડીમાં
લોકઅપમાં જામીન મળી શકે છે
પણ લોકડાઉનમાં જામીન નહિ મળે

35 વર્ષથી જીદ લીધી હતી અમને શાસન કરવાનો મોકો આપો, અમે "અચ્છે દિન "લાવીશુ.
6 વર્ષેમા કહી દીધું આત્મનિર્ભર બનો, મતલબ તમે તમારુ કરો અમે અમારું કરી લીધું છે

https://suratiundhiyu.wordpress.com/

કદાચ એવું પણ બને કે આ કોરોના ઇસ્યૂ પતી જાય પછી લોકો જ કામકાજ પર જવાની ના કહે અને મોદીજીએ ફરી બે મહિના પછી સાંજે ૮ વાગ્યે ટીવી પર આવવું પડે અને કહેવું પડે કે "હું હાથ જોડીને વિનંતી કરું છું કે બસ હવે પતી ગયું જાવો કામ ધંધે જવાનું શરૂ કરી દો." અને પોલીસ સવારે ૯:૦૦ વાગ્યે ઘરે ઘરેથી દંડા મારી મારીને ઘરની બહાર કાઢશે. પત્નીઓ સામેથી પોલીસને ફોન કરીને બોલાવશે કે "મારા વાળો હજુ નથી ગયો.."

દાકતર(વોર્ડ બોયને): પેશન્ટને ધમણ પર મૂકો...
વોર્ડ બોય ઊંધું સમજ્યો, પેશન્ટને એમ્બ્યુલન્સમાં દમણ મોકલ્યો
પેશન્ટ બે દિવસમાં સાજો થઈને ઘરે આવી ગયો

ખિસ્સામાંથી સેનેટાઇઝરની બોટલ કાઢો એમા પણ માવા જેવું થાય છે...
બે ચાર તો ઊભા જ હોય હાથ લાંબો કરીને...

ભરબજારમાં જોંઉ છું તો લાગે છે કે કોરોના દુનિયામાં આવ્યો જ નથી. ન્યુઝ ચેનલ જોંઉ તો લાગે છે કે કોઇ જીવતું નહિ રહે...

ભક્તે ₹ 500/ પીએમ કેર ફંડમા દાન આપ્યું અને ઈન્કમટેક્સ પેટે 30% લેખે ₹150/નો ટેક્સ બચ્યો એટલે આડકતરી રીતે ભક્તે ₹ 350/ દાન આપ્યું.
ઝાલા બાપુએ ₹ 500/ની ક્વાટર લીધી આખી તો આવતી નથી. બાપુના એ ₹ 500/ માથી 72ટકા લેખે ₹ 360/ સરકારને ટેક્ષ પેટે મળ્યા. ધન્ય છે બાપુને ₹ 140/ નો દારૂ પીને પણ દેશને ભક્ત કરતા ₹ 10/ વધારે આપ્યા. કોણ મહાન ભક્ત કે ઝાલા બાપુ..? સલામ બાપુને !!!!!!

દર્દી: ડોકટર સાહેબ, તમે આ પ્રિસ્ક્રીપ્શનમાં એવું તો શું લખો છો કે જે ફક્ત મેડીકલ સ્ટોરવાળો જ વાંચી શકે?
ડોક્ટર: હું લખું છું, “મેં આને લુટી લીધો છે તું પણ લુટી લે..”

જ્યારે ગામડાના લોકો સ્કૂલને ઇસ્કૂલ કહેતા ત્યારે લોકો તેની મજાક ઉડાવતા...
આજે વિદ્યાર્થીઓ ખરેખર *E-school* માં ભણે છે

પતિ: તું માકસ કેમ નથી લગાવતી?
પત્ની: માસ્ક લગાઉં તો તને ખબર કેવી રીતે પડે કે હું મોઢું ચઢાવીને બેઠી છું....!!!

પોતાના પરિવારને કોરોનાથી બચાવવા એક સન્નારીએ દિવેલના બદલે સેનીટાઈઝરથી ઘંઉ મોયા, આવો પ્રેમ જોઈને ઘરના બધા બઉ રોયા..!!

https://suratundhiyu.wordpress.com/

પત્ની: જોયું, ફક્ત બે મહિનામાં મેં તમને ઘરના બધા જ કામકાજમાં એક્સપર્ટ બનાવી દીધા
પતિ: તો તો પછી કોઈ સારી છોકરી જોઇને હાથ પણ પીળા કરાવી આપ....

**प्रश्न: शक्कर हमारी दुश्मन क्यों हैं ?**
**उत्तर: शक्करको चीनी कहते हैं और चीनी से बनी चाशनी को पाक कहते हैं. चीन और पाक हमारे दुश्मन हैं, इसीलिये शक्कर हमारी दुश्मन है ।**

2020 માં તમને લગ્નનું નિમંત્રણ ના મળે તો સમજવું તમે ટોપ 50 સગામાં નથી, તમારો વહેવાર સુધારો..

The most Negative word of '2020'is "POSITIVE"

પત્ની: તમને મારી યાદ આવે તો શું કરો?
પતિ: તારું મનપસંદ કેસર્પીસ્તા આઈસ્ક્રીમ ખાઉં છું
પતિ: તને મારી યાદ આવે તો શું કરે?
પત્ની: હું પણ બે ત્રણ સિગારેટ પી લઉં અને રજનીગંધા ખાઉં છું

બે સરદારજી વાતો કરતા હતા.
પહેલો સરદારજી: હું નાનો હતો ત્યારે સાતમાં માળેથી પડી ગયો હતો
બીજો સરદારજી: તો પછી તું જીવ્યો કે મરી ગયો?
પહેલો સરદારજી: હું નાનો હતો એટલે મને યાદ નથી...

મુકેશ અંબાણીની ગાડી પાસે એક ભિખારી ટ્રાફિક સિગ્નલ પાસે બારીને ટકોરા માર માર કરતો હતો. કંટાળીને મુકેશ અંબાણીએ ગાડીનો ક્લાસ ઉતારીને કહ્યું શું છે?
ભિખારી: સાહેબ એક સો રૂપિયા આપોને
મુકેશ: અરે પાંચ દસ રૂપિયા સમજ્યા પણ એકદમ સો રૂપિયા? શું કામ છે?
ભિખારી: સાહેબ, કોફી પીવી છે. સામે મળે છે, એક કપના સો રૂપિયા લે છે
મુકેશ: તારે સો રૂપિયાની કોફી પીવી છે? હું આટલો પૈસાદાર છું તો પણ સો રૂપિયાની કોફી નથી પીતો
ભિખારી: સાહેબ, તમને નહીં પોષાતું હોય...

જીગાએ ભુરાને પૂછ્યું, તું શું કરે છે?
ભૂરો: ટીમ્બર મર્ચન્ટ છું
જીગો: તારી દુકાન ક્યાં છે?
ભૂરો: માણેક ચોકમાં
જીગો: માણેક ચોકમાં તો કોઈ ટીમ્બરવાળાની દુકાન નથી

https://suratiundhiyu.wordpress.com/

ભૂરો: દાતણ વેચું છું...

પતિ: તે મારા પાકીટમાંથી પૈસા લીધા છે?
પત્ની: હા લીધા છે, તેનું શું?
પતિ: સીધા લઇ લેવા કરતા માંગીને લેવાય ને?
પત્ની: કાયમ માંગ્યા જ કરીએ તો અમે "આત્મનિર્ભર" ક્યારે થઈએ?

ચાઇનીઝ કંપનીઓએ "Boycott China" ટી-શર્ટનું ભારતમાં તેની માંગ વધતા ઉત્પાદન વધારી દીધું છે

મંદિરો સેનેટાઇઝ થઈ રહ્યા છે, ઇન્સાન ભગવાન ભરોસે અને ભગવાન વિજ્ઞાન ભરોસે..બજાઓ તાલી..

પત્ની: હું તમને ક્યાર ક્યારની પૂછું છું કે તમારા જીવનનો સૌથી મોટો પ્રોબ્લેમ શું છે? કોઈ જવાબ નથી આપતા અને બસ મારી સામું જ કેમ જોયા કરો છો?

પતિ પત્ની શાક માર્કેટમાં ગયા.
પત્ની: કિલો મટર લઇ લઈએ?
પતિ: તારી મરજી, જોઈએ એટલા લઇ લે
પત્ની: હું તમારી સલાહ નથી માંગતી, છોલાશે કે નહિ તે પૂછું છું..

બે સ્ત્રીઓ બસમાં સીટ માટે ઝઘડતી હતી..
ડ્રાઈવર: બહેનો બીજા ને ડિસ્ટર્બ ના કરશો, જેની ઉમર મોટી હોય એ સીટમાં બેસી જાય...
બેય જણી જામનગર સુધી ઉભી ઉભી ગઇ બોલો...

પ્રશ્ન: ખાંડ ગળી હોવા છતાં આપણી દુશ્મન કેમ છે?
ખાંડને હિન્દીમાં **चीनी** કહે છે અને ખાંડથી બનેલી ચાસણીને હિન્દીમાં **पाक** કહે છે. **चीन और पाक** આપણા દુશ્મન છે. તેથી ખાંડ આપણી દુશ્મન છે...

ઘણા સમય પહેલા પત્ની સાથે કુછ કુછ હોતા હૈ પિક્ચર જોવા ગયો. ઈન્ટરવલ સુધી તો કશું થયું જ નહિ. પાછા વળતી વખતે મારી પત્નીએ મને કહ્યું, "તમે મને એટલો પ્રેમ નથી કરી શકતા જેટલો શાહરુખ ખાન કાજોલને કરે છે". મેં કહ્યું બંનેની પરિસ્થિતિ અલગ છે. પહેલી વાત તો એ કે શાહરૂખ ખાને પ્રેમનું નાટક ફક્ત ત્રણ કલાક માટે જ કરવાનું હતું. અહિયાં તો જિંદગીભર મરવાનું છે. બીજી વાત એ કે તેને પ્રેમનું નાટક કરવાના પાંચ કરોડ રૂપિયા મળે છે. અહિયાં મળવા મુકવાનું તો દૂર બીજા દસ-પંદર હજારનો ફટકો પડે. ત્રીજી અને સૌથી મહત્વની વાત એ કે એણે જેને પ્રેમ કરવાનો છે એ એની પોતાની પત્ની નથી.

હે કેશવ, કૈંક ઉપાય કર, કેસ(Case) અને કેશ(Hair) વધે છે અને કેશ(Money) ઘટે છે..!!

https://suratiundhiyu.wordpress.com/

કોરોનાની વેક્સિન ગુજરાત સરકારને મળી ગઈ.
ટેસ્ટ જ નહીં કરવાનાં.
જીવે તો અડીખમ ગુજરાત,
મરે તો ગતીશીલ ગુજરાત...

બાપુને એક પગમાં ફ્રેકચર થયું. તે હોસ્પિટલ ગયા તો ત્યાં એક બીજા ભાઈ બેઠા હતા તેમના બંને પગમાં ફ્રેકચર હતું.
બાપુ(પેલા ભાઇને): તમારે બે પત્નીઓ છે?

મિત્રનાં લગ્નમાં પંડિતજીએ બૂમ પાડી આરતીની થાળી લાવો.
એક મિત્ર તરત જ દોડ્યો અને આરતીની થાળી લઈ આવ્યો. આરતી બૂમ પાડતી પાડતી પાછળ આવી,
નાલાયક પૂરું જમવા તો દે . . . .

રઘલો: બાપુ, આપણે ત્યાં બીજા બધા દેશો કરતા “કોરોના” ઓછો છે
બાપુ: ઓછો જ હોય ને, આપણે ત્યાં હાથ મિલાવવા કરતા ટાંટિયા ખેંચવાનું વધુ ચાલે છે

લગ્નના દોઢ વરસ પછી ઘરમાં ફરી આનંદ છવાયો. સાસુએ માતાજીની માનતા માની, સસરાએ ખુશીમાં બીડી મુકી દેવાનુ પણ લીધુ, નણંદે નામ શોધી રાખ્યા, દિયર કાકા બનવાના સપના જોવા લાગ્યા. પત્નિ  પણ પોતાના આવનાર સંતાન માટે વિચારવા લાગી કે દિકરો આવશે કે દિકરી!!!!
છેવટે એ રાત્રે પત્નિએ વ્હાલથી પતિનો હાથ પોતાના ભરેલા પેટ પર મુકી પુછ્યુ, “વ્હાલા..શું લાગે છે? કોણ આવશે?.”
પતિએ હંમેશની બેફિકરાઇથી ફેસબુક જોતા જોતા કહ્યુ, “આવશે તો મોદી જ”.

જજ(પતિને): તમે શું કામ છૂટાછેડા લેવા માંગો છો?
પતિ: સાહેબ, હું આ બૈરી સાથે વધારે રહી નહિ શકું. એ આખી રાત એક બારમાંથી બીજા બારમાં ભટકતી રહે છે.
જજ: તમારી પત્ની બારમાં જઈને શું કરે છે?
પતિ: મને શોધ્યા કરે છે...!!

મારા ખાસ મિત્રના દીકરાના લગ્નમાં મને નહિ બોલાવ્યો.
ફોન પર અભિનંદન આપીને મેં પૂછ્યું, “શું લગ્નના પચાસમાં” મારી ગણતરી નથી?
બિચારાએ ગળગળા થઈને કહ્યું, “જે લોકોને ખરાબ લાગે અને મોઢું ચઢાવે” એવા ને જ બોલાવ્યા છે

બારમાં પછી બી.એ. કરવું એટલું જ જરૂરી છે જેટલું મર્યા પછી તેરમું કરવું. થતું કશું નથી, બસ આત્માને શાંતિ મળે..

https://suratiundhiyu.wordpress.com/

ભારતની દવા અસર કર્યા વગર છોડે નહીં ...
ખાધા ભેગા અમેરિકનો આંદોલન ઉપર ઉતર્યા
**Hydroxichloroquin**

સરકાર દારુ વેચીને ગરીબોને ઘઉં-ચોખા આપી રહી છે
અને એ લોકો ઘઉં-ચોખા વેચીને દારુ ખરીદી રહ્યા છે
બસ આનું જ નામ **"RECYCLING"**

સાલા કેવા પાડોશીઓ મળ્યા છે! એક તીડ મોકલે છે, બીજો કોરોના, ત્રીજો રોહીંગીયા અને એક તો નાના ગલુડિયા જેવું છે જેને ખાવાનું પણ જોઈએ છે ને ઘુરકવાનું પણ..

વાવાઝોડાને જેટલો તોફાની બનવાનો રસ છે એના કરતા મીડિયાને વધુ રસ બતાવવામાં હોઈ એવું લાગે છે

સાલા ઝીણી આંખોવાળા, ચપટા નાકવાળાઓએ પગેથી ઓપરેટ કરી શકે તેવી લિફ્ટ પણ બનાવી નાખી અને આપણે હજુ લોક ડાઉન, કોરોના, અથાણાં અને સારી હાફૂસ કેરી ગોતવામાં, માવા મસાલામાંથી બહાર જ નથી આવતા

ભિખારી(એક ઘરના બારણે): ઓ બહેન, બે દિવસથી ભૂખો છું કઈ ખાવાનું આપો
અંદરથી અવાજ આવ્યો, તારી બહેન પિયર ગઈ છે અને તારો બનેવી પણ બે દિવસથી ભૂખો બેઠો છે...

અત્યારે સૌથી વધારે જો કોઈ પરેશાન છે તો એ છે "કાન"
- એક તો ચશ્માંની દાંડી
- બીજા ઈયર ફોનના ડટ્ટા
- અને હવે માસ્કની દોરી

કાન કાન નથી રહ્યા, "હેંગર" થઇ ગયા છે

એક સો વરસનો ડોસો બીડી પીતો હતો.
પત્રકાર: દાદા, તમે બીડી કેમ પીવો છો? એનાથી ખાંસી-ઉધરસ થાય છે, ફેફસા ખરાબ થઇ જાય છે
દાદા: હું હુક્કો, દારુ પીવું છું, ગુટખા પણ ખાઉં છું, મને દરેક જાતના વ્યસનો છે
પત્રકાર: તમને કોઈ મના નથી કરતુ?
દાદા: જે મના કરતા હતા એ બધા તો મરી ગયા..!!

https://suratiundhiyu.wordpress.com/

સેનિટાઇઝર મેડિકલ પરિવારનો એક એવો બેકાર દીકરો હતો, જે અચાનક જ  IAS બની ગયો

પત્ની(પરદેશ જતા પતિને): તમે દુબઇ જાવ તો ત્યારથી સોનાનો હાર લાવજો, લંડનથી સાડી લાવજો,
બેલ્જીયમથી હીરાનું પેન્ડન્ટ લઇ આવજો
પતિ(ગુસ્સે થઈને): અને નરકમાં જાઉં તો?
પત્ની: ત્યાંથી વિડીયો મોકલજો, જોઉં તો ખરી મને હેરાન કરનારની શું હાલત થાય છે?

હવે તો 20 નંબરના આંકડાથી બીક લાગવા માંડી છે
- વરસ આવ્યું 2020
- હાથ ધોવાના 20 સેકંડ
- બસમાં ફક્ત 20 લોકો જ યાત્રા કરી શકે
- અમ્ફાન તોફાન આવ્યું 20 May
- રાહત પેકેજ મળ્યું 20 લાખ કરોડનું
- અરે મર્યા પછી સ્મશાનયાત્રામાં ફક્ત 20 લોકો

રાજનીતિમા આવવા માંગતા યુવાનોને એક સલાહ, ચૂંટણી કોંગ્રેસમાંથી જ લડવી તો જ કિંમત થશે, રૂપિયા બી મળશે અને મંત્રીપદ પણ અને એબી ભાજપ તરફથી, બાકી ભાજપમા તો ફેસબુક પર જ રહી જશો...

ઇતિહાસમાં પહેલીવાર જ *ભૂગોળ*ની પરીક્ષા રદ્દ થઈ અને તે પણ *સૂક્ષ્મ જીવશાસ્ત્ર*ને લીધે. આની અસર *સમાજશાસ્ત્ર* ઉપર થઇ. એના કારણે બધાનું *અર્થ શાસ્ત્ર* વિખેરાઈ જવાને કારણે ઘણા બધાનુ *માનસ શાસ્ત્ર* બગડી ગયુ છે અને હવે *નીતિ શાસ્ત્ર* જેવું કશું રહ્યું નથી. કારણ કે બધાનું આવક -જાવકનું *ગણિત શાસ્ત્ર* ડામાડોળ થઇ ગયું. જે સુધારવા માટે સરકારે પણ *રસાયણ શાસ્ત્ર નો* છૂટથી ઉપયોગ કરાવ્યો, પણ તોય પ્રજાનું *ભૌતિક શાસ્ત્ર* ના સુધર્યું તે ના જ સુધર્યું. હવે ક્યારે આ સુધરે તે માટે *જયોતિષ શાસ્ત્ર* ઉથલાવ્યું અને અંતે હવે આપણે સૌ *ધર્મ શાસ્ત્ર* ના સહારે છીએ...

વાઘ-બકરી ચાની વિશિષ્ટતા
જો તમે એકલા એકલા બેસીને ચા  પીતા હો તો વાઘ જેવી ફીલિંગ આવે છે
અને જો તમે પત્નીની સામે બેસીને પીતા હો તો બકરી જેવી ફીલિંગ આવે છે

મહોલ્લામાં બે ટેણીયા વાત કરી રહ્યા હતા....
એકાદ કોરોના ના દર્દી ને સંતાડી દઈ એ તો
આવતા વરસે પરીક્ષા વખતે કામમાં આવશે...

- 26 વરસ પછી તીડ ભારતમાં આવ્યા

https://suratiundhiyu.wordpress.com/

- 100 વરસ પછી મહામારી ભારતમાં આવી
- 129 વરસ પછી આટલું મોટું તોફાન ભારતમાં આવ્યું
- તો પછી મારા ભાઈ એલિયન અને ડાઈનાસોર તમે કેમ શરમાવો છો? તમે લોકો પણ હાથસાફ કરી જાવ

કોંગ્રેસના ધારાસભ્યો સવારે ઘરેથી નીકળે એટલે પત્નિ પૂછે કે ટિફીન પાલડી કાર્યાલય પર મોકલાવુ કે કમલમ્ પર...?? ઘરવાળી નેય ભાજપની નફ્ફટાઈ અને કોંગ્રેસના નેતાઓ પર વિશ્વાસ નથી

પત્નીએ બનાવેલા પનીર શાકમાં પનીર ના દેખાતા, ભાઈ એ હિમ્મત કરી પૂછ્યું -"શેનું શાક છે?"
પત્ની: ચૂપચાપ ખાઈ લો શાકનું નામ “ખોયાપનીર” છે, ભાઈને તમ્મર આવી ગયા

ટિટોડીએ ઈંડા કેટલે મુક્યાં.?
એવા મેસેજ હજુ આવ્યા નથી ત્યાં તો વરસાદ આવી ગયો..
શુ ટિટોડી ક્વોરન્ટાઈન હશે.?

અનલોક 1 માં ધંધાની છુટછાટ મળતા
ભાજપે તેનો જૂનો ધંધો ચાલૂ કર્યો,
કોગ્રેંસના બે ધારાસભ્યો ટેકાના ભાવે ખરીદી લીધા..

એ તો સારું થયું કે ભગવાન શ્રી રામ રાવણ સામેના યુધ્ધમાં વાનરોને લઇ ગયા હતા, નહિ તો માણસની જાત સોનાની લંકા જોઇને રાવણની સેનામાં જોડાઇ જાત, કડવું છે પણ સત્ય છે, ગુજરાતના ધારાસભ્યોએ બંધ બેસતી પાઘડી પહેરવી નહિ...

કોરોનાએ એ સાબિત કરી દીધું કે વગર બારમે પણ લોકો સ્વર્ગમાં જઈ શકે છે, ભોજન સમારંભ કે ડી.જે. વગર પણ વહુ ઘરે આવી શકે છે અને સગા સબંધી વગર પણ સ્મશાનમાં ચિતાને અગ્નિદાહ દઈ શકાય છે

પહેલીવાર બે પંજાબી ક્રિકેટર ઇંગ્લેન્ડ ગયા. બંને હોટલમાં ગયા. કોઈને ઈંગ્લીશ આવડે નહિ. એટલે એક જણે થોડું ઈંગ્લીશ જાણતો હોય તેમ ફાંકો મારવા વેઈટરને કહ્યું ટુ કોલ્ડ્રીક્સ. પેલી બે કોલ્ડ્રીંકસ લાવી એટલે પેલાએ કહ્યું, “સીટ ડાઉન”. પેલી બેસી ગયી એટલે પેલાએ કહ્યું, “નો નો યુ સ્ટેન્ડ, કોલ્ડ્રીંકસ સીટ ડાઉન”

વરસતો વરસાદ જોઈ જો તમને ગમતી વ્યક્તિ યાદ આવે તો સમજવું કે તમે યુવાન છો,
બાકી જો ભજીયા યાદ આવે તો સમજી લેવું કે તમારી ઉંમર થઇ ગઈ છે અને
કઈ જ યાદ નહિ આવે તો સમજી લેવાનું કે તમે બોર્ડર લાઈન પર છો...

જે પતિઓએ નોટબંધી વખતે પોતાની પત્નીનું ગુપ્ત ધન છીનવી લીધેલું હતું એ બધા ઝાડું-પોતા કરી પોતાના પાપ ધોઈ રહ્યા છે. ભગવાનને ઘરે દેર છે, અંધેર નથી

https://suratiundhiyu.wordpress.com/

એક નાનકડા વાયરસે મોઢા પર માસ્ક બંધાવી દીધા, યાદ રાખજો કે જો તમે ઝાડો નહિ રોપો તો એક દિવસ પીઠ પર ઓક્સીજનનો સીલીન્ડર પણ બાંધવો પડશે

આજ સવારે થોડો આધ્યાત્મિક થઇ ગયો, અને પથારીમાં પડ્યા પડ્યા આંખો બંધ કરીને વિચારવા લાગ્યો...
"હું કોણ છું ?", ક્યાંથી આવ્યો છું?, શા માટે આવ્યો છું?, મારે શું કરવું જોઈએ?
એટલામાંજ રસોડા માંથી શ્રીમતીજી તાડુક્યા....."એક નંબર ના આળસુ છો તમે. ખબર નહિ ક્યાંથી મારા જીવનને ધુળ કરવા આવ્યા છો. આખો દીવસ પહોળા થઈને પડ્યા રહેવું ને ખાઈ ખાઈને ફાંદ ફુલાવવા સીવાય તમારે કશુ પણ કામ નથી કરવું. હવે ઉભા થાવ અને નાહી ધોઈને ઈસ્ત્રી વાળાને કપડા આપી આવો અને પાછા વળતા શાક લેતા આવજો."
સાલુ...મારા બધા જ સવાલોના પરફેક્ટ જવાબ એક જ વારમાં મળી ગયા.

**हरियाणा कंडक्टर: ताऊ, बीड़ी बुझा दे..!**
**ताऊ: क्यूँ छोरा..?**
**कंडक्टर: ऊपर देख ताऊ, लिखा से 'धुम्रपान मना है'**
**ताऊ: लिखे से के होवे..? तेरी सीट के ऊपरवाले बोर्ड पे लिखा से "copper T लगवाइए', तो तेने लगवा ली के..?**

**बेहोश होते होते बच गया गांव का ताऊ, जब उसने ताईको बताया कि कालुकी बहुको कोरोना हों गया है. तो ताई ने कहा कि बढ़िया किया रामजी ने, 8 साल हो गए थे ब्याह को बेचारीको कुछ नहीं हुआ था...????**

**कभी भी कहीं पर ज्यादा दिन नहीं रुकना चाहिए. वरना इज़्ज़त कम हो जाती है....**
**अब कोरोना को ही ले लो, जो इज़्ज़त मार्च में थी अब कहां!!**

કૃષ્ણ તરફ જોઈને કોરોના વાયરસ અટહાસ્ય કરી બોલ્યો, "હે કૃષ્ણ, જુઓ હું કેટલો સૂક્ષ્મ છું, કે તમે પણ મને જોઈ નથી શકતા, મેં તો તમારા મંદિરોના દરવાજા પણ બંધ કરાવી દીધા..!!"
શ્રી કૃષ્ણ મંદ મંદ હસીને બોલ્યા, "હે કોરોના તે એ વાત ની નોંધ ના લીધી કે મેં દરેક ઘરને મંદિરમાં ફેરવી નાખ્યા.!!

કડવું સત્ય: લગ્નમાં કુંવારા અને સ્મશાનમાં ઘરડાં એક જ આશાએ જાય છે, અમે જો નહીં જઈએ તો અમારામાં કોણ આવશે ?

https://suratiundhiyu.wordpress.com/

એક મીલીટરી બેઇઝ પર એક કર્નલની પત્ની માસ્ક બાંધીને પોતાના કુતરા સાથે જતી હતી. ત્યાં બે સૈનિકોએ એને જોઇને જોરદાર સેલ્યુટ મારી. કર્નલની પત્ની ખુશ થઇ ગઇ, પરંતુ એની ખુશી એણે એ બે જવાનો વચ્ચેની વાતચીત સાંભળી એટલે ગાયબ થઇ ગઇ.
પહેલો જવાન(બીજા જવાનને): પેલી સ્ત્રી કોણ હતી?
બીજો જવાન: ખબર નથી, પણ કુતરો કર્નલનો છે..!!

સાચી વાત, એકવાર સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાના લોકો ક્રિકેટની ટ્રેનીગ કેવી ચાલે છે તે જોવા ત્યાં ગયા. હરભજન સૌથી નાનો અને છેલ્લે લાઇનમાં ઉભો હતો. બધાને પુછતા હતા
What's your name? જવાબ: મહોમ્મદ અઝ્હરુદ્દીન,
Where are you from? જવાબ: હૈદરાબાદ. હરભજનને ઈંગ્લીશ નહોતું આવડતું એટલે એણે જોયું કે પહેલા નામ પૂછે છે અને પછી ક્યાંથી આવ્યા પૂછે છે. પેલા ભાઈએ આ વખતે બીજો સવાલ પહેલા પૂછ્યો,
Where are you from?
હરભજન: હરભજનસિંગ,
સવાલ: What's your name?
હરભજન: જલંદર(હરભજન દ્વારા કહેવાયેલી સત્ય ઘટના)

બાપુ: રઘલા, તારા બાપા આ ગામની બહાર નથી નીકળ્યા તો એમની જમીન સચિનમાં કેવી રીતે આવી?
રઘલો: આ રોડ પર મારા બાપનું નામ લખ્યું છે, "ડાયા અરજણ"
બાપુ: ગધેડા એ "ડાયા અરજણ" નહિ પણ ડાયવર્ઝન લખ્યું છે...

Today I happened to see a WhatsApp video where a leader speaks about corona like this: "Corona is like your wife, initially you try to control it, then realized you can't, then you learn to live with it. Seriously? I reframed it as this....
Corona is like your husband, initially you give it so much importance and it doesn't give you damn about it. Then you learn to live with it, keeping a distance

સ્મૃતિ ઈરાની: "માલિયા"ને લઈને વિમાન ગમે તે ઘડીએ ભારત આવી પહોંચશે.
પત્રકાર: આજે પાંચ દિવસ થયા "માલિયા"વાળું વિમાન કેમ આવ્યું નથી?
સ્મૃતિ ઈરાની: એ તો ભૂલમાં કદાચ ટ્રેનની જેમ બીજા દેશમાં જતું રહ્યું લાગે છે..

હવે ધીમે ધીમે લોકો મને પહેરેલા માસ્ક સાથે ઓળખવા માંડ્યા છે, આજે બે જણાએ રોડ પરથી હાથ ઉંચો કર્યો હતો

પત્ની: ચાલો ઉઠો, સવારના આંઠ વાગી ગયા છે
પતિ: અરે આજે તો મારી આંખ જ નથી ખુલતી, કોઈ એવી વાત સંભળાવ કે મારી આંખ ઉઘડી જાય

https://suratiundhiyu.wordpress.com/

પત્ની: જે બબીતા સાથે તમે આખી રાત ચેટીંગ કર્યું એ મારી “ફેઇક આઇ ડી” હતું(પતિની જિંદગીભરની ઊંઘ ઉડી ગઈ)

કોરોનાએ માણસાઈ જીવંત કરી છે. ટેસ્ટ તમે કરાવોને અને રીપોર્ટ નોર્મલ આવે તેની પ્રાર્થના આખી સોસાયટી કરે

મેનેજર: બોલો બાપુ શું કામ આવવું પડ્યું?
બાપુ: જોઈન્ટ ખાતું ખોલાવવું છે
મેનેજર: કોની જોડે ખોલાવવું છે?
બાપુ: જેનું વધારે બેલેન્સ હોય એની હારે ખોલી નાખો..

ગબ્બરસિંગ: એ હાથ મુઝે દે દે ઠાકુર
ઠાકુર: લઇ લેને ભાઈ, હું તો હાથ ધોઈ ધોઈને થાકી ગયો છુ..

બાપુએ એક સ્ત્રીની કાયમ મશ્કરી કરતા એટલે એ સ્ત્રી ચિડાઈ ગઈ
સ્ત્રી: જો જે હું તારી જિંદગી નરક જેવી બનાવી દઉં છું કે નહિ
બાપુ: મારો તારી જોડે લગ્ન કરવાનો કોઈ વિચાર જ નહતો, આ તો ટાઈમ પાસ કરતો હતો

લક્ષ્મણ મૂર્છા અવસ્થામાં નીચે સુતા હતા. રામ-સીતા ચિંતાગ્રસ્ત હતા.
રામ: હે વાનર શ્રેષ્ઠ, જડીબુટ્ટી લેવા ગયેલા હનુમાનજી કેમ હજુ સુધી નથી આવ્યા? સાથે એ ડોક્ટરને પણ લાવવાના છે
વાનર: ભગવંત, જો આપ રજા આપો તો હું પ્રયત્ન કરું. રામે હા પાડી એટલે પેલો વાનર લક્ષ્મણ પાસે ગયો અને એના કાનમાં કઈ કહ્યું એટલે લક્ષ્મણ એકદમ ભાનમાં આવી ને બેઠા થઇ ગયા. રામને નવાઈ લાગી એટલે એણે એ વાનરને કહ્યું કે તે લક્ષ્મણના કાનમાં શું કહ્યું?
વાનર: પ્રભુ મેં એમ જ કહ્યું કે હનુમાનજી જે જડીબુટ્ટી સાથે ડોક્ટરને લાવવાના છે તે બિહારમાંથી એમ.બી.બી.એસ. ટોપ કર્યું છે....

બે માણસો અંદર અંદર મોટે મોટેથી બુમો મારીને ગરમા ગરમ ચર્ચા કરતા હતા. મેં તેમને જઈને કહ્યું, મોદીજીના કહ્યા પછી કોઈ તમને સપોર્ટ કરવા નથી આવવાનું, આત્મનિર્ભર બનો. થોડીવારમાં બંને વચ્ચે મારામારી શરુ થઇ ગઈ...

એક માણસે ફેસબુક પર સ્ટેટસ બદલીને ત્રિરંગો ઝંડો મુક્યો. મેં એને પૂછ્યું કે પંદરમી ઓગસ્ટ કે છવ્વીસમી જાન્યુઆરી નથી તો પછી ઝંડો શું કામ મુક્યો?
તેણે જવાબ આપ્યો, મિત્રોને જણાવવા કે પત્ની પંદર દિવસ માટે પિયર ગઈ છે....

https://suratiundhiyu.wordpress.com/

સુખી થાવું હોય તો અંદરનો અવાજ સાંભળવાની ટેવ પાડો, અંદરનો એટલે રસોડામાંથી આવતો અવાજ

કોરોનાએ તો ભલભલાની હાલત બગાડી નાખી. અમારી સોસાયટીમાં રહેતા ડોક્ટર હોસ્પીટલમાંથી આવે ત્યારે અમારી સોસાયટીનો વોચમેન એમનું ટેમ્પરેચર માપે છે...

પત્ની: હું હવે આવી જઉં છું
પતિ: વેકેશન ખુલવાને તો હજું ઘણીવાર છે..!
પત્ની: ના..હવે અહીં ગમતું નથી, યાદ આવે છે
પતિ: એમ ના હોય, વળી..તું તારે હજું પંદર દિવસ પિયરીયામાં મૌજ કર..
પત્ની(ખીજવાઈને): કીધું ને એકવાર, હું આવું છું અહીં બધાં સાથે વારાફરતી એક એક વાર બાઝી લીધું છે. હવે તમારાં સિવાય છૂટકો નથી...

હરભજન અને હરવીન્દરસિંગ સી.એ.ની ઓફિસમાં બેઠા હતા. હરભજને કહ્યું કે ત્યાં એક ફોજી આવ્યો અને ફોજી લોકોને અંગ્રેજીમાં બોલવાનોં શોખ હોય છે. એણે હરવીન્દરસિંગ સાથે હાથ મિલાવીને કહ્યું, આઇ એમ લેફ્ટનન્ટ અમરીકસિંઘ. એટલે હરવીન્દરસિંગે કહ્યું, આઇ એમ રાઈટ હેન્ડ હરવીન્દરસિંગ. હરભજને ઇન્ટરવ્યુંમાં કહ્યું કે ત્યારે મને પહેલીવાર લાગ્યું કે હરવીન્દરસિંગે પહેલીવાર સાચો જવાબ આપ્યો

એક બેવડો ખુબ જ દારુ પીતો એમાં ને એમાં તેનું લીવર ખલાસ થઇ ગયું. અંતિમ ઘડી આવી ગઈ. યમરાજ લેવા આવ્યા અને બેવડાને પૂછ્યું તારી કોઈ અંતિમ ઇચ્છા છે?
બેવડો: હા, એક કામ કરજો મને બીજા જન્મમાં દાંત મને જોઈએ તો બે ઓછા આપજો પણ લીવર બત્રીસ આપજો..

હવે પછી મંદિરોમા આ નવુ પાટીયું વાંચવા મલશે
આજના સેનેટાઇઝરની સેવાના દાતા..શ્રી...........છે

ખાધું ચાઈનાવાળાએ અને હાથ આખી દુનિયા ધોઈ રહી છે

હે પ્રભુ અમે ઘરમાં જ છીએ, ધરતી હલાવી હલાવીને ચેક નહિ કર્યા કરો

આકાશમાં તીડ, જમીન પર કોરોના, પાતાળમાં ધરતીકંપ, દરિયામાં વાવાઝોડું અને ઘરમાં પત્ની છતાં મારી "આરોગ્યસેવા એપ" બતાવે છે કે તમે સલામત છો..

https://suratiundhiyu.wordpress.com/

अब किसी के घर के बाहर कपड़े सुखाने वाले तार पर आप बच्चों के लंगोट जैसी कोई चीज सूखते देखें तब बधाई देने के पहले पता कर ले कि वह लंगोट है या मास्क है, असल में मेरे से आज मिस्टेक हो गया

दुनिया लेके बैठी थी परमाणु और ठोक गया एक कीटाणु. जब जलने लगे अर्थव्यवस्था के फेफड़े तब सरकार को याद आये बेवडे।

રામયુગમાં દૂધ મળ્યું અને કૃષ્ણયુગમાં ઘી. કોરોના યુગમાં દારુ મળે "ડીસ્ટન્સ" બનાવીને પી.

પાંચ વાગે તાલી, નવ વાગે મીણબત્તી હવે લાગે છે કે બીજી વખત બાર વાગે મુજરો થશે અને અવાજ આવશે "નાચ કોરોના નાચ", "નાચ કોરોના નાચ"

ભગવાન જે બધું કરે એ સમજી વિચારીને જ કરે છે. હવે જો કાન આટલા બહાર નીકળ્યા ના હોત તો ખીલી ઠોકીને માસ્ક પહેરવા પડ્યા હોત

જે ઝડપથી સ્ત્રીઓ છોલે-ભટુરે, જલેબી બનાવી રહી છે તો કોઈ એમને સમજાવે કે દેશમાંથી કોરોના ખતમ કરવાનો છે, સુજી અને મેંદો નહિ

જો તમારો પતિ બહુ જ મોબાઈલ વાપરતો હોય તો એને ધમકાવો નહિ, બને તો એનો મોબાઈલ ફેંકી દો, "આપણે બીમારી જોડે લડવાનું છે, બીમાર જોડે નહિ"

કોરોનામાં તો જ્યોતિષોના બાર વાગી ગયા છે. એ જેમને કહેતા હતા કે સુખદ લાંબી યાત્રા થશે તે લોકો હોસ્પીટલમાં ટાંટિયા ઉચા કરીને પડ્યા છે, જેના હાથો પીળા થવાના યોગ બતાવતા હતા એ લોકો રોજ હાથમાં રોજ સાબુ અને સેનેટાઈઝર લાગી રહ્યા છે. ઘણા એવા સ્વપના જોતા હતા કે ફલાણા ના લગ્નમાં પીને ખુબ નાચીશું એ લોકો હાલમાં ઘરમાં ઝાડું-પોતા મારી રહ્યા છે.

મહિલાઓ પહેલેથી જ આત્મનિર્ભર છે. સ્કુટી થોભાવવા બ્રેક પર આધાર નથી રાખતી, પોતાના પગે જ થોભાવી દે છે

https://suratiundhiyu.wordpress.com/

વર્ષ 2020 ડુંગળી જેવું છે જેમ જેમ પડ ખુલે છે આંસુઓ નીકળતા જાય છે

બેંકમાં નવું એકાઉન્ટ ખોલાવવા ગયો તો ઓફિસર કહે,
KYC માં તમારે બે ફોટા સબમીટ કરવા પડશે...
માસ્ક સાથે અને માસ્ક વગર..!!

અન્દર  ભૂકંપ ... 8.30 વાગે
બાર કર્ફેયું....  9 વાગે
ક્યાં જવું.... govt જાહેર નામું પાડે ત્યાં સુધી 1 ટાંટિયો ડેલા બાર  અને 1 ટાંટિયો ડેલા અંદર રાખવા વિનંતી

એક વિધાર્થીને ઓનલાઈન ભણાવતા ગુસ્સે થયેલા સાહેબે ફૂટપટ્ટી મારતા પોતાનું લેપટોપ તોડી નાખ્યું

વરસાદ પડે તો આખું ગ્રાઉન્ડ ઢાંકવાની વ્યવસ્થા સરકાર કરે છે પણ ખુલ્લામાં પડેલા સરકારી ગોડાઉનોનું અનાજ ઢાંકવાની કોઇ વ્યવસ્થા નથી કરી શકતી

ચોમાસા દરમ્યાન હળવું ભોજન લેવું. પાણી એકદમ હળવું છે. પાણીમાં તેલ નાખો તો તરે એટલે પાણીથી હળવું તેલ. તેલ ઉકળતું હોય એમાં ભજિયાં નાખો તો એ તરે એટલે એ સૌથી હળવાં. માટે ચોમાસામાં ભજિયાં ખાઓ અને હળવા રહો...

કોરોનાની દવા ન હોવી એ એક સાયન્સ છે અને દવા ન હોવા છતાં દર્દીઓના મોટા મોટા બિલ બનાવવા એ એક આર્ટ છે

આળસુ પત્ની અને સમજદાર પતિ એટલે સાંજે ખીચડી...

ગમે એટલા ભણેલા હોય પણ ઓફીસના દરવાજા પર પુશ/પુલ વાંચીને બે સેકંડ તો વિચારવું જ પડે છે કે ખેચવાનું છે કે ધકેલવાનું છે

જ્યાં સુધી વેક્સીન નહિ મળે ત્યાં સુધી છોકરાઓને સ્કુલે મોકતા નહિ. અભણ પણ રહી ગયો તો તે ક્યાં તો ધારાસભ્ય કે પછી એમ.પી. બની જશે, ગુજાઈશ હશે તો પ્રાઈમીનીસ્ટર પણ બની શકશે

જીગો: મનીયા, તું આજકાલ ગલ્લે કેમ દેખાતો નથી?
મનીયો: હોસ્પીટલમાં છું, કોરોના થયો છે
જીગો: મારી ઓળખાણમાં એક છોકરી છે, કહેતો હોય તો વાત ચલાઉ? એને પણ કોરોના થયો છે...

હવે દુનિયામાં કોઈ એવું નહિ બચ્યું હોય કે જે કહે કે મેં આલ્કોહોલને હાથ નથી લગાવ્યો

સવાર સવારમાં ટવીટર, વોટ્સએપ, ફેસબુક પર ત્રણ ચાર કિલોમીટર આંગળીઓ ચલાવવી એને મોર્નીંગ વોક કહેવાય ખરું?

https://suratiundhiyu.wordpress.com/

**कभी भी कहीं पर ज्यादा दिन नहीं रुकना चाहिए वरना इज़्ज़त कम हो जाती है.**
**अब कोरोना को ही ले लो, जो इज़्ज़त मार्च में थी अब कहां**
**न...तालीयाँ, न...थालियां, न.. दिया, अब तो सिर्फ गालियाँ.....**

પૈસો તો હાથનો મેલ છે અને ત્રણ મહિનાથી હાથ બિલકુલ સાફ છે

ભૂકંપ વખતે એ સમજ ન પડી કે, ચપ્પલ શોધવી કે માસ્ક.

અગાસીમાં સુવા જાવ તો વરસાદ આવે, ઘરમાં રહો તો ભૂકંપ આવે, બહાર નીકળીએ તો કોરોના. સાલું હવે આ 2020માં જવું ક્યાં? 2020માં ખાલી વિકેટ ટકાવી રાખજો, રન તો 2021માં મારી દઈશું..

એક વડીલ ચશ્માના નંબર કઢાવવા ગયાં. ઓપ્ટિશિયને બંન્ને આંખ સામે ફ્રેમમાં 3.5 નંબરના લેન્સ મૂકી કહ્યું સામે લખ્યું છે તે વાંચો.
વડીલ: જૂ.. ની... પુ...રા..ની....... પત્ની.... આપો.......ને.......મ...ન...મો..હક......લૈલા....લઇ જા...ઓ.
ઓપ્ટિશિયને લેન્સ બદલાવી 4 નંબરના મૂક્યાં અને ફરીથી વાંચવા કહ્યું.
વડીલ: જૂની પુરાની પસ્તી આપો ને, મનમોહક થેલા લઇ જાઓ.
ઓપ્ટિશિયન: હવે દેખાયું ક્લિયર ?
વડીલ: ના, આમાં થોડુંક ઝાંખું દેખાય છે...પહેલાં વાળા નંબર જ બરાબર હતાં

પોલિસની ભરતીમાં મંત્રીજીની સાળીએ ભાગ લીધો. 1600 મીટરની રેસ  સાડા છ મિનિટમાં પુરી કરી તો નિરીક્ષણવાળા એ ધીમે રહીને આમ છ મિનિટ કરી આપ્યુ, કેમ કે મંત્રીજીની સાળી હતી. પછી તે કાગળ DSP, SP, DIG છેલ્લે IG પાસે ગયુ ત્યાં સુધી દોઢ મિનિટનુ થઇ ગયું. I.G ગોથે ચડ્યા બોલ્યા આ કોણ  છે જે દોઢ મિનિટમાં દોડી ગઇ???
કોઇએ કીધુ સાહેબ આ મંત્રીજીની સાળી છે.
અલ્યા એ બધું તો ઠીક પણ વર્લ્ડ રેકોર્ડનુ તો ધ્યાન રાખવું તુ, વર્લ્ડ રેકોર્ડ ચાર મિનિટનો જ છે...

એક માસ્કથી એવા લોકોનું શું થશે કે જેમના અનેક ચહેરા છે???

એક વાર પંજાબના પ્રખ્યાત સિંગર વિદેશ જવા પોતાના માણસો સાથે વિમાનમાં બેઠા.
એર હોસ્ટેસ: ડ્રીન્કસ?
સિંગર: યસ, એર હોસ્ટેસ જતી હતી એટલે તેને પાછી બોલાવીને કહ્યું, વિથ સ્નો
એર હોસ્ટેસ: વોટ?
સિંગર બાજુવાળાને પૂછે કે આને તો બરફમાં ખબર નથી પડતી. અંગ્રેજીમાં બરફને શું કહે છે?
બીજો: હું પણ તારી જેમ આવું છું, મને ક્યાં ઇંગ્લીશ આવડે છે?

https://suratiundhiyu.wordpress.com/

કોરોનામાં ઘરમાં ને ભૂકંપમાં ઘરની બહાર, જાએ તો જાએ કહાં જેવી બુરી દશા છે.

રોજ રોજ ગરમ પાણી પી પીને હવે તો આંતરડા પણ પૂછવા લાગ્યા છે કે, “માલિક ગળામાં ગીઝર ફીટ કરાવ્યું છે કે શું?”

જજ: ઘરમાં માલીક હોવા છતાં તે ચોરી કેવી રીતે કરી..??
ચોર: સાહેબ, આપની નોકરી પણ સારી છે અને પગાર પણ સારો છે તો આવુ બધું શીખીને તમે શું કરશો..??

કાલે જ 31મી ડિસેમ્બર જાહેર કરીને 2020ને વધાવી વર્ષ પુરૂ કરો, હવે તો બાપ નથી જીરવાતું.

Amazing Fact You need at least 1 witness to prove a murder......
and a minimum  2 witnesses to register a marriage....!
It clarifies which one is more dangerous.......?

સાવિત્રી તો પોતાના પતિને યમરાજ પાસેથી પણ પાછા લઇ આવી, મતલબ પત્ની આગળ તો યમરાજ જેવા યમરાજનું કશું ચાલતું નથી તો આપણો તો શું ક્લાસ? માટે પત્નીને હંમેશા ખુશ રાખો

એક ભાઈએ થીયેટરના મેનેજરને ફરિયાદ કરી કે મારી પત્ની કોઈ બીજા સાથે અહી ફિલ્મ જોવા આવી છે. તેને લઇ જવી છે.
મેનેજરે પડદા પર જાહેરાત કરી કે એક ભાઇની પત્ની બીજા સાથે અહી આવી છે તે લાઈટ બંધ થાય એટલે શાંતિથી ચુપચાપ બહાર નીકળી જાય. અંધારું થતા જ એક સિવાય બધી સ્ત્રીઓ બહાર નીકળી ગઈ

લલ્લુ(છોકરાને): જો કાલે તારું રીઝલ્ટ છે, ફેઈલ થાય તો તું મને પપ્પા કહીને બોલાવતો નહિ. બીજે દિવસે છોકરો રીઝલ્ટ લઈને આવ્યો
લલ્લુ: શું રીઝલ્ટ આવ્યું?
દીકરો: છોડને લલ્લુ, જાણીને શું કરીશ..

બાપુને સપનામાં ભગવાનના દર્શન થયા અને ભગવાન જોડે વાતચીત કરવા માંડ્યા
બાપુ: હે ભગવાન, અમારે ત્યાના સો વરસ બરાબર તમારે ત્યાના કેટલા વરસ ગણાય
ભગવાન: એક સેકંડ
બાપુ: ફક્ત એક જ સેકન્ડ, ખરું કહેવાય, તો પછી અમારે અહીના એક કરોડ રૂપિયા તમારે ત્યાના કેટલા થાય?
ભગવાન: એક રૂપિયો
બાપુ: શું વાત કરો છો પ્રભુ? એક જ રૂપિયો? તો પછી એક કામ કરો પ્રભુ, તમારો એક રૂપિયો મને આપો
ભગવાન: એક સેકંડ ઉભો રહે..

https://suratiundhiyu.wordpress.com/

એક પંજાબી વેપારીએ નવી કાર લીધી. ઘરે આવ્યા પછી પત્નીને બહાર ફરવા લઇ ગયો અને રેડિયો ઓન કર્યો પણ રેડિયો વાગ્યો જ નહિ. એટલે એ ધુવાફૂવા થઈને સેલ્સમેનને મને છેતર્યો કરીને ગાળો દેવા માંડ્યો. પત્નીએ એને સમજાવ્યો કે ચાલો એ સેલ્સમેનને મળીએ તો ખરા. સેલ્સમેન પાસે ગયા ત્યાં સેલ્સમેને કહ્યું કે આ રેડિયો તમે બોલો એના પર કામ કરે છે. બંને ઘરે જવા નીકળ્યા ત્યારે પત્નીએ કહ્યું કે "આપને મેરે મનકીબાત સુની તો અચ્છા હુવા.." એટલામાં રેડિયો પરથી અવાજ આવ્યો, "મિત્રો, આજ મનકી બાતમે મેં આપકો લોકડાઉન પાંચ કે બારે મે બાત કરુંગા.."

લોકડાઉનથી એક મોટો ફેરફાર એ જોવા મળ્યો કે બધા પુરુષો દાળ-ભાત-શાક-રોટલી-અથાણું-પાપડ એક જ થાળીમાં એડજસ્ટ કરતા થઇ ગયા..

આજે કપડા સુકાવવા માટે ઘર પાસેના ઝાડ પર દોરી બાંધતો હતો ત્યાં જ પડોસણ દોડતી દોડતી આવી અને કહેવા લાગી, "આવું પગલું ભરશો નહિ, મારી તરફથી હા છે"

એકવાર તાનસેન અને બાપુની ગીત ગાવામાં કોમ્પિટિશન થઈ. તાનસેને અડધી કલાક દિપક રાગ આલાપ્યો પછી માંડ ધીરે ધીરે એક દીવડો પ્રગટ્યો.
પછી બાપુનો વારો આવ્યો. બાપુએ એક લીટી હજી પુરી પણ નહોતી કરી, ત્યાં તો આખા મહેલના દિવા ઝળહળી ઉઠ્યા. તો પેલો જે તાનસેનવાળો દીવો સળગ્યો હતો એણે બીજા દિવાઓને પૂછ્યું, એલા, આટલી બધી અસર? તો દિવા કહે, આનું ગીત આખું સાંભળવા કરતા સળગી મરવુ સારુ.....

અંગ્રેજ: તમારા ગુજરાતીઓની ચામડીનો કલર કેમ જુદો જુદો હોય છે, અમારા બધા અંગ્રેજોનો ચામડીનો કલર એક જ સરખો હોય છે
ગુજરાતી: ઘોડાઓ પણ જુદા જુદા કલરના હોય છે જયારે ગધેડા એક જ કલરના હોય છે

સ્ત્રીઓ એમ કેમ માને છે કે પુરુષો મૂરખા હોય છે. બીજી તરફ એમ પણ માને છે કે અમે પુરુષો કરતા કમ નથી..બોલો શું સમજવું?

બાપુ તેમની પત્ની સાથે સીટીંગરૂમમાં બેઠા હતા. તેમણે  કિચન માં કામ કરતા એમના નોકરને બુમ પાડી.
બાપુ: "એ રઘલા",
રઘલો: બોલો બાપુ
બાપુ: આ મારી દારૂની બોટલમાંથી દારૂ પી ને પાણી કોણ ભરે છે? (કિચનમાં  કોઈ જવાબ ના આવ્યો) બાપુએ બે ત્રણ વખત પૂછ્યુ, એ રઘલા દારૂની બોટલમાં પાણી કોણ ભરે છે? કોઈ જવાબ ના આવ્યો એટલે બાપુ કિચનમાં ગયા.
બાપુ: અલ્યા રઘલા, મેં પહેલી બુમ પાડી તે સાંભળી ને તું બોલ્યો, "બોલો બાપુ", પહેલા સવાલનો જવાબ આપ્યો પણ બીજા કોઈ સવાલનો જવાબ કેમ નો આલ્યો?.
રઘલો: બાપુ, પહેલી બુમ સભળાઈ, પણ પછી કશુ સંભળાયુ નથી,

https://suratiundhiyu.wordpress.com/

બાપુ: એવુ નો બને..
રઘલો: બાપુ, તમે કિચનમાં રહો હું સીટીંગ રૂમમાંથી તમને પુછુ.
રઘલો સીટીંગ રૂમમાં ગયો ત્યાંથી બુમ પાડી, "બાપુ"....
બાપુ: બોલ રઘલા..
રઘલો: બાપુ, આપણા ઘરની કામવાળીને મોબાઈલ કોણે અપાવ્યો?(અંદરથી કોઈ જવાબ નો આવ્યો)
રઘલો: માલિક, આપણી કામવાળીને લોંગ ડ્રાઈવ પર કોણ લઈ જાય છે?(કોઈ જવાબ ના આવ્યો)
બાપુ બહાર આવીને રઘલા ને કહે, "રાઘલા, તુ સાચુ કહેતો હતો, પેલી હાક સંભળાય છે, પછી બીજુ કશુ સંભળાતુ નથી"!!!!!!

આ કોરોનાનું જુનવાણી સાસુ જેવું છે
* ઘરના કામ જાતેજ કરો, કામ વગર બહાર ના જાવ.
* મોઢું બંધ રાખો, કામ કરોને રોટલા ખાવ, બહારનું ના ખાવ.
* લાલી - લિપસ્ટિક ના કરો, થિયેટર કે ફરવા ના જાવ.
* સહેલીઓથી દૂર રહો, કહીએ તેમજ કરો,
* કામ પતાવીને ઘરભેગા થાવ, સંધ્યાકાળ પછી બહાર ના નીકળો.
બોલો, સાચું કે નઈ...?

સમજદાર પત્ની:
ઝરમરતા વરસાદમાં તે એક હાથમાં છત્રી અને એક બાજુના ભીના ખભા સાથે ઘરમાં પ્રવેશ્યો ત્યારે ચિંતાતુર પત્નીએ કહ્યું, સાંભળો, કેટલા દિવસથી જોઈ રહી છું કે તમે વરસાદમાં હેરાન થાવ છો. તમારો એક બાજુનો ખભો હંમેશા ભીનો થઇ જાય છે. માટે ક્યાં તો તમે નવી મોટી છત્રી લઇ લો અથવા તો પેલીને પણ ઘરે લઇ આવો, સાથે ચા પીશું...(સમજે એને સલામ)

પત્ની રસોડામાંથી બુમો મારીને પતિને બોલાવતી હતી. ત્રણ-ચાર વાર બુમો પાડ્યા પછી પેલો નહિ આવ્યો એટલે પત્ની આગળ ડ્રોઇંગરૂમમાં પેલાને જોવા આવી. પેલા ભાઈ ફાઈલોમાં માથું નાખીને સુતા હતા. બિચારો કચરા-પોતું-વાસણ ઘસીને થાકી ગયો હશે. પત્નીએ એના માથા પર હાથ ફેરવ્યો અને પછી જોરમાં થપ્પડ મારી. પેલો બાઘો થઈને શું થયું, કોણે માર્યુ બોલીને સફાળો જાગી ગયો. પત્નીએ એને કહ્યું, હવે આ નાટક બંધ કરી કપડા ધોઈ કાઢો, એ બીજાને ઉલ્લુ બનાવવાના, વોટ્સએપમાં એક મિનીટ પહેલા તમારું સ્ટેટસ ઓન બતાવે છે..

અસલી લડાઈ તો ધીરુભાઈનો નાનો અનિલ લડે છે. ચીનની બેંકોનું કરી નાખ્યું..

કાચની પેલી બાજુ છોકરા કજીયો કરે રોટલીના બટકા માટે,
બાપ રમકડા વેચાય તે માટે કારની બારી ખખડાવે...
કાચની આ બાજુ, છોકરા કજીયો કરે રમકડા માટે,

https://suratundhiyu.wordpress.com/

બાપ લઇ આપે રમકડા રોટલી ખાવાની શરતે...
કેટલુ બધુ પારદર્શક છે આ જગત..!

બાપુ અમેરિકામાં હાઈવેની ટચ રોડ પર રહેતા હતા. મરઘીઓ પાળતા અને ઈંડા વેચતા હતા. પરંતુ હાઈવે ને લઈને એમની ઘણી મરઘીઓ ટ્રકમાં કચડાઈને મરી જતી. એમને અરજી કરીને વાહનો ધીમે હાંકવા અરજી કરી. સત્તાવાળાઓએ ત્યાં રોડ પર બોર્ડ માર્યું “SLOW: SCHOOL CROSSING”. તો પણ વાહનો ફૂલ ઝડપે જતા અને મરઘીઓ કચડાઈ જતી. એટલે બીજું બોર્ડ માર્યું “SLOW: CHILDREN AT PLAY”. તો પણ કશો ફરક નહિ પડ્યો એટલે બાપુએ અધિકારીને કહ્યું, “સાહેબ, હવે મને મારું બોર્ડ મારવા દો”. સાહેબે હા પાડી એટલે બાપુએ પોતાનું બોર્ડ માર્યું. અધિકારી એક દિવસ ચેક કરવા આવ્યો બધા વાહનો ત્યાં એકદમ ધીમેથી ચાલતા હતા. તેમણે બાપુને પૂછ્યું કે તમે એવું તે શું કર્યું કે લોકો આટલા ધીમેથી વાહનો હાંકે છે. બાપુએ એમને પોતાનું બોર્ડ બતાવ્યું, “NUDIST COLONY: GO SLOW - WATCH FOR CHICKS”.

કોઈપણ સ્ત્રી ત્યારે જ હાર સ્વીકારે છે.............જ્યારે તે સોનાનો હોય...

હોસલો રાખતા તો પ્રેસર કુકર પાસે શીખવું જોઈએ
નીચે આગ લાગી હોય તો પણ આરામથી સીટીઓ વગાડતું હોય છે

સૌથી વધારે યાદશક્તિ અનાજની ઘંટીવાળાની હોય છે,
બૈરાંનું મોઢું જોઈને કહી દે કયો 'ડબ્બો' કોનો છે...

બાપુ: એ રઘલા, જે લોકો હોળી-ધુળેટીમાં પાણી બચાવો, પાણી બચાવોની બુમો મારતા હતા એજ લોકો દિવસમાં પચીસ વાર હાથ ધુવે છે, ચા-પાંચ વાર નહાઈ છે
રઘલો: બાપુ એવું કેમ?
બાપુ: રઘલા, એવું કેમની મા નઈ પૈણ, મને તો હવે નળમાંથી ટાંકીનો અવાજ આવે છે, એના કરતા બાપુ ટાંકીમાં જ બેસી રેતા હોવ તો?

જીગાની એક ગામમાં ટીચર તરીકે નોકરી લાગી. જીગાએ ઓશરીમાં એક હિંચકાવાળું ઘર ભાડે રાખ્યું. નવરાધૂપ અને ગાવાનો શોખ, સવારે ગાવા માંડ્યો, “તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી...”. ત્યાં તો સામેથી બાપુએ આવીને જીગાને ધોઈ કાઢ્યો, “સાલા આવ્યોને એક દિવસ નથી થયો ને મારી હંસા જોડે પ્રીત્યું કરતો થઇ ગયો?”. લોકોએ જેમ તેમ બાપુને સમજાવ્યા અને જીગા પાસે હંસાને રાખડી બંધાવી ત્યારે બાપુ માન્યા....

પત્નીએ પતિને મેસેજ કર્યો, ઓફિસથી આવતી વખતે શાકભાજી લેતા આવજો અને હા, પડોસણે તમને કેમ છો કહ્યું છે.
પતિ: કઈ પડોસણ?
પત્ની: કોઈ નહિ, મેં તો જાણી જોઇને પડોસણનું નામ લખ્યું એટલે તમે મને પૂછો કોણ? મને ખબર પડી જાય કે તમને મેસેજ મળી ગયો છે. હવે વાર્તા આગળ વધે છે....
પતિ: પણ હું તો પડોસણની સાથે જ છું...

https://suratundhiyu.wordpress.com/

પત્ની: ક્યાં છો તમે?
પતિ: શાકમાર્કેટ પાસે...
પત્ની: ત્યાજ ઉભા રહો, હું આવું છું. પત્ની દસ મીનીટમાં માર્કેટ પહોંચે છે અને પતિને મેસેજ કરે છે તમે ક્યાં છો?
પતિ: હું ઓફિસમાં છું, તારે શાકભાજી ખરીદવા હતાને તો ખરીદી લે...અહીયા વાતમાં બીજો મોડ આવે છે...
પત્ની: હું તો ગુસ્સામાં રિક્ષા પકડીને આવી ગઈ અને ઘરે પર્સ ભૂલી ગઈ છું. શાકભાજી તો તેલ લેવા ગયા, રીક્ષાવાળાને ભાડું ક્યાંથી આપું? તમે જલદીથી અહી આવી જાવ....
પતિ: બેવકૂફ, પર્સ તો સાથે લેવું જોઈએ, ઠીક છે, હું આવું છું. માર્કેટ પહોંચીને પતિ પત્નીને મેસેજ કરે છે, “તું ક્યાં છે?”
પત્ની: ઘરે જ છું, શાકભાજી લઈને સીધા ઘરે આવી જાવ....
ઉપદેશ: નારી થી તો નારાયણ જીતી નથી શક્યા તો પતિને કોણ પૂછે છે....

પહેલા લોક, હવે અનલોક અને હવે જો કાળજી નહિ રાખશો તો પછી પરલોક

મરતી વખતે પતિએ અચકાતાં અચકાતાં પત્નીને પૂછયું, આપણો ૭મો દીકરો પહેલાં ૬ દીકરાઓ કરતાં મને હંમેશાં કંઈક જુદો જ લાગ્યો છે, સાચું કહેજે એનો બાપ જુદો હતો ને?
પત્ની(રડતાં રડતાં): હા.
પતિ: કોણ..?
પત્ની: તમે...પતિ તરત જ ટપકી ગયો...સમજે એને સલામ...

વડોદરાની છોકરી: હોટલમાં બિલ તો તમારે પુરુષોએ જ ચૂકવવાનું હોય. એટલે જ તો બીલમાં ઉપર “MEN-U” લખેલું આવે છે.
અમદાવાદી છોકરો:  અરે ગાંડી એમ નહિ પણ આપણે બંનેએ ચૂકવવાનું હોય, “ME-N-U” , અમદાવાદી જોડે કોઈ દિવસ પંગો નહિ લેવાનો, સમજીને..

સંતા મંદિરમાં ગયો એટલે પુજારીએ એને અંદર જતા રોક્યો અને કહ્યું તું માંસ ખાય છે એટલે અંદર નહિ જઈ શકે
સંતા: જે વાઘ પર માતાજી બેઠા છે તે વાઘ શું કોબીનાં પરોઠા ખાય છે? પુજારી બેભાન..

બ્રિટનમાં એરેન્જ મેરેજ અને લવ મેરેજ પર એક વાર્તાલાપ રાખવામાં આવ્યો
બ્રીટીશર: તમે એક સ્ત્રીને જાણ્યા વગર લગ્ન કેવી રીતે કરી શકો?
ઇન્ડિયન: તમે એક સ્ત્રીને જાણ્યા પછી લગ્ન કેવી રીતે કરી શકો? સમજે એને સલામ

15 વર્ષ પછી જુની ફ્રેન્ડ મળી.
મેં પૂછ્યું શું કરે છે?
મને કહે, એમ્બેસેડરમાથી  ઓડી  બનાવું છું!

https://suratiundhiyu.wordpress.com/

સાલું ૩ દિવસ પછી ખબર પડી કે, એ લેડીઝ બ્યુટી પાર્લર ચલાવે છે.!

સાચા ખગોળશાસ્ત્રી તો પરિવારમાં જ છે.
એક "મા " જે બાળપણમાં ચંદ્ર દેખાડતી હતી
બીજા "પપ્પા" જે એક થપ્પડમાં આખું બ્રહ્માંડ દેખાડી દેતા હતાં
ત્રીજી "પત્ની" જે ધોળા દાડે તારા દેખાડે છે
આ નાસા બાસા તો માત્ર ભ્રમ છે...

દિવસ રાત ઘરમાંને ઘરમાં રહી મારા એક મિત્ર પુસ્તક વાંચતા ખબર પડી કે પત્નીના 47 નામ હોય છે
**पत्नी, अर्धांगिनी, लुगाई, बीवी, धर्मपत्नी, घरवाली, संगिनी, औरत, कलत्र, कांता, गृहस्वामिनी, गृहिणी, जनाना, जाया, जोरू, दारा, नारी, परिणीता, भार्या, वधू, वल्लभा, वामा, वामांगना, वामांगिनी, सजनी, सहचरी, सहधर्मिणी, स्त्री, गेहिनी, अंकशायिनी, गृहलक्ष्मी, प्राणप्रिया, जीवनसंगिनी, तिय, तिरिया, दयिरा, दुलहन, दुलहिन, प्राणवल्लभा, प्राणेश्वरी, प्रिया, प्रियतमा, बन्नी, वनिता, बेगम, हृदयेश्वरी, श्रीमती, सहगामिनी.** અને અંગ્રેજી માં ફક્ત એક જ Wife હોય છે, પણ બીજી અનેક હોય છે...

ઊંડી તપાસ કર્યા પછી ખબર પડી કે પતિ-પત્નીના ઝગડાનું મુખ્ય કારણ “ગોર મહારાજ” છે. કારણ કે એમણે જ ફેરા ફરતી વખતે આગમાં ઘી નાખ્યું હતું

શિક્ષક: એ કોણ છે, જે હવામાં ઉડે પણ બચ્ચા જમીન પર આપે ?
ચંપક: "એર હોસ્ટેસ".....માસ્તર બેભાન....

ફેરા ફરતી વખતે ગોર મહારાજે કીધુ, “કોઇ ને આ લગન સામે વાંધો છે?”
મગનો: મને છે
ગોર બાપા: તું મુંગો રે, તું વરરાજા છો

એક પૈસાદાર વ્યક્તિ રોબોટ ખરીદી લાવ્યો, જે ખોટું બોલે એને સટ્ટાક કરીને લાફો મારી દેતો હતો.
એનો દીકરો પપ્પા પાસે આવ્યો, પપ્પા આજે મારું માથું સખ્ખત દુ:ખે છે, નિશાળે નહિ જાંઉ..
"સટ્ટાક....!" રોબોટે દીકરાને લાફો લગાવી દીધો...
પપ્પા: જોયું , તું ખોટું બોલ્યો એટલે લાફો પડ્યો, તારી ઉમરનો હતો ત્યારે હું કદી નિશાળે ન જવા તારા જેવા બહાના ન હતો કરતો !"
સટ્ટાક...!" રોબોટે પપ્પાને લાફો ઝીંકી દીધો....
બાજુમાં જ તેની પત્ની ઉભી હતી, તેણે હસીને કહ્યું , આખરે દીકરો તો તમારો જ ને..
"સટ્ટાક...!" રોબોટે મમ્મીને પણ લાફો લગાવી દીધો...
પેલાએ રોબોટ વેચવા કાઢ્યો છે, બધા ધારાસભ્યો ખરીદવા તૈયાર છે, રોબોટ ખરીદવા કોઈ તૈયાર નથી...

https://suratiundhiyu.wordpress.com/

પપ્પા: કેટલા નંબરે પાસ થયો..?
જીગો: પપ્પા, બીજો  આવ્યો
પપ્પા: તુ આ વખતે નંબર વન પરથી સરકી ગયો..!
જીગો: ના, પપ્પા, અનિલ અને મારા માર્કસ સરખા છે.
પપ્પા: પછી?
જીગો: બંનેના ગુણ સરખા હોવાથી, ત્યારબાદ તેમણે પ્રથમ-બીજાને નક્કી કરવા માટે "ડકવર્થ લુઇસ" નિયમનો ઉપયોગ કર્યો.
પપ્પા: એટલે કે...??
જીગો: એટલે કે બંનેના પિતાના SSC ના ગુણ તપાસ્યા. તે પછી.....
પપ્પા: રહેવા દે ..રહેવા દે..

સંતા(ફોનપર): ડોક્ટર સાહેબ, પહેલા લોકડાઉન પછી હું બહાર જ નથી ગયો. મારે અગત્યનું કામ હોવાથી જવું જ પડે એમ છે તો શું કરું?
ડોક્ટર: ચિંતા નહિ કરો, હેન્ડ ગ્લોવ્સ્ઝ અને માસ્ક પહેરીને જાવ એટલે કોરોનાથી રક્ષણ મળશે
સંતા હેન્ડ ગ્લોવ્સ્ઝ અને માસ્ક પહેરીને બહાર ગયો. એ તો ખુબ જ વિચારમાં પડી ગયો કારણ કે બધા લોકોએ ગ્લોવ્સ્ઝ અને માસ્ક ઉપરાંત પેન્ટ અને શર્ટ પણ પહેરેલા હતા...

પૃથ્વીના જો મા-બાપ હોત તો તેને પણ સાંભળવું પડે તે કે, "ઠરીને બેસને, ચોવીસ કલાક ફર ફર કરે છે તે"

સવારથી ગાળાગાળી કરતાં બંને પાડોશીઓને સતત બે કલાક સમજાવ્યા..
ત્યારે માંડ માંડ.. મારામારી પર આવ્યા. ..

માસ્તર : કાલે તારા બાપાની સિગ્નેચર લેતો આવજે.
પપ્પુ : અડધી મારા બાપા પી ગયા છે અડધી ચાલશે?

શક કરવાની પણ કોઈ હદ હોય યાર.
હુ ઓફિસથી આવ્યો, પડોશણ પિયરથી આવી.
બંનેને સાથે એપાર્ટમેન્ટની સીડી ચઢતા જોઈ પત્ની બોલી,
લેવા ગયા હતા કે શુ ????
બોલો તમારો કોઈ અનુભવ

બાપુ દારુ પીને આવતા હતા. ત્યાં જોયું તો બધી કાર ઉભી હતી અને પોલીસનું ચેકિંગ ચાલતું હતું. બાપુ તો ડ્રાઈવરની સીટ પરથી ઉતરીને પાછળ બેસી ગયા. ત્યાં પોલીસવાળાએ આવીને કહ્યું દરબાર, ગાડી આગળ લો, પાછળ લાઈન લાગી છે.
બાપુ: સાહેબ મેં પીધું છે અને મારો ડ્રાઈવર તમને ચેકિંગ કરતા જોઇને ભાગી ગયો

https://suratiundhiyu.wordpress.com/

ઇન્સ્પેક્ટર: પણ તમે ગાડી તો સાઈડમાં લો
બાપુ: સાહેબ, મેં દારુ પીધો છે એટલે કાયદાનો ભંગ નહિ કરું
ઇન્સ્પેક્ટરે બાપુની કાયદાને માન આપવાની ખુમારી જોઇને એક કોન્સ્ટેબલને બાપુની ગાડી ચલાવી ઘરે મોકલી આપ્યા. કોણ કહે છે કે પીધા પછી મગજ નથી ચાલતું?

**पुलिस: तुम्हारे सामने चोर उस लड़की का पर्स छीन रहा था और तुमने उसकी कोई मदद  नहीं की।**
**लड़का: मैं उस लड़की को जानता हूँ, उसका व्हॉट्सअप स्टेटस है,** “I can handle my problems. Mind your own business,  Don't underestimate the power of woman”
**पुलिस: फिर ठीक है मरण दे।**

કોરોના અમિતાભને થયો અને મરી ગયા અમરસિંહ, આનું નામ ફ્રેન્ડશીપ...

What is PYAAR ?
Its a group of friends sitting in a BAR
with glasses in hand and saying--
 "P"   "YAAR".

પતિ: તું આટલી સરસ ચટણી કેવી રીતે બનાવે છે
પત્ની: બનાવતી વખતે તમને યાદ કરું છું, કુટવામાં આસાની રહે છે...

બાપુ(ટેલિફોન કંપનીમાં ફોન કરે છે): મેડમ મારું ટેલીફોનનું બિલ ખુબ વધારે આવ્યું છે
વોડાફોન સેલ્સ એક્ઝ્યુક્યુટીવ છોકરી: તમારો પ્લાન શું છે?
બાપુ(ખુશીમાં ઊછળીને): અત્યારે તો ભેંસ દોહું છું, સાંજે ફ્રી જ છું, ક્યાં અને કેટલા વાગે તમને ફાવશે?

ટીચર: ચાલ ન્યુટનનો નિયમ બતાવ
જયંતી જોખમ: સાહેબ, આખી લાઈન તો યાદ નથી, છેલ્લી લાઈન યાદ છે
ટીચર: ચાલ, તો છેલ્લી લાઈન બોલ જોઉં
જયંતી જોખમ: અને આને ન્યુટનનો નિયમ કહે છે!(સાહેબ બેભાન!)

બાપુ(ગુસ્સામાં): ટણપા, મારો ઓર્ડર હજુ સુધી કેમ નથી લીધો?
મેનેજર: બાપુ, નમ્રતા સાથે વાત કરો, પછી જ હું તમારી સાથે વાત કરીશ
બાપુ: હા તો પછી “નમ્રતા” સાથે વાત કરાવો!

https://suratiundhiyu.wordpress.com/

**जानते हो ये "मईके" शब्द कहा से आया है•••???**
**क्योंकी हर पत्नी, "मई" के महीने में ही, "मईके"जाती है•••**

એક વડીલ ચશ્માના નંબર કઢાવવા ગયાં. ઓપ્ટિશિયને બંન્ને આંખ સામે ફ્રેમમાં 3.5 નંબરના લેન્સ મૂકી કહ્યું સામે લખ્યું છે તે વાંચો.
વડીલ: જૂ.. ની... પુ...રા..ની....... પત્ની.... આપો.......ને.......મ...ન...મો..હક.....લૈલા...લઇ જા...ઓ.
ઓપ્ટિશિયને લેન્સ બદલાવી 4 નંબરના મૂક્યાં અને ફરીથી વાંચવા કહ્યું.
વડીલ: જૂની પુરાની પસ્તી આપો ને, મનમોહક થેલા લઇ જાઓ.
ઓપ્ટિશિયન: હવે દેખાયું ક્લિયર.?
વડીલ: ના, આમાં થોડુંક ઝાંખું દેખાય છે, પહેલાંવાળા નંબર જ બરાબર હતાં.

પત્ની: એક પ્રશ્ન પૂછું?
પતિ: પૂછને
પત્ની: Personal, Secret અને Top secret એટલે શું?
પતિ: તું મને ગમે છે એ Personal
તારી સહેલી મને ગમે છે એ Secret
તારી સહેલીને પણ હું ગમું છું એ Top secret

પત્ની: સાંભળો છો, તમને સુંદર સ્ત્રી પસંદ છે કે હોશિયાર..?
પતિ: બંનેમાંથી એકપણ નહિ, મને તો તું જ પસંદ છે(મારા તે ભોગ લાગ્યા છે કે બીજી કહું)

જે અમારો દુધવાળો કહે કાલથી તમારી ઈમ્યુનીટી વધે એવું દુધ લાવું..? લિટરે ખાલી 10 રુપીયા વધારે આપવા પડશે.
મે કીધુ, એટલે એ વળી કેવું દુધ..?
દુધવાળો: એટલે કે એવી ભેંસનુ દુધ જે ભેંસને અમે રોજ લીંબુ અને સંતરા ખવરાવી છીએ જેથી એના દૂધમાં વીટામીન સી મલે. રોજ સવારે 1 કલાક તડકે ઉભી રાખીએ છીએ એટલે એના દુધમાં વીટામીન ડી પણ હોય. એટલે એ દૂધ તમે પીવો એટલે ઈમ્યુનીટી વધે.

**सास(बहू से): जब मैं प्रेग्नेंटथी तब मैंने जो कुछ भी खाया, आज बेटे को हर वो चीज़ बेहद पसन्द है**
**बहू: माँजी, जो भी हो, लेकिन आपको सिगरेट और दारू से बचना चाहिए था...**

પુરુષ જ પુરુષને સમજી શકે છે.
ગ્રાહક: એક લેડીઝ ડ્રેસ જોઈએ છે
દુકાનદાર: પત્ની માટે જોઈએ છે કે પછી ભારેમાં બતાઉં??

https://suratiundhiyu.wordpress.com/

નાનો દીકરો: બાપુજી છેલ્લી ઘડીમાં કાંઈ બોલ્યા?
મોટો દીકરો: ના રે ના, બા છેલ્લે સુધી પાસે જ બેઠા'તા

એક નવી પરણેલ કન્યાને એના વરના ઘરે પરંપરા પ્રમાણે આવકારવામાં આવી. પરિવારના સભ્યોએ એને બે શબ્દ કહેવા માટે આમંત્રી.
એણે સ્પીચ આ પ્રમાણે આપી: "મારા પ્રિય પરિવારજનો, હું તમારો આભાર માનું છું, કે આપે મને કુટુંબમાં અને નવા ઘરમાં આવકાર આપ્યો. સૌથી પહેલા, મારી હાજરીથી કોઈને તકલીફ ના પડવી જોઈએ. મારો કહેવાનો મતલબ એ કે આપની રહેણી-કરણીમાં કોઈ જાતનો બદલાવ મારે લીધે ના લઇ આવતા. નિયમિત જિંદગી જેમ જીવતા હતા તેમજ રાખજો.."
વડીલ: "તું શું કહેવા માંગે છે, બેટા..?"
કન્યા: "હું કહેવા માંગું છું પપ્પા કે જેઓ વાસણ ધોતા હતા, તેઓએ એ ધોતા જ રહેવું. જેઓ કપડા ધોતા, તેઓ એ ધોતાજ રહેવું. જેઓ રસોઈ કરતા હતા, તેઓ એ મારે લીધે બંધ કરવાની જરૂર નથી. જેઓ ઝાડુ-પોતા કરતા તેઓ એ ઘર ચોખ્ખું રાખવું જ. રહી વાત મારી, તો હું અહીં ફક્ત તમારા દીકરાને કાબુમાં રાખવા જ આવી છું.."

મોરારજીભાઈ દેસાઈના અનુયાયીને ડોક્ટરે છ ટીકડીઓ આપી તો અનુયાયીએ પુછ્યું..
"સાહેબ ટીકડીઓ એકી સાથે લેવાની ?"
ડોક્ટર કહે ના પાણી સાથે..

ટીચર: આ પક્ષી ના પગ જોઈને તેનું નામ લખો.
પપ્પુ: મને નથી ખબર..
ટીચર: તું ફેઇલ, તારું નામ શું છે?
પપ્પુ: મારા પગ જોઈને લખી લ્યો.....

મંદિરની બહાર...
ભિખારી: 10 રૂપિયા આપો ભગવાન તમારી જોડી સલામત રાખે.
પરિયો: વાંઢો છું.
ભિખારી: તમારા ચંપલની વાત કરું છું.

પત્નીઓ બે પ્રકારની હોય છે. પહેલી એ કે જે પતિની બધી વાત સાંભળે છે, એના વિચારોને સમજે છે, પતિ જોડે પ્રેમથી વાતચીત કરે છે, કોઈ દિવસ કોઈ માંગણી નથી કરતી અને પતિ ગમે તેટલો ગરમ થાય તો પણ હસતી જ રહે છે. અને બીજી કે જે બધા પાસે છે....

દોરાબ બાવાજી જેરુસલામથી પાછા આવતી વખતે અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમમાં સપડાયા

https://suratiundhiyu.wordpress.com/

ઓફિસર: તમારી બેગમાં શું છે?
દોરાબ બાવા: હોલી વોટર
ઓફિસરે બાટલી ખોલીને સુંઘી જોઈ અને કહ્યું, "બાવાજી જુઠું નહિ બોલો, આ તો વ્હીસ્કી છે
દોરાબ બાવા: ઓહ જીસસ....એક વધુ ચમત્કાર..!!!

ડોક્ટર: બાપુ, તમારે જીવવું હોય તો દારુ ચોથા ભાગનો જ પીઓ તો સારું
બાપુએ એ દિવસથી અંદર પાણી ઉમેરવાનું છોડી દીધું...

એક સ્ત્રી ત્રણ બાળકોને લઈને બસમાં મુસાફરી કરતી હતી.
કંડકટર: બેન, આ ત્રણ બાળકોની ટીકીટ લેવી પડશે, બધાની ઉંમર બતાવો?
સ્ત્રી: પહેલાવાળાની બે વર્ષ, બીજાવાળાની અઢી વરસ અને ત્રીજાની ત્રણ વરસ
કંડકટર: બેન, ટીકીટ જોઈએ તો નહિ લો પણ ગાળો તો નવ મહિનાનો રાખો?
સ્ત્રી: કર્મફૂટેલા, વચ્ચેવાળો તો મારો ભત્રીજો છે, તું ટીકીટ ફાડ, ઉપદેશ નહિ આપ!

ખરું છે સાલું..બ્રેડ શેકીને કડક બનાવીને ખાઇએ અને ટોસ્ટ ચા માં બોળી ઢીલા બનાવીને ખાઇએ...આપણને કોઈ પણ વસ્તુ કેમ એની મૂળ સ્થિતિમાં નથી ગમતી...

પતિ-પત્ની ટી.વી. જોતા જમી રહ્યા હતા. પતિ કંઈક લેવા રસોડામાં જાય છે.
પત્ની: સાંભળો છો? મીઠું લેતા આવજો
પતિ: મીઠું ક્યાં પડ્યું છે? મળતું નથી
પત્ની: મને ખબર જ હતી કે તમે તો છો જ આંધળા, પુરા કામચોર, એક કામ સરખી રીતે કરતા શીખ્યા નથી, માએ કશું શીખવ્યું હોય તો ને, આવા ને આવા ક્યાં સુધી રહેશો? હે ભગવાન! મારી તો જિંદગી નકામી ગઈ. તમારામાં અક્કલ ક્યારે આવશે? મને ખબર જ હતી કે તમને મીઠું મળશે જ નહિ એટલે હું પહેલેથી લઈને જ બેઠી હતી, હવે આવતા રો...બોલો, છે કોઈ ઉપાય?

Nowadays only two husbands matters in India.
Sita's and Nita's...!!!

ફેસબુક પર પોતાની પ્રોફાઈલ લોક કરવી એ ઘૂંઘટ પ્રથાનું ડીજીટલ વર્ઝન છે

જીગો: શું, એની વાઈફ સાચ્ચે જ 'બ્યૂટી ક્વિન' છે?
પપ્પુ: ના, 'કલોરો ક્વીન' છે.એને જોતાં જ તાવ ઊતરી જાય છે!

https://suratiundhiyu.wordpress.com/

ઓપરેશન ટેબલપર સુતેલા દર્દીએ ડોક્ટરને પૂછ્યું, સાહેબ, ઓપરેશન પછી હોસ્પીટલમાં કેટલો વખત સુધી રોકાવું પડશે?
ડોક્ટર: જો ઓપરેશન સફળ થાય તો એક અઠવાડિયું અને નહિ તો અડધો કલાક!

પતિ ઓફિસેથી આવીને હાથ-પગ ધોઈને ખાવા બેઠો. એણે પત્નીને કહ્યું ખાવામાં કઈ ટેસ્ટ નથી આવતો. પત્નીએ તરત જ મ્યુનિસિપાલિટીના ડોક્ટરને ફોન જોડ્યો અને કહ્યું મારા પતિ ને ખાવામાં કોઈ જાતનો ટેસ્ટ નથી આવતો. મ્યુનિસિપાલિટીની એમ્બ્યુલન્સ આવી અને પતિને લઇ ગઈ. એ ભાઈ ચૌદ દિવસના કોરન્ટાઈનમાં.
હવે વાતનો બીજો ભાગ. પતિને હોસ્પીટલના ડોક્ટરોએ પૂછ્યું કે તમે કોની કોની જોડે સંસર્ગમાં રહ્યા હતા. તેણે કહ્યું કે મેં આવીને મારી પત્નીને કિસ કરી હતી. ડોકટરે બીજી એમ્બ્યુલન્સ મોકલી પત્નીને પણ ચૌદ દિવસ કોરન્ટાઈનમાં મૂકી દીધી. આ તો દોઢ ડાહી પત્નીઓને ચેતવણી છે કે એમના સ્માર્ટ પતિ જોડે વધારે હોશિયારી કરવી નહિ..

બાપુ: રઘલા, એવી ચા પીવડાવ કે રોમે રોમે દીવા થઈ જાય !'
રઘલો: બાપુ, ચામાં દૂધ નાખું કે તેલ ?

સંતા: હું નાનો હતો ત્યારે ચોથા માળેથી પડી ગયો હતો
બંતા: તો પછી તું જીવતો રહેલો કે મરી ગયેલો?
સંતા: મને યાદ નથી, હું નાનો હતો ને....

બુલેટ ટ્રેન એવા દેશો માટે છે જ્યાં સમયની અછત છે. ભારતમાં તો ગાડી રીવર્સ લેતા હોય તો સાત જણા આવવા દો, આવવા દો કરતા હોય છે

પત્ની: હું રોજ પૂજા કરતી હતી, કાશ એક દિવસ ભગવાન મળી જાય
પતિ: મીરાંબાઈની જેમ ઝેર પી લે, શ્રી કૃષ્ણ તો શું બધા ભગવાનોના દર્શન થઇ જશે

આજે રોજની જેમ નીંદરમાથી ઉઠ્યો, બાજુમા પત્ની સખત તાવમા કણસતી હતી. આજે દુકાને રજા રાખી. માથે ઝંડુ બામ લગાવ્યો, નીચે જઈ દૂધ લાવ્યો, સૂંઠ, લીલી ચા, તુલસી નાખી ગરમ ગરમ ચા બનાવી. મે અને એણે સાથે પીધી. 9 વાગે પોહા ભીંજવ્યા, કાંદા કાપ્યા, મરચા કાપ્યા, કોથમરી નાખી ને બનાવ્યા, લીંબુ નાખીને મે અને એણે  ખાધા. 11 વાગે કુકર મૂકી રીંગણાં બટેટાનું શાક, દાળ બનાવી, ગોળ કહેવાય એવી રોટલી બનાવી, સાથે બને 1 વાગે જમ્યા. ટેબલ સાફ કરી લીધું. 4 વાગે ફરી ચા બનાવી ને બને સાથે પીધી. સાંજે મગ ચોખાની ખીચડી, કઢી બનાવી, 9 વાગે સાથે જમ્યા. રસોડું પરવારીને રૂમમા સુવા ગયો, પત્ની ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. મે કીધું કેમ રડે છે? પત્ની બોલી તમારું મારાં વગર કાંઈ પણ અટકતું નથી. બોલો હવે ભલાઈનો જમાનો જ નથી રહ્યો.

હાથી ઘોડા પાલકી, જય કોરાના લાલકી
એસી તેસી કર દી સાલે તુને પૂરે સાલ કી

https://suratiundhiyu.wordpress.com/

મોત કા ભી સમય બદલ ગયા.
ના તુલસી, ના ગંગાજલ
ના કિસી કે કંધે કા સહારા,
ના કોઈ વિશ્રામ, ના કોઈ રામ-નામ
બસ સીધા પેકિંગ ઔર સ્મશાન

ગુજરાતમાં પુરુષો શોપિંગ નથી કરતા. એ લોકો દુકાનોમાં ફરે છે, વસ્તુને હાથમાં લઈને જુવે છે અને પછી કહે છે, કે “એની માને..આટલું બધું મોંઘુ?”

Big scam in Rafel deal. The planes were delivered without Air Hostesses.
Sasi Tharoor

**जो घर हौसले से बनाये जाते हैं उसे "हाऊस" कहते हैं,**
**जिन घरों में होम-हवन होते हैं उन्हें "होम" कहते हैं,**
**जिन घरों में हवा ज्यादा चलती है उन्हें "हवेली" कहते हैं,**
**जिन घरों में दीवारों के भी कान होते हैं उन्हें "मकान" कहते हैं**
**और**
**जिन घरों के लोन के इंस्टॉलमेंट भरते-भरते आदमी लेट जाता है उन्हें "फ्लैट" कहते हैं...**

સરકાર જો તાજમહાલમાં પાન-ગુટકા ખાવાની પરવાનગી આપી દે તો સોગંદથી પાન-ગુટકા ખાવાવાળા તાજમહાલને પણ થોડા વખતમાં લાલકિલ્લો બનાવી દે..

એક વૈજ્ઞાનીકે ગુજરાતી ને પૂછ્યું કે કયો ખોરાક પચતા સૌથી વધુ વાર લાગે છે?
ગુજરાતી એ જવાબ આપ્યો " ગોળધાણા".....
વૈજ્ઞાનીક: કેમ
ગુજરાતી: 22 વર્ષ પહેલા ખાધા હતા હજી સુધી પચ્યા નથી!

જમાઈએ સસરાને ફોન કર્યો અને કહ્યું, “તમારી છોકરીમાં કઈ મગજ જેવું છે કે નહિ?”. પહેલા ખબર હોત તો લગ્ન જ ના કરત.
સસરો: જોવા આવ્યા ત્યારે તમે ખાલી હાથ જ માંગ્યો હતો. મગજની તો કોઈ વાત જ થઇ ન હતી..!!

આ એ દિવસોની વાત છે જ્યારે અમારા લગ્ન થયાં હતાં. પત્ની પ્રથમ વખત રસોડામાં પ્રવેશી અને રસોઈ બનાવતી હતી. અચાનક મને યાદ આવ્યું કે રોટલી બનાવવાનાં પાટલાનો અવાજ કેમ નથી આવતો, કારણ કે તેના ત્રણેય પગ ક્યારેય સ્ટેન્ડ પર અડતા નહોતા. એક પગો ટૂંકો હોવાને કારણે કાયમ પાટલા ટક ટક નો

https://suratundhiyu.wordpress.com/

અવાજ આવતો . રસોડામાં પ્રવેશતાની સાથે જ જોયું તો  પત્ની આરામથી રોટલી બનાવી રહી હતી અને પાટલાના ત્રણેય પગા અલગ પડયા હતા. મેં તેને પૂછ્યું તેં શું કર્યું?. પાટલો સીધો નહોતો રહેતો અને ટક ટક કરતો હતું, તેથી મેં ત્રણેય પગ તોડી નાખ્યા, “આ મારી સ્ટાઇલ છે”, મને ટક ટક બિલકુલ પસંદ નથી. બસ એ દિને આજની ઘડી, આપણે સમજી ગયા “આપણી પાસે તો બે જ પગ છે”.

ઓફિસર:(સરદારને ઈન્ટરવ્યુંમાં): એવી કઈ સ્ત્રી છે કે જેને ખબર હોય છે કે તેનો પતિ ક્યાં છે?
સરદાર: “વિધવા”

હે ગુરુદેવ, અત્યારે હસ્તધૂનન પ્રતિબંધિત છે
પણ લગ્નમાં હસ્તમેળાપ ફરજીયાત છે
તો શું ઉપાય સૂચવશો ?

દુકાનદાર: બોલો સાહેબ શું જોઈએ છે?
ગ્રાહક: મને મારી પત્નીનો મુકાબલો કરવા માટે હિંમત અને શક્તિ જોઈએ છે
દુકાનદાર: સાહેબને એક ક્વાટર(દારુ), બે સોદા અને શીગ-ચણાનું પેકેટ આપી દો

આ દુનિયાનું સૌથી અસરકારક માસ્ક તો “પૈસા” છે, ગમે તેવાનું મોઢું બંધ કરાવી શકે છે

અંગ્રેજીના છવ્વીસ અક્ષરોમાં W સૌથી મોટો હોય છે અને એ જ હંમેશા તકલીફ આપે છે. What?, Where?, Who?, When?, Work, Wine અને સૌથી વધારે Woman. એના કરતા પણ ભયંકર Wife. આજના જમાનામાં સૌથી મોટી બીમારી છે Whatsapp

હિન્દી આપણી માતૃભાષા છે પિતૃભાષા કેમ નહિ? કારણ કે માતાએ પિતાને કોઈ દિવસ બોલવા જ નથી દીધા

ધારો કે ચીનની દીવાલ સૌરાષ્ટ્રને લાગી હોત તો? તો સૌરાષ્ટ્રની બાઈયુઓએ છાણા થાપી થાપીને અડધા ચીન પર કબજો કરી લીધો હોત!

સવાલ: માણસ લગ્ન પહેલા વાઘ હોય છે અને લગ્ન પછી?
જવાબ: લગ્ન પછી પણ વાઘ જ રહે છે
સવાલ: તો પછી ફરક શું પડ્યો?
જવાબ: ફરક એટલો જ કે લગ્ન પછી વાઘ પર દુર્ગા બેસી જાય છે

Santa gets SMS from bank:  Your credit card bill payments are outstanding
Santa reply: Thanks for the compliments

https://suratiundhiyu.wordpress.com/

કચ્છ મા બળદિયા ગામ છે. ગામ આવે એટલે કંડક્ટર ફરજ નિભાવે બળદિયા  ઊતરો...
બધા "બળદિયાના" ઉતરી જાય,
તુલસીશ્યામથી ધારી જતા રસ્તામાં આવે છે 'દોઢી' નેસડો. ગામ આવે એટલે કંડક્ટર ફરજ નિભાવે
'હાલો... દોઢીના હોય ઈ ઉતરી જાય.. અને ત્યાં ઉતરવા વાળા પણ પ્રેમથી હસતા હસતા બસમાંથી ઉતરી જાય...
જુનાગઢની બાજુમા ભૂતડી ગામ છે, ગામ આવે એટલે કંડક્ટર ફરજ નિભાવે  "ભૂતડી" ના હોય ઇ ઉત્તરી જાય...
પોરબંદરની બાજુમા હર્ષદગામની બાજુમા ગાંગડીનુ પાટીયુ ગામ છે. ગામ આવે એટલે કંડક્ટર ફરજ નિભાવે છે...
હાલો "ગાંગડીના"હોય ઇ ઉત્તરો, એટલે મુસાફર હસ્તા હસ્તા ઉત્તરી જાય.

છગન: અરે કાકા આપણી બેંકનું ATM બગડી કેમ ગયું?
કાકા: તને શું વાત કરું, તારી કાકી પૈસા લેવા બેંકમાં ગઈ હતી. ENTER YOUR PIN વાંચીને ગાંડીએ એના માથામાંની પીની ATM મશીનમાં ફસાવી દીધી!

**पति: सब्जी में नमक नहीं है**
**पत्नी: वो क्या है न सब्जी थोड़ी जल गईं थी....**
**पति: तो सब्जी में नमक क्यो नहीं डाली?**
**पत्नी: हम लोग संस्कारी परिवार से हैं, जले में नमक' नहीं छिडकते।**

પત્ની:જુઓ હું રસોડામાં કામ કરતી હોઉં ત્યારે આમ આડપલા ન કરો અને પપ્પી લેવાની કોશિશ તો બીલકુલ ન કરો, મારું પછી મન કામમાં નથી લાગતું.
કામવાળી(અંદરના રૂમમાંથી): સાચ્ચી વાત છે ભાભી, સાહેબને સમજાવોને, મારું તો સાંભળતા જ નથી!

ઐશ્વર્યા રાય ટ્રેનમાં વગર ટીકીટે સાડી પહેરીને મુસાફરી કરતી હતી એટલે ટી.સી. એ તેને ૧૦૦ રૂપિયાનો દંડ કર્યો. કટરીના કૈફ જીન્સ પહેરીને મુસાફરી કરતી હતી તેને ૭૫ રૂપિયા દંડ કર્યો, કરીના મીની સ્કર્ટ પહેરીને મુસાફરી કરતી હતી એટલે તેને ફક્ત ૫૦ રૂપિયા દંડ કર્યો. પણ સન્ની લિયોનને કશો દંડ નહિ કર્યો એનું કારણ? કારણ કે સન્ની લિયોન પાસે ટીકીટ હતી. મારા ભાઈ, હંમેશા થોડું સારું તો વિચારો!

પત્ની (ઝઘડો થયા પછી): હવે તમે મને પેલા ત્રણ મેજિકલ શબ્દો કહી દો.
પતિ: આઈ લવ યુ.
પત્ની: ના, એ નહીં.
પતિ: આઈ લાઈક યુ.
પત્ની: ના, એ પણ નહીં.
પતિ: આઈ મિસ યુ.
પત્ની: ના પાડીને, એ ત્રણ શબ્દો નહીં.

https://suratiundhiyu.wordpress.com/

પતિ: વાંક મારો હતો
પત્ની: હં… એ જ.

ભોળપણની પણ હદ હોય, એક માણસને એક પગમાં ફ્રેક્ચર થયું, એટલે તે હોસ્પીટલમાં ગયો. ત્યાં તેણે એક બીજા ભાઈને જોયો જેના બંને પગે ફ્રેક્ચર હતું. એટલે એ માણસે પેલા માણસને પૂછ્યું, તમારે બે પત્નીઓ છે? ( ટ્યુબ લાઈટ: એની પત્નીએ એનો પગ તોડી નાખ્યો હતો)

અંગ્રેજે: તમે તમારા કર્મચારીઓને સમયસર ઓફિસ પર આવવા માટે કેવી રીતે પ્રેરિત કરો છો?
અમદાવાદી: ખૂબ જ સરળ. 30 લોકો મારી ઑફિસમાં કામ કરે છે અને મેં ફક્ત 29 જ મફત પાર્કિંગની વ્યવસ્થા કરી છે. 30માં પાર્કિંગનો ચાર્જ 100 રૂપિયા છે. તેથી દરેક વ્યક્તિ 100 રૂપિયા બચાવવા માટે એકબીજા કરતા વહેલા આવવાનો પ્રયાસ કરે છે. બ્રિટીશરે જમીન પર બેસીને અમદાવાદીને પ્રણામ કર્યા

**एक लडकी थी उसका नाम बीना था ! वह बहुत होशियारथी वह दांतकी डोकटर बनी ! उसने अपना दवाखाना खोला, ओर दवाखाने के बाहर बोड पे अपना नाम लीखा, " बीना दांत का दवाखाना"**

જબરું કહેવાય, આ વખતે સાતમ-આઠમ વચ્ચે પણ સોસીયલ ડીસ્ટન્સ છે

બાપુ: તમે દાઉદનું શું કરવા માંગો છો?
મોદી: દાઉદને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહિ આવશે
બાપુ: પહેલા પકડો તો ખરા પછી છોડવાની વાત કરજો..

સ્મૃતિ ઈરાની: રાહુલ ગાંધીને હું આવતી ચૂંટણીમાં ભારે પડીશ
બાપુ: એ કઈ કહેવાની જરૂર નથી, તમારું શરીર જોઇને જ ખબર પડી જાય

પાકિસ્તાને કહ્યું અમે ભારત જોડે ભાઈચારો ચાહીએ છીએ
મોદીએ કહ્યું, ભાઈચારાની ભારતમાં કોઇ કમી નથી. મુંબઇ આવી જાવ, ભાઇ લોકોને મળી લો. પછી બિહાર જઇને જોઇએ તેટલો ચારો લાલુ પાસેથી લઇ લો..

દુનિયામાં ફક્ત એવા લોકો જ શરીફ છે કે જેમના મોબાઈલમાં "પાસવર્ડ" નથી હોતો!

જાપાનીસ છોકરો અને છોકરી અંદર અંદર વાતો કરતા હતા.
છોકરો: સુટાકી
છોકરી: કોવાનીની

https://suratiundhiyu.wordpress.com/

છોકરો:ટોકા, અંજી રોળી રોમી હોવા યાકો
છોકરી(છોકરી ઘુટણ ટેકવીને): મીમી યાઓ નાકો ડીન્ડા ટીકુજી
છોકરો: નાં મીયાયો કીના ટીમ કાઓજી....
છોકરી: સુ કી કીના માટો....
છોકરો: સંકો ટીટી યાની..
છોકરી: હમ્મ
છોકરો: યેચી કોબા નાટિ.....છોકરી હસી પડે છે....
(લોકોનો શોખ તો જુવો, જાપાનીસ-બાપનીસ કશું આવડતું નથી તો પણ વાંચ્યે જ જાય છે.....)

એક દારુડીયો નેત્રદાન કરવા ગયો. ડોક્ટરે પૂછ્યું તમારી આંખો જેને લગાવીએ તેને તમારે કોઈ સંદેશો કહેવો છે? દારૂડિયાએ કહ્યું હા, સાહેબ, જેને પણ મારી આંખો લગાવો તેને કહેજો કે મારી આંખો બે પેગ લગાવ્યા પછી જ ખુલે છે!

**नोट कीजिए: जिन की पत्नी वेकेशन करने मायके चली गई है, वो स्टेटस पर तिरंगा लगा कर अपनी आज़ादी का ऐलान कर सकते हैं. नहीं गई है तो स्टेटस पर ये चिन्ह रखिए जिसका मतलब होता है आतंकवादी घर पर है**

**Breaking News! With Gold price touching Rs 55,000 per 10 gms, Bappi Lahiri has been rated AAA by S&P and Aaa by Moody's**

માસ્ક તો એક બહાનું છે, બાકી માણસ જ કુદરતને મોઢું બતાવવા લાયક નથી રહ્યો..

રશી-યા નામ પરથી જ લાગતું તું 💉 રશી 💉 આ લોકો જ શોધશે..

સ્ત્રીઓ ક્યારેય પોતાના પતિની બહેન સામે પ્રેમથી જોશે નહિ. પણ પુરુષ પોતાની પત્નીની બહેન સામે પ્રેમથી જોશે. બીજું શું? મન મોટું જોઈએ...

સમાજ સુધારકો માથું પટકીને મરી ગયા , ગામે~ગામ જઈને ચંપલ ઘસી નાખી પણ સમાજ ના માણસો સુધર્યા નહી,પછી એક વાયરસ પેદા થયો, લોકો એમને એમજ સુધરી ગયા. ના સગાઈ નો ખર્ચ, ના દાંડીયા રાસ, ના ઘોડીનો ખર્ચ, ના બેન્ડ-ના જાન, ના કોઈ સજાવટ, ના કોઈ દેખાવટનો ખર્ચ, ના મોટા જમણવાર, ના અન્નની બરબાદી, ના શ્રીમન્ત વિધિ, ના માન-ના મન્નત, ના કાકા/ફૂઆ ના રિસામણા, ના મનામણા, ના ભવ્ય જૂલૂસ, ના ભવ્ય રિસેપ્શન, ના મરણ પાછળના ભોજન, ના કોઈ પ્રધાનોના ઉદ્ઘાટન સમારંભ, એક વાયરસે લોકોને જાતે જ સુધારી નાખ્યા. હે જાંબાઝ ક્રાન્તિકારી “કોરોના” વાયરસ તુતો ગજબનો સમાજ સુધારક નિકળ્યો......

એક અનુમાન મુજબ ફકત બે દિવસમા કોરોના વાઇરસે ભારતને 4 થી 5 કરોડ whatsapp ડૉક્ટર આપ્યા છે

https://suratiundhiyu.wordpress.com/

એક ગભરાયેલી ભેંસ જંગલમાં ભાગતી હતી. એટલે એક ઉંદરે તેને પૂછ્યું, “બહેન, કેમ આટલી ગભરાયેલી અને દોડતી જાય છે?”.
ભેંસ: જંગલમાં પોલીસ હાથીને પકડવા આવી છે
ઉંદર: પણ તું કેમ ભાગે છે, તું તો ભેંસ છે
ભેંસ: આ તો ભારત છે, પકડાઇ ગઈ તો વીસ વરસ તો અદાલતમાં એ સિદ્ધ કરવામાં જશે કે હું હાથી નહિ પણ ભેંસ છું. એ સાંભળીને ઉંદર પણ ભાગવા માંડ્યો..

પત્ની: તમે આટલા બધા પૈસા દારુ પાછળ બરબાદ કરો છો તે બંધ કરો
પતિ: તું પાર્લરમાં ૩૦૦૦ રૂપિયા બગાડે છે તેનું શું?
પત્ની: એ તો હું સુંદર દેખાઉં તે માટે વાપરું છું
પતિ: હું પણ એટલા માટે જ દારૂ પીવું છું કે પીધા પછી તું મને સુંદર દેખાય!

જિંદગી તુ જેમ જેમ ઓછી થતી જાય છે એમ એમ વધારે ગમતી જાય છે, આંખોમાં વસનારા જ રડાવી જાય છે. દસ્તુર તો જુઓ આ દુનિયાનો પોતાના મો ચડાવી બેઠા ને પારકા હસાવી જાય છે. જિંદગી તુ જેમ જેમ ઓછી થતી જાય છે એમ એમ વધારે ગમતી જાય છે. કયાં સમય છે આપણી પાસે જીવતા માણસ સાથે બેસવાનો, આપણે તો માણસ મર્યા પછી જ "બેસવા" જઈએ છીએ.

પુરુષ ઘરમાં બે કારણોથી ખુશ રહે છે એક પત્ની નવી હોય અને બીજું પત્ની નહિ હોય!

જજ: તમારી પત્નિ ક્યાં ખોવાય ગઇ..?
ચમન: અમે મંદિર ગયા તા. ત્યાં જન્માષ્ટમીની ભીડ હતી એમા છુટી પડી ગયી પછી મળી જ નહી
જજ: તમે તરતજ પોલીસ ફરિયાદ કેમ નો કરી ?
ચમન: મને એમ કે ભગવાને મારી પ્રાર્થના સાંભળી લીધી !

ધારાસભ્યનો પુત્ર: મમ્મી મારે મર્સિડીઝ ગાડી લેવી છે
મમ્મી: તારા પપ્પા વેચાય જાય એટલે તરત લઇ આપીશ

દુ:ખી મન મેરે સુન મેરા કહેના
જહાં નહિ ધોની, વહા નહિ રૈના

હમણાં અમેરિકામાં ટ્રમ્પે ત્યાં એક ગુજરાતીને આપણી રાંધણ છઠ્ઠ અને શીતળા સાતમ વિશે પૂછ્યું . એણે સરસ સમજાવ્યું કે આપણે અહીં દર શનિ-રવિ જે રાંધીએ અને સોમથી શુક્ર ઠંડુ ખાઈએ એ અમારે ગુજરાતમાં વર્ષે એકવાર કરે....

https://suratiundhiyu.wordpress.com/

સ્ત્રી પોતાના બાળકને કાનુડો બનાવીને ખુશ થાય છે. પણ જો પતિમાં જરાક કાનુડો દેખાય તો આખું ઘર માથે લે....

અમદાવાદમાં એક દુકાન બહાર બોર્ડ માર્યુ હતુ, "ઉધાર બંધ છે". એક ભાઈએ આવીને પુછ્યું, "ચાલુ ક્યારે કરવાનાં.."

ચંપા: ચંપક તારા માટે મારા દિલમાં જગા નથી
ચંપક: મગજમાં રાખી લે , એ તો સાવ ખાલી છે...

મગન: યાર, મેં એક સેલ્ફી લીધી એમાં મારી પાછળ એક કૂતરો આવી ગયો, હવે મારે આ ફોટો ફેસબુકમાં મુકવો છે તો શું કરૂં ?
છગન: ફોટો મુકીને એમાં લખજે આગળવાળો હું છુ..!

આજે પત્નીએ બોર બોર જેવડા આંસુ પાડીને કહ્યું, "આ મરીગીયા લોકડાઉનમાં મારી હાલત તો  નોકરડી જેવી થઇ ગઈ છે.
પતિ: મારી માડી, વાસણો મેં અજવાળ્યા, કપડા મેં ધોયા, ઝાડું-પોતા મેં કર્યા, તું તો ટેસ્ટથી શેઠાણીની જેમ બેસી રહેતી હતી, નોકર તો હું હતો. તો પછી નોકરાણી ક્યાંથી થઇ ગઈ?
પત્ની: નોકરની પત્ની તો નોકરાણી જ કહેવાય ને....!!!!

મારા હાથ ઉપર માખી બેઠી. તેને ભગાડવા માટે ખૂબ જ ફૂંક મારી પણ માખી ઉડે જ નહીં. હું તો ફૂંક મારી મારી ને થાકી ગયો. ઘરના સૌ સદ્સ્યો જોઇ રહ્યા હતા.
પત્ની મારી પાસે આવી ને કહે કે ગાંડા થઈ ગયા છો કે શું..?
માસ્ક તો હટાવો..? સાલું, ખરેખર ગાંડા જેવા બની ગયા છીએ...
કૉરૉના તારૂં સત્યાનાશ જાય..!

ટીચર: **1869**માં શું થયું હતું?
મગન: ગાંધીજી નો જન્મ
ટીચર: બરાબર છે, બેસી જા
ટીચર(જયંતી જોખમને): **1872** માં શું થયું હતું?
જયંતી જોખમ: ગાંધીજી ત્રણ વરસના થઇ ગયા હતા....સાહેબ, હું બેસી જાઉં?

હાઈસ્કુલમાં એક છોકરો મોડો પહોંચ્યો
મેડમ: કેમ આટલું મોડું ?
છોકરો: મેડમ, તમે આવી રીતે મારી રાહ નહિ જુવો, ક્લાસમાં બધાં ઊંધું સમજે છે..!
"મેડમ બેભાન"

https://suratundhiyu.wordpress.com/

જો કોઈને સાળાને સીધું સંભળાવવાની હિંમત ન હોય (કોઇને હોતી નથી) એ સંજોગોમાં પોતાના દિકરાને કાનુડો કહેવો, મા દીકરો બેય ખુશ અને આપણું કામ થાય. કાનુડાના મામા એટલે કંસ, અરે યાદ આવ્યું, પુતના એની શું થાય...??

સારું છે ગેસનો બાટલો લોખંડનો હોય છે, બાકી અમુક લોકો એને પણ ટુથપેસ્ટની જેમ દબાવીને ગેસ કાઢતા હોત !!

**सबसे ज़्यादा वफ़ादार मोटापा है, एक बार आ जाये तो ज़िंदगी भर साथ निभाता है..!**

પતિ: મેં ક્યાં ભૂલ કરી?
પત્ની: મને સુધારવાની...

હોટલમાં જમ્યા પછી પત્નીએ પતિને કહ્યું, વેઈટરને ટીપ આપજે.
અમદાવાદીએ વેઈટરને બોલાવ્યો અને કહ્યું, "ભૂલે ચુકે લગ્ન નહિ કરીશ..!!"

એક ભાઈ  મને ફોન કરયો કહે કે મારો મેલ નથી જતો..
મેં કહ્યું, "નાહી" લ્યો તો મેલ નીકળી જશે...એ ભાઈ મને હજુ ગોતે છે

પતિ: હું ભલે ગમે તેવો હોઈશ, પણ બાળક એકદમ સુંદર હોવું જોઈએ
પત્ની: જુવો, પસંદ તમારે કરવાનું છે, બાળક ક્યાં તો સુંદર હશે અથવા તમારું હશે...!!!

આખી રામાયણ પત્નીઓની કહાની છે. લક્ષ્મણ પોતાની પત્નીને ઘરે છોડીને ચાલ્યા ગયા, રાવણ બીજાની પત્નીને ઉઠાવી લાવીને ફસાઇ ગયો, સુગ્રીવે રામને સાથ એટલા માટે આપ્યો કે એને પોતાની પત્ની "બાલી" પાછી જોઈતી હતી, હનુમાનજીની પોતાની તો પત્ની હતી નહિ, પરંતુ બીજાની પત્નીને શોધવાના ચક્કરમાં લંકાને આગ લગાવી દીધી, શ્રી રામને પોતાની પત્ની પાછી જોઈતી હતી એટલે દસ દિવસ સુધી યુદ્ધ કરવું પડ્યું અને અંતમાં શું થયું? જે સીતાજીને કારણે આટલી રામાયણ થઇ તે ધરતીમાં સમાઇ ગયા! હવે વિચારો આટલો બધો ઝમેલો કેમ થયો? કારણ કે દસરથ રાજાની ત્રણ પત્નીઓ હતી.
ઉપદેશ: ખુબ જ જુના જમાનાથી પત્નીની મગજમારી ચાલતી આવે છે. જો "ભગવાન" પોતે પત્નીથી બચી નહિ શક્યા હોય તો આપણે તો "માણસ" જાત છીએ!

ડોક્ટર: મેં તને સવારે નવ વાગે દવા લેવાનું કહ્યું છે, તો પછી તું સવારે છ વાગે કેમ દવા લે છે?
સંતા: હું બેક્ટેરિયાને સરપ્રાઈઝ આપવા માંગુ છું!

"બધા કુંવારા બોલો, "આઝાદી" મારી છે અને પરણેલા બોલો "આ જાડી" મારી છે

https://suratiundhiyu.wordpress.com/

મારી સામેવાળા માસી માસ્ક પહેર્યા વગર ટામેટા લેવા ગયા. પાછા આવ્યા તો મેં પૂછ્યું કે શું ભાવ આવ્યા ટામેટા ? તો કે "**1080** રૂપિયે કિલો". (હજાર દંડ ભર્યો)

આ એક અદભુત સત્ય છે બધી સ્ત્રીઓના નામની આખરમાં A, I, U or L આવે છે, જો વિશ્વાસ નહિ પડતો હોય તો ટ્રાઈ કરી જુવો

What is the difference between 15th Aug and 26th Jan in terms of Tricolour flag hoisting? On 15th Aug, the flag is closed, tied and sitting at the bottom. It is hoisted and unfurled at the top. On 26th Jan, the flag is already hoisted at the top. It has to be only unfurled Also..15th Aug..done by PM and 26th Jan....done by President

લાઈટ ગયા પછી મીણબત્તી લઈને ટોઇલેટ જતો હતો ત્યારે કોઈ હરામીએ આવીને ફૂંક મારીને મીણબત્તી હોલવી કાઢી અને પાછો અંધારામાં બોલ્યો, "હેપ્પી બર્થ ડે ટું યુ". તમે જ કહો સખતની લાગી હોય અને ઈમરજન્સીમાં આવી મજાક...!!!

એક દિવસ પતિએ હિમ્મત કરી પત્નીને કહ્યું, "એક લેખકે લખ્યું છે કે પતિઓને પણ બોલવાનો અધિકાર છે " પત્ની બોલી કે, "જોયું એ પણ બિચારો લખી જ શક્યો , બોલી તો શકયો નહીં"

એક પાનવાળો જ આપણને પુછીને ચુનો લગાવે છે, બાકી બધા તો..સમજી ગયા!

મંગળસૂત્ર હોય તો છોકરી પરણેલી અને છોકરાનું મોઢું ચઢેલું હોય તો છોકરો પરણેલો

**पति: क्या बना रही हो, खाने में?**
**पत्नी: आलू की सब्ज़ी बना रही हूँ, पर पता नही, ये आलू पक ही नही रहे...**
**पति: थोड़ी देर आलू से बातें करके देखो.**

ભારતમાં રસ્તાપર જયારે વરઘોડો નીકળે છે ત્યારે વરઘોડિયામાંથી બેત્રણ જણાના શરીરમાં ટ્રાફિક પોલીસનો આત્મા ઘુસી જાય છે

પત્ની: મારા જુના કપડા ડોનેટ કરું?
પતિ: ફેંકી દે, ડોનેટ શું કરવાના!
પત્ની: ના...ના....દુનિયામાં કેટલીયે ગરીબ, ભૂખે મરતી સ્ત્રીઓ છે, કોઈને પણ કામ આવશે
પતિ: તારા માપના કપડા જો કોઈને આવે તો તે ભૂખી પ્યાસી થોડી હોવાની!

https://suratiundhiyu.wordpress.com/

ટીચર: એક અને એક કેટલા થાય?
જયંતી જોખમ: બે
ટીચર: જો ત્રણ કરવા હોય તો ?
જયંતી જોખમ: લગ્ન કરી લો
ટીચર: **11** કરવા હોય તો?
જયંતી જોખમ: નિકાહ કરી લો!

સ્ત્રી: ડોક્ટર સાહેબ, મારા ધણીને અહી બોલાવો, મને ઠીક નથી લાગતું
ડોક્ટર: બહેન, હું એક સજ્જન માણસ છું, તમારે ગભરાવાની જરૂર નથી
સ્ત્રી: ના ના સાહેબ, તમે તો એકદમ સજ્જન છો પણ તમારી રીસેપ્ટશનીસ્ટ પાસે ઉભેલો મારો ધણી સજ્જન નથી!

એક સ્ત્રી અને પુરુષ કોઈ દિવસ એક બીજાને મળ્યા ન હતા તે બંને ટ્રેનમાં સફર કરતા હતા. પુરુષ ઉપરના બર્થ પર અને સ્ત્રી નીચેના બર્થ પર હતી. રાત્રે બે વાગે
પુરુષ: મેડમ, તમને તકલીફ આપવા બદલ માફી ચાહું છું, ઠંડી પુષ્કળ છે તો સાઈડનાં ટેબલ પરથી મને બ્લેન્કેટ આપવા મહેરબાની કરશો?
મેડમ: મારી પાસે એક આઈડિયા છે, ફક્ત આજની રાત માટે આપણે પતિ પત્ની બની જઈએ તો કેવું? (પેલા માણસને તો ગલગલિયા થઇ ગયા અને ઉત્સાહમાં આવી ગયો)
પુરુષ: અફલાતુન આઈડિયા!
સ્ત્રી: સારું, તો ઉભા થઈને જાતે જ બ્લેન્કેટ લઇ લો!

ડોક્ટર: તમને કોઈ દિવસ નીમોનીયાની તકલીફ થઇ હતી?
જયંતી જોખમ: હા સાહેબ, એકવાર
ડોક્ટર: ક્યારે?
જયંતી જોખમ: જયારે ટીચરે એની સ્પેલિંગ પૂછી હતી ત્યારે!

વેઈટર: સાહેબ, આ આપનું બીલ
સંતા: આ લે કાર્ડ
વેઈટર: પણ સાહેબ એ તો લગ્નનું કાર્ડ છે
સંતા: તો ગધેડાઓ બોર્ડમાં કેમ લખ્યું છે કે “અમારે ત્યાં કોઈ પણ કાર્ડ ચાલશે”

પત્ની એક વાર એક મોલમા ખરીદી કરી રહી હતી. ત્યાંજ એની નજર એક દુકાનમાં પડી. એમાં પુરુષો માટેના અન્ડરવેર ‘સેલ’ માં હતાં. પોતાનો પતિ ખુશ થઇ જશે એમ માનીને એણે એકજ રંગના એક ડઝન અન્ડરવેર ખરીદી લીધા. પણ ઘરે પતિએ વિરોધ કર્યો ને બોલી ઉઠ્યો કે
“અરે પણ! એક જ રંગના આટલા બધા અન્ડરવેર લેવાની શું જરૂર હતી. લોકો વિચારશે કે હું અન્ડરવેર ક્યારેય બદલતો નથી.”

https://suratiundhiyu.wordpress.com/

પત્ની એ ફક્ત એટલુંજ પૂછ્યું, “કયા લોકો?”

દાદા-દાદી અને એમના ગ્રાંડ ચિલ્ડ્રન વચ્ચે સબંધો કેમ ખુબ જ સારા હોય છે? કારણ કે એ બંનેના દુશ્મન એક જ છે

**महिला जलकी तरह तरल व शीतल होती है**
**पुरुष मिटटी की तरह ठोस व् रुखा होता है**
**दोनोकी शादी होती है तब कीचड़ हो जाता है**

પત્ની: મારા વાળ સફેદ થતા જાય છે, વોટ શુડ આઈ ડુ?
પતિ: યુ શુડ ડાઈ...

સવારે ઉઠીને મોબાઇલમાં વોટ્સઅપ ઓપન કરીએ અને 30-40 મેસેજ પડ્યા હોય તો
દુકાન ખોલતા જ આઠ દસ હજારનો વકરો થયો હોય એવી ફિલિંગ્સ આવે!

એક પુલ ઉપરથી એક છોકરી આપઘાત કરવા જતી હતી. ત્યાજ એક સુંદર,દેખાવડો અને તંદુરસ્ત યુવાન પસાર થતો હતો. તેણે છોકરીને અટકાવી અને કહ્યું કે તુ આટલી દેખાવડી છોકરી છે તો પછી શામાટે આપઘાત કરે છે. તુ એક કામ કર, મરવા જ માંગે છે તો મને મરતા પહેલા એક કિસ કરવાદે. પેલી છોકરીએ હા પાડી અને બંને જણાએ ખુબ જ લાંબો ટાઈમ સુધી કિસ કરી. પછી પેલા યુવાને પૂછ્યું કે તુ શા માટે આપઘાત કરવા માંગે છે? એટલે પેલીએ જવાબ આપ્યો મારા માં-બાપ મને છોકરીના કપડા પહેરવા નથી દેતા.

બાપુ(વાઈન શોપમાં): મારી પચ્ચીસમી લગ્નજયંતી છે તો મને સારામાં સારી વ્હીસ્કી બતાવોને
દુકાનદાર: એ તો તમે એને સેલીબ્રેટ કરવા માંગો છો કે ભૂલવા માંગો છો તેના પર આધાર રાખે છે

છોકરો: તું છોકરી થઈને દારૂ પીવે છે?
છોકરી: તો શું બે-ચાર પેગ માટે જેન્ડર ચેન્જ કરી નાખું?

સ્ત્રીઓની જિમમાં બે કલાક કસરત કરવામાં જેટલી કેલેરી નથી બળતી, એનાથી વધારે કોઇ તેને આંટી કહીંને બોલાવે ત્યારે બળી જાય છે!

પતિ: આજે બહાર ખાવા જઇશું?
પત્ની(ખુશ થઈને): સારું, હું બે મીનીટમાં તૈયાર થઇ જાઉં છું
પતિ: સારું તો ત્યાં સુધીમાં હું બહાર ઓટલા પર ચટાઈ પાથરું છું!

https://suratiundhiyu.wordpress.com/

સ્ત્રીઓ લગ્ન પછી મંગલસૂત્ર અને ઘરેણા પહેરે છે જેથી લોકોને ખબર પડે કે તે પરણેલી છે. માણસને એવી કઈ જરૂર નથી પડતી, એ તો એના થોબડા પરથી જ ખબર પડી જાય

ચાર સરદારજીઓએ સાથે ભાગમાં એક પેટ્રોલપંપ ખોલ્યો. એક પણ ગ્રાહક નહિ આવ્યો, પૂછો કેમ? પેટ્રોલપંપ પહેલા માળે હતો. પછી ચારે જણાએ ત્યાં એક રેસ્ટોરન્ટ ખોલી. એક પણ ગ્રાહક નહિ આવ્યો, પૂછો કેમ? કારણ કે એમણે પેટ્રોલપંપનું બોર્ડ નહોતું હટાવ્યું. પછી ચારે જણાએ એક ટેક્સી ખરીદી. એક પણ સવારી નહિ મળી, પૂછો કેમ? કારણ કે બે સરદાર આગળ અને બે સરદાર પાછળ બેસીને પેસેન્જર શોધવા નીકળ્યા હતા. ત્યાં જ તેમની ટેક્સી ખરાબ થઇ ગઈ. ચારે જણાએ ખુબ જ ધક્કા લગાવ્યા પણ ટેક્સી ત્યાની ત્યાં જ ઉભી રહી, જરાપણ ખસી નહિ, પૂછો કેમ? કારણ કે બે જણા આગળથી અને બે જણા પાછળથી ધક્કા મારતા હતા.

પત્ની જૈન જ હોવી જોઇએ જેથી આખા વરસમાં એકવાર તો માફી માંગે જ.....મિચ્છામી દુક્કડમ

સારા વરસાદને કારણે કોઈ ખુશ થાય કે ના થાય પણ મારા ઘરના બારી-બારણાં તો ફુલ્યા નથી સમાતા બોલો

નાપાસ થવુ એ શિક્ષણનું અપમાન નથી, પરંતુ IAS ઑફિસર થઈને પણ 10 નાપાસ મંત્રીને સાહેબ-સાહેબ કરવું પડે એ શિક્ષણનું અપમાન છે..!

ચીનમાં બીજા લગ્નનો રીવાજ જ નથી. એમનું માનવું છે કે બીજી પણ જો આજ સિકલવાળી આવવાની હોય તો પછી આજ શું ખોટી છે?

**लेडी: तुमने बहुत ही अच्छा फेशियल कर दिया. कितने सालका अनुभव है तुम्हें??**
**लड़की: मैडम!आज पार्लर में पहला दिन है, पहले बर्तन मांजती थी**

**दुःख इस बात का नहीं की पत्नी घरका सब काम करवाती है. तकलीफ ये है की काम हो जाने के बाद सहेली से फोन पर कहेती है "ये आदमी कीस कामका नहीं".**

WhatsApp પરના મેસેજ જોઇને એમ થાય સાલું બધાના વિચાર આટલા ઊંચા છે તો ડખા શેના?

શિક્ષક : બોલ ચંદુ, ચંદ્ર ઉપર પહેલો પગ કોણે મુક્યો?
ચંદુ: નીલ આર્મસ્ટ્રોંગે
શિક્ષક: અને બીજો?
ચંદુ: સાહેબ તમે પણ મૂર્ખા જેવો સવાલ પૂછો છોને. બીજો પગ પણ નીલ આર્મસ્ટ્રોંગે જ મુક્યો હશે ને, નીલ આર્મસ્ટ્રોંગ લંગડો થોડો હતો!

https://suratiundhiyu.wordpress.com/

ચંપકના રીપોર્ટ કાર્ડ ઉપર તેના બાપે અંગુઠો લગાવ્યો.
ચંપક: પપ્પા, તમે તો ડોક્ટર છો પછી અંગુઠો કેમ લગાવ્યો?
પપ્પા: એટલા માટે કે તારા માર્ક જોઇને ટીચરને એવું નહિ લાગવું જોઈએ કે તારો બાપ ભણેલો ગણેલો છે!

એક ઉંદર હીરાના વેપારીનો ડાયમંડ ગલી જાય છે. એટલે એ વેપારી ઉંદર મારવાવાળાને બોલાવે છે. જયારે તે આવે છે ત્યારે ત્યાં રૂમમાં ઘણા બધા ઉંદરો હતા. એક ઉંદર એક ખૂણામાં બેઠો હતો. એટલે પેલાએ એ ખુણામાં બેઠેલા ઉંદરને મારી નાખ્યો અને તેના પેટમાંથી ડાયમંડ નીકળ્યો. એટલે પેલા વેપારીએ તેને પૂછ્યું કે તે આટલા બધા ઉંદરોમાંથી તેને જ કેમ મારી નાખ્યો? તને કેવી રીતે ખબર પડી કે એજ ડાયમંડ ગલી ગયો છે? પેલાએ એ તો ઘણું સહેલું છે, જયારે ઇડીયટ પાસે પૈસો આવે ત્યારે તે બીજા જોડે મિક્સ નથી થતો....

કર્મ શું છે? જે મા-બાપ વર્ષો પહેલા ક્લાસમાંથી ગુલ્લી મારતા તે કર્મોની સજારૂપે તેમણે તેમના બાળકો જોડે ઓનલાઈન ક્લાસ ભરવા બેસવું પડે તેને કર્મનું ફળ કહે છે

પત્ની: આખો દી' ઘેર બેઠા મોદી મોદી કરો છો, પણ એમનાં જેવો એક ગુણતો ખિલવો ..!!
પતિ: તો શું તને છોડી દઉં..??
સવાલ લાખનો, જવાબ સવા લાખનો...

કોઈપણ શેરીમાં કે ગલીમાં આડા લાકડા કે પતરા લગાડેલા હોય તો ગણપતિ બેસાડેલા છે સમજીને દર્શન કરવા દોડી ન જતા, કોરોનાનો દર્દી જ હોઈ શકે..

ગ્રાહક: મને મચ્છર મારવાની દવા આપો. દુકાનદાર તેને  દવા આપે છે
ગ્રાહક: આ દવાને કઇ રીતે ઉપયોગમા લેવી?
દુકાનદાર: પહેલા એક  મચ્છર પકડો પછી એને ગલીપચી કરો. ગલીપચી કરવાથી મચ્છર હસશે ત્યારે એના મોઢામા આ દવા રેડી દેવાની...

ચંપક ગોલ્ફ રમવા ગયો. પરંતુ તેની આંખ ઉંમરને કારણે બહુ દૂરનું જોઈ નહોત શક્તિ એટલે બોલ ક્યાં ગયો તેની તકલીફ પડતી હતી. તેની પત્ની ચંપાએ કહ્યું તમે મારા છગનકાકાને સાથે રમવા લઈ જાંવ. ચંપકે કહ્યું કે એ તો 80 વરસના છે અને બધું ભૂલી જાય છે. ચંપા: ભલે એ ભૂલી જતા, પરંતુ એમની આંખો હજુ પાવરફુલ છે. ઘણું દૂરનું તે જોઈ શકે છે. ચંપક છગનકાકાને લઈને ગોલ્ફ રમવા જાય છે અને એક જોરદાર શોટ મારીને છગનકાકાને પૂછ્યું તમે શોટ જોયો? એટલે છગનકાકાએ કહ્યું એકદમ સોલીડ શોટ હતો. ચંપકે એકદમ ઉત્સાહમાં પૂછ્યું કે બોલ ક્યાં પડ્યો? છગનકાકાએ કહ્યું એ તો હું ભૂલી ગયો!

એકવાર **300** બાપુઓ સ્ટીમરમાં વિદેશ જવા નીકળ્યા. બંદર પર સ્ટીમર ચાલુ નહોતી થતી એટલે બાપુએ કપ્તાનને પૂછ્યું શું થયું?
કપ્તાન: બોટનું એન્જીન સ્ટાર્ટ નથી થતું. એટલું સાંભળ્યું એટલે બધા બાપુ દરિયામાં કુદી પડ્યા. ખબર છે કેમ? બોટને ધક્કો મારવા માટે!

https://suratiundhiyu.wordpress.com/

નર્સરીના છોકરાએ પાટલુનમાં સુ..સુ.. કર્યું એટલે ટીચરે પૂછ્યું, “તે આ શું કર્યું?’
છોકરો: મમ્મીએ કહ્યું હતું કે જે પહેલું આવડે તે કરવાનું...!!!

ગુરુદેવ, હું ક્યારેક ક્યારેક જાગી જાઉં છું તો મારી પત્નીના માથા ફરતે પ્રકાશનું ચકરડું જોવા મળે છે, શું તેનામાં કોઈ દિવ્ય તેજ હશે?
ગુરુદેવ: ના ના તેનામાં કોઇ દીવ્યતેજ નથી, તે તારા ફોનમાં તારા દિવ્ય પરાક્રમો તપાસતી હોય છે

પુરષોની વ્યથા: બહાર જવાતુ નથી, ઘરમાં મન લાગતું નથી, કોઇને કહેવાતું નથી, મનથી સહેવાતુ નથી, ઓફિસ ભૂલાતી નથી, ઉઘરાણી નીકળતી નથી, રૂબરૂ મળાતુ નથી, વિડીયોકોલમાં ફાવતું નથી, ખોટું સહન થતુ નથી, સાચું કહેવાતુ નથી, અધૂરા કામ પૂરા થતા નથી, નવા કામ મળતા નથી, ઘરમાં હોટલ જેવુ બનતું નથી, વખાણ્યા વગર ખવાતુ નથી, ઉચા અવાજે બોલાતુ નથી, ધીમે થી કોઇ સાંભળતું નથી, ખડખડાટ હસાતુ નથી અને મનમાં રડાતુ નથી, દેશની સરકારને કહેવાતું નથી, ઘરની સરકાર સમજતી જ નથી, અમે મર્દ મૂછાળા ડરતાં નથી, એ વહેમમાથી બહાર અવાતુ નથી. કોઈની પાસે ઉપાય હોય તો બતાવજો, 11 એકટાણા કરીશ..

દિકરો જનમશે એ આશા પર પાંચ દિકરીઓ આવી,
1-નોટબંધી 2-જીએસટી 3-બેરોજગારી 4-મંદી 5-મોંઘવારી .
પણ વિકાસનો કંઈ જન્મ થયો નહિ...
છેવટે સરોગેટ મધરથી કોરોના જન્મ્યો, પણ એ તો બગડેલો નીકળ્યો..

ચેક બાઉન્સ થાય તો ગુનો ને બેંક બાઉન્સ થાય તો ચૂનો

દર્દી: ડોક્ટર સાહેબ, તમારી પાછળ એમ ડી(MD) કેમ લખેલું છે?
ડોક્ટર: જે દર્દીને સારું થઈ જાય તો ઠીક છે, નહીંતર મિચ્છામી દુક્કડમ(MD)

Two beggars in London. Wahid and Habib Are Beggars. They beg in different areas of London. Habib begs just as long as Wahid does, but only collects £2 To £3 every day. Wahid brings home a suitcase FULL of £10 notes, drives a Mercedes, lives in a Mortgage - free house and has a lot of money to spend.
Habib Says To Wahid: " I work just as long and hard as you do but how is it that you bring home a suitcase full of £10 notes every day...???? "
Wahid Says: " Look at your sign, what does it say...???? "
Habib's sign reads: " I have no work, a wife and 6 kids to support....!!!! "
Wahid Says : " No wonder you only get £2- £3....!!!! "
Habib Says: " So what does your sign say....????? "

https://suratiundhiyu.wordpress.com/

Wahid shows Habib his sign: It Reads....." I Only Need Another £10 To Move Back To Pakistan.........!!!!! "

વાસ્તવિક જીવનમાં પુરુષોને માત્ર અપ્સરા નામની ✏️ પેન્સિલ મળે છે
અને મહિલાઓને બાદશાહ નામનો મસાલો, બાકી બધું અંધવિશ્વાસ છે!

**अपने देशमे जो कानून बनाते है वो उसे लागू नहीं करवाते**
**बनानेवाले अलग, लागू करवानेवाले अलग**
**जो लागू करवाते है(पुलिस) उसपर ये लागु नहीं होता**
**जिस पर लागू होता(पब्लिक) है वो कानून को जानते है नहीं**
**और जो कानुनको जानते है वो उसे मानते ही नहीं**

વાલી એ રામાયણનું બહુ જ શક્તિશાળી પાત્ર હતું. એને એક વરદાન હતું કે એની સાથે જે કોઈ લડે એની અડધી શક્તિ વાલીમાં આવી જતી. કળયુગમાં પણ પત્નિને પણ વરદાન મળ્યું છે કે જે પત્ની જોડે લડે તેની અડધી શક્તિ પત્ની પાસે જતી રહે, એટલે જ તેને “ઘર..વાલી” કહેવામાં આવે છે

બોયફ્રેન્ડે ગર્લફ્રેન્ડને મેસેજ મોકલીને કહ્યું, “મારો ફોટો પાછો મોકલી આપ, મને નવી ગર્લફ્રેન્ડ મળી ગઈ છે”
ગર્લફ્રેન્ડ: મને તો તારી સિકલ પણ યાદ નથી, આ સાથે ત્રીસ ફોટા મોકલું છું તેમાંથી તારો ફોટો શોધીને લઇ લે જે અને બાકીના મને પાછા મોકલી આપજે

ચોક્કસથી હાર્ટ અટેક આવી જાય છે, જ્યારે લગ્નનાં વર્ષો બાદ પણ સાસરિયાં કહે, અમારી દિકરી તો ગાય જેવી છે

**नाम: मंगल**
**धरती से दूरी: 225 मिलियन किलोमीटर**
**काम: लड़के लड़कियोंकी शादीमें अड़चन डालना**

કોમ્પ્યુટરની પરીક્ષામાં પ્રશ્ન પૂછાયો, પ્રોગ્રામ એટલે શું ?
ગટુએ એ જવાબ લખ્યો, એક કવાટરીયું, સોડા ,સીંગભુજીયા અને ધાબા પર મિત્ર મંડળ ભેગા થાય ઈને પોગ્રામ કેવાય. પેપર તપાસવાવાળા 'રેડી' હતા તે ગવલો પાસ થઇ ગયો.

Wife always expects six things from you-.. Sincerity, Affection, Love, Attention, Respect and Yourself, in total. Now problem is that, it is very difficult to remember all the six in a sequence. So they have invented its short form. . "SALARY"

https://suratiundhiyu.wordpress.com/

Define a Mumbaikar: A Mumbaikar is the only one who does not go to office because it it raining heavily and goes to Lonavala because it is raining heavily

**पत्नीसे अपनी जम कर पिटाई होने के बाद एक पति सी.बी.आई. जांच करवाना चाहता था. फिर उसे पता लगा कि सी.बी.आई. सीन 'रीक्रियेट' भी करती है, तो ख्याल ही छोड़ दिया.**

ધોનીનો સુટ 4 કરોડ 31 લાખમાં વેચાયો. આપણા 3 પેન્ટ અને 4 શર્ટનાં બદલે એક પ્લાસ્ટીક ડોલ અને એક તગારુ આવે કપડા બ્રાન્ડેડ હોવાથી કાંઇ ન થાય આપણે બ્રાન્ડ બનવુ પડે...

પત્નિ : બાજુવાળી સોનુને એનો પતિ દર રવિવારે ફરવા લઇ જાય છે, પિકચર બતાવે છે, હોટલમાં જમવા લઇ જાય છે, તમે કદી લઇ ગયા?
પતિ: મેં એને ચારથી પાંચ વાર કહ્યું, પણ એ ના પાડે છે

એક અમદાવાદી ન્યુયોર્કમાં એક બેંકમાં અમેરિકામાં ફરવા માટે પાંચ હજાર ડોલરની લોન લેવા ગયો. બેંક મેનેજરે તેને કહ્યું કે એ માટે તમારે તમારી કોઈ વસ્તુ ગીરવે મુકવી પડશે. મને કોઈ વાંધો નથી, આ રહ્યા મારી રોલ્સ રોઇસ કારના પેપરો, મારી કાર તમારા પાર્કિંગમાં પડી છે. મેનેજરે એ પેપરો અને કાર લઈને અમદાવાદીને 5000 ડોલર આપ્યા. જ્યારે અમદાવાદી જતો હતો ત્યારે બેંકનો બધો સ્ટાફ હસતો હતો કે પાંચ હજાર ડોલર માટે મુરખો બેંકમાં પોતાની મોંધી કાર જમા કરાવી ગયો. એક અઠવાડિયા પછી અમદાવાદી આવ્યો ત્યારે બેંકના કલાર્કે કહ્યું, તમારા વ્યાજના $35 થાય છે. પછી તેણે અમદાવાદીને પૂછ્યું કે મેં તમારા એકાઉન્ટમાં જોયું તો તમે ખુબ જ પૈસાદાર વ્યક્તિ છો તો પછી તમને $5000 ની જરૂર કેમ પડી? અમદાવાદીએ જવાબ આપ્યો કે આખા ન્યુયોર્ક શહેરમાં પાત્રીસ ડોલરમાં ચોકીદાર સાથે એક અઠવાડિયું કોણ કાર પાર્ક કરવા દે?

કેવી ગરમી  પડે  છે ભાઈ, આજ તો બે થાંભલા એક કૂતરા માટે ઝઘડી પડ્યા..!(ટ્યુબ લાઈટ:કુતરાના પી.પી. થી ઠંડક મેળવવા માટે)

કોરોનાની હાલત પાંચ મહિનામાં “બનેવી”થી “ફુવા” જેવી થઇ ગઈ છે,
ડરે છે “બધા”, પણ “ગણકારતુ” કોઈ નથી..!!

કંડકટરઃ જેની પાસે છુટ્ટા ન હોય તે બસમાં થી નીચે ઉતરી જાય......
બાપુએ સો ની નોટ કાઢીને કહ્યું "માધાપરથી ગોંડલ ચોકડ "
કંડકટર(ગરમ થઇને): ૬₹ની ટિકિટ છે અને મારી પાસે ૯૪₹ છુટા નથી
બાપુ: તો તું બસમાંથી નીચે ઉતર......

પત્ની સેલ્ફી લે અને પછી ડેલીટ કરે અને કેમેરા નો કાચ સાફ કરે,

https://suratiundhiyu.wordpress.com/

આમ અડધો કલાક ચાલ્યું, પતિથી ના રહેવાયું અને બોલાઈ ગયું કે એકવાર મોઢું સાફ કરી ને ટ્રાય કર,
પતિ કઈ હોસ્પિટલ માં છે કોઈ ને ખબર નથી હજી....

- 70 માળની બિલ્ડિંગ બની જશે પણ 4 માળ સુધી ફાયરની સીડી નહિ પહોંચે
- અમદાવાદ સ્વચ્છતામાં પહેલા નંબરે, પણ વરસાદ આવે ત્યારે દરિયાની વચ્ચે આંદોમાન-નિકોબારમાં હોય તેવું લાગે.
- લોકડાઉનમાં લોકો ક્યાં છે તે ડ્રોનથી ખબર પડે પણ ચોમાસામાં ક્યાં રોડ પર ખાડા છે તે ના દેખાય.
- CCTV માં પટ્ટો ક્રોસ કરતા પકડાય પણ દૂધની જેમ દારુની ફેરી કરનારા ક્યારેય ના ઝડપાય .
- કોરોના ફક્ત શાકની લારીવાળા જ ફેલાવે બાકી રાજકારણી તો રેલી કરીને કોરોનાની રસી જ ગોતે.

સી.બી.આઈ. કોંગ્રેસનાં નેતાઓ પાછળ છે અને યમરાજ ભા.જ.પા.નાં નેતાઓ પાછળ છે...

બાપુનો અકસ્માત થયો.
ડોક્ટર: “ટાકા લેવા પડશે.”
બાપુ: “કેટલા રૂપિયા થશે?”
ડોક્ટર: “3000”
બાપુ: “નવરીના ટાકા લેવાના છે, ભરતકામ નથી કરવાનું.”

આતો લોકોના સારા નસીબ કહેવાય કે મોદીએ નોટબંધી કરી
જો નેટ બંધ કર્યું હોત તો હાર્ટ એટેકમાં ઘરડાઓની જગ્યાએ
જુવાનિયાઓ જ ઉકલી ગયા હોત...

આ એ દિવસોની વાત છે જ્યારે અમારા તાજાં તાજાં જ લગ્ન થયાં હતાં. પત્ની પ્રથમ વખત રસોડામાં પ્રવેશી અને રસોઈ બનાવતી હતી. અચાનક મને યાદ આવ્યું કે રોટલી બનાવવાનાં પાટલાનો અવાજ કેમ નથી આવતો! કારણ કે તેના ત્રણેય પગા ક્યારેય સ્ટેન્ડ પર અડતા નહોતા.. એક પગો ટૂંકો હોવાને કારણે કાયમ પાટલામાંથી ટક ટક નો અવાજ આવતો. રસોડામાં પ્રવેશતાની સાથે જ જોયું તો પત્ની આરામથી રોટલી બનાવી રહી હતી અને પાટલાના ત્રણેય પગા અલગ પડયા હતા.
મેં તેને પૂછ્યું: "તેં શું કર્યું?"
"પાટલો સીધો નહોતો રહેતો અને ટક ટક કરતો હતું, તેથી મેં ત્રણેય પગા તોડી નાખ્યા. આ મારી સ્ટાઇલ છે, મને 'ટક ટક' બિલ્કુલ પસંદ નથી!"
બસ એ દી' ને આજની ઘડી, આપણે સમજી ગયા: વળી આપણી પાસે તો બે જ પગ છે..!!

**रामयुग में दूध मिले और कृष्णयुग में घी,**
**कोरोनायुग में दारु मिले, डिस्टन्स बनाकर पी**

https://suratiundhiyu.wordpress.com/

**दुनिया लेके बेठी थी परमाणु और ठोक गया एक कीटाणु**

**पूरा देश "रिया - रिया" हो रिया है...**
**जिसकी नौकरी गयी, वो रो रिया है...**
**जिसकी सैलरी कटी, वो भी रो रिया है...**
**जिसको कोरोना हुआ, वो रो रिया है...**
**जो कोरोना वॉरीअर है, वो भी रो रिया है...**
**जिसकी दुकान, फैक्टरी धन्धा बंद हुआ, वो भी रो रिया है...**
**मुंबई पुलिस, बिहार पुलिस, सीबीआई, न्यूज चैनल्स भी रिया-रिया, कर रिया हैं...**
**और जो रिया है. उसकी समझ में तो आ हीं नहीं रिया...**
**कि उसके साथ हो क्या रिया है...**

એક બહેને મારા મેડિકલે આવી મને કહ્યું , "મને ચાર માસ્ક આપો, એક મોટો સેનિટાઇઝરનો બાટલો આપો, બીજી જે કંઈ લેવા જેવી હોય એ વિટામીનની ગોળીઓ પણ આપી દો."
હું એનું બિલ બનાવી રહયો હતો ત્યાં એ બહેન કહે, "બીજો ગમે તે રોગ થાય તો ચાલે પણ આ મુઓ કોરોના ના થવો જોઈએ, છાપામાં નામ, સરનામા સાથે "ઉંમર" પણ લખી નાખે છે..."

હવે આવી અફવા કોણે ફેલાવી કે મોર ચણ ચણવા નહીં પણ કળા કેમ કરવી એ શીખવા આવ્યો હતો

બાપે એના છોકરાઓને કહ્યું જે રાત્રે નહીં જમે એને પાંચ રૂપિયા મળશે. છોકરાઓ રાત્રે જમ્યા નહીં અને પાંચ રૂપિયા લઇ ને સુઈ ગયા.
સવારે બાપે કીધું: જે પાંચ રૂપિયા આપશે એને નાસ્તો મળશે
છોકરાઓ: બાપ છો કે મોદી..? સહાય આપો છો કે લૉન..?

એક કૂતરો ગળામાં કેલેન્ડર લટકાવીને હસતો હસતો જતો હતો.
રસ્તામાં એક કુતરી મળી, એણે પૂછ્યું, કેમ આટલો હસે છે??
કૂતરો: આ વર્ષે બે ભાદરવા છે..!!

તખુભા: લખુભા બાપુ, બે મહિના પહેલા તમારા બારણાની તકતી પર બી.એ. લખ્યું હતું અને હવે એમ.એ. લખ્યું છે. બે વર્ષની ડીગ્રી બે મહિનામાં કેવી રીતે લીધી?
લખુભા: બે મહિના પહેલા મારી પત્ની પિયર ગઈ હતી એટલે હું Bachelor Again (B.A.) હતો અને હવે પિયરથી મારી પત્ની પાછી આવી ગઈ એટલે (M.A) Married Again એમ લખ્યું છે.

ગુજરાતી ભાષાની કમાલ એક જ વાક્યમાં એક જ શબ્દ "પણ"ની જગ્યા બદલતાં અર્થ કેટલો બદલી જાય છે.

https://suratiundhiyu.wordpress.com/

“પણ” હું તને પ્રેમ કરું છું, હું “પણ” તને પ્રેમ કરું છું, હું તને “પણ” પ્રેમ કરું છું, હું તને પ્રેમ “પણ” કરું છું, હું તને પ્રેમ કરું છું “પણ”...

**सोच समझकर "यारी" करे, अगर पलट गई तो "रिया" हो जाएगी।**

રોડ ના ખાડાથી કંટાળીને આજે તો સ્કુટરે કીધું, “શેઠ તેડી લ્યો ને”

વરસાદને જોતાં એવું લાગે છેકે કોરોનાની બીકે ઇન્દ્રદેવ ઘડીએ ઘડીએ હાથ ધોતા હશે

જીવલો: હેં બાપુ, આ કોરોના કેવી રીતે થાય ? .
બાપુ: કાંઇ નઇ જીવલા, ઇ તો ટેસ્ટ કરાવો એટલે થઇ જાઇ

અબ્દુલ: આઠમું છોકરું આવ્યું શેઠ, હવે પગાર વધારી આપો
શેઠ: અબ્દુલ મને એ કહે કે હું મારી ફેક્ટરી ચલાઉ કે તારી??

ઈન્ટરવ્યું આપવા આવેલા સંતાને શેઠે કહ્યું કે મારે એક જવાબદાર માણસની જરૂર છે
સંતા: સાહેબ, મારા જેવો જવાબદાર તમને કોઈ મળશે નહિ. મને જે કંપનીમાંથી કાઢી મુકવામાં આવ્યો તેનું કારણ ત્યાં બધા જ બગડેલા કામો માટે મને જવાબદાર માનવામાં આવતો હતો

ભુરો: સાહેબ, તમે નીચે જે દવા? લખી છે એ તો આખા ગુજરાત મા ક્યાંય નથી મળતી...
ડૉક્ટર: એ ડોબા દવા નથી લખી, એ તો હું પેન ?ચાલે છે કે નહીં એ જોતો હતો...

મિડીયાને નમ્ર વિનંતી કે સુશાન્તનો કેસ જલ્દી પતાવે, કારણકે પછી અનુષ્કાની ડીલવરી પણ કરવાની છે.
અફવા તો એવી પણ છે કે મોદીજીના મોરની ઢેલ પ્રેગ્નન્ટ છે. એટલે પ્રોબ્લેમ મોટો છે...

સવારનાં પોરમાં કાકા સાડીની દુકાનમાં ગયાં. વેપારી હજું ભગવાનને દિવા કરતો'તો ત્યાં કાકાએ કહ્યું, પેલી સાડી લગાવી છે તે ઉતાર
વેપારી: એ સાડી તમારાથી ન લેવાય કાકા, બારસો રૂપિયાની છે
કાકા : પૈસા નો પ્રશ્ન નથી તું તારે ઉતાર.(વેપારીએ સાડી ઉતારી)
કાકા: હવે એની ઘડી વાળ.(વેપારીએ ઘડી વાળી)
કાકા: હવે એને પેકેટમાં પેક કર(વેપારીએ પેકેટમાં પેક કરી)
કાકા: હવે એને ગાંઠ વાળ(વેપારીએ ગાંઠ વાળી)
કાકા:હવે એને કબાટમાં મૂકી દે(વેપારી અવાચક)
કાકા: હું તારાં કાકી જોડે રોજ અહીંથી નીકળું અને આ સાડી જોઈને એ રોજ ઘરમાં કજિયા થાય એ ન પોંસાય
હવેઆવા ઘરાક આવે છે...

https://suratiundhiyu.wordpress.com/

હું નાનો હતો ત્યારે પરીક્ષા અગાઉ મને ઘરમાંથી હંમેશા કહેવામાં આવતું કે...
જો તું પહેલો નંબર લાવીશ તો "તને આ આપીશું.. અને પેલું આપીશું.."
પણ મેં ક્યારેય પહેલો નંબર લાવી અને આવા લોભ, લાલચ કે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન નથી આપ્યું..!!
નાનપણથી જ પ્રામાણિક.!

ડોક્ટર: બીમારીનું ચોકકસ કારણ પકડાતું નથી, કદાચ દારૂ પીવાથી આવું થતું હોય..
બાપુ: મારે ઉતાવળ નથી. તમને ઉતરી જાય પછી આવીશ..

એક દોસ્તારે બીજા દોસ્તારને ફોન કર્યો: ભાઇ તારી મેરેજ એનિવર્સરી ક્યારે છે?
દોસ્તાર: ઉભો રે વાસણ જ ધોવું છું, લોટા ઉપર તારીખ લખેલી હશે જોઈને કહું

એણે પુછ્યુ ચા મા ખાંડ કેટલી નાખુ??
વ્હાલી તુ એટલી બધી મીઠી છો કે બસ તારી આંગળી બોળી દે..
પછી તો શું ઘર માથે લીધુ એણે...!!(ચાગરમહતી)

વોશિંગ કંપનીના સેલ્સમેને ડોરબેલ વગાડ્યો. પાત્રીસ થી ચાલીસ વરસના બેને બારણું ખોલ્યું.
સેલ્સમેન: બેબી, મમ્મીને બોલાવો અને કહો કે વોશિંગ કંપનીનો સેલ્સમેન આવ્યો છે. બહેન તો એટલા બધા ખુશ થઇ ગયા કે ભાવની રકઝક વગર દસ કિલો પાઉડર અને પાંચ ડઝન સાબુ ખરીદી લીધા

રીસર્ચથી જાણવા મળ્યું કે સામાન્ય માણસ વર્ષે “2200” કી.મી. ચાલે છે અને વર્ષમાં લગભગ 80 લીટર દારુ પી જાય છે. એનો મતલબ આપણે 27.5 કી.મી./લીટર દારૂની એવરેજ આપીએ છીએ. સાલી આટલી એવરેજ તો “સ્વીફ્ટ ડીઝાયર” પણ નથી આપતી!

એક દીવસ નવરી થઉ એટલે JCB લઈ ને બંગાળની ખાડી પૂરી દેવી છે. પ્રેસર ત્યાં ઉભું થાય છે ને ગાભા ગુજરાતના નીકળી જાય છે...

મંદિરોમાં બધું સ્ત્રીઓના નામ પર હોય છે જેવું કે આરતી, વંદના, સાધના, પૂજા, જ્યોતિ, અર્ચના પુષ્પાંજલિ અને પુરુષના નામ પર શું હોય છે?
માત્ર ડંકો🔔, એ બિચારાને બધાં ટાપલા મારીને જતા રે છે..

જો અડધા  કલાકના ઝઘડાથી ઘરવાળી ત્રણ ,ચાર દીવસ મોઢુ ફુલાવીને મુંગી રહેતી હોય તો ઝઘડા કરાય એમા કાઇ વાંધો નહીં.

https://suratiundhiyu.wordpress.com/

એક ભાઈ ઘરે કબાટમાંથી કાઢીને જુના કાગળો જોતા હતા. એમના હાથમાં પત્નીનાં આંઠમાં ધોરણનો રીપોર્ટ કાર્ડ આવી ગયો. માર્ક્સની નીચે ચરિત્રનું પ્રમાણપત્ર વાંચીને ભાઈ બેહોશ થઇ ગયા. તેમાં લખ્યું હતું કે " મધુરભાષી અને શાંતિપ્રિય છાત્રા".

પત્ની: હું લગ્ન કરીને આવી ત્યારે આ ઘરમાં ખુબ મચ્છરો હતા, હવે બિલકુલ મચ્છર નથી એમ કેમ?
પતિ: આપણા લગ્ન પછી મચ્છરો એમ કહીને ઘર છોડી ગયા કે હવે તો પરમેનન્ટ લોહી પીવાવાળી આવી ગઈ છે તો અમારે માટે તો કશું બચશે જ નહિ!

રઘલો: આ દશે દશ આંગળીયુંમાં વીંટીયું પે'રી છે, ઈ શેની છે?
બાપુ: સૌથી  નાની છે ઈ સગાઈની છે બાકીની નવ ગ્રહશાંતિની છે...

કોરોનામાં બે પ્રકારના લોકો જોવા મળે છે
1) અત્યંત સાવધાન રહેનારા
2) એકદમ બિન્દાસ્ત રહેનારા
સૌથી મહત્વની વાતએ છે કે "બંને એકબીજાને ગાંડા સમજે છે"

માસ્ક નહિ લગાવો તો 500/- રૂપિયા દંડ, સીટ બેલ્ટ નહિ લગાવો તો 2000/- રૂપિયા દંડ અને જો સુપ્રીમ કોર્ટનું અપમાન કરો તો 1/- રૂપિયો દંડ. "મેરા ભારત મહાન"

બાપુ ઑફિસથી ઘરે આવી જમવા બેઠા. પત્નીને કહ્યું રસોઈ બરાબર બની નથી જરાય ટેસ્ટ નથી. પત્ની ચુપચાપ ઉભી થઇ મ્યુનિસિપાલિટીમાં ફોન કરી એમબયુલનસ બોલાવી લીધી. કહે કે એમને ટેસ્ટ નથી આવતો બાપુને લઈ ગયા અને કોરોનટાઇન કર્યા. આમ પત્નીએ બદલો લીધો....હવે વાત આગળ ચાલે છે...
બાપુ પણ કમ નહીં હતા. ડોક્ટરે એમને પૂછ્યું કે કોણ કોણ તમારા સંપર્કમાં આવેલુ..??
બાપુએ શાંતિથી કહ્યું, "મારી પત્ની, સાસુ-સસરા અને સાળો". હવે એ બધા હોસ્પીટલની બહાર પલંગની રાહ જોઇ રહ્યા છે. આને કહેવાય "શેર ને માથે સવા શેર". અમારા બાપુની કાયમ મશ્કરી ના કરાય, એ પણ ખુબ હોશિયાર હોય છે. ભૂલે ચુકે એમની અડફટે ના ચઢતા..

પત્ની: તમારે માટે એક સારા સમાચાર છે અને એક ખરાબ સમાચાર છે
પતિ: હું ખુબ જ કામમાં છું, જે સારા સમાચાર છે તે કહી દે
પત્ની: આપણી નવી "ઓડી" કારની એરબેગ એકદમ પરફેક્ટ કામ કરે છે, એટલે હું બચી ગઈ...

આપણે ઘણી વખત બોલતા હોઈએ કે ઓગણીસ-વીસ ચાલશે...
હવે તો ભગવાન પૂછે છે કે ઓગણીસ (2019)-વીસ(2020) નો ફરક સમજાયો હવે? કે હજી સમજાવું?
https://suratiundhiyu.wordpress.com/

પછી શું? પછી શૂન્યની શોધ થઇ....

એક વાર પતિ પત્ની નવરા બેઠાં હતાં. પત્નીએ પતિને કહ્યું, ચાલો,  એક કાગળમા તમે તમને ગમતી પાંચ સ્ત્રીઓના નામ લખો. હું મને ગમતા પાંચ પુરુષોના નામ લખું. બન્નેએ તરતજ કાગળ પેન લઈને લખવાની શરૂઆત કરી.
થોડી વાર પછી, પત્ની એ લખેલા નામો: સચિન તેંડુલકર, ઋતિક રોશન, રણબીર કપૂર, વિરાટ કોહલી, મહેંદ્ર સિંહ ધોની
પતિએ લખેલા નામો: વંદના(સ્કૂલ ફ્રેન્ડ), અશ્વિની(પત્નીની કઝીન), શીલા(પત્નીની ફ્રેન્ડ), સોનાલીની મમ્મી (સામેના બિલ્ડીંગ વાળી), સંગીતા(દીકરાની ક્લાસ ટીચર)
તાત્પર્ય?, પુરુષો વાસ્તવિક જીવન જીવે છે અને સ્ત્રીઓ સ્વપ્ન જગતમાં જ જીવે છે

રઘલો: બાપુ, આ રાવણને નેતા લોકો જ કેમ સળગાવે છે?
બાપુ: મુખાગ્ની સગા-સબંધીઓ જ આપે છે

રાજકારણી નેતાઓને સમર્પિત: કહેવત છે કે પાંચેય આંગળીયો સરખી નથી હોતી અને એ સત્ય પણ છે કે ખાવાના ટાઇમે બધી એક થઈ જાય છે...

મોદી જી જે રીતે દાઢી વધારી રહ્યા છે એ જોતાં ડિસેમ્બર આવતાં સુધીમાં સાન્તાક્લોઝની ખુરશી પણ આંચકી લેશે....!

મેં આજે પત્નીને કહ્યું કે હવે તને કોઈ દિવસ ઝગડો કરવાનો મોકો નહિ આપું
પત્ની: અમે તમે આપેલા મોકાના મોહતાજ નથી, અમે તો આત્મનિર્ભર છીએ

છોકરો(છોકરીના બાપને): સર, હું તમારી દીકરીને પ્રેમ કરું છું અને તેની જોડે લગ્ન કરવા માંગુ છું
છોકરીનો બાપ: તું કેટલું કમાય છે?
છોકરો: 30000 રૂપિયા મહીને
છોકરીનો બાપ: હું મારી છોકરીને મહીને 25000 હજાર રૂપિયા પોકેટ મની આપું છું
છોકરો: મને એ ખબર છે અને તે મેં મારી સેલરીમાં ઉમેરી દીધા છે

જીગો: યાર ગંભીર સમસ્યા છે
ભૂરો: શું થયું?
જીગો: મારી પત્નીને સરસ રસોઈ બનાવતા આવડે છે છતાં રાંધતી નથી. અઠવાડિયામાં ત્રણ દિવસ બહારથી મંગાવીને ખાવું પડે છે
ભૂરો: તારા કરતા મારી સમસ્યા મોટી છે
જીગો: શું?

https://suratiundhiyu.wordpress.com/

ભૂરો: મારી પત્નીને રાંધતા નથી આવડતું છતાં દિવસમાં ચાર અલગ અલગ વસ્તુઓ બનાવીને મને પરાણે ખવડાવે છે

બાપુ ઘોડા પર બેસી રોજ કોલેજ જતાં હતાં. ત્રણ વર્ષ પછી બાપુને એકલા કોલેજ જતાં હતા.
કોઈએ પુછ્યુ, "બાપુ તમારો ઘોડો કયા..?"
બાપુ: ઘોડો ગ્રેજયુએટ થઇ ગયો..

પિયર ગયેલી પત્ની જ્યારે મોબાઇલમાં ઝગડો કરે ત્યારે એને "Work from Home" માનવામાં આવશે..

પત્ની: તમારામાં જરાય મેનર્સ નથી. હું કલાકથી બોલ-બોલ કર્યા કરું છું અને તમે બગાસાં જ ખાધા કરો છો.
પતિ: અરે હું બગાસાં નથી ખાતો, બોલવાની કોશિશ કરી રહ્યો છું...

આખી દુનિયાને કોરોના નડ્યો, પણ રાવણને ફળ્યો,
આ વખતે રાવણ દહન નહી થાય !!
ઈતિહાસમાં પ્રથમવાર રાવણને જીવનદાન...?

ગર્ભવતી માંએ દીકરીને વ્હાલથી પૂછ્યું કે "તને શું જોઈએ ?"
દીકરી: ભાઈ
મા: કોના જેવો ?
દીકરી: રાવણ જેવો
મા: શું ? શું ?
દીકરી: હા, જે બહેનના અપમાન કાજે રાજ્ય ગુમાવવા અને જીવન ત્યાગવા તૈયાર હોય અને પરસ્ત્રી કેદમાં હોવા છતાં હાથ ના લગાડે, તેવો ભાઈ !

ગર્લફ્રેન્ડ(પોતાના અંધ બોયફ્રેન્ડને): કાશ, તું મને જોઈ શકતે કે હું કેટલી સુંદર છું
અંધબોયફ્રેન્ડ: હોશિયારી કરવાની રહેવા દે. જો તું એટલી બધી ખુબસુરત હોત તો આંખોવાળા તને મારે માટે છોડી દે તે ખરા? હું આંધળો છું, ગાંડો નથી...

બોસ કેબીનમાં બેભાન અવસ્થામાં પડ્યા હતા. તપાસ બાદ જાણવા મળ્યું કે કોઈ કર્મચારીએ તેને પૂછ્યું હતું કે, "અધિક" મહિનાનો પગાર આ મહિના ના પગાર સાથે જ આપવાનના છો કે અલગથી..?

ફેસબુકની કપલ ચેલેન્જ: આ દુનિયામાં ચપ્પલથી મોટું બીજું કોઈ કપલ નથી. જો એક ખોવાય જાય તો બીજાનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય છે

બાપુ: ડોક્ટર સાહેબ, તમે તો કહેતા હતા કે ગેમ રમવાથી મન પ્રફુલ્લિત રહે છે પણ મને તો સતત ચિંતા થાય છે

https://suratiundhiyu.wordpress.com/

ડોક્ટર: કઈ ગેમ રમો છો?
બાપુ: તીન પત્તી..

તમારી પત્નીની કદર કરતા શીખો કે જે એક જોડી કપડા માટે આખી દુકાન ઉંધી ચત્તી કરી નાખે છે, જેણે તમને પસંદ કર્યા છે..

આ દુનિયામાં ત્રણ જાતના ડોકટરો હોય છે. એક આયુર્વેદિક ડોક્ટર હોય છે જેમનું વૈદકીય જ્ઞાન સારું હોય છે પણ ઈમરજન્સીમાં કામ નથી આવતા, બીજા એલોપેથી ડોકટરો હોય છે જે ઈમરજન્સીમાં કામ આવે છે પણ એની ક્યારે સાઈડ ઈફેક્ટ થાય તેનો ભરોસો નથી હોતો અને ત્રીજા હોમિયોપેથી ડોક્ટર છે જે ટાઈમ ઘણો લે છે અને એની દવાથી ફાયદો થાય કે ન થાય પણ નુકસાન કશું નહિ થતું

જે આંખો બંધ કરીને પ્રેમ કરે છે તે "પ્રેમિકા", જે આંખો બંધ થાય ત્યાં સુધી પ્રેમ કરે તે "માં" અને જે આંખો બતાવી બતાવીને પ્રેમ કરે છે તે "પત્ની"

એક દીવાલ પર લખ્યું હતું, 'લાઈફ ઈઝ વેરી બ્યૂટીફુલ'.
કોઈક અનુભવી એની નીચે એક લાઈન વધારે લખી નાખી,
"વાઈફની શરતોને આધીન"

પત્ની: કોણ હતી ??
પતિ: કોલેજમાં સાથે ભણતી હતી !
પત્ની: શું કહેતી હતી?
પતિ: ખાસ કંઈ નહી. બસ, એમ જ કે મારી સાથે લગ્ન કર્યાં હોત તો તને આ થેલીઓ ઉપાડવા ન દેત.
પત્ની: લાવો, એ થેલીઓ મને આપી દો.

હવે તો માસ્ક પહેર્યા વગર બહાર નીકળીએ તો માસ્ક ખીજવાઈને કહે છે, "ખિસ્સામાં પૈસા બહુ વધી ગયા લાગે છે ટોપા.."

ફરી એકવાર સવાલ....રામ જેઠમલાણીજીનું 96 વર્ષની ઉંમરમાં અંતિમ દિવસોમાં દારૂ પીતાં પીતાં મૃત્યુ થયું અને પેલા પતંજલિવાળા આચાર્ય બાલકૃષ્ણજીને 47 વર્ષની ઊંમરમાં જડીબુટ્ટી ખાતા હોવા છતાં હાર્ટ એટેક આવ્યો...! સમજાતું નથી કે યોગ કરૂ કે મોજ કરૂ...??

બીજુ બધુ તો ઠીક પણ હવે મને લઈ લે  કહેવાવાળી "ડોસીઓ" પણ ઉકાળા પીવા મંડી છે....

છોકરી: તમે ચિંતા નહિ કરો લગ્ન પછી હું તમારા દુ:ખમાં ભાગીદાર બનીશ
છોકરો: પણ હું ક્યાં દુ:ખી છું?
છોકરી: હું લગ્ન પછીની વાત કરું છું....

https://suratiundhiyu.wordpress.com/

બાપુ: ફોર્ડ શું છે?
રઘલો: ગાડી
બાપુ: તો પછી OXFORD શું છે?
રઘલો: બળદગાડી...

જરૂર નથી કે આકાશમાં ઉડતા ગ્રહો જ નડે, ક્યારેક નીચે ફરતા નંગ પણ નડતા હોય છે

જો કોઈ સ્ત્રી એમ કહે કે એ એના પતિ કરતા પોતાના બાળકોને વધારે પ્રેમ કરે છે, તો જુઠ્ઠું બોલતી હોય છે. કારણ કે એ પોતાના બાળકોને પડોસણ પાસે એકલા મૂકી ને જાય છે પણ પતિને કોઈ દિવસ પણ એકલો મુકીને નહિ મૂકી જાય...

બેંકવાળા પણ ગજબના છે, બધા લોકોને હોમલોન આપે છે અને પોતાની બ્રાંચ માટે ભાડાનું મકાન રાખે છે

આ વર્ષે અમારી ફોરેન ની ટુર કોરોના ને લીધે કેન્સલ થઇ ગઈ, નહીંતર દર વર્ષે પૈસા ને લીધે કેન્સલ થતી હતી

પતિ રાતે સાત વાગે ઘરે ગયો અને પત્નીને ઉચકી લીધી
પત્ની: આ શું કરો છો? તમે તો કથા સાંભળવા ગયા હતા ને?
પતિ: કથામાં કથાકારે જ કહ્યું કે “તમારે તમારું દુઃખ જાતે જ ઉપાડવાનું છે”

બહેનપણી સાથે વાતો કરવાંમાં જેનું શાક બળી જાય અને પતિને “ક્રિસ્પી વેજીટેબલ“ કહીને જે ખવડાવે એજ સાચી “અન્નપૂર્ણા“...

આટલા વર્ષો પછી ખબર પડી કે જેને આપણે “સૂતક” કહીએ છીએ એને ઇંગ્લીશમાં “ક્વોરનટાઇન” કહેવાય છે

ગુજરાતી શાળામાં ભણેલા એક પિતા ડંફાસ મારતા મારતા એના દિકરાને કહેતા હતા, “Let me tell you my son, in my school time, I was 'the most outstanding student' in my class”
દિકરો: Wow, Dad you are really great..!!
ત્યાં જ રસોડામાંથી અવાજ સંભળાયો: એ ગાંડા....”આઉટ સ્ટેન્ડિંગ એટલે ક્લાસની બહાર ઉભા રહેવાનું” આ તારા ડેડીએ આવીજ ડીંગ મારી મારીને મને ફસાવી હતી

સાયન્સના છેલ્લા વરસના વિધાર્થીને પ્રોફેસરે પ્રશ્ન પૂછ્યો કે “લગ્નમાં સાત ફેરા કેમ ફરવામાં આવે છે?”
વિધાર્થી: ફેરા ગોળ વર્તુળમાં  ફરવામાં આવે છે, એટલે કે 360 અંશ ફરવામાં આવે છે. આ સંખ્યાને 1 થી 9 મા ફક્ત 7 વડે જ વિભાજીત કરી શકાતી નથી એટલે એના વડે બંધાવેલ સબંધ પણ અવિભાજ્ય હોય છે

https://suratiundhiyu.wordpress.com/

સંતાને ઇન્ટરવ્યુંમાં પૂછ્યું કે એવી કઇ સ્ત્રી છે કે જેને તેને તેનો પતિ ક્યા છે તે ખબર હોય છે.
સંતા: વિધવા સ્ત્રી

પતિએ સવાર સવારમાં ફેસબુક પર પોસ્ટ મૂકી, “આજની સવાર ખુબ સુંદર છે”, દિવસ સારો જશે. પત્નીએ લાઇક કરીને કોમેન્ટ કરી, “Challenge accepted”

છગન,મગન અને સાંતા મેકસિકોથી સંતાઈને અમેરીકા ઘુસવા જતા મેક્સીકોના સૈનિકોએ પકડી લીધા. ત્રણેને ફાંસીની સજા માટે લઈ ગયા. છગનને ઈલેક્ટ્રીક ખુરસી ઉપર બેસાડ્યો એટલે છગને ઈસુ ખ્રીસ્તને પ્રાર્થના કરી. ફાંસી આપનારે ફટાક દઈને ઈલેક્ટ્રીક સ્વીચ ઓન કરી, કશું થયું નહીં એટલે પેલા લોકો સમજ્યા કે ઈસુ ખ્રીસ્તને સજા મંજુર નથી એટલે છગનને છોડી દીધો. મગનને પણ એજ રીતે થયું એટલે તેને પણ છોડી દીધો. જ્યારે સાંતાને ખુરસી ઉપર બેસાડ્યો ત્યારે સાંતાએ કહ્યું કે હું ઈલેક્ટ્રીકલ એન્જીનીયર છું અને મારા અનુભવથી કહું છું કે આ ખુર્સીનો છુટો પડી ગયેલો ઈલેક્ટ્રીક વાયરનો પ્લગ તમે જ્યાં સુધી સોકેટમાં નહીં નાખો ત્યાં સુધી કશું થવાનું નથી. કહેવાની જરૂર છે? સાંતા ઉપર પહોંચી ગયો!

ચંપક અને જીગો ચંપાને ચાહતા હતા. એટલે એ ચંપા મૂંઝવણમાં મુકાઇ ગઈ. તે જ્યોતિષી પાસે ગઈ
ચંપા: મહારાજ, ચંપક અને જીગા બેમાંથી કોણ મારી જોડે લગ્ન કરવામાં નશીબદાર છે તે કહો
જ્યોતિષ: જીગો નશીબદાર હશે અને ચંપક તારી જોડે લગ્ન કરશે...

સાસરિયા પક્ષ વાળા બધા હાલચાલ પૂછી લેશે
પણ એમ તો ક્યારેય નહિ પૂછે કે મારી દીકરી સાથે તમે દુઃખી તો નથી ને !

અમિતાભ ની કારકિર્દીમાં ૭૭ વર્ષે પણ મંદી કેમ નથી આવતી?
ભુરાનું સંશોધન, એ તેજીનો દિકરો છે

આકાશવાણી થઇ છે. કપલ ચેલેન્જના ફોટા ભગવાનને બહુ ગમ્યા છે.
ભગવાને બધાને વરદાન આપી દીધું છે કે આવનારા સાત જન્મ ભેગા જ રહો.
હવે જ ખરી ચેલેન્જ...

એક સુથારસને એક અકસ્માતમાં નજરે જોયેલ સાક્ષી તરીકે રજુ કરવામાં આવ્યો. બચાવપક્ષનો વકીલ તેને ખોટો પુરવાર કરવા પ્રયત્ન કરતો હતો. બચાવપક્ષના વકીલે તેને પૂછ્યું કે તુ આ અકસ્માતથી કેટલો દૂર હતો. એટલે પેલા સુથારે કહ્યું કે “સત્તાવીસ ફૂટ અને સાઢા છ ઈંચ”. બચાવપક્ષના વકીલે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું શું? તુ આટલું ચોક્કસ માપ કેવી રીતે કહી શકે છે? એટલે સુથારે કહ્યું કે મને ખબર હતી કે કોઈ ચક્રમ આવો સવાલ મને પુછસે એટલે મેં ત્યાં માપ લઈ લીધું હતું!

https://suratiundhiyu.wordpress.com/

માંદા માણસની ખબર લેવા જાવ ત્યારે ફૂલોનો બુકે કેમ લઇ જવામાં આવે છે? એ ટુ ઇન વન પ્રોગ્રામ છે. બુકે લઈને જાવ, એની પાસે બુકે મૂકી દો..... બચી ગયો તો ઠીક...નહિ તો તમારા તરફથી ફૂલો ચઢી ગયા સમજી લેશે...

મૂકેશના કંઠમાં ગવાયેલું એક જૂનું ફીલ્મ ગીત.....
"જો તુમકો હો પસંદ, વોહી બાત કહેંગે,
તુમ દિન કો, અગર રાત કહો તો રાત કહેંગે!"
એનું વિશ્લેષણ: આ ગીતમા, શુદ્ધ ગુજરાતીમા, કવિ એવુ કહેવા માંગે છે કે..
"હે પ્રિયે! તારી સાથે માથાકૂટ કોણ કરે?"

શિક્ષક: સોલાર એનર્જીમાંથી બનેલ કોઇ એક વસ્તુનું નામ આપો ?
વિધાર્થી: કુંતીપુત્ર કર્ણ(સાહેબે બિચારાને તડકામાં લઇ જઇને માર્યો !!!!)

થોડા દિવસ પહેલા હું ઈન્ટરનેટ પર એક છોકરી મળ્યો. થોડી ઘણી ચેટ પછી અમારી મિત્રતા નેટ પર જ વધી. એક દિવસ અચાનક એનો મેસેજ આવ્યો કે મારા પતિ ઘરે નથી ને વરસાદ ખુબ પડે છે ને મને બીક લાગે છે તો તમે મને મદદ કરવા આવો. હું મૂંઝાયો, પણ મદદ તો કરવી પડે. એટલે મેં પૂછ્યું કે તારા પતિ આવી જાય તો શુ કરીશું?
છોકરી: આમ તો નહીં આવે, પણ આવી જાય તો કહીશ કે તમે ઘર સાફ કરવા આવ્યા છો, આમ પણ દિવાળી છે જેથી તેમને શક પણ નહીં જાય. હું ગયો ને હજુ થોડી જ વાર માં તેના પતિ આવી ગયા. પછી તો બારી બારણાં પંખા ટોયલેટ બાથરૂમ  બધુજ સાફ કરવું પડ્યું..
સાવધાન આ નવી સ્કીમ છે, બધી મોહ માયા છોડી તમારી પોતાની પત્ની ને મદદ કરજો..

સમયનું ચક્ર. ગયા વર્ષે ચર્ચા હતી School માં નવરાત્રીનું vacation આપો. આ વર્ષે નવરાત્રીને જ vacation છે

વાઈફ(સાંજે પૂજા કરતા કરતા: તમને આરતી તો યાદ છે ને..??
પતિ:  હાં, પેલી પતલી, માંજરી આંખો વારી, નમણી અને કમરથી નીચી સાડી પહેરે છે, તેજ ને..??
પછી તો આરતી નહી.....સીધા...ચોટીલે ડાકલા વાગ્યા..

કાલે કોઈ છાપામાં સમાચાર જોવા મળશે કે ગરબા રમતા 30 પકડાયા અને મુદ્દામાલ 30 દાંડિયાની જોડી કબ્જે લેવાઈ..! ગરબા પણ હંતાઈ હંતાઈ ને રમવાના, કોઈ દિવસ આવું વિચારેલું કે આવા દિવસો પણ જોવા મળશે??

તબિયત ખરાબ છે એવું લખો એટલે વીસ લોકો મળવા ચાલ્યા આવતા. આજે પરિસ્થિતિ એવી છે કે વીસ દિવસ સુધી કોઈ આવતું નથી..

છેતરીને સંત બનવું તેના કરતા છેતરાઈને માણસ બનવું અઘરૂ છે..!(મોરારીબાપુ ને પૂછી જોજો)

https://suratiundhiyu.wordpress.com/

સાલું હવે ખબર પડી કે કોરાના કેમ રોકાતો નથી? એનું કારણ એ ઊંધું વાંચો તો ખબર પડે...

શનિ નડે છે એટલે બધા ને .હનુમાન ચાલિસા મોઢે હોય છે, પણ અફસોસ કૃષ્ણ કોઇને નડતો નથી બાકિ આખી ગીતા મોઢે હોત....

પત્નીને સવારે પૈસા આપો અને સાંજે હિસાબ જોશો તો ખબર પડી જશે કે ભ્રષ્ટાચાર ફક્ત નેતાઓ જ નથી કરતા

આખું વરસ ચીકન અને મરઘીના ઈંડા દબાવી દબાવીને ખાય અને પાછા આ નવ દિવસ ગરબા ગાય કે "કુકડા તારી બોલી મને મીઠી મીઠી લાગી, પછી માતાજી તમને કેવી રીતે માફ કરે????

બાપુ રોજ બારમાં જતા અને ત્રણ ગ્લાસ બીયર મંગાવતા. ત્રણે ગ્લાસ એક સામટા ગટગટાવી જતા. એક દિવસ વેઈટરથી રહેવાયું નહિ એટલે બાપુને પૂછ્યું, "તમે ત્રણ ગ્લાસ શું કામ મંગાવો છો? એક ગ્લાસથી પણ બીયર પી શકો છો.
બાપુ(ઉદાસ થઈને): અમે બાળપણના ત્રણ દોસ્તો છીએ, પણ દૂર દૂર રહીએ છીએ એટલે એમને યાદ કરી એમના નામનો બીયર પીવું છું. મને એમ લાગે છે કે એ લોકો મારી સાથે જ પીએ છે.
વરસ પછી બાપુએ બે ગ્લાસ મંગાવ્યા અને બે ગ્લાસમાંનો બીયર ઉદાસીનતાથી ગટગટાવી ગયા. વેઈટરને થયું કે બાપુનો એક દોસ્ત ગુજરી ગયો લાગે છે એટલે એણે બાપુને કહ્યું, "બાપુ, તમારા મિત્રને શું થયું હતું?".
બાપુ: મારા દોસ્તને કશું થયું નથી, તે એકદમ સાજો છે પણ હું નવરાત્રીમાં નવ દિવસ દારુ નથી પીતો, એ બંને પીએ છે...

આજે સાકર છોડ્યા ને મહિનો થયો. રોજ સવારે 5km જલ્દી થી ચાલવું ને પછી ૨૦ મિનીટ યોગ કરવું તો રૂટિન થઈ ગયું છે. ના ચા, ના કોફી, ફક્ત ફળ અને તાજા લીલા શાકભાજી. એ પણ ઓર્ગેનિક જ. બપોરે જમવામાં ૨ રોટલી ને શાક, સાંજે ફક્ત dry fruits ને ફ્રેશ ફ્રૂટસ. ચા તો સાવ જ મૂકી દીધો છે. બધા ખરાબ વ્યસન મૂકી દિધા. બસ હવે આ.....*ખોટું બોલવા ની આદત છુટે એટલે બધું બરાબર થઈ જાય....*

**एक मारवाड़ी पिता अपनी बेटी के लिये लड़का देखने गया.**
**उन्होंने लड़के के पिता से पूछा, "छोरो काई करे है?"**
**लड़के का पिता: सीए है।**
**लड़की का पिया: छोरा की बहन काई करे है?**
**लड़के का पिता: बा भी सीए है।**
**लड़की का पिया: छोरा की माँ काइ करे है?**
**लड़के का पिता: बा भी सीए है।**
**लड़की का पिया: अरे वाह, सब सीए है..!!!! मतलब आप भी सीए ही होंगा?**

https://suratiundhiyu.wordpress.com/

**लड़के का पिता: ना ना, मैं तो घाघरा ब्लाउज कटींग करू हूँ, ये सब लोग *सीए* है...**

જયારે એક મહિલા તમને પસંદ કરે ત્યારે તમે એક પતિ છો. જયારે સો મહિલા તમને પસંદ કરે ત્યારે તમે એક આદર્શ વ્યક્તિ છો. જ્યારે હજારો મહિલા તમને પસંદ કરે ત્યારે તમે એક નેતા છો. જયારે તમને આખા શહેરની મહિલા પસંદ કરે તો તમે પાણીપુરીવાળા છો

અત્યારે દિવાળીમાં એમેઝોન ખોલો તો 50 ટકાનો ફાયદો, ફ્લીપકાર્ટ ખોલો તો 40 ટકાનો ફાયદો અને એક પણ નહિ ખોલો તો 100 ટકાનો ફાયદો

એક સર્વે: પૃથ્વી ઉપર બીજાના વાંકે સૌથી વધારે ઝાપટ "ટીવી ના રીમોટે" ખાધી છે. બેટરી પેન્સિલ સેલની ડાઉન થાય અને ઝાપટ રીમોટને પડે..

આંઠ લાખ માણસો કોરોનાને લઈને મરી ગયા પણ એકે ય ભૂત બનીને ચીનના રાષ્ટ્રપતિ જીન પીંગનું ગળું નથી દબાવતું અને જો કુટુંબને નડવું હોય તો તરત જ ધુણવા માંડે. મને તો ભૂત ઉપરથી વિશ્વાસ જ ઉઠી ગયો છે.

બ્રેકીંગ ન્યૂઝ: વિધાર્થીને Online ઝાપટ મારવા જતા સાહેબનું લેપટોપ તૂટી ગયું...!!!

બેરોજગારીની હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે કોઈએ કીધુ, "દરીયામાં ભરતી આવી છે"...
તો ત્યા પણ કેટલાક પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ લઈને પહોંચી ગયા...

પતિ ઘરે આવ્યો અને જોયું તો પત્ની એકદમ બનીઠનીને તૈયાર થઇ હતી
પતિ: હિરોઈન જેવી લાગે છે?
પત્ની(ભડકીને ગુસ્સામાં): મતલબ હું ડ્રગ લઉં છું???

પત્ની: સાંભળો છો ? સામેવાળા *નવી ગાડી* લાવ્યા છે.
બાપુ: બાજુવાળા એ તો *બીજા લગ્ન* પણ કર્યાં છે, મે કાંઈ કહ્યું?

સ્ત્રીઓ દુઃખી થાય છે એનું સૌથી મોટું કારણ પોતાના છોકરાઓને સુધારવાને બદલે હંમેશા પોતાની સાસુના છોકરાને સુધારવાના ચક્કરમાં એ રહે છે

**बच्चेके पैदा होनेके पाँच साल बाद एक दिन अचानक माँ को एहसास हुआ कि यह बच्चा हमारा नहीं लगता, क्यों न इसका DNA Test करवाया जाए। शामको उसका पति थका हारा ड्यूटी से घर वापस आया तो उसने अपना संदेह व्यक्त किया, कि देखो यह बच्चा बड़ा विचित्र व्यवहार करता है, इसका चलना, खाना, पीना और सोना, इत्यादि हमारे से बहुत भिन्न है। मुझे नहीं लगता कि यह बच्चा हमारा है। चलो इसका DNA Test करवाते हैं।**

https://suratiundhiyu.wordpress.com/

**पति: डार्लिंग! तुम्हें यह बात आज अचानक पाँच साल बाद क्यों याद आ गई? यह तो तुम मुझसे पाँच साल पहले भी पूछ सकती थी...!**
**पत्नी(आश्चर्य चकित होते हुए): क्या मतलब है तुम्हारा? तुम कहना क्या चाहते हो?**
**पति: याद करो अस्पताल की वह पहली रात जब हमारा बच्चा पैदा हुआ था और कुछ ही देर बाद उसने पोटी कर दी थी। तब  तुम्हीं ने तो मुझसे कहा था कि "अजी सुनिए! प्लीज़ बेबी को चेंज कर दो।" तब मैं अपने बच्चे को उठाकर दूसरे वार्ड में गया, वहाँ अपने गंदे बच्चे को चेंज करके दूसरे साफ बच्चे को उठाकर तुम्हारे पास लाकर सुला दिया था...**
**मोरल ऑफ द स्टोरी: पति को काम बताते समय अपनी मातृभाषा का उपयोग करें, अंग्रेजी का भेजा इस्तेमाल करेंगे तो ऐसा ही होगा।.....!!!. पहली बार कोई पत्नी कोमा में है वरना हमेशा पति ही होते है!!!**

ગીધુકાકા ઘરની તકલીફોને લઈને તેનો હલ શોધવા માટે એક જ્યોતિષ પાસે ગયા
જ્યોતિષ: કાલે તમારા ઘરેથી થોડી માટી લઇ આવજો. બીજે દિવસે જ્યોતિષે ગીધુકાકાની લાવેલી માટી વાસણમાં લઈને થોડા મંત્રો બોલીને ગીધુકાકાને કહ્યું, “હું તમને જે સાચું કહું તે સાંભળી શકશો?”
ગીધુકાકા: હા..હા..સાંભળી શકીશ
જ્યોતિષ: તમારા જે બે છોકરા છે એ તમારા નથી. તમારી દીકરી બે છોકરાઓ સાથે ફરે છે. તમારી પત્ની તમારા પાડોશી થકી પ્રેગ્નન્ટ છે.
ગીધુકાકા: જોશ જોશમાં હસવા લાગ્યા
જ્યોતિષ: કેમ હસો છો?
ગીધુકાકા: સાંભળી શકો તો કહું...
જ્યોતિષ: હા..હા..સાંભળી શકીશ, તમે તમારે જે કહેવું હોય તે કહો
ગીધુકાકા: હું ઘરેથી માટી લાવવાનું ભૂલી ગયો હતો એટલે તમારી લોનમાંથી માટી લીધી હતી...

મન હોઈ તો માંડવે જવાય. નવી ઉક્તિ, મન ના હોઈ તો પણ માળિયે જવું પડે..દિવાળી ઇફેક્ટ..

નવરાત્રી માં વ્હોટ્સએપ અને ફેસબુક એટલું ભક્તિમય થઇ ગયું છે કે મેસેજ પણ ચપ્પલ ઉતારીને વાંચવા પડે છે..

સેનેટાઇઝર પર જે 99.9 % લખે છે, એ બાકીનો 0.1% જ આપણી પથારી ફેરવતો હશે કે?

કામ-ધંધાને સંસારથી કંટાળી જાય એવા લોકો બાવા બની જાય છે. નવાઈની વાત એ છે કે જેના ધંધા સારા ચાલે છે એવા સંસારી લોકો આવા બાવાઓ પાસે સલાહ લેવા જાય છે

https://suratiundhiyu.wordpress.com/

પતિ: નવરાત્રીમાં જાય તો માતાજીના આઠે આઠ હાથના શ્રૃંગાર જોજે, એના એક પણ હાથમાં મોબાઈલ નથી એ પણ જોજે...!
પત્ની: હા..., મેં પણ વિષ્ણુની આઠ હાથવાળી મુર્તિ જોઇ, તેના એક પણ હાથ માં ગ્લાસ નથી. મને ના શીખવશો...!!!

દેશ આર્થિક મંદી કરતાંયે વધુ માનસિક મંદીમાં ઘેરાયો છે..

ગીધુકાકાએ દારૂનો ગ્લાસ ભરીને કાકીને આપ્યો.
કાકી(ઘુટડો પીને): થું...થું..કેટલો કડવો છે...
કાકા: જોઈ લીધુંને..!!! તને એમ કે હું રોજ મોજ કરું છું. અરે..ઝેરના ઘૂંટડા ભરું છું..ઘૂંટડા..

સ્કૂલમાંથી ફોન આવ્યો.
હેડ માસ્તર: તમારો છોકરો બહુ તોફાન કરે છે. આવીને મળી જાઓ.
ગીધુકાકા: ઘરે પણ ઘણા તોફાન કરે છે, અમે તમને કોઈ દિવસ ઘરે બોલાવ્યા..?

ખીચડી એ એક એવી ડીશ છે જે લોકોના ઘર કરતા એમના દિમાગમાં વધારે પાકે છે

Meanwhile in Gujarat - whatsapp emojis crossing the limits!!!!
Girl: wats ur name
Boy: 🔫🔫🔫🔫🔫🔫
Girl: ??
Boy:Chhagan
Girl: oh, so cute!
Boy: wats ur name?
Girl : 🚰🚰🚰.......up to 100
Boy: 😳😳😳whts this?
Girl: Arrey it's Sonal !!!

બાપુને વાણીયાએ ગધેડો કહ્યું એટલે બાપુએ એની સામે કોર્ટમાં કેસ દાખલ કરી દીધો. જજે વાણીયાને બાપુની માફી માંગવા કહ્યું અને તેણે માફી માંગી લીધી. બાપુએ જજને કહ્યું કે હું એક શરત પર એની માફી સ્વીકારવા તૈયાર છું.
જજ: તમારી શું શરત છે?
બાપુ: એ કે આ વાણીયો કોઈપણ દિવસ કોઈ બાપુને ગધેડો નહિ કહે. વાણીયાએ હા પાડી એટલે જજે એને છોડી દીધો. જતા પહેલા વાણીયાએ જજને પૂછ્યું, “સાહેબ, હું કોઈ પણ બાપુને કોઈ દિવસ ગધેડો નહિ કહું પરંતુ મને એ કહો કે હું કોઈ ગધેડાને તો બાપુ કહીને બોલાવી શકું ને?

https://suratiundhiyu.wordpress.com/

જજ: તમારે ગધેડાને જે કહીને બોલાવવો હોય તે કહીને બોલાવો. કોર્ટને એની સાથે કઈ લેવાદેવા નથી. એટલે વાણીયાએ જતા જતા બાપુ સામું જોઇને કહ્યું, “બાપુ, હવે હું જાઉં છું”.....

એક્ટર સોનુના ઘર સામે ટોળાના ટોળામાં માણસો આવવા માંડ્યા એટલે...
સોનું: ભાઈ લોકડાઉન પતી ગયું હવે આટલા બધા અહી કેમ?
ટોળું: અમને બિહાર લઇ જાવ
સોનું: શું કામ?
ટોળું: કોરોનાના વેક્સીન ફ્રી માં પહેલા ભાજપા બિહારમાં આપવાની છે એટલે અમને ત્યાં લઇ જાવ

ચીની ફ્રાટકડાઓ ના ખરીદવાના ઘણા મેસેજો જોવા મળે છે, સવાલ એ થાય છે કે ચીને તો એ ફટાકડા ભારતના વેપારીઓને વેચીને પૈસા ભેગા કરી જ લીધા છે.. તો બહિષ્કાર થી નુકશાન કોનું ચીનનું? કે ભારતીય વેપારીઓનું?

એક ચાઇનીઝ તેના મિત્રને હોસ્પીટલમાં મળવા ગયો. ડોક્ટર એ દર્દીને તપાસતા હતા અને એનો મિત્ર એના ખાટલાની પાસે આવીને ઉભો રહ્યો કે પેલો દર્દી ચીસ પાડીને બોલ્યો...
દર્દી: ચીન વોંગ મીન યંગ દુ ચીન્ગું... આટલું બોલીને દર્દી મરી ગયો. ડોક્ટરને સમજાયું નહિ કે એ શું બોલીને મરી ગયો? એટલે એમણે ગુગલ પર ચેક કર્યું તો દર્દી બોલેલો તેનો અર્થ “ગધેડા, તું મારી ઓક્સીજનની પાઇપ પર ઉભો છે, પગ હટાવ નહિ તો હું મરી જઇશ”.

પત્નીએ એક દિવસ પૂછી જ લીધું, સાચે સાચું કહી દદો, હેમા કોણ છે? જ્યારે એનો ફ્રોન આવે છે, તમે તરત ભાગો છો, દિવસ રાત બપોર, જ્યારે ફ્રોન આવે એટલે ગભરાટમાં દોડતા દોડતા નીકળી જાવ છો. આજે સાચું કહી દો કે તમારે એ હેમા જોડે શું લફડું છે?
શિક્ષક: અરે ભાગ્યવાન, જરા મગજ શાંત રાખ. ગમે એવું શું વિચારવા મંડી પડે છે. એ તો અમારો હેડ માસ્તર છે. મેં એને “હેમા” તરીકે સેવ કરેલ છે

દુનિયા આખીમાં સૂવાનાં સમયે પતિ-પત્ની એકબીજાને કેવી રીતે સંબોધિત કરે છે ?
અમેરિકા: ગુડ નાઈટ ડાર્લિંગ !
બ્રિટન: સ્વીટ ડ્રીમ્સ ડાર્લિંગ !
જાપાન: ગુડ નાઈટ માય લવ !
કેનેડા: લવ યુ હની, સ્વીટ ડ્રીમ્સ, અને ગુજરાતમાં
- ગેટને તાળું મારી દીધું?
- ગેસનો બોટલ બંધ કર્યો?
- દહીં ફ્રીજમાં મૂક્યું ને નહીં તો ખાટું થઈ જશે.
- બહારની લાઇટ બંધ કરી?
- આ પંખો ચાલુ કરો અને એ.સી. બંધ કરો ભઈસાબ. આખી રુમ ઠંડી થઈ ગઈ, મારાથી એ.સી.માં નથી સુવાતુ.

https://suratiundhiyu.wordpress.com/

- હેંડો હુઈ જાવ હવે, સવારે કેટલાંય કામ છે મારે, તમારી જેમ આરામથી ઘોરવાનું નથી...!

An Air Force officer was visiting a temple in South India, Poojari came close to him & asked in low voice: "Got Rum"!!?
He winked and replied: "Yes, in my car, two bottles of Old Monk, Bacardi and Black Dog whiskey." The Poojari became very angry and asked him to go back..
His wife who realized what went wrong , elbowed him and whispered in his ear, " Panditji was asking about your *GOTRAM***(गोत्र) "**aur tum ko Daaru ke siwa kuch aur sunaee nahin deta.

સંતા અને બંતા એ બે ઘોડા ખરીધ્યા. હવે કયો ઘોડો કોનો છે એ જાણવા એક ઘોડાની પૂછડી કાપવાનો વિચાર કર્યો. પણ ભૂલમાં બંને ઘોડાની પૂછડી કપાઈ ગઈ.
સંતા: બંતા, હવે શું કરીશું?
બંતા: સંતા તું લાલ ઘોડો લે અને હું સફેદ...

બે બહેનપણીઓ વાત કરતી હતી.
એક બેનપણી: અરે ગઈકાલે ગજબ થઇ જાત. હું મંદિરે ગઈ હતી. ભગવાન પાસે માંગવા જતી હતી કે મારા પતિની બધી મૂશ્કેલીઓ દૂર કરો. પછી થયું કે ના; રહેવાદે, હું જ કદાચ ઉકલી જાઉં તો ..?"

પતિ પાણીમાં માથુ નાખીને બેઠો હતો
પત્ની: આ શુ કરો છો?
પતિ: આજ કાલ મગજ ચાલતૂ નથી તો પંચર તો નથી ને ચેક કરુ છુ

થોડા ઠંડા દિમાગ અને શાંતિથી વાંચજો. રાજા દશરથે કૈકયીનું કહેવું માન્યું ભલે પ્રાણ ત્યજવા પડ્યા, પરંતુ આજે તેઓ પૂજનીય છે...
રામે સીતાનું માન્યું અને હરણ પાછળ ચાલ્યા ગયા (પછી ભલે રાવણ હારે માથાકૂટ યુદ્ધ સુધીની કરવી પડી) અને એટલે તેઓ પૂજનીય છે...
પરંતુ રાવણે મંદોદરીનું ન માન્યું અને માર્યા ગયા અને હજી પણ તેઓને બાળવામાં આવે છે. એટલે જ જ્ઞાની પુરુષોએ કીધું છે કે પોતાનું દિમાગ વાપર્યા વગર પત્ની કહે એમ કરો તો જીવન સુખમય, શાંતિમય અને યશસ્વી થાય.....આગળ તમારી મરજી...મિત્રોના જનહિતમાં જારી...

ડૉક્ટર: 3 દાંત કેમ તુટી ગયા?
પેશન્ટ: પત્નીએ બનાવેલી સુખડી ખાધી હતી
ડૉક્ટર: તો ના પાડી દેવાય ને
પેશન્ટ: તો 32 એ 32 તુટી જાત

https://suratiundhiyu.wordpress.com/

દોસ્ત અને પત્નીને વિશ્વાસ અપાવવાની કોઈ જરૂર નથી. દોસ્ત કોઈ દિવસ શક નથી કરતો અને પત્ની કોઈ દિવસ યકીન નથી કરતી

એક ભાઈના લગ્ન નહોતા થતા. એને એક ચિરાગ મળ્યો. તે ખોલવા ગયો તો એમાંથી જીન નીકળ્યો.
જીન: તે મને કેદમાંથી છોડાવ્યો એટલે હું તને એક વરદાન માંગવા કહું છું, તો માંગ...
ભાઈ: ઘરવાળી આપો...
જીને એ ભાઈનું ઘર વાળી આપ્યું...

**हमारे बचपन में पढ़ाने के तरीके गजब थे. मुझको असेसीनेशन**(assassination) **की स्पेलिंग याद नहीं हो रही थी. बहुत कूटने पर भी जब याद ना हुई तो अध्यापक मुझको प्रधानाध्यापक के पास ले गये. प्रधानाध्यापकने बहुत प्यार से समझाते हुए कहा, इस तरह याद करो कि लफ्ज़ के चार हिस्से कर** ASS, ASS , I, NATION, **फिर याद रख..**
**पहले गधा, गधे के पीछे फिर गधा, गधे के पीछे मैं और मेरे पीछे देश...**
**मैं अभी भी वो स्पैलिंग नहीं भूला...**

રમણકાકા: દીકરાના લગ્ન નક્કી કર્યા.
ગીધુકાકા: માણસો કેવા છે ?
રમણકાકા : આપણાં જેવા જ.
ગીધુકાકા: તોય કર્યું ?

માણસ મોટો થાય એટલે બાળપણને ભૂલે,
લગ્ન થાય એટલે મા-બાપને ભૂલે
છોકરા થાય એટલે ભાઈ-બેનને ભૂલે
અમીર થાય એટલે દોસ્તોને ભૂલે અને ઘરડો થાય એટલે પાછો બધાને યાદ કરે

એક પાણીપૂરીની લારી પર નીચે મુજબનું મેનુ મેં જોયું. પાણીપુરી:રૂ.10, Special પાણીપુરી:રૂ.12, Very special પાણીપુરી:રૂ.15, Extra special પાણીપુરી:રૂ.18, Double special પાણીપુરી:રૂ.20, Sunday special પાણીપુરી:રૂ.25(માત્ર રવિવાર). મેં બધી પાણીપૂરીનો ટેસ્ટ કર્યો તો સ્વાદ એક જ સરખો હતો. એટલે મેં ભૈયાજીને પૂછ્યું કે આ બધાનો ટેસ્ટ એક જ છે તો ભાવ કેમ સરખા નથી?
ભૈયાજી: સાદી પાણીપુરી:10, Special પાણીપુરી એટલે ચમચી ધોઈને આપવામાં આવે છે, Very special એટલે ચમચી અને પ્લેટ બંને ધોઈને આપવામાં આવે છે, Extra special પાણીપુરી એટલે ચમચી અને પ્લેટ સાથે પાણીપુરીને પ્લેટોમાં મૂકતા પહેલા હાથ ધોઈને પીરસવામાં આવે છે, Double special panipuri એટલે સ્વચ્છ પીવાનાંપાણીમાં બનાવેલી આપવામાં આવે છે
મેં પાનીપુરીવાળાને પૂછ્યું કે આ Sunday special શું છે?

https://sunatiundhiyu.wordpress.com/

ભૈયાજી: Sunday, હું ન્હાઈને આઉં છું..!!

ચિત્રકાર: તમારા પત્નીનું એવું ચિત્ર બનાવી દઉં કે તમને એમ લાગશે કે હમણાં બોલવા લાગશે.
બાપુ: તો રહેવા દે ભાઈ...

આ દુનિયામાં ત્રણ માણસો પાછા નથી દેખાતા
**1**-મરી જાય તે
**2**- બુચ મારી જાય તે
**3**- ચૂંટાય જાય તે

એક હ્રદયસ્પર્શી વાત:
નોકર: મારો પગાર વધારોને શેઠજી...!!
શેઠ(ગુસ્સે થઈને): કેમ ભઈ...???
નોકર: સાહેબ, મારા છોકરાંઓને ખબર પડી ગઇ છે કે દુનિયામાં બીજા માણસો બે ટાઇમ જમે છે..!!!

જયારે હું યુવાન હતો ત્યારે ઘણી આંટીઓ મારી મમ્મીને કહેતી કે તમારો છોકરો "ગુડબોય" છે. ત્યારે મારી મમ્મી તેમને કહેતી ચાર દિવસ તમારે ઘરે લઇ જાવ પછી ખબર પડશે. આજે મારી પત્નીની બહેનપણી આવી અને તેણે કહ્યું તારો પતિ ઘણો સારો માણસ છે. પરંતુ મારી અદેખવી પત્નીના મોઢામાંથી એક પણ શબ્દ નહિ નીકળ્યો કે ચાર દિવસ તારા ઘરે લઇ જા પછી ખબર પડશે.. "આખરે મા તો મા જ હોય છે"

પતિ નોકરી પરથી આજે વહેલો આવી ગયો. એટલે પત્નીએ ગભરાઈને તેના પ્રેમીને પાઉડર લગાડીને કે ખૂણામાં મૂર્તિની જેમ બેડરૂમમાં ઉભો રાખ્યો. પતિએ રૂમમાં મૂર્તિ જોઇને
પતિ: આ શું છે?
પત્ની: આ મૂર્તિ તો બાજુવાળા ગુપ્તાજીએ આપી છે. પતિ કશું બોલ્યો નહિ અને કામકાજમાં વ્યસ્ત થઇ ગયો. અડધી રાતે પતિએ ઉઠીને એ મૂર્તિ આગળ સેન્ડવીચ રાખીને બોલ્યો, "ગુપ્તાજી, ખાઈલો, પરમ દિવસે તમારે ઘરે આખી રાત આજ રીતે ઉભો રહ્યો હતો, કોઇએ પાણીનો ભાવ પણ નહોતો પૂછ્યો.."

સેલ્સમેન: શેઠ માલ ઑર્ડર કરો..! કોરોના આપણું કાઈ નહિ બગાડી શકે, આપણે 135 કરોડ છીએ. રોજના એક લાખ મરશે તો પણ 37વર્ષ લાગી જશે અને ત્યા સુધીમાં તો આપણે પાછા ડબલ થઈ  જશુ..!! આને કહેવાય આત્મવિશ્વાસ..

પરણેલા પુરુષોની જિંદગી એસ.ટી. બસ જેવી હોય છે. આખો દિવસ ગમે ત્યાં ફરો પણ રાત્રે તો ડેપોમાં જમા થવું જ પડે

પત્ની: સાંભળો છો?

https://suratiundhiyu.wordpress.com/

પતિ: હા બોલ..
પત્ની: એક બે હજાર રૂપિયાની જરૂર હતી, તમારો પગાર આવશે એટલે પાછા આપી દઈશ

રસોડામાં રકાબી તુટ્યા પછી પણ જો શાંતિ હોય તો સમજી જજો કે રકાબી પત્નીથી તુટી છે અને વાંક રકાબીનો જ હતો...

જે રીતે "SMALLPOX"ને માતાનો દરજ્જો મળ્યો છે તે જ રીતે "CORONA"ને પણ સસરાનો દરજ્જો મળવો જોઈએ, કમબખ્તે બધાને ચહેરા ઢાકવા મજબુર કર્યા છે

એક ભાઈએ ગૃપમાં પોસ્ટ મુકી કે "હું પરણી ગયો"
નીચે પહેલીજ કોમેન્ટ આવી, "વ્યકતિગત સમસ્યા ના રોદણા અહીં ગ્રુપમાં રોવા નહીં"

ગીધુકાકા(બીલ ગેટને): તમે યાર તદ્દન વિચિત્ર માણસ છો
બીલ ગેટ: કેમ?
ગીધુકાકા: તમે અટક(GATES) દરવાજાની રાખો છો અને ધંધો બારીઓ(WINDOWS)નો કરો છો!!!

એક નવું જ પરણેલું મારવાડી કપલ એક નવા જ ઉઘડેલા રેસ્ટોરન્ટ પાસેથી પસાર થતા હતા.
મારવાડણ: તમને રસોઈની સુગંધ આવી? ખુબ જ સુંદર સુગંધ આવે છે. એક દિલદાર મારવાડીના દિલવાળા તેના પતિએ વિચાર્યું પત્નીને જો રસોઈની સુગંધ આટલી બધી સારી લાગતી હોય તો તેને એકવાર મઝા કરાવવામાં શું ફરક પડવાનો? એટલે એણે ફરીવાર પત્ની સાથે એ જ રેસ્ટોરન્ટનો આંટો માર્યો!

સાઈકિઆટ્રીસ્ટ એટલે કે મનોચિકિત્સક કોને કહેવાય ?
એક એવો માણસ જે ખુબ મોટી કન્સલ્ટિંગ ફી લઈને તમે કેવા છો તેનું વર્ણન આપે છે. જે તમારી પત્ની તમને સાવ મફતમાં આપતી હોય છે..!

ટપાલીને જોઇને હું દોડીને ગયો અને પૂછ્યું કે મારી કોઈ ટપાલ છે??
ટપાલી(આશ્ચર્યથી): કેમ તારું "WhatsApp"બંધ છે ?

જીગો: મને લગ્નમાં બી.એમ.ડબલ્યુ. મળી
મનીયો: ખોટું ના બોલ, મેં ક્યારેય તારે ઘરે કાર નથી જોઈ
જીગો: અરે BMW એટલે બહુ મોટી વાઈફ. મારી પત્ની મારા કરતા દસ વરસ મોટી છે..!!

An uneducated father with his educated son went on a camping trip. They set-up their tent and fell asleep. Some hours later, the father woke up his son. Father- Look up to the sky and tell me what you see.
Son- I see millions of stars.

https://suratundhiyu.wordpress.com/

Father- And what does that tell you?
Son- Astronomically, it tells that there are millions of galaxies and planets. Father slaps the son hard and Guess what father has replied..!!????
He says- "Idiot, someone has stolen our tent"
MORAL: Too much education can spoil our common sense.

રઘલો: બાપુ આ બુટ્ટી ક્યારથી પહેરવાનું શરુ કર્યું?
બાપુ: તારી ભાભીને ગાડીમાંથી મળી ત્યારથી...

પત્ની: મને જાડી જાડી નહિ કહ્યા કરો, એ તો અમારા ખાનદાનમાં ચાલતું આવ્યું છે
પતિ: તું ચાલતું આવ્યું એમ નહિ, પણ તારા ખાનદાનમાં કોઈ ચાલતું જ નથી એમ કહે

તારક મહેતા: જેઠાલાલ, કાલે ભાભી કેમ તમેને બહુ વઢતા હતા?
જેઠાલાલ: અરે યાર મેં ફેસબુકની જગ્યાએ એનો ફોટો OLX પર અપલોડ કરી દીધો. પાછી તરત એક કોમેન્ટ પણ આવી કે "ભાઈ આ 1970 નો ભંગાર અહી કોણે મુક્યો?'

સંસ્કૃતના ક્લાસમાં પપ્પૂની શ્લોકની પરીક્ષા હતી.
સંસ્કૃતના ક્લાસના ગુરુજીએ પૂછ્યું- પપ્પૂ આ શ્લોકનો અર્થ સમજાવ, 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'.
પપ્પૂ: રાધિકા કદાચ રસ્તામાં ફળ વેચવાનું કામ કરી રહી છે!
ગુરુજી: મૂર્ખા, તેનો અર્થ આ નથી, ચલ છોડ આનો અર્થ કહે, 'બહુનિ મે વ્યતીતાની, જન્માનિ તવ ચાર્જુન'
પપ્પૂ: વહૂને ઘણા બાળકો છે અને બધા 4 જૂને જન્મ પામ્યા છે.
ગુરુજી: ગધેડા! સંસ્કૃત ભણાવું છું ત્યારે તારું ધ્યાન ક્યાં હોય છે?, સાચું કહે તને એક પણ શ્લોકનો અર્થ નથી ખબર ને?
પપ્પૂ: ખબર છે ને!
ગુરુજી: છેલ્લી વાર પૂછું છું. હવે આ અર્થનો સાચો જવાબ આપજે, 'હે પાર્થ ત્વયા ચાપી મમ ચાપી.......! ' બોલ આનો અર્થ બોલ.
પપ્પૂ: મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ અર્જૂનને કહી રહ્યા છે, ગુરુજી ઉત્સાહિત થઇ એકદમ બરાબર બોલ્યો, બહુ સરસ, બહુ સરસ આગળ બોલ.
પપ્પૂ: ભગવાન બોલ્યા....અર્જૂન તું પણ ચા પી લે. મેં પણ ચા પી લીધી છે, પછી યુદ્ધ કરશું!

ડોકટર: કયો સાબુ વાપરો છો
બાપુ: ગઢવીનો લીમડાના તેલવાળો
ડોકટર: ટુથ પેસ્ટ
બાપુ: ગઢવીનો આર્યુવૈદિક પેસ્ટ
ડોકટર: શેમ્પુ
બાપુ: ગઢવીનો હર્બલ શેમ્પુ

https://suratiundhiyu.wordpress.com/

ડોકટર: તેલ
બાપુ: ગઢવીનુ આમળા તેલ
ડોકટર: આ ગઢવી નવી કંપની છે?
બાપુ: ના સાયબ, ગઢવી મારો રૂમ પાર્ટનર છે

બાપુ: હું નાનો હતો ત્યારે પરીક્ષા અગાઉ મને ઘરમાંથી હંમેશા કહેવામાં આવતું કે જો તું પહેલો નંબર લાવીશ તો "તને આ આપીશું અને પેલું આપીશું". પણ મેં ક્યારેય પહેલો નંબર લાવીને આવા લોભ, લાલચ કે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન જ નથી આપ્યું...!!! નાનપણથી જ પ્રામાણિક.!

18 થી ઓછી ઉંમરના બાળકોને વ્હીકલ ચલાવવા આપવું નહીં, નહિ તો જેના નામની ગાડી હશે એને જેલ થઇ શકે છે. આ સાંભળીને અમુક લોકો એ ગાડીઓ પોતાની પત્નીઓના નામે કરી નાખી અને છોકરાઓ ને કહી દીધું છે કે ચલાવો તમ તમારે, ટેન્શન ના લેતા. જન્મટીપ થાય એવું કરજો..

ડોકટરે દર્દીને તપાસીને કહ્યું, “તમારે કોઈ જૂની બીમારી છે જે તમારી તંદુરસ્તી ખરાબ કરી રહી છે”
દર્દી: ડોક્ટર સાહેબ, થોડું ધીમે બોલો, એ બહાર જ બેઠી છે....

ડોક્ટર: બાપુ, જમાઈ છે?
બાપુ: હા, છે ને, ત્રણ ત્રણ છે પણ સાલા ત્રણે ત્રણ નકામાં છે
ડોક્ટર: અરે બાપુ હું તો જમાઈ એટલે ખવાય છે એમ પૂછું છું..

પ્રેમિકા:  જલ્દી બારીએ થી ઠેકડો મારી જા મારા પપ્પા આવે છે
જીગો:  પણ આ તો તેરમો માળ છે...
પ્રેમિકા: અત્યારે એ અંક શુભ છે કે  અશુભ એ વિચારવાનુ ના હોય

એક બહેન વજન કરતી વખતે વજનકાંટા ઉપર ઉભા રહી થોડી થોડી વારે ઊંડા ઊંડા શ્વાસ લઈ પેટને અંદર ખેંચે, એમના પતિદેવથી ન રહેવાયું.
પતિ: એમાં કાંઈ ફેર ન પડે પેટ અંદર લેવાથી વજનકાંટો વજન ઓછું ન દેખાડે...!!!
બહેન:(ખીજાયને): બુદ્ધિ વગરના છો સાવ, પેટ અંદર લઉ તો જ  કેટલું વજન છે એ મને દેખાય ને...???

જયંતીજોખમે લાયબ્રેરીમાં જઈને પૂછ્યું કે આત્મહત્યા કરવાના વિવિધ તરીકાની ચોપડી છે?
લાયાબ્રેરીયને તેને ઉપરથી નીચે જોયો અને પછી ઘૂરકીને પૂછ્યું, પાછી આપવા કોણ આવશે?

જોઇએ છે: ઈલેક્ટ્રીશિયન
GRAND  હોટેલ, અમદાવાદ.
જગ્યા-૧:  ઈલેક્ટ્રીશિયન (જુનિયર)

https://suratiundhiyu.wordpress.com/

પગાર: રૂપિયા ત્રીસ હજાર પ્રતિ માસ.
કામનો પ્રકાર: રાત આખી બેસી રહેવાનું, અને ધ્યાન રાખવાનું કે Hotel GRAND GALAXYના નિયોન સાઈન બોર્ડમાં અક્ષર “R” કોઈપણ સંજોગોમાં બંધ ના થાય.
જગ્યા-૨: ઈલેક્ટ્રીશિયન(સિનિયર)
પગાર: રૂપિયા સાઈઠ હજાર પ્રતિ માસ.
કામનો પ્રકાર: ઉપરોક્ત નિયોન સાઈન બોર્ડમા અક્ષર “G” પણ બંધ થવો ના જોઈએ...

ગામની સ્કુલમાં નવા શિક્ષક આવ્યા. એમને થયું કે સારા છોકરાને મોનીટર બનાવી દઉં. એટલે એમણે દરેક છોકરાને સવાલ પૂછવાનું શરુ કર્યું. સ્કૂલમાંથી છૂટ્યા પછી તમે શું કરો છો?
પહેલો છોકરો: હું નારાયણ ભંડારીને ત્યાંથી મારા બાપા માટે ભાંગની ગોળીઓ લઇ આવું છું
બીજો છોકરો: હું નારાયણ ભંડારીને ત્યાંથી મારા બાપુ માટે દેશી દારૂની પોટલી લઇ આવું છું
ત્રીજો છોકરો: હું મારા બાપનો સટ્ટાનો આંકડો લગાવી આવું છું
ચોથો છોકરો: હું ઘરે જઈને હાથ પગ ધોઈને થોડો નાસ્તો કરી, ભગવાનને દીવાબત્તી કરી મારા બાપને કામમાં મદદ કરું છું અને પછી સ્કુલનું હોમવર્ક કરું છું.
શિક્ષક(ગદગદ થઇને): હું તને મોનીટર બનવાને લાયક સમજુ છું, આજથી તું ક્લાસનો મોનીટર. પણ એ તો કહે તારું નામ શું છે?
છોકરો: નારાયણ ભંડારી(શિક્ષક બેભાન)

છોકરાને જોવા આવ્યા હતા..
છોકરીવાળા: અમને છોકરો પસંદ નથી..
છોકરાવાળા: પસંદ તો અમને પણ નથી, એટલે શું આખી જિંદગી કુંવારો રાખવાનો..?

દીવાલીના દિવસોમા સાફ સફાઈ ચાલુ હોઇ ત્યારે રાત્રે જમતી વખતે...
પતિ: આ પરોઠા છે કે શું છે ?
પત્ની:આજે રસોડું સાફ કર્યું તો ઘંઉના લોટ સાથે વધેલો બાજરી, ચોખા, જુવાર, ચણાનો લોટ મિક્ષ કર્યો છે...મીસી રોટી સમજ્યા..?
પતિ: આ શાક શેનુ છે..?
પત્ની: આજે ફ્રીજ સાફ કર્યું, શાક રાખવાના ખાનામા તળિયામા 2/4 રિંગણા, 4/5 ભીંડા, 2/3ટિન્ડોલા , કોબી, ફ્લાવર, મેથીની ભાજી વધીતી તે ભેગુ કર્યુ છે, મિક્ષ વેજિટેબલ...
પતિ:અરે પણ શાકમા મસાલો શેનો નાખ્યો છે..?
પત્ની: પાઉભાજી, સંભાર વગેરેના પેકેટમાં થોડો થોડો મસાલો વધ્યો તો તે બધો નાખી દીધો...
પતિ: આ શાકનો રંગ કેમ સફેદ છે..?
પત્ની: મલાઈ માર કે... HAPPY DIWALI...

https://suratiundhiyu.wordpress.com/

ભારતમાં સૌથી મોટો ધધો ધર્મ, બીજો રાજકારણ અને ત્રીજો દલાલી છે. મહત્વની વાત એ છે કે એ ત્રણે ફ્રી છે. એક અંદાજ મુજબ અમેરિકામાં દર પાંચ હજારે એક વૈજ્ઞાનિક અને બિઝનેશમેન છે. ભારતમાં દર પાંચ હજારે એક બાવો અને એક અંગુઠા છાપ નેતા છે,  આવ લોકો શું તંબુરો દેશને વિશ્વગુરું બનાવી શકે?

બાપુ: તારા હાથ પગ સારા છે તો મહેનતનું કામ કરતા શું થાય છે?
ભિખારી: તમે કોઈ દિવસ ભીખ માંગી છે તો પછી તમને શું ખબર કે મહેનત શું કહેવાય?

એક બેન કોરોનામાં કોમામાં જતાં રહ્યાં. બધા ને એમ કે ગુજરી ગયા એટલે સ્મશાન યાત્રા કાઢી. ત્યાં સ્મશાનમાં પગથીયા પરથી ઉતરતા એક થાંભલા જોડે નનામી અથડાઈ. બહેન નનામી જોડે નીચે પડ્યા અને આંખો ખોલી. એટલે બહેનને પાછા ઘરે લઇ આવ્યા. એક વરસ પછી બહેન ખરેખર ગુજરી ગયા. ડાઘુઓ નનામી ઊંચકીને "રામ બોલો ભાઈ રામ, રામ બોલો ભાઈ રામ" એમ બોલતા બોલતા સ્મશાન તરફ જતા હતા. પણ પેલી બહેનનો પતિ થોડી થોડી વારે "થાંભલો સંભાળો...થાંભલો સંભાળો... એવું બોલતો હતો...

એક મરઘીએ બતક સાથે લગ્ન કરી લીધા.
મરઘો: શું અમે મરી ગયા હતા?
મરઘી: લગ્ન તો તારી જોડે જ કરવાના હતા પણ મમ્મી પપ્પાની ઇચ્છા હતી કે છોકરો નેવીમાં હોવો જોઇએ

સાલી કોરોનાની જ વેક્સીન નથી બની શકી બાકી કોરોના સામે 99.9% લડવાવાળા  ઓઈલ પેઈન્ટ, ડીસ્ટેમ્પર, ટોયલેટ અને ફર્શ કલીનરો તો બજારમાં ક્યારના આવી ગયા

કાળી ચૌદશની રાત્રે કુંડાળું જોઈને એમા ઉભા ના રહી જતા. એ કુંડાળું  સોશીયલ ડીસ્ટન્સનુ નથી હોતુ.  નહી તો લેવા દેવા વગરનો આખા ગામનો કકળાટ લઈને ઘરે આવશો.

ઈમોશનલ અત્યાચાર: દુઃખ એ વાતનું નથી કે શ્રીમતી ઘરનું બધું કામ કરાવે છે. તકલીફ એ છે કે કામ પતિ ગયા પછી ફોન પર એની બહેનપણીને કહે છે કે "આ માણસ કઈ કામનો નથી"....

છગન માર્કેટમાં ઍક્ટિવા પર બેઠો બેઠો મોબાઈલ મંતરતો હતો, ત્યાં બાપુ આવ્યા અને છગનના ખભે ખૂબ પ્રેમથી હાથ મૂકી ને પૂછ્યું, "તારુ નામ શું છે બેટા?"
છગને કહ્યું, "છગન"
બાપુ: સરસ, તારા પિતાનું શું નામ છે?
છગને કહ્યું, "મગન"
બાપુ: આ મગનીયાનું એકટીવા નથી, ઉતર સાલા...

ડો દિલીપ: ચાલો માસી મો ખોલો ....
શાંતામાસી: તારી બૈરી ઓલા બીજે માળ વાળા મેહુલિયા જોડે રોજે ગાર્ડન માં જાય છે, હવે આનાથી વધારે મારુ મો ના ખોલાવતા ....

https://suratiundhiyu.wordpress.com/

જો જમતા જમતા તમારા પતિ અથાણું માંગે તો સમજી જજો કે તમારા શાકમાં “દમ” નથી. એ પણ સમજી લો કે “દમ” તમારા પતિમાં પણ નથી કે જે તમને કહી શકે કે શાકમાં “દમ” નથી.

ભારતની સંસ્કૃતિમાં ભયંકર બદલાવ આવ્યો છે. આજે બાર તેર વરસના છોકરાઓ ગર્લફ્રેન્ડ ફેરવે છેં અને પાંસઠ સિત્તેર વરસના ડોસલાઓ લગ્ન કરે છે અને જેમની લગ્ન કરવાની ઉંમર છે એ બધા તલાટીની એક્ઝામ આપે છે

જો તમારું પેટ બહાર આવતું હોય તો ટેન્શન લેતા નથી, એરબેગ મોંઘી કારમાં જ આવે છે

બાપુએ કસ્ટમર કેરમાં ફોન કરીને પૂછ્યું : ‘મારી ભેંસ મારું સીમકાર્ડ ગળી ગઈ છે.’
કસ્ટમરકેરનો માણસ : ‘તો એમાં હું શું કરી શકું ?’
કાળુભા : ના, એટલે મારે તો ફક્ત એટલું પૂછવું છે કે તમે કોઈ રોમિંગ ચાર્જ તો નથી લગાડતાને?

સાંતાની વાઈફ: તમે મને જરા પણ પ્રેમ નથી કરતા!
સાંતા પાંચ છોકરાઓ તરફ આંગળી કરીને ગુસ્સે થઈને બોલ્યો, આ પાંચને મેં કંઈ ગુગલમાંથી નથી ડાઉનલોડ કર્યા!

**A chartered accountant was getting married. During wedding the wire vomites.**
**Husband: What happen?**
**Wife: Capital gains arising out of previous investment**
**Husband: You cheated me**
**Wife: You should know mutual fund investments are subject to market risks..!!!**

ભાભીના રૂમમાંથી દિયર નીકળે, જીજાજીના રૂમમાંથી સાળી નીકળે, સાળીના રૂમમાંથી પડોસી નીકળે, પાડોસીના રૂમમાંથી નણંદ નીકળે... તોય સિરિયલનું નામ પવિત્ર રિશ્તા?? વાહ..વાહ..સ્ટાર પ્લસ અને પેલા હિંદુ સંસ્કૃતિની રક્ષા કરનારાઓ, જ્યાં વિરોધ કરવાનો છે ત્યાં કેમ કોઈ વિરોધ નથી કરતુ?

પત્ની: તમે મને કેટલો પ્રેમ કરો છો?
પતિ: શાહજહાં કરતા પણ વધારે
પત્ની: મારા મર્યા પછી મારા નામે “તાજમહાલ” બનાવશો?
પતિ: ગાંડી, મેં તો પ્લોટ પણ લઇ રાખ્યો છે, મોડું તો તું કરે છે!

પપ્પુએ રેડિયો સ્ટેશન પર ફોન કર્યો અને પૂછ્યું: શું તમે **94.3** એફ.એમ. પરથી બોલો છો?
FM વાળો: જી હા
પપ્પુ: શું તમને મારો અવાજ બરાબર સંભળાય છે?
FM વાળો: જી હા

https://suratiundhiyu.wordpress.com/

પપ્પુ: એનો મતલબ મારી બેન જે રેડિયો સાંભળી રહી છે તેના સુધી મારો અવાજ પંહોચી રહ્યો છે
FM વાળો (ગુસ્સામાં): હા, ભાઈ હા
પપ્પુ: હેલો પીન્કી, જો તું મારો અવાજ સાંભળી રહી હોય તો મોટર ચાલુ કરી દે, હું ઉપર સંડાસમાં બેઠો છું, ટાંકીમાં પાણી ખલાસ થઇ ગયું છે અને તારો ફોન સ્વીચ ઓફ આવે છે

પતિ અને પત્ની ફરવા ગયા. ત્યાં પતિ પડી ગયો અને એને કપાળમાંથી લોહી નિકળવા માંડ્યું. એણે પોતાની પત્ની સામે જોયું અને તેને થયું કે પત્ની દુપટ્ટો ફાડીને માથામાં બાંધી દેશે.પત્ની એની આંખમાં આંખ મેળવીને બોલી ભૂલે ચુકે એવો ખ્યાલ પણ મનમાં નહિ લાવતા, આ દુપટ્ટો તો “ડીઝાઈનર”પીસ છે. કપાળે હાથ મૂકી દો.

જે ઘરમાં પતિ અને પત્ની બંને માવો-મસાલો ખાતા હોય ત્યાં શાંતિ હોય છે

ટીચર(યુરોપીયન): તો બોલો શરણાર્થીનો કોને કહેવાય?
વિદ્યાર્થી: જે શરણ દેવાવાળાની અર્થી કાઢે તેને શરણાર્થી કહેવાય..

બાપુ: આજે તો ભારે થઇ રઘલા, સવાર જંગલ ગયો તો સામે સિંહ મળ્યો
રઘલો: લે બહુ કરી બાપુ, પછી?
બાપુ: પછી તો શું, મેં મૂઠીવાળીને દોટ મૂકી. હું આગળ અને સિંહ પાછળ...થોડીવાર પછી પાછળ જોયું તો સિંહ લપસ્યો..
રઘલો: પછી?
બાપુ: વળી પાછી દોટ મૂકી. હું આગળ ને સિંહ પાછળ.. થોડીવાર પછી પાછળ જોયું સિંહ લપસ્યો.. માંડ માંડ ડેલી આવી ને ગરી ગયો માલીપા...
રઘલો: ખમ્મા બાપુને, અમારા જેવાને તો ઝાડા થઇ જાય..
બાપુ: ડોળકી ના, સિંહ અમથો બે વાર લપસ્યો....

આંઠ લાખની આવકવાળાને અનામતનો લાભ લેવા એંસી હજારનો દાખલો કઢાવવો છે અને એંસી હજારની આવકવાળાને લોન લેવા આંઠ લાખનું રીટર્ન ફાઈલ કરવું છે. સીસ્ટમની કરુણતા એ છે કે બસ્સો-પાંચસો ખર્ચતા બંનેનું કામ થઇ જાય છે

એક બહુ ભણેલા અને ભારતની ન્યુઝ ચેનલ જોનારી બહેને મને સાવ સરળ ભાષામાં પ્રશ્ન કર્યો, “હે ભઈ આપડે ત્યાં ભારે વરસાદ પડે તો પાકીસ્તાનમાં નુકસાન કઈ રીતે થાય???
થોડીવાર મને પણ ચક્કર આવ્યા પછી મે કીધુ બેન ન્યૂઝ ચેનલમાં જે પાક લખેલુ આવે છે તે પાકીસ્તાન નહી પણ પાક એટલે કે ઉગાડેલુ અનાજ થાય...

**A small argument between a couple turns violent.**
**Husband says: Don’t let the animal in me come out!**
**Wife replies: Who’s afraid of a mouse?**

https://suratundhiyu.wordpress.com/

**A Philosopher HUSBAND said:**
**Every WIFE is a 'Mistress' of her Husband.**
**"Miss" for first year and "Stress" for rest of the life**

સાસુ: શરમ નથી આવતી તને સામો જવાબ આપતા. તારા મા-બાપે આવા જ સંસ્કાર આપ્યા છે?
વહુ: સંસ્કાર? એ તો તમે માંગ્યા જ ક્યાં હતા? લગ્નના પાંચ દિવસ પહેલા તમે જે લિસ્ટ મોકલ્યું હતું તેમાં સંસ્કાર તો ક્યાય લખેલા જ ન હતા. તમારી માંગણીઓને પૂરી કરવા માટે મારા મા-બાપે પોતાના ઘરેણા અને જમીન ગીરવે મૂકી હતી ત્યારે મેં મારા સંસ્કાર પણ ગીરવે મૂકી દીધા હતા...

પત્નીના અવસાન પછી એક ગીધુકાકા યુવાન સ્ત્રીને પરણીને લાવ્યા. એટલે હવે તે મિત્રો જોડે ઓછો વખત પસાર કરતા હતા. એના મિત્રોએ એને પૂછ્યું, તમારે કઈ પ્રોબ્લેમ છે કે હવે તું પહેલાની જેમ અમારી સાથે બેસતા નથી.
ગીધુકાકા: મારી પત્નીને એકલું લાગે એટલે મારે એની જોડે પણ બેસવું પડે છે. મિત્રોએ ગીધુકાકાને સલાહ આપી કે કોઈ જુવાન છોકરીને તમારી વધારાની રૂમ ભાડે આપો એટલે તમારી પત્નીને કંપની મળશે અને તમને ભાડું મળશે. ગીધુકાકાએ તેનો તરત અમલ કર્યો અને એક જુવાન છોકરીને રૂમ ભાડે આપી. થોડા વખત પછી મિત્રોએ ગીધુકાકાને પૂછ્યું, "હવે તમારી પત્નીને એકલું લાગે છે?"
ગીધુકાકા: હવે તેને એકલું નથી લાગતું અને તે પ્રેગ્નન્ટ છે
મિત્રો(હસતા હસતા): પેલી ભાડે રૂમ આપેલી તે છોકરી કેમ છે?
ગીધુકાકા(ઠાવકાઈથી): તે પણ પ્રેગ્નન્ટ છે...

સંતોકબા: બાપુ, ગાડી ધીમે હાંકો, મને બીક લાગે છે
બાપુ: તને જો બીક લાગતી હોય તો તું પણ મારી જેમ બંને આંખો બંધ કરી દે!

જિંદગીમાં ભલેને એક પણ છોકરી પટાવી નહિ શક્યો હોય પણ જયારે એ જગજીતસિંહની ગઝલો સાંભળવા બેસે ત્યારે એમ જ લાગે કે 10-12 એને છોડીને જતી રહી હોય!

જેના બેસવાથી સોફા છ ઇંચ દબાઈ જતા હોય એવા બૈરા પણ સ્ટેટસ રાખે છે, "મુઝે પલકો પે બિઠા લે સજના". આમાં સજનાની શું હાલત થતી હશે?

સૂર્ય અને પત્ની વચ્ચે શું સરખામણી?
બંનેની સામે ઘૂરકીને જોઈ શકાય નહિ!

ગીધુકાકા રસ્તામાંથી પસાર થતા હતા, સામેથી એક પરિચિત વ્યક્તિ મળી
વ્યક્તિ: મઝામાં છોને?
ગીધુકાકા: આનંદમાં છું

https://suratiundhiyu.wordpress.com/

વ્યક્તિ: મઝામાં અને આનંદમાં શું ફેર છે?
ગીધુકાકા: મઝા માટે પૈસા જોઈએ અને આનંદ માટે પરિવાર અને મિત્રો જોઈએ

ભાઈ "બ્રો" હો ગયા, મૌસી "માસી" બન ગઈ, જીજા "જીજુ" હો ગયે, પતિ "હબી" હો ગયા. પર કિસ કી મજાલ હૈ કી "બીબી" શબ્દ સે છેડખાની કરે..

ઓસ્ટ્રેલીયામાં રહીને ભણતા એક સાઉદી આરબના છોકરાએ એના બાપને મેલ કર્યો કે ઓસ્ટ્રેલીયા સુંદર દેશ છે, એટલા જ સુંદર અહીના લોકો પણ છે. પણ મને વીસ તોલાની ચેઈન પહેરીને મારી ફરારીમાં જતા શરમ આવે છે કારણ કે બીજા બધા લોકો ટ્રેનમાં જાય છે. તમારો દીકરો નાસીર...
બીજા જ દિવસે એના બાપનો મેઈલ આવ્યો, "દીકરા મેં તારા ખાતામાં વીસ મિલિયન ડોલર જમા કરી દીધા છે તું પણ ટ્રેન ખરીદી લે..તારો બાપ...અલ હબીબી(બાપ પાછો આરબ બાપુ, એટલે એમ સમજ્યો કે બીજા બધા પાસે પોતાની ટ્રેન છે)

એક સુરતીલાલો દાતણ લેવા ગીયો.
સુરતીલાલો: દાતણ કેમ આઈપા..?
દાતણવાળી: 10 રુપિયાની ત્રણ છળી
સુરતીલાલો: કંઈ તો ઓછું કરહે ટો ટનેય લઇ જાવા
દાતણવાળીએ પછી જો મા-બેનની સુરતીલાલાને ચોપડાવી . સુરતીલાલોને હજુ નથી સમજાતું કે આ ગાળો કેમ પડી...??? હવે આ "ટનેય" કોને હમજાવુ??

અમદાવાદમાં નવા નવા રહેવા આવેલ UPની બહેને બાજુવાળા ગુજ્જુ બહેનને પુછ્યુ, "બહેન આપ "કરવા ચોથ"કા વ્રત નહિ કરતે હો ક્યાં?"
ગુજ્જુ બહેન: અરે ગાંડી, બધી રીતે જોઇ  તપાસી, ઓળખી પારખીને લીધો હોય તેને ફરી ફરીને ચાયણીમાં શું જોવાનો ???*

એક રિટાયર્ડકાકા એક પ્રોવિઝન સ્ટોરમાં ગયા અને સ્ટોરના છોકરાંને કહ્યું મને મૈસુરની દાળ 742 નંગ આપ.
એકપણ શબ્દ બોલ્યા વગર સ્ટોરના છોકરાએ 200 ગ્રામ દાણા તોલીને આપી દીધા.
રિટાયર્ડ કાકાએ આશ્ચર્ય સાથે કહ્યું કે આમાં 742 દાણા જ છે..?
છોકરા એ હા પાડી અને કહ્યું કે ઘરે જઈ ગણી લેજો. કારણ કે મારા બાપાએ 3710 એક કિલોમાં આવે છે એવું ગણી લીધું છે. એટલે 200 ગ્રામમાં 742 દાણા જ આવશે.
એ રિટાયર્ડ કાકાએ પૂછ્યું તારા પિતાજી શુ કરે છે?
છોકરાએ કહ્યું, "એ તમારી જેમ રિટાયર્ડ છે, નવરા બેઠા આવા મગજની મા પૈણવાના જ ધંધા કર્યા કરે છે".

**New offer from SBI. Deposit 10 Rupees 100 times to your enemy's account. Every 4th time he will be charged 150 Rs by the bank. You lose Rs. 1,000 but he will lose Rs. 13,400.**
**Yours faithfully State Bank of India**

https://suratiundhiyu.wordpress.com/

પત્ની: તમે કોઈ પણ વાર અમેરિકા ગયા છો?
પતિ: ના
પત્ની: આપણે અમેરિકા સ્થળાંતર કરવાના છીએ?
પતિ: ના
પત્ની: આપણા કોઈ સગા અમેરિકામાં ઈલેક્શન લડી રહ્યા છે?
પતિ: ના
પતિ: તો પછી, રીમોટ મને આપી દો, "વગર જણ્યે સુવાવડ શું કામ કરો છો?"

દિવાળીની સફાઈ કરવા જેવા બાપુ સ્ટુલ પર ચઢ્યા એવો જે એમને પોતાના લગ્નનો દિવસ યાદ આવી ગયો કે તે દિવસે પોતે તલવાર લઈને ઘોડે ચઢ્યા હતા....

બે બચપણના દોસ્તો ઘણા વખતે મળ્યા. પહેલાએ પૂછ્યું કે કેટલા છોકરા છે? બીજાએ કયું "ચાર".
પહેલો દોસ્ત: કેટલા છોકરા છે?
બીજો દોસ્ત: ચાર
પહેલો દોસ્ત: બધા શું કરે છે.
બીજો દોસ્ત:પહેલો એમ.બી.એ. બીજો એમ.સી.એ. ત્રીજો એમ.ટેક. અને ચોથો ચોર છે.
પહેલો દોસ્ત: તો એ ચોરને ઘરમાંથી કાઢી કેમ મુકતો નથી?
બીજો દોસ્ત: એજ તો "કમાય" છે, બાકીના બધા તો "બેકાર" છે

પરણિત પુરુષો પોતાની બ્લડ પ્રેસર, ડાયાબિટીસ વગેરે જે રોજ દવા લેતા હોય તે ચાલુ જ રાખજો, એકલા "કડવા ચોથ"ના વ્રત પર ભરોસો ન રાખતા

કરવા ચોથની રાત્રે પાડોશીના ધાબા પરથી સાંભળેલું...
તમારું મોઢું જોવા ચાયણી મળતી નથી, વાસણ ધોઈને ઠેકાણે મુકતા હો તો.!!!!!

એક એવો ચાંદો દેખાય છે ત્યારે કઈ કેટલાય બકરાઓનો જીવ જતો રહે છે(બકરી ઈદ), જયારે એક એવો ચાંદો દેખાય છે ત્યારે કેટલાય બકરાઓની લાંબી ઉંમર માટે વ્રત રાખવામાં આવે છે(કડવા ચોથ)

આ 2020 એ મોઢું દેખાડવા જેવા નથી રહેવા દીધા, પેલા ત્રણ મહિના હેલ્મેટ પહેરાવ્યા, પછી કોરોનામાં માસ્ક પહેરાવ્યા અને હજી એ નહિ ગયા ત્યાં મફલરનો ટાઈમ આવી ગયો છે...

ગીધુકાકાને ઘરે પોલીસ આવ્યા અને પુછ્યુ ક્યાં છે સીરીયલ કીલર?
કાકી: આ રહ્યો મારો પતિ, લઇ જાવ એને, ક્રિકેટ મેચને લઈને એક પણ સીરીયલ જોવા નથી દેતા..

પતિના ખરાબ મૂડ અને પત્નીના ખરાબ મૂડ વચ્ચે શું ફરક છે ??

https://suratiundhiyu.wordpress.com/

પતિનો ખરાબ મૂડ એ એક સામાન્ય "વાયરલ તાવ જેવો છે", જેની અસર તે પોતે જ અનુભવે છે
પણ પત્નીનો ખરાબ મૂડ "કોરોના જેવો છે” સંપર્કમાં આવનારા બધાને અસર થાય છે...!

નવીનમાં કાઇ નથી, લી. નવીનની પત્ની....

જબરું વાતાવરણ છે, પંખાની સ્પીડ ઓછી કરો તો એમાંથી સરરરર સરરરર અવાજ આવે છે અને પંખાની સ્પીડ વધુ કરો તો નાકમાંથી સરરરર સરરરર અવાજ આવે છે..

મારા પાડોસીએ મને પૂછ્યું કે તમે મારી પત્નીને જોઈ?
મેં કહ્યું, “હા..આજે સવારે નહાતી વખતે જોયેલી”...
સાલાએ એના મિત્રોને બોલાવીને મારી ધોલાઈ કરી નાખી,
હવે એને કોણ સમજાવે કે હું નહાતો હતો અને એ ગલીમાંથી પસાર થતી હતી..!!
આપણા પૂર્વજોએ રચેલી કહેવતનો ભાવાર્થ આજે સમજાય છે. દા.ત. "માણસ માત્ર ભૂલને પાત્ર ". કારણ કે ભુલ તો માત્ર *માણસો* જ કરે છે, *બૈરાઓ* કદી પણ નહીં અને કરે તો પણ "તેં ભુલ કરી છે" એમ કહેવામાં મજા નહીં.

એશિયન પેઇન્ટનો કલર વરસો સુધી ચાલે કે ન ચાલે, પણ તેની ડોલ ગાંડ ધોવામાં વરસો સુધી કામ આવે છે...

પતિ-પત્ની વચ્ચે ઝગડો થયો. અડધો દિવસ અબોલા રહ્યા. પછી મોડેથી પત્ની પતિ પાસે આવી
પત્ની: જુવો આમ સારું નહિ લાગે, થોડું તમે જતું કરો, થોડું હું જતું કરું...
પતિ: બોલ શું કરવું છે?
પત્ની: તમે માફી માંગી લો, હું માફ કરી દઉં..

If Trump refuses to vacate White House in January.....
Then, Biden will also have to  WORK FROM HOME....

2020નું વરસ ખુબ તકલીફવાળું રહ્યું...
“આ” પિયરે ગઈ નહીં અને “પેલી” પિયરે આવી નહીં
જોઈએ હવે દિવાળીમાં શું થાય છે...?

દર વર્ષે એકની એક જ મગજમારી,
"દિવાળી જેવું તો લાગતું જ નથી..."
તો ભાઈ તું પતંગ ચગાવ, કાં પીચકારી લઈને નીકળી પડ, બીજુ શું કરીશું?

એક પરણિત સ્ત્રી દવાની દુકાને ગઈ અને કેમિસ્ટને કહ્યું મને કોઈને જલ્દીથી મારી નાખે એવું કાતિલ ઝેર આપો
કેમિસ્ટ: શા માટે? કોને માટે?

https://suratiundhiyu.wordpress.com/

સ્ત્રી: મારા પતિ માટે, એને મારી નાખવો છે....
કેમિસ્ટ: બહેન આ તો પાપ કહેવાય અને આ કાયદાની વિરુદ્ધ છે. (સ્ત્રીએ પોતાના પર્સમાંથી પોતાના પતિ અને કેમિસ્ટની પત્નીને કઢંગી હાલતમાં પાડેલો ફોટો બતલાવ્યો)
કેમિસ્ટ: તમે મને પહેલેથી કેમ કીધું નહિ કે તમારી પાસે પ્રિસ્ક્રીપ્શન છે, લો આ એકદમ કાતિલ છે...

વાસ્તવિકતામાં પુરુષોને અપ્સરા નામની માત્ર પેન્સિલ મળે છે અને મહિલાઓને બાદશાહ નામનો મસાલો. બાકી બધો ભ્રમ છે....

હમણાંની પરિસ્થિતિમા તમને જે કોઈ ફોન કરે તેમનું આદર કરો, કારણકે તમારી સાથે ચાર શબ્દ બોલવા પહેલા તેણે કોરોનાની દોઢ મિનિટની કેસેટ સાંભળી છે....

ટી.વી. ની સાઈઝ જે રીતે ઘટતી જાય છે તેના પરથી લાગે છે કે એક દિવસ X.rayની શીટની જેમ કવરમાં લઈને ફરવું પડશે

પતિ-પત્ની માર્કેટમાં ખરીદી કરવા ગયા ત્યાં એક છોકરીએ પતિને હલ્લો કર્યું.
પત્ની: એ કોણ હતી?
પતિ: હમણા તું મારું મગજ ખરાબ નહિ કર, મારે એને પણ બતાવવું પડશે કે તું કોણ છે?

પત્રકાર: બાપુ, તમે ઉડતી રકાબીનું અસ્તિત્વ છે એમાં માનો છો?
બાપુ: હા
પત્રકાર: તમે વૈજ્ઞાનિક છો?
બાપુ: ના, પણ હું પરણેલો છું. ઉડતી રકાબી તો ઠીક પણ મેં તો ઉડતા વેલણ-સાણસી પણ જોયા છે

હાઈવે પર બોર્ડ લખવા વાળા ને કોઈ સમજાવો યાર, “લખે છે કે “ઘરે કોઈ તમારી રાહ જુએ છે"
વાહન ચાલક કોણ આવ્યું હશે? એમ વિચારીને જાણવાની ઉત્કંઠામાં ગાડીની સ્પીડ વધારી દે ને કદાચ ના બનવાનું પણ બને...
એના બદલે લખે કે "ઘરે પત્નિ રાહ જુએ છે" પછી જુઓ બંદો કેવી આરામથી ગાડી ચલાવે...

ડોક્ટર્સ પરનો હુમલો હવે બિનજામીનપાત્ર ગુનો ગણાશે...
આટલું વાંચીને ડોક્ટરની પત્નીએ તેના પતિને પૂછ્યું,
"આ કાયદો તો ફક્ત હોસ્પિટલ પુરતો જ લાગુ પડે ને..?”

રાજા કરે તે “રાજહઠ”, સ્ત્રી કરે તે “સ્ત્રીહઠ”, બાળક કરે તે “બાળહઠ”
અને પતિ કરે તે “પીછેહઠ”...

એક ગર્લ તેની વૃધ્ધ દાદી સાથે "વરંડામાં" બેઠેલી હતી. ત્યાં તેનો "બોયફ્રેન્ડ" આવ્યો! *

https://suratiundhiyu.wordpress.com/

ગર્લફ્રેન્ડ: શું તું  "રામપાલ યાદવ"ની બૂક "Dad is at home" લઈ આવ્યો છો?
બોયફ્રેન્ડ: ના, હું તો "કીંમતી આનંદ"ની બૂક "Where should I wait for you?" લેવા આવ્યો છું!
ગર્લફ્રેન્ડ: ના, મારી પાસે તો "પ્રેમ બાજપેયી"ની બૂક "Under the mango tree છે
બોયફ્રેન્ડ: ઠીક છે, જ્યારે તું આવે ત્યારે "આનંદ બક્ષી"ની બૂક " Call you in five minutes" લેતી આવજે!
ગર્લફ્રેન્ડ: ઓ. કે.  હું "જ્હોન ઇબ્રાહિમ"ની બૂક Wont  let u down સ્યોર લેતી આવીશ!
પછી, એ બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડની દાદીમાને ચરણસ્પર્શ કરીને જતો રહે છે!
ત્યારબાદ, દાદીએ પૂછ્યું, બેટા, આ છોકરો આટલી બધી બૂક્સ કેવી રીતે વાંચે છે?
ગર્લફ્રેન્ડ: દાદીજી, અમારા ક્લાસમાં સૌથી બુદ્ધિશાળી અને હોશિયાર આ છોકરો છે!
દાદી: તો બેટા, એને કહેજે કે, એકવાર "મુન્શી પ્રેમચંદ"ની બૂક "Old people are not stupid" વાંચી લે!

પીઝાનું ખોખું ખોલીને બાપુએ પીઝાવાળાને ધમકાવ્યો..
ટોમેટો, કેપ્સિકમ, ચીઝ કઈ નાખવાનું જ નઈ..??, મોદીના રાજમાં લુંટવા જ બેઠા છો..??
ડીલેવરી બોય: ખોખુ ઊંધુ ખોલ્યું છે.....બાપુ...

દિલ્હીમાં પોલ્યુશન કેટલું છે તેનું એક સુંદર ઉદાહરણ
કારણે એકસીડન્ટ થયો એટલે એક છોકરાએ કારમાંથી ઉતરીને જોરમાં બુમ મારી,
“તું જાણતો નથી, મારો બાપ કોણ છે?”
ત્યાજ સામેવાળા ભાઈએ એ છોકરાને થપ્પડ મારીને કહ્યું, “ધ્યાનથી જો હું તારો બાપ જ છું..!!”

મારે ઘરે ખુબ મહેમાનો આવતા હતા એટલે હું LICનો એજન્ટ બની ગયો. તમે માનસો નહિ પણ હવે બોલાવવા છતાં કોઈ આવતું નથી

વાણીયાને  ઘરે પાંચ મિત્રો આવ્યા. એની પત્નીએ કહ્યું "ખાંડ ખુટી ગઇ છે જલ્દીથી લેતા આવો, ચામાં જોઇશેને?"
એણે કહ્યું "તું ચા ખાંડ વગરની બનાવ બાકી હું સંભાળી લઇશ."
છ કપ ખાંડ વગરની ચા આવી ત્યારે પેલા વાણીયાએ મિત્રોને કહ્યું" આમાંના એક કપમાં ચામાં જાણી જોઇને ખાંડ નથી નાખી. જેને એ કપ આવશે એને ત્યાં આપણે બધા આવતા રવિવારે જમવાનું રાખીશું."
બધાએ ચા પીધી પછી જ્યારે દરેક ને પુછવામાં આવ્યું કે "કેવી હતી?"
દરેકે કહ્યું " બહુ ગળી હતી", આને કહેવાય વાણીયા..

પતિ મુંબઈથી અમદાવાદ રહેતી પત્નીને ફોન કરે છે.(નોકર ફોન ઉપાડે છે)
પતિ: મેમ સાહેબ સાથે વાત કરાવ
નોકર: એ તો સાહેબ જોડે બેડરૂમમાં છે
પતિ: પણ સાહેબ તો હું છું!
નોકર: હવે હું શું કરું?
પતિ: મારી નાખ બંનેને, હું ફોન ચાલુ રાખું છું( બંનેને મારી નાખ્યા પછી નોકર)
નોકર: લાશનું શું કરું?

https://suratiundhiyu.wordpress.com/

પતિ: ઘરની પાછળના સ્વીમીંગ પુલમાં ફેંકીને ભાગી જા
નોકર: પણ અમારા ઘરમાં સ્વીમીંગ પુલ તો છે નહિ?
પતિ: આ 45678923 નંબર છે?
નોકર: નાં આ 45678923 નંબર નથી
પતિ: સોરી, રોંગ નંબર લાગી ગયો

પતિ: હે પ્રભુ, જો પડોસણનું નામ સોનું હોય તો એને ધનતેરસના દિવસે ઘેર લાવી શકાય..?
પ્રભુ: બેધડક લાવી શકાય, પણ પછી કાળિચૌદસે જે કકળાટ થાય તે કાઢવાની જવાબદારી તારી...

સવારે રસ્તામાં મારી ગાડી બંધ થઇ ગઈ...પાછળવાળો પોં પોં પોં હોર્ન વગાડતો હતો. હું ગાડીમાંથી નીચે ઉતર્યો અને પાછળવાળાને ગાડીની ચાવી આપી અને કહ્યું લે ભાઈ, તું ગાડી સ્ટાર્ટ કર, હું હોર્ન વગાડું છું!

છગન અને તેની પત્ની ચેક અપ કરાવવા માટે ડોક્ટર પાસે ગયા
ડોક્ટર: તમારું બ્લડ ગ્રુપ કયું?
છગન: બી પોઝીટીવ
ડોકટર: તમારી પત્નીનું?
છગન: રોજ મારું લોહી પીવે છે એટલે એ જ હશે.

ફેસબુક: હું બધાને ઓળખું છું
ગુગલ: મારી પાસે બધું જ છે
ઈન્ટરનેટ: મારા વગર તમારી કોઈ કિંમત નથી
ચાર્જર: અવાજ નીચો કરો!

એક ભાઈ બાગમાં ગાંધીજીના પુતળા પાસે બેઠા હતા અને ઠંડા પવનમાં ઊંઘ આવી ગઈ. એ ભાઈને ગાંધીજી સપનામાં આવ્યા અને કહ્યું શિવાજીને ઘોડા પર બેસાડ્યા, મહારાણા પ્રતાપને ઘોડા પર બેસાડ્યા અને મેં આઝાદી માટે આટલી બધી મહેનત કરી તો મને ટાઢ/તડકામાં લાકડી આપીને ઉભો રાખ્યો. જા મારે માટે ઘોડો લઇ આવ. પેલો જાગી ગયો અને ઘોડો લેવા ગયો. રસ્તામાં એને એક નેતા મળ્યા. એમણે એને પૂછ્યું એલા, ક્યાં જાય છે? પેલાએ સપનાની વાત કરી એટલે નેતા હસવા માંડ્યા. પેલાએ કહ્યું ખોટું લાગતું હોય તો ચાલો બાગમાં ગાંધીજી પાસે. બંને ગાંધીજી પાસે ગયા. તો બાપુજીએ પેલાને ઉદ્દેશીને કહ્યું, અલ્યા તને મારે માટે ઘોડો લેવા મોકલેલો, તું આ ગધેડો ક્યાં પકડી લાવ્યો??

બોસ: કેમ રે, ઓફિસમાં ઊંઘે છે?
કર્મચારી: ના રે સાહેબ, આ તો બપોરે ચાઈનીઝ ખાધું ને એમાં આંખો જરા ઝીણી થઇ ગઇ છે

https://suratiundhiyu.wordpress.com/

ઘરે મહેમાન આવ્યા હતા, બે કલાક બેઠા....
નાસ્તા પાણી ય કર્યા, જતાં જતાં સલાહ આપતા ગયા...
"બહાર નીકળશો નહીં. કોરોના વાઇરસ વકરી રહ્યો છે. બોલો ......"

કમબખ્ત "એકઝીસ્ટ" પોલવાળા આ વખતે ફિલ્ડમાં ગયા જ નહિ હોય અને રીઝલ્ટ જોતા એમણે "વર્ક ફ્રોમ હોમ" કર્યું હોય એવું લાગે છે...

એક સ્ત્રી મોલમાં ખરીદી કરવા ગઈ. તેણે પર્સ ખોલ્યું અને દુકાનદારને ક્રેડીટ કાર્ડ આપ્યું ત્યારે દુકાનદારે જોયું કે તેણીની પર્સમાં ટી.વી.નું રીમોટ કંટ્રોલ હતું. દુકાનદારથી રહેવાયું નહિ એટલે તેણે પૂછ્યું, તમે હંમેશા ટી.વી.નું રીમોટ સાથે લઈને ફરો છો?
સ્ત્રી: નાં, આજે મારા પતિએ મારી સાથે ખરીદી કરવા આવવાની નાં પાડી એટલે મેં ધાર્મિક ચેનલ મૂકી અને રીમોટ સાથે લઈને આવી છું. દુકાનદારે કહ્યું હું તમે ખરીદેલો બધો માલ પાછો લઇ લઉં છું કારણ કે તમારા પતિએ તમારો ક્રેડીટ કાર્ડ બ્લોક કરી દીધો છે. પેલી સ્ત્રી થોડી હસી અને પોતાની પર્સમાંથી પતિનું ક્રેડીટ કાર્ડ કાઢ્યું અને દુકાનદારને આપીને બધું પેમેન્ટ ચૂકવી દીધું.
ઉપદેશ: એક નારીશક્તિને કોઈપણ દિવસ ઓછી નહિ આંકશો. Don't underestimate the power of a Indian Women. એક હાથમાં લીપ્સ્ટીક, બીજા હાથમાં મોબાઈલ, એક કાન કુકરની સીટી પર, બીજો કાન હિન્દી ફિલ્મના મ્યુઝીક પર, એક આંખ ટી.વી. પર તો બીજી પતિની હરકતો પર. કોણ કહે છે કે નારી જીવન આસાન છે?

પત્નીને સમજાવવું એટલે 32 GBનો વિડીયો ડાઉનલોડ કરવો અને 31.5 GBનો ડાઉનલોડ થયા પછી Error બતાવે...

એક પાર્ટીમાં ઓળખાણ કરાવતી વખતે....
એક માણસે બીજા માણસને કહ્યું: આ મારી વાઈફ ચંપા છે
બીજો માણસ: હું એને સારી રીતે ઓળખું છું
પહેલો માણસ: કેવી રીતે?
બીજો માણસ: અમે બંને સાથે ઊંઘતા ઘણીવાર પકડાઇ ગયા હતા!
પહેલો માણસ: શું? ગુસ્સે થઇને બોલ્યો, તું શું બોલે છે એનું તને ભાન છે?
બીજો માણસ: ઈતિહાસ અને ભૂગોળના પીરીયડમાં...અમે બંને એક જ ક્લાસમાં હતા!

https://suratundhiyu.wordpress.com/

ઘણાં લોકોના નસીબ એવા હોય છે કે જો બે ચમચા ઉંધિયું લે તો અંદરથી એક પણ મુઠિયું ન નીકળે અને પણ એક ચમચો દાળ લે તો એમાંથી ત્રણ કોકમ પ્રગટે...

ભા.જ.પા.ની સરકારો હવે હરસ-મસાની બીમારી જેવી થઈ ગઈ છે, દરદ બધાંને છે પણ જણાવતાં શરમાય છે !

એક વૃદ્ધ દંપતિ વચ્ચે હૃદય સ્પર્શી સંવાદ: 'બચ્ચું પાંખ આવે તો ઉડી જાય તેનો રંજ નથી, પણ પાછું આવી ચાંચ મારે ત્યારે વસમું લાગે છે !!'

“હું છું” નો અર્થ હંમેશા અભિમાનના સંદર્ભમાં જ હોય એ જરૂરી નથી, બની શકે કે એ માણસ આંકડી વગરના સંડાસમાં પણ બેઠો હોય.....!

આજે Olx પર આ જાહેરાત વાંચીને આંખો ભરાઇ ગઈ!
વેચવાનો છે: લગ્નનો શેરવાની શૂટ. તદ્દન નવો...ફક્ત એક જ વાર પહેરેલો અને તે પણ ભૂલમાં”

માર્ક ઝુબેર એજ એક એવો માણસ છે કે જેની માં તેને કહેતી હશે, “બેટા, તું ટાઈમ પાસ છોડ અને ફેસબુક તથા વોટ્સઅપ પર ધ્યાન આપ

બાપુ એક હોટલમાં મુરઘો ખાવા ગયા પણ મરઘાનું ઈંગ્લીશ ભૂલી ગયા. એટલે એમણે ઓર્ડર આપ્યો, “એક પ્લેટ એગ્સ કા બાપ” લાવો

પત્ની: પુરા દિન ક્રિકેટ ક્રિકેટ, મેં તો થક ગઈ હું, મેં ઘર છોડકર ચલી જાતી હું
પતિ(કોમેન્ટ્રીમાં): પહેલીબાર કદમોં કા બહેતરીન ઇસ્તેમાલ

Exchange of Text Messages:
Husband: You are negative.
Wife: And you are stubborn, arrogant, a low life, care about no one but yourself and your friends, all you are interested in is your own self, all your life not fulfilled even one of your promises. It is only I who is putting up with such a miser and insensitive man. You good for nothing, fat, ugly man. Even your hair transplant failed.
Husband: I was just informing you that your Covid test is negative.
Wife: Oh.........sorry!

વકીલ: તમારા પતિ કેવી રીતે મરી ગયા?
પત્ની: ઝેર ખાઈને?
વકીલ: તો પછી શરીર પર આ માર ના નિશાન કેમ છે?

https://suratiundhiyu.wordpress.com/

પત્ની: ખાવાની ના પાડતા હતા...

શરાબ 2021ના બજેટ પછી મોંઘો થશે. મોદીજી, આવું કરવાનું? જેણે લોકડાઉન દરમ્યાન સતત નીચે પડતી અર્થવ્યવસ્થાને સંભાળી તેની સાથે આવો દગો-ફટકો..?

ચેતન ભગત(મશહુર લેખક) એકવાર ટેક્ષીમાં ઈન્ટરવ્યું આપવા ગયા. તેણે ટેક્ષીવાળાને કહ્યું તું ચાલીસ મિનીટ રોકા, હું આવું છું.
ટેક્સીવાળો: ના સાહેબ, આજે મારે ઘરે જલદી જવું છે અને ચેતન ભગતનો ઈન્ટરવ્યું જોવો છે. એ સાંભળીને ચેતન ભગત ખુશ થઇ ગયા. એમણે ટેક્ષીવાળાને સો રૂપિયાની જગ્યાએ પાંચસો રૂપિયા આપ્યા એટલે ટેક્ષીવાળો બોલ્યો, "સાહેબ, હું તમારી રાહ જોઇશ, ચેતન ભગત ભાડમાં જાય".

ધર્મ-પિતા= મતલબ અસલી પિતા નહિ, ધર્મ-માતા= મતલબ અસલી માતા નહિ, ધર્મ-પુત્ર= મતલબ અસલી પુત્ર નહિ, ધર્મ-ભાઈ= મતલબ અસલી ભાઈ નહિ, ધર્મ-બહેન= મતલબ અસલી બેન નહિ. પરંતુ આવી ભયંકર ભૂલ કેવી રીતે થઇ? ધર્મ-પત્ની=મતલબ અસલી પત્ની! શાસ્ત્રોમાં ક્યાં ગફલત થઇ તેની તપાસ કરો...

દાંતનો દાકતર: તમારા ત્રણ દાંત કેવી રીતે તૂટી ગયા?
દર્દી: પત્નીએ કડક રોટલી બનાવી હતી એટલે
દાંતના ડોક્ટર: તો પછી ખાવાની નાં પાડી દેવી હતી
દર્દી: એજ તો કર્યું હતું અને આ તેનું જ પરિણામ છે

ટીચર: મરઘીના પગ કેમ નાના હોય છે?
જયંતી જોખમ: આટલા ઉંચેથી ઈંડું પડે તો ફૂટી ના જાય એટલા માટે સાહેબ

જબરજસ્તીથી બાપનું દિલ દુ:ખવીને અલગ થનાર છોકરા સુખી નથી થતા. જો વિશ્વાસ નહિ આવતો હોય તો પાકિસ્તાન અને બાંગલાદેશની હાલત જુવો

એક સર્વે અનુસાર એરેન્જ મેરેજવાળી પત્નીઓની રોટલી વધુ ફૂલે છે જયારે લવમેરેજવાળીનું મોઢું...

એક દરજી બસમાં ચઢ્યો ત્યાં જ એના ફોનની ઘંટી વાગી. તેણે ફોન લીધો અને એના આસિસ્ટન્ટને ઇન્સ્ટ્રક્શન આપી, " તું હાથ કાપીને રાખ, ગળું હું કાપીશ". આટલું સાંભળીતા જ આખી બસ ખાલી થઇ ગઈ.

જગજીતસિંઘની ગઝલો સાંભળીને ગર્લફ્રેન્ડની યાદમાં હું એક કલાક રડ્યો, પછી એકદમ યાદ આવ્યું કે મારે ક્યાં ગર્લફ્રેન્ડ છે? મારે તો પત્ની છે, બે કલાક ફરી રડ્યો..

https://suratiundhiyu.wordpress.com/

શેર બજારમાં માર ખાધેલો પતિ બેઠો બેઠો એ વિચાર કરતો હતો કે આજે પત્ની સામે ગૌરથી જોયું ત્યારે ખબર પડી કે મારી જિંદગીમાં આ જ એક રોકાણ છે કે જે જોત જોતામાં ડબલ થઇ ગયું...

એક ઉચ્ચ શિક્ષિત, અવિવાહિત યુવાને, પોતાના વિશે વધુ ન લખતાં, એકદમ થોડા જ શબ્દોમાં છાપાંમાં પોતાના લગ્ન માટે જાહેરાત આપી, "માથું છે, ખાવાવાળી જોઇએ છે"...

પતિ: સજની, તારી ઝુલ્ફોને જરા સરખી તો રાખ
પત્ની(શરમાતા): તમે પણ શું
પતિ: મા કસમ, જો ફરીવાર ખાવામાં વાળ આવ્યો તો "સજની"માંથી "ગજની" બનાવી દઇશ

ગ્રાહક: વેઈટર, જો મારા લસ્સીના કપમાં માખી તરે છે
વેઈટર: તો તમે મારી પાસે શું ઈચ્છો છો? લાઈફગાર્ડને બોલાવી લાઉં?

ઈન્ટરવ્યું લેનાર: તમે તમારી આગલી નોકરી કેમ છોડી
ઉમેદવાર: કંપની પોતાની ઓફિસ ખસેડીને બીજે લઇ ગયા પણ મને કહ્યું નહિ કે કઈ જગ્યાએ લઇ ગયા

શિક્ષક: જીગા પહેંલા લગ્નમાં સાત ફેરા ફરતા હતા અને હવે કેમ ચાર ફેરા ફરે છે?
જીગો: પહેલા ઘરમાં સાત શબ્દવાળા HUSBANDનું ચાલતું હતું. હવે ચાર અક્ષરવાળી WIFEનું ચાલે છે...

મુર્ખ પત્ની પોતાના પતિને "ગુલામ" બનાવીને રાખે છે અને પોતે "ગુલામ"ની પત્ની બનીને રહે છે. જયારે સમજદાર પત્ની પોતાના પતિને "બાદશાહ" બનાવીને રાખે છે અને પોતે "મલ્લિકા" બનીને રહે છે.

આજે હું બે મીનીટમાં ચાર કિલોમીટર દોડ્યો, લોકો પોતાના કુતરાને બાંધી મુકતા હોય તો સારું...

પત્ની: મારી શરાફત તો જુવો મેં તમને જોયા વગર લગ્ન કર્યા
પતિ: અને મારી શરાફત પણ તો જો....મેં તને જોયા પછી ઇન્કાર નથી કર્યો!

પત્ની: ફોન પર આટલા ધીમેથી કોની સાથે વાત કરો છો?
પતિ: બહેન છે....
પત્ની: તો પછી આટલા ધીમેથી વાત શું કામ કરો છો?
પતિ: તારી છે...એટલે!

જજ: તારો ગુન્હો સાબીત થઇ ગયો છે, કાલે તને ફાંસીએ ચઢાવી દેવામાં આવશે
મારવાડી: એ તો ઠીક છે, પણ ઉતારવામાં ક્યારે આવશે, કાલે દુકાન તો ખોલવી પડશે ને!

પેટની *અંદર* બધું જાય છે પરંતુ પેટ *અંદર* જતુ નથી, એક ગુજરાતીનું દર્દ...

https://suratiundhiyu.wordpress.com/

અનશનના બહાને અન્ના હજારે દર વખતે પોતાના બધા જ મેડીકલ ટેસ્ટ ફ્રીમાં કરાવી લે છે

પત્ની: સાંભળો, જો આજ ઝડપથી તમારા વાળ ખરતા રહેશે તો હું તમને છૂટાછેડા આપી દઈશ...
પતિ: ઓ ભગવાન! હું પણ ગાંડાની જેમ ખરતા વાળ અટકાવવાની કોશિશ કેમ કરતો હતો?

ટીચર: નાની મધમાખી તમને શું આપે છે?
જયંતી જોખમ: મધ
ટીચર: મરઘી
જયંતી જોખમ: ઇંડા
ટીચર: અને મોટી ભેંસ
જયંતી જોખમ: “હોમવર્ક”.....પછી જયંતીને લાફા પર લાફા..

જેમને પાલિકા કે પંચાયતની ટિકિટ નહિ મળે એમને નિરાશ થવાને બદલે એસ.ટી.બસમાં ટિકિટ લઇને “ધારાસભ્યશ્રી” માટે લખેલ સીટ પર બેસી જવું

પત્ની: તમે આખી દુનિયામાં શોધવા જશો તો પણ મારા જેવી બીજી નહિ મળે
પતિ: તું શું સમઝે છે? હું બીજી પણ તારા જેવી શોધીશ! હદ થઇ ગઈ...તારી અક્કલની!

બધા ને "બજેટ સારું છે" એમ જ કહી દેજો, નહિ તો, સરકાર બજેટ સારું છે
એમ સમજાવવા 5000 કરોડ જાહેરાત પાછળ ખર્ચી નાખશે...

છોકરાના ઘરવાળા છોકરી જોવા ગયા.
છોકરી પસંદ આવી, બ્રાહ્મણે કહ્યું, “બન્ને ના 36 એ 36 ગુણ મળે છે"
આ સાંભળીને છોકરાનો બાપ ઉઠીને ચાલવા માંડ્યો..
બ્રાહ્મણે પુછ્યું શું થયું...?
છોકરાનો બાપ: છોકરો તો નાલાયક છે, હવે વહુ પણ એવી જ લાવવાની...???

બાપુ પહાડી રસ્તા પરથી જતા હતા. ત્યાં એક ગેબી અવાજ આવ્યો, બાપુ, થોભો... ને બાપુ થોભી ગયા તો આગળ ઉપરથી એક મોટો પથ્થર ગબડતો ગબડતો પસાર થઇ ગયો. એટલે બાપુએ ગેબી અવાજનો આભાર માની આગળ ચાલવા માંડ્યું. થોડીવાર પછી પાછો અવાજ આવ્યો, બાપુ થોભો અને બાપુ ઉભા રહ્યા ત્યાં જ ફૂલ સ્પીડમાં એક ટ્રક પસાર થઇ ગઈ. બાપુએ ગેબી અવાજનો આભાર માન્યો. પછી એકદમ ગેબી અવાજને પૂછ્યું કે તમે વારંવાર મારો જીવ બચાવો છો તો મારા લગ્ન વખતે તમે ક્યાં હતા?
ગેબી અવાજ: ત્યારે પણ મેં બુમ તો મારેલી પણ ડી.જે.ના અવાજમાં તમે સાંભળી નહોતી...

https://suratiundhiyu.wordpress.com/

એક યુવક ઉદાસ થઈને નદી કિનારે પાણીમાં પત્થર મારતો હતો. ત્યાં જ એક દેડકો પાણીમાંથી બહાર આવ્યો અને બોલ્યો: પાણીમાં આવ, તારી ઉદાસી ઉતારી કાઢું. તારાવાળીનાં ચક્કરમાં તે મારાવાળીનું માથું ફોડી નાખ્યું!

બાપુ: એલા રઘલા, આ ચૌદમી ફેબ્રુઆરીએ શું છે?
રઘલો: બાપુ, તમે પરણેલા કે કુંવારા?
બાપુ: પરણેલો...
રઘલો: તો પછી તમારે માટે "મહાવીર જયંતી" છે...

બે વંદા આઈ.સી.યુ.માં બાજુ બાજુમાં પલંગ પર હતા.
પહેલો વંદો: હીટ કે ચપ્પલ?
બીજો વંદો: જવા દે ને યાર, આ છોકરીઓ પણ ખરી છે, એટલી બધી ચીસાચીસ કરી મૂકી કે મને "હાર્ટએટેક" આવી ગયો

**What Is Reunion...????**
**Reunion is when Abdul gets up in the morning and tells his wife he is going to work. Instead he goes to his neighbour Paul's wife to make love to her. Her husband Paul comes home unexpectedly and knocks on the door. Abdul goes under the bed. Paul enters the bedroom. Feeling uneasy, the wife excuses herself to go to market to buy food items. Paul takes advantage of the wife's absence to call Abdul's wife. Abdul's wife quickly arrives and they make love. Suddenly Paul's wife who had excused herself to go to the market turned back halfway forgetting the list of food items at home and knocks on the door.**
**"Abdul Is Still Under The Bed". Abdul's wife rushes to hide under the bed.**

**"This Is REUNION"**

માણસ(મચ્છરને): રાતની જગ્યાએ દિવસમાં શું કામ કરડવા આવ્યો?
મચ્છર: ઓવરટાઈમ કરું છું સાહેબ, માં-બાપ બીમાર છે. ઘરમાં જુવાન બહેન છે અને છોકરાઓવાળા "દહેજ"માં એક લીટર લોહી માંગે છે!

સિંહ અને સિંહણ એક ઝાડ નીચે બેઠા હતા. ત્યાં જ એક હરણ ત્યાંથી ઝડપભેર ભાગી ગયું. એટલે સિંહણે સિંહને પૂછ્યું, આ શું હતું?
સિંહ: "ફાસ્ટ ફૂડ"

ડોકટરના લગ્ન આ રીતે થવા જોઈએ...
જાન એમ્બ્યુલન્સમાં જાય, લગ્ન હોસ્પીટલમાં થાય, ફોટાની જગ્યાએ એક્સરે કાઢવામાં આવે, બારાતીઓનું સ્વાગત કોલ્ડ ડ્રીંક્સની જગ્યાએ ગ્લુકોઝ ચઢાવીને કરવામાં આવે, ખાવામાં વિટામીન "સી" ની ગોળીઓ,

https://suratiundhiyu.wordpress.com/

વરમાળાની જગ્યાએ સ્ટેથેસ્કોપ અને મઝા તો ત્યારે આવશે કે જયારે લગ્ન પછી ડોકટર નવવધુને કહે..."સિસ્ટર"....

સંતા હોટલમાં ગયો અને ખાવાનો ઓર્ડર આપ્યો, બીલ ચૂકવી દીધું. પછી અચાનક વેઈટર પાસે ગયો અને વેઈટરને કહેવા લાગ્યો કે રોજ બરફના બે ટુકડા આંખ પર લગાવ્યા કરો, રાત્રે મેથી પાણીમાં બોળીને સવારે પી જાવ. વેઈટર હેરાન થઇ ગયો, એટલે સંતાને પૂછ્યું તમે મને કેમ આવી સલાહ આપો છો. સંતાએ કહ્યું, મને કોઈએ કહ્યું હતું કે હોટલમાં ખાધા પછી વેઈટરને ટીપ આપવી...

સાઈઠ વરસનો કરોડપતિ ડોસો એક પચીસ વરસની સ્વરૂપવાન પત્નીને લઈને બારમાં આવ્યો.
મિત્ર: આટલી જુવાન છોકરીએ તારી સાથે કેવી રીતે લગ્ન કર્યા?
ડોસો: મેં મારી ઉંમર ખોટી બતાવી તેની સાથે લગ્ન કર્યા છે
મિત્ર: તે તારી ઉંમર 45 વરસ કીધી?
ડોસો: ના, મેં નેવું વરસ કહ્યા..

બાપુને સંગ્રહસ્થાનમાં ગાઈડ તરીકે નોકરી મળી...
ટુરીસ્ટ: આ કોનું હાડપિંજર છે?
બાપુ: જુના જમાનાના મહારાજાનું છે
ટુરીસ્ટ: એની બાજુમાં જે નાનું હાડપિંજર છે એ કોનું છે?
બાપુ: એ મહારાજનું બાળપણનું હાડપિંજર છે...

પતિ (પત્નીને): આજે ખુબ જ સારો દિવસ છે. બીજે દિવસે ફરી પત્નીને કહ્યું આજે ખુબ જ સારો દિવસ છે. પાછું ત્રીજે દિવસે પત્નીને કહ્યું આજે ખુબ જ સારો દિવસ છે. આવું એક અઠવાડિયા સુધી ચાલ્યું એટલે પત્નીનો પિત્તો ગયો અને પતિને કહ્યું છેલ્લા એક અઠવાડિયાથી તમે આજે સારો દિવસ છે, સારો દિવસ છે, કર્યા કરો છો. હું ત્રાસી ગઈ છું. કેમ, તમને પ્રોબ્લેમ શું છે?
પતિ: ગયા અઠવાડિયે આપણી વચ્ચે ઝગડો થયો ત્યારે તે કહ્યું હતું કે હું "એક સારા દિવસે આ ઘર છોડીને જતી રહીશ", બસ તે યાદ દેવડાવવા.

એક કાકા, મૉલમાંથી બિસ્કીટ ચોરતા પકડાઈ ગયા.
જજ: તમે જે પેકેટ ચોરયુ છે તે પેકેટ મા 10 બિસ્કીટ હતા, તેથી તમારે 10 દિવસ જેલમાં રહેવું પડશે.
કાકા(કાકીને બતાવીને): સાહેબ , આણે મમરાનું પેકેટ ચોર્યું છે!

ચેલો: ગુરુજી, એવી પત્નીને શું કહેવાય કે જે સુંદર હોય, ગોરી હોય, ઉંચી હોય, બુદ્ધિશાળી હોય, પતિને સમજતી હોય, શાંત હોય અને તેની સાથે કજીયો નહિ કરતી હોય?
ગુરુજી: એને મનનો વહેમ કહેવાય..વહેમ... બેટા, શાંતિથી સુઈ જા...

https://suratundhiyu.wordpress.com/

The Valentine Week starts, !! So ...
HOW'S THE JOSH ??
Santa: “Married Sir”

પ્રોફેસર: જો સાચા દિલથી પ્રાર્થના કરવામાં આવે તો તે જરૂર સફળ થાય છે
જયંતી જોખમ: જવા દો ને સાહેબ, એવું હોત તો આજે તમે મારા સસરા હોત...

ડોક્ટર: સંતા, રોજ 5 કી.મી. ચાલો તો એક વરસમાં 50 કિલો વજન ઓછું થઇ જશે.
સંતા એક વરસ પછી ફોન કરે છે: ડોક્ટર સાહેબ, તમારા કહેવા પ્રમાણે મારું વજન તો 50 કિલો ઉતરી ગયું પરંતુ સાહેબ હું 18500 કી.મી. દુર પહોંચી ગયો છું તો ઘરે પાછો કેવી રીતે આવું?

**Interviewer: What is Recession?**
**Candidate: When "Wine & Women" get replaced by "Water & Wife", that critical phase of life is called Recession!!**

**What is the difference between Liability & Asset?**
**A drunk friend is liability, But A drunk Girlfriend is an Asset.**

**An Economist beautifully explained two reasons for having 2 wives.**
**A- Monopoly should be broken.**
**B- Competition improves the quality of service.**
**If you have 1 wife, She fights with you!**
**If you have 2 wives, They will fight for you!!**

**When you are in love, Wonders happen.**
**But once you get married, You wonder, what happened**

**Philosophy of marriage: At the beginning, every wife treats her husband as GOD..**
**Later, somehow don't know why alphabets get reversed..**

કોઈ જોડે બદલો લેવો હોય તો તેરમી ફેબ્રુઆરીની રાતે એના દરવાજા પર ચોકલેટ, ફૂલ અને એક વેલેન્ટાઇનનું કાર્ડ મૂકી આવો. પછી એ જાણે ને એની પત્ની જાણે...

સંતા અને બંતા સાતમાં ધોરણમાં સાતમીવાર નાપાસ થયા.
સંતા: બંતા, ચાલ આપણે આપઘાત કરીએ
બંતા: તું ગાંડો થયો છે કે શું? બીજા જનમમાં આપણે ફરીથી નર્સરીથી શરૂઆત કરવી પડશે...

https://suratiundhiyu.wordpress.com/

બાપુએ વિચાર્યું કે બે  લગ્ન  કરીશ તો એક મારશે તો બીજી બચાવશે.
બાપુએ રાતે સપનું જોયું તો એકે પકડી રાખ્યો બીજી મારતી હતી...

લગ્ન - જીવનની કરુણતા એ છે કે પત્ની પતિનું જીવવું હરામ કરી નાખે છે અને ઉપરથી એની લાંબી જિંદગી માટે "કડવા ચોથ"નું વ્રત રાખે છે

બાપુને હાડકા મજબુત કરવા ડોકટરે કેલ્શ્યમની ગોળી લખી આપી. બાપુ ગળવા જતા હતા ત્યાં ગોળી જમીન પર પડી ને બે ટુકડા થઇ ગયા. બાપુએ ગોળીની આખી બાટલી ફેંકી દીધી.
રઘલો: બાપુ, કાં કેલ્શ્યમની ગોળીની બાટલી ઘા કરીને ફેંકી દીધી?
બાપુ: પોતે જમીન પર પડી ગઈ ઈમાં તો બે ટુકડા થઇ ગયા ઈ ગોળી કેવી રીતે મારા હાડકા મજબુત કરશે?

**Grammar Teacher: Do you know the importance of a period?**
**Tony: Yeah, once my sister said she has missed one, my mom fainted, dad got a heart attack & our driver ran away!**

**Secret formula for married couples: "Love One Another"**
**And if it doesn't work, bring the last word in the middle...**

**Teacher: How many letters are in English alphabets**
**Student: 23 without GST,  26 with GST**

જગજીતસિંહ ગાતા હતા, " યે દોલત ભી લે લો, યે શૌરત ભી લે લો". ત્યા જ એકાએક સાંતા મહેફ્લમાં ઉભા થઈને ગાવા માંડ્યો, "મેં તો બહોત પરેશાન હું, મેરી તો ઓરત ભી લેલો"..

બાપુ: આ દશે દશ આંગળીયુંમાં વીંટીયું  પે'રી છે, ઈ શેની છે?
જીવલો: સૌથી  નાની છે ઈ લગનની છે. બાકીની એનાથી થયેલા ઉપદ્રવને શાંત કરવાની છે...

કૂકડાને કોઈએ પુછ્યું: લોકો તમને  જીવવા કેમ નથી દેતા, કાપી કેમ નાંખે છે?
કુકડો: લોકોને જગાડનાર દરેકના આજ હાલ થાય છે...

એક ગાંડાના હાથમાં નોટ જોઇને ડોકટરે તેને પૂછ્યું, ભાઈ, આ શું છે?
ગાંડો: આ પાંચસો પાનાંની ચોપડી મેં લખી છે.
ડોક્ટર: પાંચસો પાનામાં તે શું લખ્યું છે?
ગાંડો: પહેલા પાનાં પર લખ્યું છે એક રાજા ઘોડા પર બેસીને જંગલ તરફ જઈ રહ્યો છે અને છેલ્લા પાનામાં લખ્યું કે એ જંગલમાં પહોંચી ગયો...
ડોક્ટર: એ તો સારું પણ તે વચ્ચેના પાનાઓમાં શું લખ્યું?

https://suratiundhiyu.wordpress.com/

ગાંડો: તબડક...તબડક...તબડક...તબડક...તબડક...તબડક...તબડક...છેલ્લા પાનાના આગળના પાનાં સુધી....
ડોક્ટર: અરે વાહ, પણ આ તારી ચોપડી વાંચશે કોણ?
ગાંડો: ફેસબુક પર મૂકી દઈશ, ત્યાં ગાંડાઓની કમી થોડી છે..

પત્ની: આ મહીને તમારી સાથે ઓછું ઝગડીશ
પતિ(આનંદમાં આવીને): ખરેખર?
પત્ની: હા, કારણ કે આ મહિનાના અઠ્ઠાવીશ દિવસ છે

પત્ની દારૂડિયા પતિને સુધારવા માટે કાળા કપડા પહેરીને ઘરની બહાર ઉભી રહી. રાતે મોડો તેનો પતિ આવે છે..
પતિ: તું કોણ છે?
પત્ની: ચુડેલ
પતિ: હાથ મેળવ, હું તારી બેનનો પતિ છું!

હું રોજ વજન ચેક કરતી હતી, 68 ની આસપાસ હતું...
આજે ચશ્માં લગાવીને જોયું તો 88 બતાવતું હતું..
હાય ભગવાન, 20 કીલો ના ચશ્માં???

હ્દય બે ધબકારા ચુકી ગયું, જ્યારે કામવાળીએ મારી પત્ની દેખતા મને  કીધું કે
“શેઠ વેલેન્ટાઇનનું કૈક તો આલો...”

કવિની કલ્પના તો જુઓ, “લૂઝ મોસન એટલે પાચનતંત્ર નુ હૈયાફાટ રુદન”...

એક માણસે પોતાના કુતરાના મોઢામાં બાજુવાળાનું મરેલું સસલું જોયું. એને થયું કે સાલા મારા કુતરાએ બાજુવાળાના સસલાને મારી નાખ્યું અને હવે બાજુવાળો મારી જોડે ઝગડશે. એટલે એણે મરેલા સસલાને ધોઈને સાફ કરીને બાજુવાળાના સસલાના પાંજરામાં મૂકી દીધું જેથી બાજુવાળાને થાય કે સસલું પાંજરામાં મરી ગયું.  બીજે દિવસે એણે જોયું તો પડોસી એના બાગમાં ખાડો ખોદતો હતો એટલે પોતાને કશી ખબર નથી એવું બતાવવા એની પાસે ગયો અને પૂછ્યું કે શું કરો છો?
પડોસી: મારા સસલાને ફરીવાર દફન કરું છું. લોકો કેવા નાલાયક હોય છે, સોમવારે મારું સસલું મરી ગયું એટલે મેં મંગળવારે બાગમાં દાટી દીધું. બુધવારે કોઈ હરામીએ એને ખોદીને બહાર કાઢ્યું, ધોઈને સાફ કરીને પાછુ સસલાને પાંજરામાં મૂકી ગયો...

બે સાધુઓ રસ્તે જતા હતા. સામેથી આવતા માણસે પુછ્યુ, "તમે સાધુ શા માટે થયા.?"
સાધુઓ: પહેલા અમે “સાઢુ” હતા

https://suratiundhiyu.wordpress.com/

સંતાની સાસુ સંતાના ઘરમાં પ્રવેશી અને જોયું તો સંતા બિસ્તરા પોટલા બાંધતો હતો
સાસુ: એકદમ શું થયું કે બિસ્તરા પોટલા બાંધો છો?
સંતા: શું નથી થયું તે પૂછો...
સાસુ: વાત તો કરો શું થયું?
સંતા: મેં તમારી દીકરીને ઈમેલ કરીને કહ્યું કે હું બીઝનેસ ટ્રીપ પરથી આજે પાછો આવવાનો છું. ઘરે આવીને મેં શું જોયું ખબર છે?
સાસુ: શું જોયું?
સંતા: તમારી દીકરીને એક વ્યક્તિ જોડે કઢંગી હાલતમાં પલંગ પર જોઈ...
સાસુ: શાંત થાવ, આવું બને જ નહિ. કોઈ કારણ જરૂર હશે, હું તપાસ કરું છું...
થોડીવારમાં સાસુ સંતાના બેડરૂમમાંથી બહાર આવીને હસતા હસતા કહ્યું, મારી વાત સાચી નીકળી
સંતા: શું સાચી નીકળી?
સાસુ: મારી દીકરીને તમારો ઈમેલ મળ્યો જ ન હતો...
સંતા: તો એણે પહેલા કહ્યું કેમ નહી? મારે ખોટી મહેનત કરવી પડી...

વેલેન્ટાઈન દિવસે ગુલાબ લઈને ભટકતી આત્માઓ, લગ્ન પછી કોથમીરની ઝુડી ગોતવા નીકળતી હોય છે...

હમણા જ જાણવા મળ્યું કે વેલેન્ટાઇન અને ક્વોરનટાઇન બંને ભાઈ-બહેન છે. એક 14 તારીખે આવે છે અને બીજું 14 દિવસ માટે...

**What is the difference between Paneer Masala & Paneer Tikka Masala ?**
**The second one is *Vaccinated***

Teacher: A B C **सुनाओ..**
**संता:** A B C
Teacher: **और सुनाओ...**
**संता: और सब बढ़िया, आप सुनाओ**

14 ફેબ્રુઆરી, વેલેન્ટાઈન ડે અને 14 નવેમ્બરે, બાળ દિવસ. મારુ બેટું, બરાબર નવ મહિને ?

બીજા વિશ્વયુદ્ધ વખતે વિન્સ્ટન ચર્ચીલને મુરખો કહેવા માટે પોલીસે તે માણસની ધરપકડ કરી. હાઉસ ઓફ કોમન્સમાં વિરોધપક્ષોએ સરકારને આ બાબતમાં સાણસામાં લેવા માટે સવાલ પૂછ્યો કે “આપણે અહી એવી લોકશાહીમાં જીવીએ છીએ કે જ્યાં પોલીસ પી.એમ.ને મુરખો કહેનારની ધરપકડ કરે?
ચર્ચીલે સેન્સ ઓફ હ્યુમર વાપરીને ખુબ જ સુંદર જવાબ આપ્યો, “એ માણસની ધરપકડ પી.એમ.ને મુરખો કહ્યો એટલે નથી કરી પણ યુદ્ધના સમયમાં દેશની સાચી હકીકત જાહેર કરવાનો ગુન્હો કર્યો છે એટલે કરી છે.”

https://suratiundhiyu.wordpress.com/

**एक पंजाबी महिला एक हरियाणवी की किराना दुकान पर चाय पत्ती खरीदने गई .**
**महिला: लिपटण दी चाह है?**
**हरियाणवी दुकानदार: मन्ने तो ना है, तन्ने है तो लिपट जा...**

કાકી: એ સાંભળો છો? મારા મોબાઈલમાં કોઈએ “આઈ લવ યુ” એવો મેસેજ મોકલ્યો છે
ગીધુકાકા: એવા મેસેજ રીસીવ નહિ કરવાના, પાછો મોકલી આપ!

એક દાદા કહેતા હતા કે ધોળોકોટ, કાળોકોટ, ખાખીકોટ અને પેટીકોટ આ ચારથી જે બચ્યો તે જીવ તે જીવ સ્વર્ગમાં રહેવા બરાબરનો ગણાય

ગીધુકાકા મતદાન કરી બહાર આવ્યા એટલે પોલીંગ એજન્ટને પૂછ્યુ કે "તારી કાકી મતદાન કરી ગઈ?"
એજન્ટે લીસ્ટમાં ચેક કરી કહ્યુ કે "હા કરી ગયા".
કાકાએ ગળગળા અવાજે કહ્યુ "જલ્દી આવ્યો હોત તો મૂલાકાત થાત".
એજન્ટ: કેમ, કાકી તમારી જોડે નથી રહેતા?
કાકા: તેને દેવલોક થયે પંદર વરસ થઇ ગયાં, દરેક મતદાનમાં આવે છે ને મતદાન કરી જાય છે. પણ મળતી નથી, આમાં EVM નો શું વાંક?

આશીર્વાદ આપતા પહેલા પણ બે બાર વિચારી લેવું, “સદા સુખી રહો” એવા આશીર્વાદને લઈને ઘણા કુંવારા રહી જાય છે

પત્ની: એવો ક્યા કાયદો છે કે મારે તમને રોજ રસોઈ કરીને જમાડવાના?
પતિ: ગાંડી, દુનિયાનો નિયમ જ છે કે કેદીને સરકાર જ જમાડે...

ટીચર: તારા પપ્પાનું નામ અંગ્રેજીમાં બોલ
છોકરો: બ્યુટીફૂલ અન્ડર વિયર
ટીચર: શું બકવાસ કરે છે, હિન્દીમાં બતાવ!
છોકરો: સુંદર લાલ ચડ્ડા

છોકરી: હું તારા પ્રેમમાં લુટાઈ ગઈ, બરબાદ થઇ ગઈ, બદનામ થઇ ગઈ
છોકરો: ગાંડી, તારા પ્રેમમાં હું કયો કલેક્ટર બની ગયો? હીરા જ ઘસું છું!

Mysterious Indian society:
on 01 Jan people send millions of happy, peaceful, healthy and prosperous new year messages.

https://suratiundhiyu.wordpress.com/

On 02 Jan same Indians throw stones , set fire, damage vehicles.
On 03 Jan life is disrupted and by 14 Jan same Indians will say Tilgul ghya gud gud bola.
On 26 Jan all will sing Saare Jahaan se accha. Kya sochte hai aur kya karte hai !!
The great hypocritical nationalist living !! That's why India is called an Incredible Nation..!

આખી જિંદગી આપણે કઈ કરતા ગભરાઈએ છીએ કે આપણા વિશે ચાર લોકો શું કહેશે. અંતમાં ચાર લોકો ફક્ત કહે છે "રામ નામ સત્ય હૈ"

ગામના સરપંચ બાપુના ફોનની ઘંટડી વાગે છે, બાપુ ફોન ઉપાડે છે, સામેથી એક સ્ત્રીનો અવાજ.
તમે મારા એક છોકરાના પિતા બોલો છો?
બાપુ એકદમ ચોંકી જાય છે અને મનમાં બોલે છે "ઓ બાપ રે"
બાપુ: તુ રમીલા બોલે છે?
સ્ત્રી: ના
બાપુ: તો તુ ચંપા બોલે છે?
સ્ત્રી:ના
બાપુ: તો તુ સંતુ બોલે છે?
સ્ત્રી: ના
બાપુ: તો તુ જમના બોલે છે?
સ્ત્રી: ના
બાપુ: તો તુ કમળા બોલે છે?
સામે ફોન ઉપર બોલતી સ્ત્રી એકદમ ડઘાઈ જાય છે અને કહે છે હું તો તમારા લખુભાની ક્લાસ ટીચર બોલું છું.
બાપુ બેભાન થઇ ગયા!
બોધપાઠ: કોઈપણ જાતનું અનુમાન કરતાં પહેલા બે વાર વિચાર કરો

અમુક અમીરોની ચર્ચા, કોઈએ કહ્યું મારું બાથરૂમ 10 લાખનું છે, તો કોઈએ કહ્યું મારું 20 લાખનું છે, તો કોઈએ તો 50 લાખનું પણ જણાવ્યું અને જયારે આ વાત એક ગામડાના વ્યક્તિને પૂછવામાં આવી તો તેણે જણાવ્યું કે હું સવારે જ્યાં લોટો લઈને જાઉં છું તે ખેતરની કિંમત 7 કરોડ રૂપિયા છે અને આવા બાથરૂમ તો હું દરરોજ બદલું છું

https://suratiundhiyu.wordpress.com/

રોજ દારૂ પીનારો માલ્યા 65 વર્ષે પણ સંપુર્ણ રીતે ફિટ છે અને આચાર્ય બાલકૃષ્ણન પંતજલીવાળાને 47વર્ષે હાર્ટએટેક આવી ગયો. ચુસ્ત ક્રિકેટર ગાંગુલીને 3 નળી બ્લોક. ડાન્સર રીમો ડિસોઝાને એટેક. આમા એ જ નથી સમજાતું કે યોગ કરૂ, ક્રિકેટ રમુ કે પીને મોજ કરૂ...

જ્યોતિષ: તમારે તમારા પતિનું ભવિષ્ય જાણવું છે?
પત્ની: ના, એ તો હું નક્કી કરીશ, તમે મને એનો ભૂતકાળ કહો...

ચિત્રકાર: તમારી પત્નીનું એક સરસ ચિત્ર બનાવી દઉં.....
પતિ: હા ચોક્કસ.
ચિત્રકાર: તમને એમ લાગશે કે હમણાં બોલવા લાગશે...
પતિ: તો રહેવા દે ભાઈ...

એક નવપરણિત યુગલ બાગમાં ફરતું હતું ત્યાં અચાનક કે કુતરું એમની તરફ ભસતું ભસતું કરડવા આવ્યું. એટલે પતિએ તેની પત્નીને બચાવવા માટે ઊંચકી લીધી. કુતરું એમની પાછળ થોડીવાર ભસીને પાછું જતું રહ્યું. પતિએ પોતાની પત્નીને નીચે ઉતારી અને વિચારતો હતો કે તેની પત્ની તેને વળગી પડશે અને આભાર માનશે. તેની જગ્યાએ તેની પત્ની ગુસ્સામાં જોરથી બોલી, મેં લોકોને કુતરાને પત્થર અને લાકડી મારતા જોયા છે. પરંતુ પહેલીવાર પોતાની પત્નીને કુતરા પર ફેંકતા માણસને જોયો છે. ઉપદેશ: પત્ની એ પત્ની છે.... પતિ માટેની ગેરસમજ પત્ની કરતા વધારે દુનિયામાં બીજું કોઈ કરતુ નથી...

જીવલો: દાકતર સાયબ તમે બે ઈન્જેકશન કેમ માયરા? તમે આયુર્વેદિક ડોક્ટર થઈને એલોપેથીની પ્રેકટીશ કરો છો એટલે.?
આયુર્વેદિક ડોક્ટર: એમા એવુ છે કે વિટામીન B12 ના ઈન્જેકશન ખલાસ થઈ ગયા હતા તો B6 ના બે મારી દીધા...
જીવલો: હારૂ થયુ B1 ના નહિ મળ્યા...

પત્ની: તમે તો કહેતા હતા કે લગ્ન પછી પણ તમે મને ખુબ જ પ્યાર કરશો
પતિ: મને શું ખબર કે તારા લગ્ન મારી સાથે જ થશે...

ટી.વી.રીપોર્ટરે કે ઘાયલ માણસને પૂછ્યું: જયારે બોમ્બ પડ્યો ત્યારે શું તે જોરમાં પડ્યો હતો?
ઘાયલ માણસ(ગુસ્સામાં): નાં, ગધેડા એ તો ગબડતો ગબડતો મારી પાસે આવ્યો અને શરમાઈને બોલ્યો...ધમ!

મુંબઈની ભાષા:
કેળાને "કેલા", એકલાને "અકેલા", થાકેલાને "થકેલા", બોર થયેલાને "પકેલા", ભેરવાઇ ગયેલાને "અટકેલા", ગુસ્સે થયેલાને "સટકેલા", અટકી પડેલાને "લટકેલા", ખોવાઈ ગયેલાને "ભટકેલા", મરી ગયેલાને "ટપકેલા"

એક સરદારજીને ત્યાં એક ચોર આવ્યો. સરદારજી ઉભા થયા એટલે ચોર ભાગવા માંડ્યો. સરદારજી તેની પાછળ દોડ્યા અને ચોરથી આગળ નીકળી ગયા અને બોલ્યા, એક તો ચોરી કરવી છે અને મારી સાથે રેસ લેવી છે!

બ્રેકીગ ન્યુઝ:
સોની ટીવીવાળા "ક્રાઈમ પેટ્રોલ"નુ નામ બદલી "ક્રાઈમ CNG" રાખવાનુ વિચારે છે...

https://suratiundhiyu.wordpress.com/

કેમકે એમને નામમાં પણ પેટ્રોલ પોસાય એમ નથી....

રાવણે છેલ્લે મરતા વિભીષણને શું કહ્યું હતું ખબર છે..?
પેટ્રોલ ગાડી લેતો નહિ, નહિ તો સોનાની લંકા પણ વેચાઈ જશે...

શિક્ષક: જીગા, "દાઝ્યા પર દામ" કહેવત ઉદાહરણ દ્વારા સમજાવ...
જીગો: સર, પેટ્રોલપંપ પર નરેન્દ્ર મોદીનો હસતો ફોટો...

મુંબઈ પોલીસે બોર્ડ માર્યું "NO PARKING ZONE PENALTY Rs.250/-". કોઈ આદેશ માનવા તૈયાર જ નહિ થાય. અરે ઘણા લોકો તો પોતાની ગાડી એ બોર્ડ નીચે પાર્ક કરતા હતા. થોડા દિવસ પછી એક અમદાવાદીએ ત્યાંથી પસાર થતા બોર્ડ વાંચ્યું અને ત્યાં ઉભેલા હવાલદારને કહ્યું, " બોર્ડ હોવા છતાં બધા અહીં જ પાર્ક કરે છે તમે કેમ કશું કરતા નથી?".
હવાલદાર: અમારા સાહેબો અને બધા થાકી ગયા કોઈ માનતું જ નથી.
અમદાવાદી: હું બધાને પાર્ક કરતા બંધ કરાવું તો મને શું આપશો?
હવાલદાર: મારી જ્યાં સુધી અહી ડ્યુટી છે ત્યાં સુધી તમારું પાર્કિંગ ફ્રી, બસ. અમદાવાદીએ "NO PARKING ZONE PENALTY Rs.250/-" માંથી NO અને PENALTY કાઢી નાખ્યા. બસ ત્યાર પછી લોકોએ ત્યાં ગાડી મુકવાનું બંધ કરી દીધું.

ટીચર: જે મારા સવાલ નો જવાબ પેહલા આપશે એ સૌ પ્રથમ ઘરે જશે .
આ સાંભળતા જ બાપુએ એની સ્કૂલ બેગ નો ક્લાસ બહાર ઘા કર્યો...
ટીચર: આ કોની બેગ છે...?
બાપુ: "મારી" કહીને ઘર તરફ દોટ મૂકી..

આ દુનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે
પોઝીટીવ કે જે આગળ વધવામાં મદદ કરે છે
નેગેટીવ કે જે આગળ વધતા અટકાવે છે અને
રીલેટીવ કે જે પોઝીટીવ અને નેગેટીવ બંનેની પથારી ફેરવી નાખે છે

ગઈ કાલે બાપુને કોવીડ વેક્સીનનો બીજો ડોઝ આપ્યો એટલે બાપુ ઘરે જવા નીકળ્યા. એમને રસ્તામાં આંખોમાં ધૂંધળું દેખાવા લાગ્યું એટલે ઘરે પહોંચીને વેક્સીનેશન સેન્ટર પર ફોન કર્યો. નર્સ જોડે વાત કરીને કહ્યું કે વેક્સીન આપ્યા પછી જેવો ઘરે જવા નીકળ્યો તો મને આંખોમાં ઝાંખું દેખાય છે. તો મારે ડોક્ટરને મળવા આવું કે સીધો હોસ્પીટલમાં દાખલ થઇ જાઉં?
નર્સ: તમે હાલમાં જ પાછા વેક્સીનેશન સેન્ટર આવો અને તમે જે તમારા ચશ્માં ભૂલી ગયા છો તે લઇ જાવ...

એક બુક સેલર માર્કેટ સર્વે કરી રહ્યો હતો. તેણે એક સ્ત્રીને પૂછ્યું તમને કઈ ચોપડીએ જિંદગીની મઝા માણવાનું શીખવ્યું?

https://suratiundhiyu.wordpress.com/

સ્ત્રી: મારા વરની “ચેકબુક”

જાણીતા કવિ સુરેશ દલાલને એક બેને પૂછ્યું, “તમે કવિતા કેવી રીતે બનાવો છો?”
સુરેશ દલાલ: હું સુરેશ દલાલ છું, તરલા દલાલ નહિ...

સુરેશ: શું કે તમારા ધર્મપત્ની? મજામાં?
રમેશ: એ તો ગુજરી ગઈ છે..
સુરેશ: અરેરે... કોરોના?
રમેશ: ના ના એમ નઈ.. શનિવારી ગઈ છે...

મિત્ર: જમણા ગાલ ઉપર સોજો કેમ લાગે છે?
પતિ: વાઈફ ડાબોડી છે ને...

બિહારની એન્જીનીયરીંગ કોલેજના બધા પ્રોફેસરોને ટુરમાં લઇ જવા એક વિમાનમાં બેસાડવામાં આવ્યા. જયારે બધા પ્રોફેસરો બેસી ગયા ત્યારે પાયલોટે ઘોષણા કરી કે “માનનીય પ્રોફેસર સાહેબો, તમને એ જાણીને આનંદ થશે કે તમે જે પ્લેનમાં બેઠા છો તે તમારા જ એક હોનહાર વિદ્યાર્થીએ બનાવ્યું છે”. બસ, પછી તો જોવાનું જ શું, આટલું સાંભળીને બીકના માર્યા બધા જ પ્રોફેસરો વિમાનમાંથી ઉતરી ગયા. કારણ કે બિહારના વિદ્યાર્થી કેવા હોય તે પ્રોફેસરોને ખબર હતી અને અકસ્માત થવાના સો ટકા ચાન્સ હતા. પરંતુ પાયલોટે જોયું તો પ્રિન્સીપાલ એમ જ બેઠા હતા. એટલે પાયલોટે તેમની પાસે જઈને પૂછ્યું કે બીજા બધા પ્રોફેસરો ડરના માર્યા ઉતરી ગયા, તમને બીક નથી લાગતી. પ્રિન્સિપાલે જવાબ આપ્યો, શિક્ષકો કરતા પણ મને વિદ્યાર્થીઓ પર વધારે ભરોસો છે. જો જો આ પ્લેન સ્ટાર્ટ જ નહિ થાય...

પત્ની: પહેલા તો વાત વાતમાં લવ યુ, લવ યુ, બોલે રાખતા હતા, હવે શું થયું?
પતિ: ચૂંટણી પૂરી, પ્રચાર પૂરો...

શિક્ષક: કહો જોઈએ કહેવત "જીવ મા જીવ આવવો" નો અર્થ સમજાવો....
મનીયો: “ગર્ભવતી થવું”
શિક્ષક: મનીયા તારે ભણવાની જરૂર નથી, તારા બાપની જેમ નેતા બની જા...

જેને પણ ફાંદ હોય તો તેણે બહુ ચિંતા ન કરવી....
એટલુ યાદ રાખવુ કે AIRBAG હંમેશા Top Modelમાંજ આવે

એક યુવાન લગ્નના પાંચ વરસ થતા કંટાળી ગયો, તેણે કોઈ મિત્રને ફરિયાદ કરી.
મિત્રએ સલાહ આપતા કહ્યું, "બીજું લફરું કર,મઝા રહેશે".
યુવાન: પણ મારી પત્ની જાણી જશે તો.?

https://suratiundhiyu.wordpress.com/

મિત્ર(સમજણ પાડતા): ગાંડા સ્ત્રીઓને પૂછીને કરીએ તો પછી વાંધો આવે જ નહિ..
યુવાન: તારી વાત સાચી લાગે છે, તે રોજ મને કહે છે કે જે કરવું હોય તે, મને પૂછ્યા વગર કરવું નહિ, ચલ હવે તેને પૂછીને તું કહે છે તેવું કરી જોઉં..!
યુવાન( રાત્રે પત્નીને): હું બીજું લફરું કરું તો આપણા જીવનમાં ફેર પડશે..?
પત્ની: કશોય શક્કરવાર આવશે નહિ, એવું મેં ક્યારનું કરી જોયું છે..! યુવાન પડખું ફરીને ઊંઘી ગયો !

જ્યાં સુધી ગુજરાતીઓ ગેસ સિલિન્ડરને બાટલો કહેશે ત્યાં સુધી ગુજરાતી ભાષાને કોઈ આંચ નહિ આવે, “વિશ્વ માતૃભાષા દિવસ”

એક કાકાએ કોંગ્રેસને મત આપ્યો.
કેમ? તો કહે, એ બટનને કોઇ અડ્યું ન હોય એટલે ચેપ ન લાગે...

મૂરતિયા(ભાજપનાં કાર્યકર)ની વાતોથી કંટાળીને ગર્લફ્રેંડે કહ્યું, “પરણવા” તો તમે જ આવશો ને? કે ત્યારે પણ કહેશો કે "આવશે તો મોદી જ"

સંતાને એનો સસરો મારતો હતો. એટલે એક ભાઇએ કહ્યું, “તમારો જમાઈ છે, એને શું કામ મારો છો?”
સસરો: મેં એને વોટએપ પર “અભિનંદન”, તમે ચીન્કીના દીકરાના પપ્પા બની ગયા છો. ગધેડાએ આ મેસેજ એના બીજા પચાસ મિત્રોને ફોરવર્ડ કરી દીધો...

અમેરિકન મેડીકલ એસોસીએશન: સામાન્ય રીતે માણસોનાં નાસ્તામાં ૭0% કાર્બોહાઈડ્રેટ અને ૩0 ટકા પ્રોટીન હોવું જોઇએ. તે વાંચીને અમારા કાફેવાળો શેટ્ટી ગરમ થઇને બોલ્યો, તમે અમેરિકનો તો ડફોળ છો, આજે આ વાત કરો છો, અમે તો ત્રણ ભાગ ચોખા(કાર્બોહાઈડ્રેટ-૭0%) અને એક ભાગ દાળ(પ્રોટીન-૩0%) ૧૦૦ વરસ કરતા પણ વધારે વર્ષોથી નાસ્તામાં ખાઇએ છીએ!

કોઈની પાસે એવો મેસેજ છે કે જે ૧૧ લોકોને મોકલવાથી બેંકમાં ડૂબેલા પૈસા પાછા મળી શકે?

મોદીથી પ્રેરિત થઈને એક ભાઇએ પોતાનો શૂટ લીલામ કર્યો, પછી શું? વાસણવાળી એક તપેલું પકડાવી ગઈ...

પત્ની: આ તમારા શર્ટ પર લીપ્સ્ટીકનો ડાઘો ક્યાંથી આવ્યો?
પતિ: હું ખુદ જ પરેશાન છું, તે વખતે તો મેં શર્ટ કાઢી નાખેલું હતું..!!

નવશેકા પાણીમાં મીઠું હળદર નાખી કોગળા કરવાથી છત પર કરોળિયાના જાળાં કેટલા છે તે ખબર પડે..! બાકી આજકાલના મોબાઈલના જમાનામાં ઊંચું કોણ જુવે છે...

https://suratiundhiyu.wordpress.com/

સાસુ: (વહુને વટમાં): મારો દીકરો જ્યારે પેટમાં હતો ત્યારે હું જે જે વસ્તુઓ ખાતી એ બધું જ મારા દીકરાને આજે બહુ ભાવે છે
વહુ(નિર્દોષતાથી): એ બધું બરોબર છે મમ્મીજી, પણ માવા ખાવાનું ને દારૂ પીવાનું ટાળ્યું હોત તો સારું હતું...

પતિએ ફેસબુક પર સ્ટેટસ અપડેટ કરતા લખ્યું, ઉત્તરાયણનાં શુભ દિવસે પતંગ ઉપર પત્નીનો ફોટો ચોટાડીને મારાથી દુર જતી જોઇને ખુબ જ આનંદ લઇશ. પત્નીએ તરત જ કોમેન્ટ લખી, જયારે તમારો પતંગ બીજા પતંગ સાથે પેચ લડાવશે ત્યારે તમારો આનંદ બમણો થઇ જશે!

જજ: તમે જૂની બાઈકની ચોરી શું કામે કરી, જ્યારે એની બાજુમાં નવી બાઈક પડી હતી?
ચોર: જૂનીમા પેટ્રોલ ફૂલ હતું સાહેબ...

લોકો કેટલા દિવસથી મંડ્યા છે BJP...BJP...BJP...
પણ મારી ઘરવાળી માનતી જ નથી.....
મને કે ના તું ઘરે જ પી....

નાના હતા ત્યારે દાદા-દાદી વાર્તા કહેતા હતા કે....
"દાઢીવાળો બાવો આવશે અને બધું લઇ જશે..."
હવે ખબર પડી કેમ કહેતા હતા...

અન્ડરવેર બનાવતી જોકી કંપની કંપનીમાં અન્ડરવેરની થતી ચોરીથી ખુબ જ પરેશાન હતી. કામદારો જયારે નોકરી પરથી છૂટીને જાય ત્યારે એમની બધી જાતની જડતી લેવામાં આવતી, છતાં અન્ડરવેરની ચોરી ચાલુ જ હતી. પછી મેનેજમેન્ટથી લઈને વર્કર સુધી બધાની જતી વખતે જડતી કરવામાં આવી, બધાએ એક જ અન્ડરવેર પહેરેલું હતું. એટલે કંપની ખુબ જ દ્વિધામાં હતી કે ચોરી કેવી રીતે થાય છે. એક ઘરડા મેનેજરે સલાહ આપી કે જતી વખતે નહિ પણ આવતી વખતે બધાને ચેક કરો. તમે માનો નહિ ચોરી બંધ થઇ ગઈ.. સમજણ પડી? બધા અન્ડરવેર પહેર્યા વગર આવતા અને જતી વખતે કંપનીમાંથી નવી પહેરી જતા...

Teacher: Complete the sentence, "Early to bed and early to rise..."
Student: This man has neither WiFi nor Wife...

ઊંચ નીચમાં નથી માનતી અમારી ગુજરાતી ભાષા,
એટલે જ અમારે કેપિટલ કે સ્મોલ લેટર્સ નથી હોતા...

એક 70 વરસના ડોસાને કોઈએ સવાલ કર્યો કે તમે આ ઉંમરે પણ તમારી પત્નીને "ડાર્લિંગ, પ્રિયે, વહાલી" જેવા શબ્દોથી બોલાવો છો એનું રહસ્ય શું છે?

https://suratiundhiyu.wordpress.com/

ડોસો: સાચું કહું, હું એનું નામ ભૂલી ગયો છું અને એને પૂછવાની મારી હિંમત નથી

Tamil guy takes his girlfriend on a dinner date.
Guy: My dinner treat! Come to Babu Ganeshan.
Girl Friend: Come to what?
Guy: Babu Ganeshan, I say.
Girl Friend: I don't know this place. I'll come to your house & you take me there.
Guy: You don't know Babu Ganeshan? Wokay, I'll take you there.
Girl Friend and Guy both reach Babu Ganeshan.
Girl Friend: Damn you idiot!!! It's pronounced as "Barbeque Nation...!"

તમને બાળપણની આ કડી ખબર હશે
કાકાએ કાકીને કહ્યુ કે કાળા કબાટમાંથી કાચી કેરી કે કાંદો કાઢી કચુંબર કર...
અને આજે આ નવી કડી...
બબીતાની બીજી બેબી બેબો બીજા બાબાની બા બની...

મોટેરા સ્ટેડિયમનું નામ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવામાં આવ્યું.
તાજમહેલનું નામ “હીરાબાની હવેલી” રાખવાની વાત ચાલે છે...

**24**મીથી મોટેરા પર શરુ થતી ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડ હારશે, ઈતિહાસ સાક્ષી છે જે મોટેરા સ્ટેડિયમ પર 24મી ફેબ્રુઆરીએ આવે તે હારે છે, જોઈએ તો ટ્રમ્પને પૂછી જુઓ...

લખુભાની રેડીમેડ કપડાની દુકાનની જમણી બાજુએ બીજાએ રેડીમેડ કપડાની દુકાન ખોલી અને મોટું બોર્ડ માર્યું “બેસ્ટ ડિલ”. લખુભાને તો ધંધામાં તકલીફ થઇ ગઇ. ત્યાં જ થોડા દિવસમાં તેમની દુકાનની ડાબી બાજુએ બીજા એક ભાઈએ રેડીમેડ કપડાની દુકાન ખોલી અને જમણી બાજુવાળા કરતાં પણ મોટું બોર્ડ માર્યું “એકદમ ઓછો ભાવ”. લખુભા હવે બરાબર મૂંઝાઈ ગયા. તેમણે તખુભાને વાત કરી. એટલે તખુભાએ કહ્યું લખુભા તું ગભરાય છે શું કામ? જો હું શું કરું છું. તખુભાએ બીજા દિવસે પેલા બંને કરતાં મોટું બોર્ડ માર્યું “મેઈન એન્ટરન્સ”!

પત્નીએ કહ્યું, “ફ્રી બેઠા હોય તો કપડા ધોઈ કાઢો, નહિ તો હું ધોઈ કાઢીશ”, બોલો હવે આમાં શું સમજવાનું?

લખુભાના પત્નીની ડિલીવરી પછી લખુભાને દાયણે બહાર આવીને સમાચાર દીધા, બાપુ, દીકરો આવ્યો...
લખુભા મુછને વળ ચડાવતાં બોલ્યા, બાપુને ત્યાં દીકરો જ હોય...
વરસ પછી ફરી દાયણે સમાચાર દીધા, બાપુ, દીકરો આવ્યો.....
લખુભા ફરી મુછને વળ ચડાવતાં બોલ્યા, બાપુને ત્યાં દીકરો જ હોય....
પછીના વરસે દાયણે સમાચાર દીધા, બાપુ, દીકરી આવી.....

https://suratiundhiyu.wordpress.com/

લખુભા એવા જ તોરમાં મુછને વળ ચડાવતાં બોલ્યા, લખુભાની નો હોય...........

પંકચરવાળો જયારે ટ્યુબ ખોલીને એમ કહે કે ટ્યુબ બદલવી પડશે ત્યારે સાલું એમ લાગે કે ડીલીવરી નોર્મલ થઇ શકે એમ હતી પણ સિઝેરિયન કરી નાખ્યું...

અમદાવાદી બકાએ એની ગર્લ ફ્રેન્ડને 5 ફૂટ ઊંચું *ટેડી* ગિફ્ટ આપ્યુ. બેનપણીની મમ્મી એ *ટેડી*માંથી રૂ કાઢીને 4 ઓશિકા બનાવ્યા, “End of valentine”

એક માણસ લેડીઝ પાર્લરના વેટીંગરૂમમાં મેગેઝીન વાંચતો હતો. એક સ્ત્રી આવી અને એના ખભા પર હાથ મુકીને બોલી, “ચાલો, જવું છે ને?”. આટલું સાંભળતાં જ પેલા માણસને પરસેવો છૂટી ગયો અને ધીમેથી બોલ્યો, “હું પરણેલો છું અને પત્ની પણ સાથે છે.” એટલે પેલી સ્ત્રી બોલી, “અરે,ધ્યાનથી જુવો, એ તો હું જ છું”.

લોકો કહી રહ્યા છે કે કોરોના વધી રહ્યો છે, તો વધે જ ને કોરોના હવે 1 વર્ષનો થઇ ગયો..

લખુભાએ  એમની દુકાનની બહાર બોર્ડ પર લખ્યું હતું, અમારે ત્યાં લગ્નની દરેક વસ્તુ હંમેશા રેડી મળે છે. એ વાંચીને બાપુ દુકાનમાં ગયા.
લખુભા: બોલો, શું બતાવું? સૂટ, જૂતા કે રજવાડી સાફો?
બાપુ: એ બધું તો પછી, પહેલા કન્યા તો બતાવો...

રાફેલ= ફ્રાંસ
બુલેટ ટ્રેન= જાપાન
યુનિટી સ્ટેચ્યુ= ચીન
મેઇક ઇન ઇન્ડિયા= ટોઇલેટ

પત્ની: સાંભળો છો! આજે આપણા લગ્ન કરાવનાર મહારાજ ગુજરી ગયા
પતિ: કોઇને કોઇ દિવસે એને એના કર્મોનું ફળ અવશ્ય મળવાનું જ હતું!

સાંજે બહાર આંટો મારવા નીકળ્યો અને જોયું કે બધી દુકાનોના બોર્ડમાં એક શબ્દ તો અંગ્રેજીનો હતો. જેવા કે સંજય સર્વિસ સ્ટેશન, અજય મેડીકલ સ્ટોર, વિજય કોપી સેન્ટર, બબલુ હેરકટિંગ સલુન, શિવા બાર એન્ડ હોટેલ, ગણેશ લોજ, જ્યોતિ હોસ્પિટલ વગેરે. માતૃભાષાની આ દશા જોઇને મન ખિન્ન થઇ ગયું. પછી એક બોર્ડ જોયું જે માતૃભાષામાં હતું તે જોઇને ભારતીય હોવાનો ગર્વ થયો, “દેશી દારૂની દુકાન”. મનમાં દેશભક્તિ જાગી અને અંદર ધુસી ગયો...

રઘલો લોહી લુહાણ હાલતમા શેરીને નાકે પડયો પડયો કણસતો હતો. લોકો ભેગા થયા. એમાથી કોઇ બોલ્યુ"હાલો આને એના ઘેર તો પહોચાડિયે...
રઘલો: હજી ભંગવી નાખવોસ.!(ટ્યુબ લાઇટ બૈરીએ ધીબી નાખ્યો હતો)

https://suratiundhiyu.wordpress.com/

જિમ જોઈન્ટ કરવા માટે એક છોકરી ગઈ.
ઇનસ્ટ્રક્ટરે પૂછ્યું: "બેન શું શીખવું છે?"
છોકરી: "ખાલી આઈબ્રો હલાવતા..!!"

કમ્પ્યુટર રીપેરર(ફોન પર): બોલો શું પ્રોબ્લેમ છે
ગ્રાહક: મારો મેલ નથી જતો...
કમ્પ્યુટર રીપેરર: તો નહાઈ લો, છતાં નહિ જાય તો ઠીકરું ઘસજો...

સુખ તમને એટલું જ મળશે જેટલું તમે પુણ્ય કર્યું હશે, પણ શાંતિ એટલી જ મળશે જેટલી ઘરવાળી ઈચ્છશે

સાલું એ સમજમાં નથી આવતું કે પુરુષો કુલરમાં પાણી ભરે છે, વજનદાર ગેસનો સીલીન્ડર ઊંચકે છે, માળિયામાંથી વજનદાર ડબ્બો ઉતારે, આવા બધા ભારી કામો કરે છે છતાં "આયોડેક્સ અને મુવ"વાળા કમરના દર્દની જાહેરાતમાં ફક્ત સ્ત્રીઓને જ બતાવે છે...

Never use GPS when going to cemetery. Not nice to here "You have reached your destination".

જે દિવસે પેટ્રોલના ભાવ નથી વધતા ત્યારે ગભરાટ થાય છે કે દેશનો વિકાસ અટકી તો નથી ગયો ને...

ડોકટર: તમને ગેરંટી આપું છું કે ઓપરેશન પછી ઘરે ચાલતા જશો!
ગીધુકાકા: કેમ, રિક્ષાના પૈસા પણ નહિ બચે?

લો, નવુ આવ્યુ... સારી પત્ની એટલે? જે પતિને ઘરકામમા મદદ કરે..!

Employee: Sir, Banta Singh is standing outside your cabin with a bunch of underwears in a basket!
Boss: Oh shit! I told him to debrief his team and meet me in 15 minutes

સુરતીઓનો પ્રોબ્લેમ શું છે કે તે કઈ સારું બોલવા જતા હોય, શુભેચ્છા પાઠવે તો આપણને ગાળ જેવું લાગે. એકવાર એક ભાઈ એના સુરતી મિત્ર ડોકટરના કલીનીકમાં એની સામે બેઠા હતા. ડોકટરે સિસ્ટરને બોલાવ્યા, સિસ્ટર આમ આવો ને અને પછી કહ્યું, "કેટલીવાર છે એની માને?". એ ભાઈ તો ચમકી ગયા કે દવાખાનામાં આ ડોક્ટર થઈને શું બોલે છે? પણ પછી ખબર પડી કે એ "એનીમા" આપવાની વાત કરતા હતા.

પોલીસ: તું પરણેલો છે?

https://suratiundhiyu.wordpress.com/

સાંતા: હા, એક સ્ત્રી જોડે!
પોલીસ(ગુસ્સે થઈને): તે કોઈ દિવસ સાંભળ્યું છે કે કોઈ પુરુષ જોડે પરણ્યું હોય?
સાંતા:  હા, મારી બહેન પરણી છે!

હનીમુનની રાતે કોઈએ દરવાજા ખટખટાવ્યા એટલે નવવધુ દોડીને ખાટલા નીચે સંતાઈ ગઈ.
પતિ: ખાટલા નીચે કેમ સંતાઈ જાય છે, બીવે છે શું કામ? બા છે ને!
નવવધુ: હટ તારીની, મને તો એમ થયું કે પોલીસની “રેડ” પડી!

લખુભા: બાપુએ મારા મોબાઇલમાંથી મારી ગર્લ ફ્રેન્ડનો પર્સનલ નંબર ચોરી લીધો.....
તખુભા: પછી શું થયું ?
લખુભા: એમાં થાય શું ? બાપુ પોતાની પત્નીને રોમેન્ટીક મેસેજ કર્યા કરે છે....

એક ભાઇ કાલે મારે ત્યાં ઉઘરાણી કરવા આવ્યા. વાત વાતમાં અંગ્રેજી તહેવાર અને વ્યવહાર ના વાંક કાઢવા માંડ્યા, અંગ્રેજીના સખત વિરોધી. મે વિરોધ કર્યો કે અમુક કામ તો અંગ્રેજી વગર ના પતે. પણ એક ના બે ન થયા. પછી મે એમને *ચેક* આપ્યો એમાં તારીખ *જેઠ સુદ છઠ્ઠ સંવત 2076* લખી, હવે તે સ્વિકારવા તૈયાર નથી...

**शौहर किसे कहते हैं...जिसके सभी शौक हर लिए जाएं उसे शौहर कहते हैं.**

Height of Fashion: Lungi with a zip.
Height of Laziness: Asking lift for morning walk.
Height of Craziness: Get blank paper Xerox.
Height of Honesty: Pregnant woman taking 2 tickets.
Height of de-hydration: Cow giving milk powder.
Height of Stupidity: Looking through key hole of a glass door.
Height of Suicide Attempt: A dwarf jumps from the footpath on the road.
Height of friendship: It’s when your friend runs away with your wife ….And you are really worried for your friend!!
Height of Hope: A 99 yr. Old woman going for 295/-recharge to get lifetime incoming.
Height of Attitude: A Sleeping Beggar puts a Notice Board in front of Him. Please Do not make noise by dropping coins!! Use Currency notes.
Height Of Work Pressure: An Employee Opens His Tiffin Box On The Road Side To See, Whether He Is Going To office, Or Coming Back From office.

**टाइटन वोच और रोलेक्ष वोच**

https://suratiundhiyu.wordpress.com/

**टाइटन: तू भी वक्त बताता है और में भी वक्त बताता हु तो फिर तेरी इज्जत ज्यादा क्यों है?**
**रोलेक्ष: दोस्त तू इंसान को वक्त बताता है और में इंसान का वक्त बताता हु**

છોકરી: તું શું કરે છે?
છોકરો: પીએચડી
છોકરી: Wow! ડોક્ટરેટ
છોકરો: નાં, પીઝા હટ ડીલીવરી

સંતા: શર્ટ માટે સારામાનું કપડું બતાવ
સેલ્સમેન: પ્લેનમાં બતાવું?
સંતા: નાં, વાંદરાની ઓલાદ, હેલીકોપ્ટરમાં બતાવ

એક માનસિક રીસર્ચમાં પરણીત સ્ત્રી-પુરુષોએ થોડી અંગ્રેજી લાઈનોનું ભાષાંતર કરવાનું હતું. જેમાં એક હતી "I love you too". સ્ત્રીઓએ તેનો અનુવાદ કર્યો, “હું પણ તને પ્રેમ કરું છું”. જ્યારે પુરુષોએ અનુવાદ કર્યો, “ હું તને પણ પ્રેમ કરું છું”....આખરે પુરુષો આવા જ હોય છે.

બે વૃધ્ધ મિત્રો ખૂબ ક્રિકેટરસિયા ક્રિકેટના શોખીન હતા. એક મિત્ર મરણ પથારીએ હતો ત્યારે બીજો મિત્ર કહે છે, તું મર્યા પછી સ્વર્ગમાં ક્રિકેટ છે કે નહીં તે મને સપનામાં આવીને કહેજે.
થોડા દિવસ પછી મૃત્યુ પામેલ મિત્ર ખરેખર બીજા મિત્રના સ્વપ્નમાં આવ્યો અને કહ્યું, “એક સારા સમાચાર છે અને એક ખરાબ. ક્યા સમાચાર પહેલા કહું?". બીજા મિત્રએ કહ્યું, સારા પહેલા કહે.
મૃત્યુ પામેલ મિત્રએ કહ્યું, "આનંદની વાત એ છે કે સ્વર્ગમાં ક્રિકેટ છે." અને ખરાબ સમાચાર એટલે કાલની મેચમાં તને પણ સીલેક્ટ કર્યો છે..!

છોકરી(ચેટીંગ કરતી વખતે) : શું કરે છે?
છોકરો: 😗
છોકરી: આ શું છે?
છોકરો: માવો ખાઉં છું!

છોકરી(ચેટીંગ કરતી વખતે) : તારું નામ શું છે?
છોકરો : 👊
છોકરી: આ શું છે?
છોકરો: મુકો.....( કહેવાનો મતલબ મારું નામ મુકો છે)

**“एक धावक की तरह आइए, एक योगी की तरह बैठिए और एक राजा की तरह जाइए”, क्या ये जीवन के लिए लिखा है?**

https://suratiundhiyu.wordpress.com/

**जी नहीं ये एक सुलभ शौचालय के द्वार पर लिखा था।**

**जब से सरकार ने ये ऐलान किया है, सबसे पहले 50 वर्ष से बडी उम्र वालों को कोरोनावायरस का टीका लगेगा. तब से वो महिलाएं बहुत परेशान हैं जो हैं तो 50 वर्ष की, पर 35 पर रूकी हुई हैं.**
**अगर टीका नहीं लगवाती तो जान खतरे में और अगर टीका लगवाती है तो शान खतरे में..**

સંતા પાયલોટની કેબીનમાં ઘુસી ગયો અને હેડફોન છીનવી લીધો
પાયલોટ: તમે આશુ કરો છો?
સંતા: ટીકીટ અમે લઈએ અને ગીતો તમે સાંભળો...હવે તમારી ખેર નથી

સદાબહાર લોકો હંમેશા ખુશ જ રહે છે. કારણ? કારણ કે એ લોકો સદા બહાર જ હોય છે, ઘરમાં રહે તો મગજમારી થાય ને..!!

અનુભવ એમ કહે છે કે પત્ની પાસે હિસાબ માંગવો નહિ. આમ છતાં તે સામે ચાલીને આપે તો સમજવાનું કે આપણે આપવાના નીકળશે...

A man in USA sees a tiger attacking a girl. He fights the tiger and tiger dies.
Local newspapers report, “Local hero saves girl from Tiger”
Man says I am not American.
Report changed, “Foreign hero saves girl from Tiger”
Man says actually I am Pakistani
Breaking news, “Terrorist killed innocent Tiger which was playing with girl”
Reputation matters....

વન વિભાગને એક અરજી મળી.
બાપુ: મારે ઘરે “એક વાઘણ છે”, તો તેની ઉપર કાર્યવાહી કરશો..?
વન વિભાગ: બાપુ, જ્યારે લાવ્યા ત્યારે વન વિભાગ પાસેથી NOC લીધી હતી?
બાપુ: પણ લાવ્યો ત્યારે તો ગાય હતી..!!

કાલ સુધી તો એકદમ સારું હતું, રાતે જમ્યા, અમારી સાથે બેસીને વાતો કરી...
ખબર નૈ કેમ? અચાનક(સોશિયલ મીડિયા છોડીને) જતા રહ્યા? બહુ ઉતાવળ કરી.
હજી ક્યાં ઉંમર હતી..??

https://suratiundhiyu.wordpress.com/

એક ભાઈને મે પુછ્યુ,"તમારી ટાલ વારસાગત છે?".
હા ભાઈ, મારા સસરાને પણ હતી, બધી મા-દીકરીઓ ટાલ પાડી નાખે છે...

અમેરિકાના એક હાઈ સિક્યુરીટી એર બેઇઝ પર એક નાનું અપરિચિત વિમાન ઉતર્યું એટલે વાયુસેનાના જવાનોએ તેને ઘેરી લીધું અને તેના પાયલોટને પકડી લીધો. પાયલોટે કહ્યું કે મેં લાસવેગાસથી ઉડાન ભરી અને થોડીવારમાં ફ્યુઅલ ખલાસ થઇ ગયું એટલે અહી ઈમરજન્સી લેન્ડીગ કરવું પડ્યું. વાયુસેનાએ એ માણસની પૂરેપુરી તપાસ કરી એટલે એને આખી રાત ત્યાં રહેવું પડ્યું. તપાસમાં તે નિર્દોષ લાગ્યો એટલે એને ચેતવણી આપીને છોડી દીધો. બીજે દિવસે એજ વિમાન પાછું એરબેઇઝ પર ઉતર્યું. પ્લેનમાંથી પાછો એ જ માણસ કુદીને ઉતર્યો અને વાયુસેનાના સૈનિકોને કહ્યું કે "તમારે મારી જોડે જે કરવું તો તે કરજો પણ પ્લેનમાં બેઠેલી મારી પત્નિને કહી દો કે ગઈ કાલે રાતે હું ક્યાં હતો?"

દર્દી: દાકતર સાહેબ, હું ઉભો થઇ, વાંકો થઇ, ડાબો પગ ઘૂંટણમાંથી વાળી સીધો કરું પછી જમણો પગ ઘુટણમાંથી વાળીને સીધો કરું ત્યારે કમરમાં દુઃખે છે.
ડોક્ટર: તારી માં પૈણવા આવું કરે છે? પછી કહે છે કેડમાં દુઃખે છે...
દર્દી: તો પછી સાહેબ, મારે જાંગીયો કેવી રીતે પહેરવો?

Latest rumours is that, "Nirav Modi, Lalit Modi and Vijay Mallya have formed a new company called "HINDUSTAN LEAVERS"...

આજ ના સમાચાર: ઇલેક્શન અને કોંગ્રેસ શાંતિપૂર્ણ રીતે પતી ગયા...

ટીચર: તમારા બંનેના જવાબ કેમ એક સરખા છે?
જીગો: સાહેબ, સવાલ પણ એક સરખો હતો એટલે...

પત્ની પાસે કઈ માંગો અને એ કહે કે "ત્યાં" જ પડ્યું છે", તો એ "ત્યાં" ઘરના ટેબલથી લઈને દસ માઈલ સુધીની કોઈપણ જગ્યાએ હોઈ શકે

બે દિવસ પહેલાં જ બાપુને 'સત્યના પ્રયોગો' વાંચી. ખૂબ પ્રેરણા મળી.
નક્કી કર્યું કે ગાંધીજીની લાઈફનો પ્રથમ ગુણ 'સત્ય'નો અમલ કરવો જ છે.
ગઈ કાલે પત્નીને સત્ય કહી જ દીધું કે સાંજે બનાવેલું ઊંધિયું સાવ બકવાસ અને ભંગાર હતું.
આજે બાપુને ગાંધીજીની લાઈફના બીજા ગુણનો અનુભવ થઈ રહ્યો છે, ઉપવાસ...

પત્ની: એય, સાંભળો છો..? આજ આપણા લગ્નને પાંચ વર્ષ પૂરા થઈ ગયા...
પતિ: વાહ..! તો નવેસરથી ચૂંટણી થશે કે આજ સરકાર રહેશે......???

બાપુ બેંકમા કેશિયરનો ઇન્ટરવ્યૂ આપવા ગયા...

https://suratiundhiyu.wordpress.com/

ઇન્ટરવ્યૂ લેનાર: આપને એકાઉન્ટનો કેટલો અનુભવ છે?
બાપુ: ગામમા ગમે તેના લગ્ન હોય છેલ્લા પાંચ વર્ષથી ચાંદલો હું જ લખુ છું...!!

ભગવાન તો દેખાતા નથી તો વિશ્વાસ કેવી રીતે કરું?
સુંદર જવાબ: "શ્રદ્ધા વાઇ-ફાઇ જેવી હોય છે. દેખાતી નથી પણ જો સાચો પાસવર્ડ નાખો તો કનેક્ટ થઇ જાય

પતિ(લગ્નની પહેલી રાતે): તું મારી મમ્મી સાથે એવી રીતે જ રહે જે રીતે હું તારી મમ્મી સાથે રહું છું
પત્ની(બીજા દિવસે સવારમાં): મમ્મી, એક કપ ચા બનાવી દેજો અને નાસ્તામાં આલું-પરોઠા બનાવી દેજો. બની જાય પછી મને બુમ મારજો એટલી વારમાં હું નહાઈ ધોઈને તૈયાર થઇ જાઉં...

ભણતો હતો ત્યારે એક મૂંઝવણ હતી: બાયોલોજીના સર કહે *સેલ* એટલે શરીરનાં *કોષો*, ફિઝિક્સનાં સર કહે *સેલ* એટલે *બેટરી*, ઇકોનોમિક્સ નાં સર કહે *સેલ* એટલે *વેચાણ*, અંગ્રેજીનાં સર કહે *સેલ* એટલે *મોબાઇલ*, ઇતિહાસનાં સર કહે *સેલ* એટલે *ટિયર ગેસ*, ભણવાનું જ છોડી દિધું. જો શિક્ષકો જ એકમત ના હોય ત્યાં ભણીને શું ફાયદો ! લગ્ન કર્યા પછી સાચું જ્ઞાન મળ્યું, જ્યારે પત્નીએ બતાવ્યું કે *સેલ* એટલે *ડિસ્કાઉન્ટ*..!!!

પતિ ઓફીસ જવાની તૈયારી કરતો હતો....
પત્નીએ કહ્યું,"એય 2000/- આપતા જાઓ મારે બ્યુટીપાર્લર જવું છે.
પતિએ દરિયાદીલી દાખવતા 5000/- આપતા કહ્યું, "આ,લે 2000/-માં કઈ ના થાય"
તરત જ પત્નીએ ઝગડો ચાલુ કર્યો, "પતિને કાંઈ સમજાયું જ નહીં"
તમને કઈ સમજાયું? (ટ્યુબલાઇટ-પત્ની ખાસ દેખાવડી ન હતી, વધારે ટ્રીટમેન્ટ માંગે)

વકીલ ઈચ્છે, તમે મુશીબતમાં રહો,
ડૉક્ટર ઈચ્છે, તમે માંદા પડો,
પોલીસ ઈચ્છે, તમે ગુનામાં સપડાઓ,
મકાનમાલીક ઈચ્છે, તમે કદી પોતાનું ઘર ખરીદી જ ન શકો,
ડેન્ટીસ્ટ ઈચ્છે, તમારા દાંત સડી જાય,
મીકેનીક ઈચ્છે, તમારી કાર બગડી જાય,
એક માત્ર ચોર ઈચ્છે કે તમે જીવનમાં ખુબ પૈસા કમાઓ..અને તમને ખુબ સારી ઉંઘ આવે.

સુરતીલાલા એક મહારાજ પાસે જઈને કહેવા લાગ્યા: 'હમણાં કેવ, તે, ઓ મહારાજ, તું હાંભળતો છે કે? ગધેડા, મારે સંસ્કૃત હીખવું છે.'
મહારાજ : 'સંસ્કૃત શા માટે શીખવું છે વત્સ ?'
સુરતી : 'હહરીના, ઘેલફાડીયા, ચમના ! એટલી બી નીં ખબર ? સંસ્કૃત તો દેવ લોકોની ભાષા કે'વાતી છે. હું જો મરી ગિયા પછી સ્વર્ગમાં ગિયો તો, હમણાં કે'મ તેનું... સંસ્કૃત નીં આવડતું ઓહે તો કેમ ચાલહે ?'
મહારાજ : 'ઠીક છે, પણ મરીને નર્કમાં જશો તો ?'

https://suratiundhiyu.wordpress.com/

સુરતી: 'તો હહરીનું હુરતી તો આવડતું જ છે ને !'

ભુરો પત્ની સાથે સાળા માટે છોકરી જોવા ગયો..
પત્ની: તમને છોકરી ગમી ?
ભુરો: મને તો ગમી, પણ પહેલા આપણે ડીવોર્સ લેવા પડશેને...!

બીલ ગેટને એના યુરોપ ઓપરેશન માટે સી.ઈ.ઓ.ની જરૂર હતી. એણે જાહેરાત આપી. પાંચ હજાર લોકોને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા.
બીલ ગેટ: આમાંથી જે લોકોને "જાવા" લેન્ગવેજ નહિ આવડતી હોય તે જતા રહે. એમાંથી બે હજાર જતા રહ્યા પણ એક પટેલે વિચાર્યું કે મને "જાવા" નથી આવતી પણ ટ્રાય કરવામાં શું જાય છે?
બીલ ગેટ: જેની પાસે મેનેજમેન્ટની ડીગ્રી નહિ હોય એ જતા રહે. બીજા બે હજાર જતા રહ્યા. પણ પટેલે મનમાં જ કહ્યું કે હું તો સાત પાસ છું, પણ ટ્રાય કરવામાં શું જાય છે?
બીલ ગેટ: જે લોકોને કે જેમની નીચે સો માણસોએ કામ નહિ કર્યું હોય એ જતા રહે. બીજા પાંચસો જતા રહ્યા પણ પેલો પટેલ મનમાં વિચારે મારી હાથ નીચે તો દુકાનમાં ત્રણ માણસોથી વધારે માણસો છે નહિ પણ ટ્રાય કરવામાં શું જાય છે?
બીલ ગેટ: જે માણસોને ક્રોએશિયન કે સર્બિયન ભાષા નહિ આવડતી હોય તે જતા રહે. 498 લોકો જતા રહ્યા, પટેલ મનમાં વિચારે કે મને તો ઈંગ્લીશ પણ બરાબર નથી આવડતું પણ ટ્રાય કરવામાં શું જાય છે? ફક્ત બે માણસો રહ્યા, બીલ ગેટને એ બંને ભાષા નહોતી આવડતી એટલે તેણે કહ્યું તમે બંને હવે એક બીજા સાથે બે માંથી એક ભાષામાં વાત કરો. એટલે પટેલે બીજા ભાઈને પૂછ્યું, "કેમ છો?". બીજાએ કહ્યું, "એકદમ મઝામાં"...

ઈન્ટરવ્યું લેનાર: BMW લેવામાં તમને કેટલો સમય લાગે?
ડોક્ટર: ત્રણ મહિના
એમ.બી.એ.: છ મહિના
એન્જીનીયર: નવ મહિના
ગુજ્જુ: એક વરસ
ઈન્ટરવ્યું લેનાર: કેમ?
ગુજ્જુ: સાહેબ, આવડી મોટી કંપની ખરીદવી હોય તો એકાદ વર્ષ તો લાગે જ ને! (ગુજ્જુઓ નાના સપના જોતા નથી, જન્મથી જ અમે સાહસીક છીએ)

પત્ની: ફરી લોક ડાઉન આવી જાય તો સારુ...
પતિ: કેમ?
પત્ની: મને કામવાળી કરતા તમારું કામ વધારે ચોખ્ખું લાગે છે. કોઈ ખટ પટ નહિ, કોઈ પગાર આપવાની ચિંતા નહી, કોઈ ટકટક નહિ, 24 કલાક હાજર, રજાની ચિંતા નહિ અને "ઘરનું માણસ તો ખરું"...

https://suratiundhiyu.wordpress.com/

પત્ની: લો આ દુધની બોટલ,જરા મુન્નાને પીવડાવી આવશો. રસોડાનું કામ પતાવી પત્ની બેડરુમમાં ગઈ તો મુન્નો બોટલની નિપલમાંથી દુધ ચુસકી ખેંચતો હતો અને પતિ બોટલની સ્ટ્રોમાંથી વ્હીસ્કીની ચુસકી ભરતો હતો. પત્ની રોષે ભરાઈને પતિને વઢવા લાગી તો પતિ શાંતિથી બોલ્યો, "મુન્નો આખી બોટલ ખાલી કરે તો તને ખુશી થાય અને હું અરધી બોટલ ખાલી કરું તો તને ગુસ્સો ચડે, મને તારા આ બેવડા ધોરણ જ પસંદ નથી !

સ્ત્રીને ઉંમર અને પુરુષને કોઈ દિવસ આવક નહિ પૂછવી. એનું કારણ એ છે કે સ્ત્રી ક્યારેય પોતાને માટે નથી જીવતી અને પુરુષ ક્યારેય પોતાના માટે કમાતો નથી...

કોવિડ વેક્સીન લગાડેલ છોકરા માટે...
કોવિડ વેક્સીન લગાડેલી છોકરી જોઈએ છે, સંપર્ક આવકાર્ય...
તો સામે જવાબ આવ્યો કે હમણાં તો 60 વરસથી મોટી ઉંમરની છોકરી જ મળશે..
બોલો.. ચાલશે..? છે ઇન્ટરેસ્ટ..?

ડોક્ટર (કોરોના દરદીના સગાને): બસ, હવે પ્રાર્થના કરો. અમારા હાથમાં કંઈ નથી...!
દરદીના સગા: તમેય પ્રાર્થના કરજો. અમારી પાસે પણ કંઈ નથી...!

એકવાર બાપુ મિત્રો જોડે પીકનીક પર જતા હતા. બાપુના હાથમાં સ્ટીયરીંગ હતું. ગાડીના સામેના કાચમાંથી મિત્રોને કશું દેખાતું ન હતું. પરંતુ બાપુ તો ખાડાથી બચાવીને ગાડી કુશળતાથી ચલાવતા હતા.
મિત્ર: અરે બાપુ, સામે કાચમાંથી કશું ચોક્ખું દેખાતું નથી તો તમે કેવી રીતે ગાડી પરફેક્ટ ચલાવો છો?
બાપુ: શું બતાઉં, મારી ભૂલવાની ટેવને લઈને આજ સુધીમાં 1870 ચશ્માની જોડ મેં ખોઈ નાખી છે...
મિત્ર: બાપુ અમે તો ડ્રાઈવિંગ બાબતમાં પૂછીએ છીએ...
બાપુ: નાલાયકો એજ તો બતાવું છું. ચશ્મા બનાવી બનાવીને થાકી ગયો એટલે મેં ગાડીની આગળનો કાચ જ ચશ્માના નંબરનો બનાવી ફીટ કરાવી દીધો છે...

બાથરૂમમાં નહાવા જાઉં એ પહેલા સમાચારમાં સાંભળ્યું કે ઠંડીને કારણે ત્રણ જણાના મૃત્યુ એટલે પાછા કપડા પહેરી લીધા.
જીવતા હઈશું તો ઉનાળામાં નહાઈ લઈશું, કેમ બરાબરને?
નિત્યે નહાય એ નરકે જાય, માસે નહાય એ મહાપદ પાય,
વર્ષે નહાય એ વૈકુંઠ જાય, કદી નહિ નહાય એને ઘરે જમ નહિ જાય...

બેસણાની અંદર ખૂણામાં બેઠેલા ભાભીએ ભાઈને ઈશારો કરતા કહ્યું,
"ચાલો, ઉભા થાવ, જઈએ". એટલામાં તો અડધું બેસણું બહાર...

એક વાણીયાની દુકાન થોડી ઊંચાઈ પર હતી. ત્યાં એક મિયાભાઈ જોડે વાણીયાને બબાલ થઇ. હુંસાતુંસીમાં વાણીયાએ મિયાભાઈને ધક્કો માર્યો. મીયાભાઈ ઓટલા પરથી નીચે પડ્યા અને મરી ગયો. એટલે આજુબાજુના

https://suratiundhiyu.wordpress.com/

દુકાનવાળા વાણીયાઓ ભેગા થયા અને લાશનું શું કરવું તે વિચારવા લાગ્યા. એક વાણીયાએ આઈડિયા લડાવ્યો. ચાર વાણીયા મિયાભાઈના શબને મુસલમાનોના લત્તામાંથી  માથાપર રૂમાલબાંધીને જનાઝો કાઢીને ચાલવા માંડ્યું. મુસલમાનોના રીવાજ મુજબ એક પછી એક લત્તાનો મુસલમાન ઘરમાંથી નીકળીને જનાનાને કાંધ આપવા માંડ્યો. આ રીતે ચારે ચાર વાણીયા છુટા થઈને ઘરે પહોંચી ગયા. ત્યાં કબ્રસ્તાનમાં બધા મિયાભાઈ એક બીજાની સામું જોઇને પુછવા માંડ્યા, "મૈયત, તુમ્હારી હૈ?". પેલા કહે અપુન કો કિસકી મૈયત હૈ વો માલુમ હી નહિ, મેં ને  તો સિર્ફ જનાઝા કો કંધા દિયા"...

આજે આંતરરષ્ટ્રીય પુરુષ મૌન દિવસ છે. ચૂપ રહો ખુશ રહો.......

બેંકમાથી(ફોન આવ્યો): હું SBI બેન્કમાંથી કવિતા બોલું છું
બાપુ: આખી આવડતી હોય તો જ બોલજે...

ટીચર: દુનિયાના બે ઘાતક હથિયારના નામ લખો
ભુરીયાનો જવાબ: પત્નીના આંસુ અને બાજુવાળા ભાભીની સ્માઈલ...

હસવા અને હસાવવાનો મોકો શોધતા રહો નહિ તો પછી પાછલી ઉંમરે બગીચામાં જઈને લાફીંગ ક્લબમાં અર્થ વગરનું હસવું પડશે

બાપુની પડોશમાં સત્યનારાયણની કથાની આરતી ચાલતી હતી. આરતીની થાળી બાપુ સામે આવતા બાપુએ ખિસ્સામાંથી દસ રૂપિયાની એક ફાટેલી નોટ કોઈ નહિ જુવે તેવી કાઢીને થાળીમાં નાખી દીધી. ત્યાં સારી એવી ભીડ હતી ત્યાં જ પાછળથી એક માજીએ બાપુના ખભાને થપકાવીને બે હજાર રૂપિયાની નોટ આપી. બાપુએ એ નોટ આરતીમાં મૂકી દીધી અને પોતે ફાટેલી દસની નોટ મુકેલી તે બદલ થોડી શરમ પણ લાગી. બહાર નીકળતી વખતે બાપુએ માનપૂર્વક માજીને હાથ જોડ્યા અને કહ્યું તમે તો ખુબ જ મોટા દિલવાળા છો...
માજી:  બાપુ, આ તો તમે જયારે ખિસ્સામાંથી દસની નોટ કાઢી ત્યારે તમારી બે હજારની નોટ નીચે પડી ગયેલી તે મેં તમને પાછી આપી, "હરામનું ખાઇએ તો પાપ લાગે". બોલો, બાપુએ રાતથી કશું ખાધું નથી...

ગગો: હું કંઈ પણ કામ શુરૂ કરું એમાં મારી પત્ની આડી જ આવે છે
ભગો: ટ્રક ચલાવ, કદાચ તારું નસીબ કામ કરી જાય

ટીચર: વહેલું કોણ ઉઠી જાય છે?
ભૂરો: સાહેબ, હાલમાં તો બેંકો...

જીગો: એલા, તને આપડી જોડે હતી તે મનિષા યાદ છે?
મનીયો: હા..હા... બટકી કહેતા 'તા આપડે...
જીગો: અને જીગલી?

https://suratiundhiyu.wordpress.com/

મનીયો: હાસ્તો ને... પેલો  જયલો એની પર લબડતો, પેલી ભાવ નો'તી દેતી, પણ આજે આ કેમ યાદ આચી??
જીગો: ટણપા, આ બધીયો તને પંદર વરસે ય યાદ છે અને બે મહિના પહેલા અઠવાડીયાનું કહીને પાંચ હજાર ઉછીના લઇ ગયો હતો, તે યાદ નથી આવતું !... ટણપા...

પતિ: તને કેટલી વખત કહ્યું છે કે રાંધતી વખતે વોટ્સએપ નહિ જોવાનું
પત્ની: કેમ? શું થયું?
પતિ: કઢીમાં બિલકુલ સ્વાદ નથી, નથી મીઠું, નથી હળદર, સાવ ફીકી થઇ છે
પત્ની: મેં પણ તમને કેટલીવાર કહ્યું છે કે જમતી વખતે મોબાઈલ આઘો રાખો, એ કઢી નહિ પણ છાસ છે...

ગીધુકાકા તેમના મિત્રને કહેતા હતા કે "આખી ઉંમર બીતા રહ્યા, પહેલા મા-બાપથી, પછી ટીચરથી, પછી બોસથી અને પછી મોતની બીકે ભગવાનથી...
મિત્ર: તમે પત્નીનો ઉલ્લેખ નહિ કર્યો?
ગીધુકાકા: બીકના માર્યા નહિ કર્યો...

બાપુ ટાઇટ બુટ પહેરીને નીકળ્યા, માંડ માંડ ચલાતું હતું.
એ જોઈ ને ગીધુકાકા બોલ્યા: ઓન લાઇન લીધા?
બાપુ(ગુસ્સામાં): ના, ઝાડ ઉપરથી તોડ્યા...
ગીધુકાકા: તો તો બાપુ કાચા તોડી લીધા, પાકવા દીધા હોત તો..!!

કોઈને શું ખબર પડે સ્ત્રીઓનું દર્દ? નોટબંધીમાં સંતાડેલી નોટો બહાર આવી ગઈ અને વેકસીનમાં ઉંમર...

મિસ્ત્રીએ ઘરમાં સારું સુથારી કામ કર્યું તેનાથી ખુશ થઈને એક સજ્જને મિસ્ત્રીને એક હજાર રૂપિયા બક્ષિશ આપતા કહ્યું કે સાંજે ભાભીને સિનેમા લઇ જજે અને પછી કોઈ સારી હોટલમાં ખાવા લઇ જજે.
સાંજે સજ્જનના ઘરનો ડોરબેલ વાગ્યો. બારણું ખોલીને જોયું તો મિસ્ત્રી નવા કપડા પહેરીને આવ્યો હતો.
સજ્જને મિસ્ત્રીની ઉપરથી નીચે જોઇને પૂછ્યું, "બોલો મિસ્ત્રી, શું કામ પડ્યું?"
મિસ્ત્રી: તમે કહેલું એટલે ભાભીજીને લેવા આવ્યો છું...

બકો: ક્યાં છે તું જીગલા? કેમ ક્યારનો ફોન ઉપાડતો નથી?
જીગો(ધીમા અવાજે): લેક્ચરમાં છું...
બકો: શું વિષય છે?
જીગો: ઘરમાં જ છું અને હું જ વિષય છું...

છોકરી(ચેટીંગ કરતી વખતે) : તું યોગા કરે છે?
છોકરો: 😜

https://suratiundhiyu.wordpress.com/

છોકરો: અરે યાર, આ શું છે?
છોકરો: બાબા રામદેવ(એમના યોગા કરું છું)

અકબર: ચાની ભૂકી અને પતિમાં શું સરખું છે?
બીરબલ: જહાપના, બંનેના ભાગ્યમાં બળવાનું અને ઉકળવાનું લખ્યું છે અને તે પણ સ્ત્રીના હાથે...

પત્નીઓ ફળ જેવી હોય છે. કોઈ આંબા જેવી મીઠી, કોઈ કેળાના છોડ જેવી ઉંચી, કોઈ સફરજન જેવી લાલ, કોઈ ચીકુ જેવી રસ ભરેલી, કોઈ પપૈયા જેવી ગરમ, કોઈ મોસંબી જેવી ખાટીમીઠી. તકલીફ પુરુષોમાં જ છે, હરામખોરોને ફ્રુટસલાડ જ જોઈએ...

એક કુંવારાએ ન્યુઝ પેપરમાં જાહેરાત આપી, “લોહી તો ખુબ છે, લોહી પીવાવાળી જોઈએ છે”

A Villager was workingin Mumbai and did nto meet his wife for 4 years while his wife was in their native place. At the end of 4 years he distributed sweets to his colleagues in office stating that his wife had delivered a son. His colleagues were quite shocked and they asked how's this "Happy event" happened,when he had not seen his wife for four years...
The man said it is common in der village that neighbour's take care of the wife when men are away. The confusd colleagues askd"How will you decide the surname for your children?"
The man explained, "If its the Second Neighbour who has taken care, then the name would be "DWIVEDI"...
If it is the Third Neighbour then it would be "TRIVEDI"...
If it is the Fourth Neighbour then it would be "CHATURVEDI"...
If its the Fifth Neighbour then it would be "PANDEY"...
After listening to this, questions followed,"What if it is a Mixture of Neighbours ?"
"Then the boy would be named "MISHRA"...
"And what if the Wife is Too Shy to tell the name of the neighbour ?"
Then it would be "SHARMA"...
"But what if She Refuses to Divulge the Name of the Neighbour ?"
Then the name of the child would be "GUPTA"...
"If She Does Not Remember the name then ?'
"It is YAADAV"...
"But who knows whether the child resulted from a Rape ?'
Then it will be named "DOSHI"...

https://suratiundhiyu.wordpress.com/

"Finally, if the child happened because of Wife's Burning Desire ?"
Then he will be named "JOSHI"...
"And if the Whole Village had made Efforts for the Happy Arrival ?"
"DESHPANDEY"

વિચારવા જેવું: સ્ત્રી બધું સહન કરે, પુરુષ સ્ત્રીને સહન કરે...તો મહાન કોણ?

ગયા વરસથી આવુજ થાય છે
પગાર વધારવાનો મહિનો આવે
એટલે તરત *કોરોના વધે* છે.

સિંહ જ એવું પ્રાણી છે સાહેબ જે એની ઘરવાળી સિંહણથી ડરતો હોય છે...
અર્થાત...
તમે તમારી ઘરવાળીથી ડરતા હોવ તો તમે સિંહ છો...

ગઈ કાલે જુના કાગળો જોતો હતો જેમાં પત્નીનો આંઠમાં ધોરણનો રીપોર્ટ કાર્ડ હાથ લાગી ગયો. માર્ક્સની નીચે રીમાર્કસ વાંચીને આશ્ચર્ય થયું, "મૃદુભાષી અને શાંત છાત્રા". પત્ની તરફ ધ્યાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે આ એક જ રોકાણ છે જે જોત જોતામાં ડબલ થઇ ગયું...

બાપુ સત્સંગમાં ગયા હતા...! સત્સંગ પત્યા પછી ગુરુજીએ પૂછ્યું, "સ્વર્ગમાં કોને કોને જવું છે...??". બધાએ હાથ ઊંચો કર્યો, પણ બાપુએ હાથ ઊંચો ના કર્યો...!
ગુરુજીએ નવાઈથી પૂછ્યું: બાપુ સ્વર્ગમાં નથી જવું...??
તો, બાપુ બોલ્યા: ગુરુજી, ઘરેથી વોર્નિંગ છે કે સત્સંગ પતે એટલે સીધા ઘરે આવી જજો, ક્યાંય જતા નહીં...!!

**पता ही नहीं चला कब सुई चुभी, लेकिन जब उस सुंदर नर्सने कहा...**
**28 दिन के बाद आना अंकलजी. कसम से बहुत दर्द हुआ...**

પેલું ચાઈનીઝ પિચકારીનાં બહિષ્કારવાળું ક્યારથી શરૂ કરવાનું છે ? આ તો હોળી આવી રહી છે તો થયું યાદ કરાવી લઉં !

સૌથી સમજુ તો આપણો કોરોના છે. જ્યાં ચૂંટણી હોય ત્યાં કોઈને નડતો નથી. ક્રિકેટ સ્ટેડીયમમાં કનડતો નથી. ચૂંટણી પતે એટલે પાછો આવીને પોતાની ડ્યુટી સંભાળી લે છે. રાત્રે બાર વાગ્યા પછી કોઈ ફરવા નીકળે તો એને વળગી જાય...

https://suratiundhiyu.wordpress.com/

અમદાવાદની મેચમાં એક લાખ કરતા વધુ ટીકીટો વેચાઈ, સંપૂર્ણ સ્ટેડીયમ ફૂલ. પ્રેક્ષકોની સેફટી માટે કોરોના સ્ટેડીયમમાં આવી શકે નહિ તે માટે સત્તાવાળાઓએ કોરોનાને બેસવાની કે ઉભા રહેવાની જગ્યા જ રાખી નથી...

અમદાવાદમાં કોરોનાનો નવો સ્ટેન્ટ આવ્યો, લોકોમાં ગભરાટ....
જેનું નામ છે "ઈચ્છાધારી કોરોના"...
એક લાખ લોકો સ્ટેડીયમમાં ભેગા થાય ત્યારે કોરોના સરકારની ઈચ્છા મુજબ ત્યાં નહિ જાય(સરકારનું માનવું છે), પણ જ્યાં 5/10 લોકો હોટલમાં હશે તો ઘુસી જશે...

મંદિરની આરતી પછી પુજારી પ્રસાદ આપતા હતા, મારી હથેળીમા પણ બે ટીપાં નાંખ્યા. મે કીધું પુજારીજી આતો કડવું છે.
પુજારી: ડફોળ, સેનેટાઈઝર છે. પ્રસાદ આપવાનો તો હજી બાકી છે...

મનીયો: દાદા તમારે હવે આધાર કાર્ડ શું કામ કઢાવવું છે ?
દાદા: ઇચ્છા મૃત્યુંમા હયાતીનો દાખલો અને મસાણે ઓળખ માંગે છે એટલે...

કાલે એક મિત્રે પૂછ્યું, વેક્સીન લગાવતી વખતે ફોટોગ્રાફર ત્યાંજ મળે છે, કે સાથે લઈ જવો પડે છે..??
બોલો..

સખત ગરમી શરુ થશે પછી કોરોના વાયરસ ખલાસ થઇ જશે, બસ એવું જ કઈ સિદ્ધ થયું કે લગ્ન કરાવ્યા પછી છોકરો સુધરી જશે...

એક મિત્રએ ભાજપની જીતનું ટુંકમાં રહસ્ય સમજાવ્યું- ભાજપ પાસે શ્રી હનુમાન જેવા ભકતો અને કોંગ્રેસમાંથી આવેલા વિભિષણોની મોટી ફોજ છે

નાના હતા ત્યારે પપ્પા પાસે બંદૂક લાવી આપવાની જીદ કરતાં હતા. જેમાં લાલ ચાંદલાવાળી ટીકડી મૂકી ફોડતા હતા. જે માત્ર દિવાળીમાં જ ફૂટતી હતી. હવે મોટા થઈ ગયા એટલે પપ્પા એ લાલ ચાંદલાવાળી જ લાવી આપી, જે દરરોજ ફૂટે છે..!!

ભોજન સમારંભ ચાલી રહ્યો હતો.એક જૈફ કપલ એક બાજુ બેઠું હતું,એવામાં બાપુ તેમની પાસે આવ્યા અને પુછ્યું, "તમે લોકોએ જમી લીધું.?"
દાદા: ના
બાપુ: કેમ નથી જમ્યા ?

https://suratiundhiyu.wordpress.com/

દાદા: દાંતનુ ચોકઠું ઘરે ભુલીને આવ્યો છું એટલે આ તમારા દાદી કહે કે તમે ના જમો તો મારાથી કેમ જમાય ? એટલે અમે નિરાંતે બેઠા છીએ. બાપુએ પોતાના કોટના જમણા ખીસામાંથી એક ચોકઠું કાઢીને દાદાને આપ્યું અને કહ્યું, “આ ટ્રાઇ કરી જુવો, દાદા ચોકઠું ચઢાવે છે અને કહે આ તો ઢીલુ પડે છે...
બાપુ: કાઇં વાંધો નથી કોટના બીજા ખીસામાંથી બીજુ ચોકઠું કાઢીને આપે છે. આ ચઢાવો જોઇએ? દાદા બીજું ચોકઠું ચઢાવે છે, પછી કહે કે આ તો કઠે છે, નહી ફાવે..
બાપુ: કોઇ વાંધો નહીં, લો આ ચઢાવો જોઇએ અને દાદાને એ ચોકઠું એકદમ ફીટ પડી ગયું. જાવો હવે નિરાતે જમી લો . ચાલો હું જાઉ છું..
દાદા: પણ આ તમારૂ ચોકઠું કયાં પહોંચાડુ?
બાપુ: એ તમારી પાસે જ રાખજો, મારી પાસે તો આવા ઘણા ચોકઠાં છે...
દાદા: પણ તમે આટલા બધા ચોકઠાં લાવો છો કયાંથી?
બાપુ: આ મારી એક જાતની લોકોને મદદ કરવાની સેવા છે. હું નિવૃત માણસ છું. સ્મશાનમાં અને કબ્રસ્થાનમાં આંટાફેરા કરૂ છું. ઘરડા માણસો જે મરણ પામે તેને અવલમંજીલે પહોંચાડે તે પહેલા હું તેમના સગાની પરવાનગી સાથે મરનારના મોઢામાથી ચોગઠું કાઢી લઉં છું અને સાફ કરીને ખીસ્સામાં રાખીને ફરુ છું. જયાં જયાં ભોજન સમારંભ કે હોટેલોમાં તમારા જેવા ચોગઠુ ઘરે ભુલીને આવે તેને તેના માપનું ચોગઠું પહેરાવી દઉં છું, મને ખુશી મળે છે.

અમદાવાદની આજની મેચમાં 1 લાખથી વધુ ટિકિટ વેચાઈ સંપૂર્ણ સ્ટેડિયમ ફૂલ. કોરોનાને બેસવા કે ઊભા રહેવા જગ્યા નહિ મળી એટલે કોરોના સ્ટેડિયમમાં આવ્યો નહિ. કોઈ ને કહેતા નહિ ખાલી આપણે 3 જ જણ જાણીએ હું, તમે અને આખું ગામ...

મને આજે ખબર પડી કે દરેક હિન્દીનું પ્રોપર ગુજરાતી થતું નથી.
એક નેતાએ સભામાં કહ્યું કે 'આપકે અચ્છે દિન આયેંગે'
એક માજીએ કહ્યું, “હિન્દી નહીં ગુજરાતીમાં બોલ..”
એટલે નેતાએ કહ્યું કે,  'માજી તમારે સારા દિવસો આવશે'
બધી માજીઓએ અને પબ્લીકે બરાબર પીટાઇ કરી...

જમાઇ(સાસુને): સાસુમા, તમારી દીકરી મને ખુશ નથી રાખતી
સાસુ: જમાઈરાજ, નશીબની વાત છે. અહિયાં તો એનાથી આખો મહોલ્લો ખુશ હતો...

અંબાલાલ: ગીધુકાકા, આ કોરોના કેસો ઘટાડવા શું કરવું જોઇએ ?
ગીધુકાકા: તાત્કાલિક લોકસભાની મધ્યસત્ર ચૂંટણી જાહેર કરી દેવી જોઈએ. ત્યારબાદ બધી વિધાનસભાની મધ્યસત્ર ચૂંટણી જાહેર કરી દેવી જોઈએ. ત્યારબાદ તાલુકા પંચાયત , જીલ્લા પંચાયત , મહાનગરપાલિકા.....
“કોરોના” ચૂંટણીથી ખૂબ ગભરાય છે અને ચાલ્યો જાય છે...

84 લાખ જીવમાંથી 83,99,999 જીવ કપડા નથી પહેરતા. એક માણસ જાત જ કપડા પહેરે છે છતાં નાગાઈનો પાર નથી

https://suratiundhiyu.wordpress.com/

સ્કૂલ ટીચર : તમારો છોકરો સ્કૂલમાં બહુ તોફાન કરે છે, સ્કૂલે આવીને મળી જાવ
બાપુ: એ તો ઘરમાં પણ તોફાન કરે છે, અમે કોઇ દિવસ તમને ઘરે બોલાવ્યા..??

પત્ની: ચાવીને ખાવ તો લોહી સારું બને
પતિ: હવે તારે લોહી પણ સારી ક્વાલીટીનું પીવું છે...

તહેવાર તો બધા કુંવારા જ મનાવે છે બાકી પરણેલા તો બૈરા મનાવવામાંથી જ ઊંચા નથી આવતા...

બાપુને ડોકટરે ન્યુરોલોજીના ડોક્ટરને રીફર કરતા કહ્યું, “બાપુ, એકવાર મગજના ડોક્ટરને બતાવો તો સારું”.
બાપુ(ઉઠતા ઉઠતા): મને તો એમ કે તમારી પાસે પણ હશે એટલે આવ્યો...

બાપુ કોવીડનો બીજો ડોઝ લેવા ગયા. ઘરે આવતી વખતે આખા રસ્તે બાપુને ઝાંખું દેખાવા લાગ્યું. ઘરે પહોંચીને બાપુએ વેક્સીનેશન સેન્ટર પર ફોન કર્યો અને વાત કરી પૂછ્યું કે, “એ સીધા ડોક્ટરને ત્યાં જાય કે પછી હોસ્પીટલમાં તરત દાખલ થઇ જાય?”. વેક્સીનેશન સેન્ટરવાળાએ કહ્યું કે તમારે કશું કરવાની જરૂર નથી, તમે તરત સીધા અહી આવીને તમારા તમારા ચશ્માં લઇ જાવ અને નર્સના ચશ્માં તમે ભૂલમાં પહેરી ગયા છે તે આપી જાવ. બીજા દર્દીઓને મોડું થાય છે.

ભાભી(બાજુવાળા): રોજ રોજ જાતે કપડાં ધુવો છો તો લગ્ન કેમ કરી નથી લેતા.??
જીગો: મારી શક્તિ આટલા જ કપડાં ધોવાની છે..!!

ડોક્ટર: હવે કેવી છે તમારી પત્નીની તબિયત?
પતિ: હવે સારું છે, આજે સવારે તો થોડો ઝગડો પણ કર્યો...

એક દુકાનદાર સ્ત્રીને સાડીઓ દેખાડતા દેખાડતા થાકી ગયો..
આખરે પોતાનો ગુસ્સો કાબુમાં રાખીને બોલ્યો, “મને અફસોસ છે કે હું તમારી પસંદની સાડી ના બતાવી શક્યો”.
સ્ત્રી: કાંઈ વાંધો નહિ, આમ પણ હું શાકભાજી લેવાજ નીકળી હતી..!!

પતિએ 2010માં કાર લીધેલી, પત્નીએ 4 લાખના ઘરેણા લીધેલા. આજે કારની રીસેલ વેલ્યુ એક લાખ છે અને પત્નીના ઘરેણાથી રીસેલ વેલ્યુ 16 લાખ રૂપિયા છે. ઉપદેશ: પત્નીઓને શોપિંગ કરતા કોઈ દિવસ રોકશો કે ટોકશો નથી..

બાલમંદિરથી લઈને કોલેજ સુધી બધું જ ભણાવવામાં આવ્યું, "ત્રિકોણ" "ગુરુકોણ" "લઘુકોણ" "ષટકોણ", પણ આપણું "કોણ" એ તો આ જીવન જીવતા ગયા અને શીખતા ગયા...

https://suratundhiyu.wordpress.com/

મુલ્લાએ બીબીને ગોળી મારીને મારી નાખી. જો કે તેની બીબીએ ફક્ત એટલું જ કહ્યું હતું કે હું હવે “શાન અને શૌકત” સાથે જીવવા માંગુ છું. હવે મુલ્લા શાન અને શૌકતઅલીને મારવા માટે શોધે છે!

પાર્થ: આ રાત્રી કરફ્યું શું છે?
માધવ: હે પાર્થ, ચૂંટણીમાં જે મૂઢતા પ્રદર્શિત કરવામાં આવી તેનો “કરફ્યું” પશ્ચાતાપ એક શાશક કરે છે, પણ એને પૂછો તો કહેશે કે “મને નથી ખબર”.
પાર્થ ચિંતા નહિ કર, અહી શાશકો પહેલા સમસ્યા ઉભી કરે છે અને પછી તેને સુલઝાવવાનો દેખાવ કરે છે, તે દેખાવને એ લોકો રાત્રી કરફ્યું કહે છે.
પાર્થ: આવા પશ્ચાતાપમાં સામાન્ય માણસને કેમ સહન કરવું પડે છે?
માધવ: હે પાર્થ, જ્યાં ક્રિકેટ રમાય, ચૂંટણીની સભાઓ થાય ત્યાં કોરોના જઇ શકતો નથી. એવું કહેવાય છે કે કોરોનાને કોઈ ઋષિમુનીનો શ્રાપ છે. તું ગાંડીવ મુકીને, માસ્ક લગાવીને લડવા જા, દુર્યોધન તો શું કોરોના પણ તને ઓળખી નહિ શકે(વ્યાસજીની રફબુકમાંથી તફડાવેલુ)

લોકો રોજ નવું લાવે છે બોલો, “રાજા શેવિંગ કરતો નથી અને પ્રજાનું સેવિંગ થતુ નથી”

“Got vaccinated and lived Corona free” is as much a myth as "Got married and lived happily ever after"

છોકરો: બાપુ હું દસમી પાસ થઇ ગયો. આગળ ભણીને ડોક્ટર બનીશ અને કોરોનાની રસી બનાવીશ
બાપુ: ભગવાનની તો બીક રાખ, જે કોરોનાને લઈને તું પરીક્ષા આપ્યા વગર પાસ થયો છે તેની જ સાથે વિશ્વાસઘાત કરવાનું વિચારી રહ્યો છે...

સર્કસમાં એક લેડી પાંજરામાં જઇને સિંહને કિસ કરતી હતી.
રીંગમાસ્ટરે દર્શકોને પડકાર ફેંક્યો કે “છે કોઈનામાં હિંમત આવુ કરી શકવાની..?”
બાપુ: હું આવું પણ પહેલા આ સિંહને હટાવો...!

કાલે એક કથાકાર ઉપદેશ આપતા હતા કે લોઢું લોઢાને કાપે, હીરો હીરાને કાપે ત્યાં જ એક કુતરું તેમને આવીને કરડી ગયું, ઉપદેશ ખતમ...( મતલબ કુતરું કુતરાને કરડે)

ઘાયલ પતિને હોસ્પીટલમાં દાખલ કર્યો એટલે ડોકટરે એની પત્નીને બોલાવીને કહ્યું,
ડોક્ટર: તમારા પતિનો મેડીક્લેમ છે? તો ઈલાજ સારો થશે અને તમારે ખર્ચની ચિંતા નહિ રહે..
પત્ની: ડોક્ટર સાહેબ, ઈલાજ બીલાજ છોડો, મેડીક્લેમની મા નહિ પઇણો, બે કરોડની એલ.આઈ.સી. છે તેના ઉપર ધ્યાન આપો...

બે પીધેલા ઘરે જઈ રહ્યા હતા.

https://suratiundhiyu.wordpress.com/

પહેલો: જો સામે જો....સામે દીવાલ છે, ગધેડા સામે જો દીવાલ છે....ધડામ...એ લોકો દીવાલ સાથે અથડાય છે.
બીજે દિવસે હોસ્પીટલમાં પહેલો દારુડીયો બીજાને કહે છે: હું જોર જોરથી બોલીને તને કહેતો હતો કે સામે દીવાલ છે તો પછી સાંભળ્યું કેમ નહિ?
બીજો દારુડીયો: એ ડફોળ ગાડી તો તું ચલાવતો હતો...

કોરોના પણ કેટલો સમજદાર છે, “જયારે સરકાર ચાહે ત્યારે જ એક્ટીવ થાય છે”, વિરોધ પક્ષ કહે છે એ પણ ઈ.ડી./ઇન્કમટેક્ષની રેડથી ગભરાય છે...

આ કોરોના એના મામાના ઘરેથી પાછો આવતો લાગે છે, મારો બેટો આઇસ્ક્રીમની સિઝનમાં પાછા ઉકાળા નહિ પીવડાવે તો સારું...

સારું છે કોરોના 2020માં આવ્યો જો 2000માં આવ્યો હોત ને તો આખો દિવસ નોકિયા 3310માં નાગવાળી ગેઈમ રમી રમીને મદારી થઇ ગયા હોત...

સેનેટાઇઝર અને સાબુથી હાથ ધોતા ધોતા પૈસાવાળી રેખા ભુસાઈ જતી લાગે છે અને નહિ ધોઇએ તો આયુષ્ય રેખા ભુસાઈ જવાની બીક લાગે છે

સબસીડી અને કર્જમાફી ફક્ત ઉધોગપતિઓને મળશે, પેન્શન ફક્ત નેતાઓને જ મળશે, બાકી બધા લોકો “આત્મનિર્ભર” બનો...

ભરબજાર તરફ નજર કરો તો એવું લાગે છે કે કોરોના આવ્યો જ નથી. પણ ન્યુઝ ચેનલો જોઇએ તો એમ લાગે છે કે કોઈ જીવતો બચશે જ નહિ. સાલું શું ચક્કર ચાલે છે તે જ ખબર નથી પડતી.

એક કબીરનો દોહો યાદ આવે છે
ગરીબોને સબસીડી મળી, અમીરોને મળી “રીબેટ”
મિડલ ક્લાસ તમે ટી.વી. જુવો, તમને મળી છે “ડીબેટ”

ગ્રાહક: મને મચ્છર મારવાની દવા આપો
દુકાનદાર તેને દવા આપે છે
ગ્રાહક: આ દવાને કઇ રીતે ઉપયોગમા લેવી
દુકાનદાર: પહેલા એક મચ્છર પકડો પછી એને ગલીપચી કરો, ગલીપચી કરવાથી મચ્છર હસશે ત્યારે એના મોઢામા આ દવા રેડી દેવાની...

બાપુએ ઈલેકશનમાં નસીબ અજમાવ્યું અને એમને સમ ખાવા પુરતા ત્રણ વોટ મળ્યા.
બાપુએ પોતાને માટે સરકાર પાસે “ઝેડ પ્લસ” સિક્યુરિટીની માંગણી કરી.

https://suratiundhiyu.wordpress.com/

કલેક્ટર: બાપુ તમને ફક્ત ત્રણ વોટ મળ્યા છે તો તમને “ઝેડ પ્લસ” સિક્યુરિટી કેવી રીતે અપાય?
બાપુ: જે ગામમાં મારી વિરુદ્ધ આટલા બધા લોકો હોય તો મને “સુરક્ષા” મળવી જ જોઈએ...

સેલ્સમેન: મેડમ, આ પગ દબાવવાનું ઇલેક્ટ્રિક મશીન લઇ લો, એકદમ આરામ લાગશે
મેડમ: ના ભાઈ, મારી પાસે ઈલેક્ટ્રીક વગરનું સાદું મશીન વીસ વરસથી છે, નહિ પાવર વપરાય કે નહિ કરંટ લાગે...

હું મરી નથી ગયો, આ તો એક ઝોકું આવી ગયું હતું – કોરોના

કોઈના મરી જવા પર શહેરને બંધ થતું અમે ઘણીવાર જોયું છે
કોઈ મરી નહિ જાય તે માટે શહેરને બંધ કોરોનાએ દેખાડ્યું છે
વાત નાની છે પણ ખુબ વિચારવા જેવી છે
માસ્ક કફન કરતા ખુબ નાનું છે, કફન ઓઢવા કરતા માસ્ક પહેરીલો...

બાપુ: વેક્સિન લીધા પછી કેમ રહ્યુ?
રઘલો: આંખો લાલ થઇ ગઇ છે ને સતત પાણી નીકળે છે. નાકે અને ગાલે સોજા આવી ગયા છે
બાપુ: આટલી બધી આડઅસર?
રઘલો: ના બાપુ ના, રીએકશન નથી આવ્યું. આ તો ઘરે જરાક નર્સના વખાણ કરતો હતો એમાં ચકમક થઈ ગઈ...

મોદીજીને વિનંતી કે ફરી લોકડાઉન ના આપશો, પ્લીઝ. પહેલા લોકડાઉન માં કચરા/ પોતા / વાસણ / કપડા / સાથે બધું ઘરકામ અમો શીખી ગયા છીએ. એટલે કદાચ હવે અથાણા / પાપડ / વડી / બટાકા વેફર શીખવા પડશે, જે અમારી સહનશક્તિ બહારના કામ છે...(પતિ મંડળ)

બધા જ પુરુષો એક જેવા હોય છે એ કહેવત એક ચીની સ્ત્રીએ બનાવી હતી કે જેણે ભીડમાં પોતાનો પતિ ખોઈ નાખ્યો હતો(બધા ચીના સરખા જ દેખાય)

ટ્રાફિક પોલીસ: ચલાન કાપવું પડશે, નામ બતાવો...
ચંપક: **याज्ञ्यल्कवल्क्यदास  रामानुक्नस्मीजणचार्य  ययुत्सु**
ટ્રાફિક પોલીસ: આ વખતે છોડી દઉં છું, પાછો ફરીવાર સિગ્નલ નહિ તોડતો

હમણાં એક નવી સુંદર પડોશણ રહેવા આવી.
મેં એને ઈશારો કર્યો, તો એ કહે, “હું એવી નથી હોં...!”
મેં કહ્યું, “કંઈ વાંધો નહિ પણ અમારી ફરજ છે ચેક કરવાની...!”

https://suratiundhiyu.wordpress.com/

કાલે રાત્રે મને સપનું આવ્યું. હું રોડ ઉપર જતો હતો ને સામેથી કોરોના આવ્યો. કોરોના કહે હું તારામા પ્રવેશી જઈશ. મને બહુ ડર લાગ્યો પછી આઈડિયા આવ્યો ખિસ્સામાંથી ભાજપનો ઝંડો કાઢ્યો અને કીધું કે હું ચૂંટણીની રેલીમાં છું. પછી કોરોના ડરીને ભાગ્યો કોરોના આગળ અને હું એની પાછળ...

અમદાવાદમાં સ્ટેડીયમ છ રસ્તા પર એક માણસ લાલ સિગ્નલ હોવા છતાં સિગ્નલની દરકાર કર્યા વગર નીકળી ગયો. એનું જોઇને બીજા પાંચ પણ સિગ્નલ તોડીને નીકળી ગયા. એ પાંચે પાંચને આગળ ઉભેલા પોલીસોએ રોક્યા અને ચલાન ફાડયું. પેલા લોકોએ દલીલ કરી કે તમે અમારી પહેલા એક માણસે સિગ્નલ તોડ્યું તે માણસને કેમ જવા દીધો?
ઇન્સ્પેકટર: એ અમારો માર્કેટીંગનો માણસ છે. એ પાછો આવશે અને ફરીવાર સિગ્નલ તોડશે અને તમારા જેવા ચાર  પાંચ બીજા દંડાશે. કોરોનાને લઈને અમારો ટાર્ગેટ ડબલ થઇ ગયો છે તો પછી અમારે પણ રસ્તો તો કાઢવો પડે ને? નહિ તો નોકરી ગુમાવવી પડે...

અનુષ્કા(વિરાટને): vande matoram
વિરાટ: વંદે માતરમ
અનુષ્કા: ડોબા હું એમ કહું છું કે વન ડે માં તો રમ...

પહેલાં કોઈ મહેમાન આવતાં તો કહેતા ડરશો નહિ કૂતરાને રસી આપેલી છે
હવે મહેમાન આવે તો કહીએ છીએ, ડરશો નહિ અમને રસી આપેલી છે...

પતિ(પત્નીને): તું તૈયાર થવામાં ખુબ ટાઈમ લગાડે છે, જો હું તો બે મીનીટમાં તૈયાર થઇ ગયો...
પત્ની: મેગી અને શાહી પનીરમાં એ જ તો ફરક છે...

લગ્નના બીજા જ દિવસે અચાનક બાપુએ સવારના પહોરમાં પત્નીને પીટવાનું શરૂ કર્યું...
લોકો ભેગા થઈ ગયા, શું થયું, શું થયું?
બાપુ: આણે મારી ચામાં તાવીજ નાખી દીધું છે, મને વશમાં કરવા માટે, મારી માંથી મને જુદો કરવા માગે છે
બાપુની ઘરવાળી રડતાં રડતાં ગુસ્સામાં બોલી: 'સાલા, ગામડિયા, એ તાવીજ નથી, ટી બૅગ છે...

કેમ્બ્રિજ યુનિવર્સિટીના રિસર્ચરો દ્વારા 1000 અમદાવાદીઓ પર ધ્યાનપૂર્વક અધ્યયન કર્યા પછી એ નિષ્કર્ષ ઉપર આવ્યા છે કે ફાફડા-જલેબી ખાધા પછી ચા પીતી વખતે તમારો મિત્ર એકાએક ફોન ઉપર વાત કરવા માંડે તો એનો મતલબ છે કે પેમેન્ટ તમારે જ કરવાનું છે...

બાપુની ઘરવાળીને એક્સિડન્ટ થયો હાડકાંમાં ફ્રેક્ચર થયાં અને હોસ્પિટલમાં ઓપરેશન કરવાનું થયું.
રઘલો: ડોકટરે કેટલો ખર્ચો કીધો..?
બાપુ: બાર થી પંદર લાખ થશે...

https://suratiundhiyu.wordpress.com/

રઘલો: બાપુ એટલામાં તો બીજી બે નવી નક્કોર આવી જાય...
બાપુએ તો ઉપાડીને રઘલાને એક લાફો ઠોકી દીધો અને બોલ્યા, “પચાસ ટકા રૂપિયા જમા કરાવ્યા પછી સલાહ આપવા બેઠો છે? પહેલા મોઢામાંથી ફાટ્યો હોત તો..???

ભગવાન પાસે ઘણી સ્કીમો છે જેવી કે કોરોના, ભૂકંપ, વરસાદ, વાવાઝોડું, દુકાળ. મનુષ્ય પાસે એક જ સ્કીમ છે અને તે છે “કર્મ”

સંડાસ શબ્દની ઉત્પત્તિ કેવી રીતે  થયી ?
ઘણા વરસ પહેલા ગોરાઓ જ્યારે ભારતમાં આવ્યા ત્યારની વાત છે. ત્યારે ગોરાઓ રોજ જોતા હતા કે સૂર્યોદય થાય ત્યારે બધા ભારતીય પાણી ભરેલો લોટો લઈને ગામની બાહર ફૂલ સ્પીડમાં દોડતા દોડતા જાય. ગોરાઓને આ કોઈક પ્રથા જેવી લાગી અને આ પ્રથાનો સંબંધ સૂર્યોદય સાથે હોવાથી અને બધા જ ભારતીયો લોટો લઈને હાલતા ડોલતા દૌડીને જતા હોવાથી ગોરાઓએ આ ક્રિયાને sundance એવું નામ આપ્યું. અમુક દિવસ પછી ગોરાઓને આ ક્રિયાની પાછળની વાસ્તવિકતાની ખબર પડી પણ ભારતના લોકોને આ કામને આપવામાં આવેલું નામ સન ડાન્સ બહુજ ગમી ગયું અને એજ નામ ચાલુ રાખવામાં આવ્યું. એ જમાનામાં ઘણા બધા લોકો અભણ હોવાથી ધીમે ધીમે સન ડાન્સનો અપભ્રંશ થયીને આજ જે વાપરવામાં આવે છે એ સંડાસ. શબ્દની ઉત્પત્તિ થયી એવો ભાષાવિદોએ નિષ્કર્ષ કાઢ્યો છે...

**जली को आग कहते हैं, बुझी को राख कहते हैं, जिसका missed call देखते ही दारू उतर जाये, उसे better half कहते हैं।**

**ग़ालिब: मोहोबत्त की राहों में सिर्फ दर्द मिलेगा**
**संता: उन्ही रास्तों में ठेका खोलो बहोत चलेगा**

**अभी पड़ोसन दाल पका रही थी, मैंने खिड़की से तीन सीटियां मारी उसने कूकर उतार दिया. ना उसकी 'दाल' गली ना मेरी...**

Teacher: What is the full form of MATHS..
Student- Mentally affected teacher harassing student...

The only man who can control a woman without argument is a cameraman

પારસીની એક કોલોનીમાં સમાચાર આવ્યા કે ગમે ત્યારે કર્ફ્યુ લાગુ પડી શકે છે એટલે બધાજ પોત પોતાના વાહન લઈને પેટ્રોલ પંપે લાઇન લગાવીને ઉભા રહી ગયા. એટલામાં◌ં વયો વૃધ્ધ પેસ્તનજીકાકા આવ્યા અને

https://suratiundhiyu.wordpress.com/

બરાડ્યા, “ગધેડાઓ કર્ફયુ લાગુ પડવાનો છે તો પછી ટમારી ગાડીઓ કયાં ટમે ટમારા બેડરૂમમાં ફેરવશો??”
બધાજ પારસીઓએ પેટ્રોલની લાઇન તોડીને દારૂની દુકાને લાઇનો લગાવી દીધી...

બાપુ: જીવલા આજે "વિશ્વ જળદિવસ છે" પાણી બચાવવામાં તારૂ કોય યોગદાન ખરૂ?
જીવલો: હા બાપુ, પહેલા હું ડબલુ લઇને જતો હતો હવે ઢેફાથી રોળવી લઉ છું...

ચંપાને નિરાશ જોઇને એની મા ચંપીએ પૂછ્યું, “કેમ ઉદાસ દેખાય છે ચંપા?”
ચંપા: ચંપકે મને પ્રપોઝ કર્યું
ચંપી: એ તો ખુશીની વાત છે, તો પછી ઉદાસ કેમ દેખાય છે?
ચંપા: કારણ કે ચંપકે મને કહ્યું કે તે નાસ્તિક છે, એ નરકમાં પણ વિશ્વાસ નથી કરતો
ચંપી: તું એની જોડે લગ્ન કરી લે પછી આપણે બંને એને બતાવીશું કે નરક શું છે...

જીગો(તેની પત્નીને): પતિ અને પત્નીનો સંબંધ તો રોટલી અને શાક જેવો હોય છે. પતિ રોટલી છે, તો પત્ની શાક છે..!! પત્ની વિચારે છે કે જીગાની વાત તો સાચી છે. પણ પછી થોડીવારે પત્નીને યાદ આવે છે કે રોટલી સાથે તો 2-3 શાક હોય... ત્યારથી જીગલો ગાયબ છે. કોઈને મળે તો કહેજો "શાક" રાહ જોવે છે...

એક માણસ પડોશીની પત્ની ગુમ થઇ ગયાનો રીપોર્ટ કરવા પોલીસ ચોકીએ ગયો.
પોલીસ: પડોશીની પત્ની ગુમ થયાનો રીપોર્ટ તું શું કામ લખાવવા આવ્યો?
પેલો માણસ: સાહેબ, મારા પડોશીની ખુશી મારાથી બરદાસ્ત નથી થતી. એની પત્ની ગુમ થયા પછી એ સાલો ઘરે રોજ પાર્ટી કરીને જલસા કરે છે!

આ ફરી નવું આવ્યું હો,
શિયાળે *મેલેરીયા ભલો* ને ઉનાળે *ટાઢીયો તાવ*
ચોમાહે *ડેન્ગ્યુ* ભલો, પણ મારો *કૉરોના બારેમાસ*

શિયાળે *શાલ ભલી, ને ઉનાળે *સ્કાફ*
ચોમાસે *છત્રી* ભલી ને *માસ્ક* બારેમાસ...

ચંપાને પક્ષીઓની દુકાનમાં એક પોપટ ખુબ જ પસંદ આવ્યો.
ચંપા: આ પોપટની શું કિંમત છે?
દુકાનવાળો: ચંપાબેન આ પોપટ તમારે લાયક નથી
ચંપા: કેમ?
દુકાનવાળો: એ કોઠાની વેશ્યાઓ પાસે જ આજ સુધી રહ્યો છે એટલે સંસ્કારી નથી...
ચંપા: એ તો હું એને સુધારી દઈશ. મારે તો આજ પોપટ જોઈએ એમ કહીને ચંપાએ એ પોપટ ખરીદી લીધો.

https://suratiundhiyu.wordpress.com/

ઘરે આવી પોપટનું પાંજરું  દીવાનખાનામાં મુક્યું. એટલે પોપટ બોલ્યો, "નવો કોઠો છે, આ તો પેલા કોઠાઓ કરતા ઘણો જ સારો કોઠો છે. ચંપાને સારું નહિ લાગ્યું, છતાં ગમ ખાઈ ગઈ. થોડા વખત પછી એની બે છોકરીઓ આવી એટલે પોપટ બોલ્યો, "નવી છોકરીઓ આવી લાગે છે". ચંપાને ખુબ જ ગુસ્સો આવ્યો પણ મન મનાવ્યું કે પોપટને સુધરતા વાર લાગશે. સાંજે એનો વર ચંપક આવ્યો અને એણે જેવો ડ્રોઈંગરૂમમાં પગ મુક્યો એટલે પોપટ ચીસ પાડીને બોલ્યો, "ચંપક તું, અહિયાં પણ આવે છે". બસ તે દિવસથી ચંપકનો અત્તોપત્તો નથી...

કડવું પણ સત્ય છે. વૃધ્ધાશ્રમમાં કોરોનાનો ટેસ્ટ લેવા આવેલા ઈસમને એક વૃધ્ધએ ઉદાસ ચેહરે ફિક્કી સ્માઈલ આપતા કહ્યું, "વર્ષોથી ક્વોરેન્ટાઇન થયેલાઓને શું કોરોના થવાનો.. ?"

મુંબઈના અન્ડરવર્લ્ડના લોકોએ ધમકી આપી છે કે તેમના ધંધામાં સરકારની એન્ટ્રીને લઈને તેમણે મજબુર થઈને હડતાલ પર જવું પડશે

પુરાણો અનુસાર સાત મહાત્માઓ *ચિરંજીવી* છે
રાજા બાલી, અશ્વત્થામા, વેદ વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ
સૂચના: જો તમારું નામ ઉપરની સૂચિમાં નથી, તો માસ્ક અચૂક પહેરો, સ્વસ્થ રહો, સલામત રહો...

તમે માનો એટલું સહેલું નથી આ લગ્ન જીવન. ઘરે સાળો આવે તો પ્રેમ દેખાડવો પડે અને સાળી આવે તો પ્રેમ છૂપાવવો પડે...

બાપુનો છોકરો ડોક્ટર થયેલો. બાપ-દીકરાને બને નહિ કારણ કે બાપુનો સ્વભાવ ખુબ જ જીદ્દી. એક વખત બાપુ પડી ગયા, સાધારણ ઉઝરડો થયેલો. છોકરાને બતાવીને કહે આનો એક્સે કાઢી આપ. છોકરો કહે આ સાધારણ ઉઝરડો છે એક્સેની જરૂર નથી.  પણ જીદ્દી બાપુ માન્યા નહિ અને કહે તું આતો એક્સરે કઢાવી આપ.
છોકરો: આજે રવિવાર છે કોઈ એક્સરેવાળો ખુલ્લો નહિ હોય. તમે માનો નહિ બાપુ સીધા એરપોર્ટ બીજા દીકરા પાસે પહોંચી ગયા(ત્યાના એક્સરે મશીન પર બેઠા..)

2 new Hindi words have been proposed to be included in Oxford  dictionary....
1. **गुमशुदा-**(n)-state of being physically lost.
2. **शादीशुदा-**(n)-state of being physically, mentally & financially lost...

એક ગૃહિણીની ચીંતા, "લોકડાઉન ફરીને આવશે તો વળી પાછું એકડે એકથી બધુંજ એમને શિખવવું પડશે"

https://suratundhiyu.wordpress.com/

પત્ની: સાંભળો છો? તમારો રસીનો પહેલો ડોઝ લેવાઈ ગયો છે. ફરીથી જાઓ ત્યારે કહેજો કે આ બીજો છે. નહિતર દર વખતે બેસો ત્યારે તમને એમ કહેવાની જ ટેવ છે કે "આ પહેલો જ છે!"...

સંતાની ચેક બુક ખોવાઈ ગઈ એટલે બે દિવસ પછી એ બેંકમાં ગયો.
મેનેજર: હું તમને ચેતવણી આપું છું કે ચેક બુક હંમેશા સાચવીને રાખો કારણ કે કોઈ પણ તમારી બનાવટી સહી કરીને પૈસા ઉપાડી શકે છે
સંતા: હું મૂર્ખો નથી. મેં પહેલેથી જ બધા ચેકોમાં સહી કરી જગ્યા જ રહેવા નથી દીધી, એટલે ચેકમાં કોઈ મારી જગ્યાએ સહી કરી નહિ શકે

ખબર પૂછવા આવેલા બે મિત્રો ત્રણ કલાક સુધી હૉસ્પિટલથી ગયા નહી, એટલે, કંટાળીને પત્ની બોલી, “જે નર્સ માટે તમે બેઠા છો એના માટે આ તમારા ભાઇ પણ બે દિવસથી ડીસ્ચાજ લેતા નથી" અને આજે એ રજા પર છે...

બાપુ માનસિક રોગના નિષ્ણાંત પાસે ગયા
ડોક્ટર: બોલો શું પ્રોબ્લેમ છે?
બાપુ: મારી કોઈ સમસ્યા નથી, હું તો રાજા અકબર છું. બાદશાહને તે વળી કોઈ દિવસ સમસ્યા હોય ખરી? સમસ્યા તો મારી પત્નીને છે.
ડોક્ટર: એમની શું સમસ્યા છે?
બાપુ: એ સમજે છે કે એ બાપુની પત્ની છે...

એવું નથી કે અમેરિકા/ઇંગ્લેન્ડને આપણે નમસ્તે કરતા શીખવ્યું છે, એ લોકોએ પણ આપણને કામવાળી વગર કામ કરતા શીખવી દીધું છે

એક અમેરીકને દુનિયાભરના ચર્ચોની મુલાકાત લીધી. ચીનમાં ગયો અને ત્યાં તેણે ગોલ્ડન ટેલીફોન ચર્ચમાં જોયો અને ત્યાં લખ્યું હતું કે એક કોલના દસ હજાર ડોલર
અમેરિકન(પાદરીને): એક કોલના દસ હજાર ડોલર? એમાં શું સ્પેશીયલ છે?
પાદરી: એનાથી ડાયરેક્ટ સ્વર્ગમાં ફોન કરી શકાય છે
ત્યાંથી તે જાપાન, પાકિસ્તાન, શ્રી લંકા, રશિયા, જર્મની, ફ્રાંસ વગેરે જગ્યાએ ગયો જ્યાં ચીન જેવો જ ગોલ્ડન ફોન હતો અને નીચે લખ્યું હતું “એક કોલના દસ હજાર ડોલર”. ત્યાંથી તે ઇન્ડિયા આવ્યો. ઇન્ડીયામાં ચર્ચમાં એવો જ ગોલ્ડન ફોન હતો અને નીચે લખ્યું હતું, “એક કોલનો એક રૂપિયો”. એને નવાઈ લાગી એટલે એણે ચર્ચના પાદરીને પૂછ્યું કે બધે ગોલ્ડન ફોન પર એક કોલ કરવાના દસ હજાર ડોલર અને તમારે ત્યાં કેમ એક જ રૂપિયો?
ઇન્ડિયન પાદરી: તમે ઇન્ડીયામાં આવ્યા છો, પૃથ્વી પર ઇન્ડિયા સ્વર્ગ છે એટલે “એ લોકલ કોલ છે”...

Son: Why is 1st April celebrated as Fools Day ?

https://suratiundhiyu.wordpress.com/

Father: Because after paying all the taxes up to 31st March, we start working for the government again from 1st April......
Happy new financial year

My friendly neighbour Mr Sharma met me in the corridor and asked "sewage ka naala theek hua kya" ?
It took me a few minutes of headscratching before I figured he was asking if the Suez Canal had opened up again....

શિક્ષક: ત્રણ વિરાંગનાઓના નામ આપો જેની કાર્યપધ્ધિતમાં સમાનતા હોય?
જબાબ: સ્મૃતિ,હેમા,અને જયાપ્રદા આ ત્રણેયે બીજાના પતિ બઠાવી લીધા...

એપ્રિલ ફુલના લાંબાલચક મેસેજ પોસ્ટ કરતાં નહી. ફક્ત મારી ઘરવાળી મારું કહ્યું સાંભળે છે. એટલું લખો, અમે સમજી જઇશું *એપ્રિલ ફુલ.*

એક્કેય ગાંડાને કોરોનો થયો?, બેફામ, માસ્ક પહેર્યાં વગર ફરે છે. આવો એક સગાનો મેસેજ આવ્યો.
તો મેં રિપ્લાય આપ્યો, છતાંય તમારે ધ્યાન રાખવું..". તો મને બ્લોક કરી દીધો બોલો...

મોદીજીએ “પ્યાઝ” ના ભાવ ઘટાડવાનું કહ્યું
સીતારમન “વ્યાજ” ના ભાવ સમજી બેઠા...

શું ગજબ નો સમય બતાવ્યો છે કુદરતે, જે બીમાર પડશે તે એકલો રહેશે અને જે એકલો રહેશે, તે બીમાર નહીં પડે...

સોસાયટીની સભામાં  સેક્રેટરીએ ભાજપાના નેતાની સ્ટાઈલમાં કહ્યું: ચિંતા મત કીજીએ, આપકે અચ્છે દિન આયેંગે, “મેં હુના”
સોસાયટીવાળા એક ભાભી: હમેરે કુ હિનદી નહીં આવડતા હૈ, ગુજરાતી મેં હમજાઓ...
સેક્રેટરી: ચિંતા ન કરો ભાભી, તમારા "સારા દિવસો" આવશે, હું છું ને....
પછી બધા સોસાયટીવાળાએ ભેગા થઈને સેક્રેટરીને ધીબેડી  નાંખ્યો...!!!
એ સેક્રેટરી કોણ હતો?...મને ખબર નથી...

હોળી રમીને બાપુ શેરીમાંથી પસાર થતા હતા ત્યાં એક બહેને બાપુને બોલાવીને રોટલી આપી,  ત્યાં બાજુવાળા બેને પણ રોટલી લેવા બોલાવ્યા. બસ ત્યારે જ બાપુએ સોગંદ ખાધા કે હોળીમાં કોઈ દિવસ વધારે પડતા જુના કપડા પહેરવા નહિ કે જેથી ભિખારી જેવા લાગીએ...

https://suratiundhiyu.wordpress.com/

આઠ લાખ માણસ કોરોનાને લીધે મરી ગયા, પણ એકે ય ભુત બનીને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગનું ગળુ નથી દબાવતા, ને કુટુંબને નડવુ હોય તો તરત ધુણવા  મડે. મને તો ભુત ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો

એક 65 વરસના વૃદ્ધ: ડોક્ટર સાહેબ જોઈએ તેટલા પૈસા લેજો પણ મારો ઈલાજ એક સુંદર નર્સ પાસે કરાવજો.
ડોક્ટર: કાકા, તમે આ ઉંમરમાં આવી વાત કરો છો?
વૃદ્ધ: ડોક્ટર સાહેબ, તમે ખોટું સમજી રહ્યા છો. મારે બે છોકરાઓ છે. જો નર્સ સુંદર હશે તો બંને નાલાયકો સવાર સાંજ મારી ખબર કાઢવા આવશે. “રીસ્તા વહી સોચ નયી”.

વેક્સીનેશન કરાવ્યું હવે કોરોના નહિ થાય અને આનંદથી  જીવીશ એ લગ્ન કર્યા અને હવે આનંદથી જીવીશ જેવીજ  દંતકથા છે

રઘલો: સાલું માસ્ક વગર એક પણ ચોકી પાર નથી કરી શકાતી તો આ દારૂ ગુજરાતમાં ક્યાંથી ઘુસી જાય છે એ સમજાતું નથી??
બાપુ: મને ખબર નથી...

રઘલો: એરંડીયાનું તેલ હર્નિયા, ગઠીયા, કબજિયાત, ફાટેલી એડી, વાળને મૂળમાંથી ઉગાડવા, હાથ પગમાં બળતરા-સોજો, ચામડીના રોગ વગેરે 25 રોગનો વિનાશ કરે છે...
બાપુ: એર ઇન્ડિયાએ ખોટ ઓછી કરવા સાઇડ બિઝનેસ ચાલુ કર્યો લાગે.??

મેલેરિયાના મચ્છરે એના દીકરાને કહ્યું, કોરોનાનો ડિપ્લોમા કોર્સ કર એમાં કેરિયર છે. બાકી અમારી જિંદગી તો જિલ્લા પંચાયતના ધુમાડામાં પતી ગઇ...

એક દિવસ બાપુ બેભાન થઇ ગયા. એમના ભાનમાં આવ્યા પછી રઘલાએ પૂછ્યું, “બાપુ શું થ્યું કે બેભાન થઇ ગયા?”
બાપુ: તારી ભાભીએ એવો સવાલ પૂછ્યો કે તું પણ બેભાન થઇ જાય...
રઘલો: શું પૂછ્યું તું?
બાપુ: મને કહે કે તમે ગાડીમાં એ.સી.ચલાવો તેનું બિલ ઘરે આવે છે કે દુકાનમાં..??

હોળી અને ધૂળેટીમાં ફર્ક શું..?
મોજમાં આવી જઈ મસ્તી સાથે પાડોશન સાથે રંગે રમીએ તે ધૂળેટી...
અને ત્યાર બાદ આખું વર્ષ ઘરમાં જે ડખો ચાલે તે હોળી...!!

પત્ની: કોણ હતી એ..?
પતિ: મારી કોલેજની મિત્ર હતી
પત્ની: એ ધીમું ધીમું શું બબડી ગઈ..?

https://suratiundhiyu.wordpress.com/

પતિ: કાંઈ નહીં. એ તો એમ કહી ગઈ કે મારી સાથે લગ્ન કર્યા હોત તો હું તમને થેલા ઉપાડવા ના દેત...
પત્ની: વાયડીની હતી એ, લાવો આ થેલા મારા હાથમાં આપો...

પતિ: કબાટમાંથી 2000 રૂપિયાનુ બંડલ નથી મળતુ, એની ઉપર લાલ રંગનુ રબર ચઢાવેલુ હતુ...
પત્ની: લો... આ તમારૂ લાલ રંગનુ રબર... રબર વગર જાણે મરી જતા હોય એમ..

After Jaya Bacchan came to Kolkata to Support Mamta didi what is common between Mamta & Jaya Bacchan?
Both are earning for abhishek...

Persons after taking the dose of Covid vaccine:
American: Thank you nurse.
Britisher: God bless you baby.
Japanese:  I couldn't be more obliged sister
French: Grateful  to you for ever dear medic
Indian: Can I drink tonight 🤪😝😝😝😝

Teacher: What is the difference between science and art
Student: There is no medicine for corona as of now, that is science. Hospitals are charging lakhs of rupees for treatment of Corona even though there is no medicine, this is an art...

એક અમદાવાદી પોતાના સગાને છોડવા રેલવે સ્ટેશન ગયો. ટિકિટ બારી પર પ્લેટફોર્મ ટિકીટ માંગી, કલાર્કે પચાસ રૂપિયા માંગ્યા. અમદાવાદીએ નડિયાદની ટિકીટ માંગીને પંદર રુપિયા આપ્યા અને પ્લેટફોર્મ પર જતો રહ્યો. વાત અહીં પુરી નથી થતી, ટ્રેઈન ઊપડ્યા પછી ટિકીટ કેન્સલ કરીને પાંચ રુપિયા રીફંડ લીધું..!!

હવે તો માચુ  પણ આવા હાલરડા ગાશે....
લાલો મારો ડાહ્યો, માસ્ક પહેરીને નાહ્યો..
માસ્ક ગયો ખસી, પછી લેવી પડી રસી...
હલુલુલુ...ને...હાલા...

કોરોનાને પૂછ્યું કે તું બધાને ઘેર જાય છે, પણ ચુંટણી હોય ત્યાં કેમ જતો નથી.? તો કહે કે મને હજું 18 વર્ષ ક્યાં થયા છે??

કોરોનાની ધાક તો એવી બેસી ગઈ છે કે હમણાં મારા લેપટોપની સામે છીંક આવી તો, એન્ટી-વાઇરસ ઓટોમેટિક ચાલુ થઇ ગયું...!!

https://suratiundhiyu.wordpress.com/

બાપુએ નવા પેન્ટ-શર્ટ સીવડાવેલા તે પહેરીને ફરતા ફરતા એક જગ્યાએ પાર્ટી ચાલતી હતી ત્યાં પહોંચી ગયા. ખાવાની મસ્ત સુગંધ જોઇને બાપુ ખાવા બેસી ગયા. ખાઈને બહાર નીકળતા હતા ત્યાં જ એક ભાઈને શંકા ગઈ એટલે એમને ઉભા રાખ્યા.
ભાઈ: છોકરાવાળા છો કે છોકરીવાળા?
બાપુ: હું તો એક શિક્ષક છું. હવે અમારી ફરજ વસ્તીગણતરી કે ઈલેક્શન ડ્યુટીની જગ્યાએ કોરોનાને લઈને પાર્ટીઓમાં માણસો ગણવા માટે કરી છે. અમને કહેવામાં આવ્યું છે કે સો માણસોથી વધારે હોય તો પોલીસને બોલાવી લેવી. આટલું બાપુ બોલ્યા ત્યાં તો બાપુના હાથમાં કવર આપીને બધાએ હાથ જોડીને વિંનતી કરી કે છોકરીના બાપની ઈજ્જતનો સવાલ છે, આટલી વખત જવા દો...

બાપુ: તમેય વેકસીન લઈ લીધી. આમ તો દેખાવમાં 35 વર્ષના લાગો છો. સંતુર ઈફેક્ટ..?
છોકરી: વાયડીના 25 વરસની જ છું પણ હેલ્થ વર્કર છું એટલે પહેલા લીધી..!

કોરોના ચામાચીડીયા મે સે આવેલા હૈ તો ઊનકોં રાત મે જોવાતા હૈ તૌ રાત કા કરફ્યું કિયા હૈ. દિન મે ઊનકોં નહીં જોવાતા હૈ - વિજય રૂપાણી

કરફ્યુનું ય હવે ફાળા જેવું થઈ ગયું છે. એક શહેર લખાવે એટલે બાકીના શહેરોએ ય શરમે ધરમે લખાવવો જ પડે. લખો અમારોય એક અઠવાડિયાનો નાઈટ કરફ્યુ...

લોકડાઉન કરો તો વાંધો નઈ પણ 20 લાખ કરોડનું ફરી પેકેજ ના આપતા. હજી ગઈ વખત ના પડ્યા છે, પછી બધુ બંધ હોય ને અમારે ક્યાય વપરાતા પણ નથી...

પતિ વેક્સિન લઈ અને ઘેર આવ્યો...
પત્ની: કેવું લાગે છે, કઈ થાય છે...???
પતિ: ના કોઈ તકલીફ નથી, નર્સે વેક્સિન આપી ખબર પણ ન પડી...!!!
પત્ની: કોકની બાયુંની સોયું ય નથી લાગતી, અમારી તો વાતું ય ખૂંચે છે...!!!

પતિ: તે વેક્સીન લગાવી દીધી?
પત્ની: હા, લગાવી દીધી..
પતિ: ફેસબુક પર તો તે ફોટો અપલોડ નથી કર્યો?
પત્ની: ફોટા પાડીને રહેવા દીધો છે, ત્રીસ વરસવાળાની રસીનો વારો આવશે ત્યારે અપલોડ કરીશ...

હું સવારે વેકસીન લેવા ગયો તો નર્સે મને જોઇને કહ્યું, "તમારે વાર છે, અત્યારે 45ની ઉપરની ઉંમરવાળાઓનું ચાલે છે". વાઇફ ને ખબર પડી તો મારો સંતુર સાબુ ફેંકી દીધો બોલો..

https://suratiundhiyu.wordpress.com/

લગ્નના 15 K વધુ વર્ષ  પૂર્ણ કરેલા કોઈ પણ પુરુષને રસી લેવાની આવશ્યકતા નથી એવું સરકારે કહ્યું છે. કારણ પત્નીના બોલ સાંભળી સાંભળીને તેનો ઇમ્યુનિટી પાવર ખૂબ વધેલો હોય છે. એવું WHO એ સ્પષ્ટ કર્યુ છે. WHO = World Husband Organisation

ધૂળેટીના દિવસે એટલી બધી ધૂળેટી નહિ રમવી કે પોતાના જ ઘરમાં જવા માટે “આધાર કાર્ડ” બતાવવું પડે

નગરનાં રસ્તાઓ ભલે ને સૂમસામ છે, ટોળે ન વળો; સ્મશાને ટ્રાફિક જામ છે - મન્મથ

નોટબંધીથી મોદીએ જે લાઇનમાં રેવાનું ચાલુ કરાવ્યું હતું તે તે ઠેઠ સ્મશાન સુધી લાઇન પહોંચાડી છે

માસ્ક પહેરો, તમે સામાન્ય નાગરિક છો પ્રધાન નથી

જે રીતે "SMALLPOX"ને શીતળા માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે એ જ રીતે "CORONA"ને પણ સસરાનો દરજ્જો મળવો જોઈએ, હરામખોરે બધાના ચહેરા ઢંકાવી દીધા છે...

પત્ની(પતિને): સાંભળો છો, હવેથી “Quarantine Workout” બોલ્યા કરજો, “ઝાડું-પોતા” ખુબ જ મિડલ ક્લાસ જેવું લાગે છે...

મુખ્યમંત્રીને ફરવા માટે 190 કરોડનું વિમાન હોય, પ્રધાનમંત્રીને ફરવા માટે 9000 કરોડનું વિમાન હોય, કોર્પોરેટરોને ફરવા ફોર્ચ્યુનર હોય તો આ બધાનો ખર્ચો ઉપાડતી જનતાને જો સમયસર એમ્બ્યુલન્સ અને શબવાહિની પણ ન મળે તો પ્રજાએ આત્મમંથનની જરૂર છે...!

કોરોના હવે ગલી ગલી, ઘર ઘર જઈને શોધે છે કે થાળી કોણે કોણે વગાડેલી...

રાતે સુવાથી સવારે જાગવા સુધીનો રાત્રી કર્ફ્યું તો પછી સોસીયલ ડીસ્ટંટીંગ કોનાથી રાખવાનું? પબ્લીકથી કે પત્નીથી? પુછતા હૈ ભારત...

મહેરબાની કરી કોઈએ પોલીસ મારતી હોય એવી કલીપ વોટ્સએપ પર મુકવી નહિ. એવા વિડીયો જોઇને ઘરવાળી પરાણે ચીજ-વસ્તુઓ લેવા બહાર મોકલે છે...

બાપુ લોહીલુહાણ હાલતમાં પોલીસ સ્ટેશને પહોંચ્યા.
પોલીસ: શું થયું?
બાપુ: મારી બૈરીએ મને માર્યો
પોલીસ: કેમ?
બાપુ: બૈરીના મા-બાપ બહારગામથી આવ્યા હતા. બૈરીએ કહ્યું, “જાવ, એમના માટે કઈ લઇ આવો”.

https://suratiundhiyu.wordpress.com/

પોલીસ: એમા બૈરું કોઇ દિવસ મારે ખરું?
બાપુ: હું રિક્ષા લઇ આવ્યો એટલે...

જંગલમાં ચાલતા એક ભાઈને વાઘ સામો મળ્યો એટલે એ ભાઈ જમીનપર ચત્તાપાટ સુઈ ગયા. વાઘે પાસે આવીને એ ભાઈના કાનમાં કહ્યું, "હમણાં માણસોમાં કોરોના ચાલે છે, નહિ તો તારી બધી હોશીયારી કાઢી નાખતે"...

જૂનું: એકલા આવેલા એકલા જવાના...
નવું: સંપર્કમાં આવેલા બધા સાથે જવાના...

એક ભાઈને મેં પૂછ્યું તમે લોકડાઉનમાં શુ શીખ્યા?
તો તેમણે સહજ ભાવથી કહ્યું કે "કચરો કાઢતા કાઢતા આગળ જવાય ને પોતા મારતા મારતા પાછળ જવાય".

આજે દેશમાં બે જણાએ વ્હીલચેર પકડી રાખી છે એક મમતાએ હારના ડરથી અને મુખ્તાર અન્સારીએ મારના ડરથી...

કોરોનાની લહેર પૂર જોશમાં ચાલુ છે, તો લગન કે મેળાવડામાં જતા નહીં.
નહિતર રસ પૂરી ખાવાના ચક્કરમાં, કોક તમારા લાડવા ખાઈ જશે..
ટૂંકમાં, રસ પૂરી ખાવાની ઈચ્છા હોય તો પહેલા "પૂરી રસી" લઈ લેજો

પરીસ્થીતી એટલી ખરાબ છે કે કોઇ નો બર્થ ડે નો ફોટો મુકીયે તોય લોકો "ઓમ શાંતિ" લખી નાખે છે...

લગ્નમાં 100 માણસની મંજૂરી અને રેલીમાં કોઈ પ્રતિબંધ નહિ એટલે ગીધુકાકા કલેકટર પાસે ગયા અને પૂછ્યું કે "કંકોત્રીમાં જાનની જગ્યાએ રેલી લખીએ તો ગમે તેટલા માણસો લઇ જવાયને?"

ચેનલોવાળાએ કોરોનાનાં એટલાં બધાં લક્ષણ બતાવ્યા છે કે હવે તો ઉંઘ આવે તોય એમ થાય છે કે આ પણ કોરોનાનુ લક્ષણ તો નહી હોય ને..?

અહી કોલકત્તાના એક મહોલ્લામાં એક બંગાળી ડોશીમાં આટલા બધા દિવસોથી એમ જ માની રહી છે કે મોદી બંગાળી છે અને એનું પૂરું નામ "મોદી સરકાર" છે, જે રીતે પ્રદીપ સરકાર અને સુજીત સરકાર

હવે પંચાતની કેટેગરીમાં એક નવી પંચાત નો ઉમેરો થયો. તમે વેક્સિન લીધી?? જો હા પાડી તો .. બીજી પંચાત..
તાવ આવ્યો તો..??

રૂપિયાવાળા ડરે છે કે કોરોના ન થઇ જાય અને ગરીબો ડરે છે કે લોકડાઉન નહિ થઇ જાય...

https://suratiundhiyu.wordpress.com/

મેં મારી કામવાળીને કહ્યું, “વેક્સીન કરાવીશ તો જ ઘરમાં આવવા દઈશ”. આજે તેણે તેના પગ અને હાથનો વેક્સીન કરેલો ફોટો મોકલાવ્યો છે બોલો, હવે મારે શું કરું?

ડોક્ટર: તમારી સોનોગ્રાફી કરવી પડશે.
બાપુ: ડોક્ટર સાહેબ, હું મધ્યમ વર્ગનો માણસ છું, તાંબાગ્રાફી કે પિત્તળગ્રાફીમાં પતાવો તો મને પોષાશે, તો એમાંથી કઈ કરી આપોને યાર...

બૈરા લોકોમાં બુદ્ધિ તો બહુ જ હોય છે. ગઈ કાલે મને કહે વારંવાર હાથ ધુઓ છો ત્યારે સાથે એક બે વાસણ ધોઈ નાખતા હો તો?

અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં સંભળાયેલું એક વાક્ય, “સિવિલમાં જગ્યા નહિ હોય તો નાખી દો ખાટલા મોટેરા સ્ટેડીયમમાં, 700 કરોડનું સ્ટેડીયમ ક્યારે કામ આવશે?

દિકરો જન્મશે એ આશા પર પાંચ દીકરીઓ આવી. નોટબંધી, જી.એસ.ટી., બેરોજગારી, મંદી, અને મોંઘવારી. પણ વિકાસનો જન્મ થયો નહિ. છેવટે થાળીયું વગાડીને વાજતે ગાજતે કોરોનાને દત્તક લીધો, એ મૂઓ કપાતર નીકળ્યો......

જેટલી બીક કોરોનાથી લાગે છે એટલી બીક જો કર્મોથી લાગતી હોત તો તો પૃથ્વી સ્વર્ગ બની જતે

હવે જો  લોકડાઉન આવે તો સરકારને વિનંતિ છે કે ટી.વી. પર રામાયણ, મહાભારત ના દેખાડતા સીધું “ગરુડપુરાણ”  જ દેખાડજો એટલે ખબર પડે કે ક્યા કર્મની કેવી સજા મળે છે

ભલે લોકડાઉન પછી લગ્ન કરજો પણ કન્યા અત્યારથી જ જોઈ લેજો. કારણ કે બધા પાર્લરો બંધ છે એટલે ફસાસો નહિ...

થોડું કડવું સત્ય..
સુરતથી દિકરાએ ગામડે ફોન કર્યો: પપ્પા ગામડે એક મહિનો રહેવા આવીએ છીએ..
પપ્પા: બેટા, વહુ બેટાને ન લાવતો, આપણે ગામડે ન રહેવાની શરતએ લગ્ન કર્યા છે...

પતિ: લગ્નના સાત ફેરા લેતી વખતે તે વચન આપેલું અને સ્વીકાર પણ કરેલું કે તું મારો આદર કરીશ અને મારી તમામ વાતો માનીશ
પત્ની: તો શું કરું ત્યારે? આટલા બધા લોકોની વચ્ચે તમારી સાથે ત્યાં માથાકૂટ કરું?

પત્રકાર: બાપુ તમને હજુ પણ આશા છે કે તમે જેલમાંથી છુટી જશો ?
આસારામ: હા મને વિશ્વાસ છે, 370 મી કલમ નાબુદ થઇ છે તો હવે 376 મી પણ થશે..

https://suratiundhiyu.wordpress.com/

મારી પત્નીતો આરસની મૂર્તિ છે, આવું કોઇ કહે તો એની ઈર્ષા ન કરવી. કારણ કે ઘણા લોકો “દાળ”ને બદલે “દાર” અને “ગોળ”ને બદલે “ગોર” બોલતાં હોય છે.

માણસ ગમે તેવી તકલીફમાંથી નીકળી જશે પણ ત્યાંથી નહિ નીકળી શકે જ્યાં એની પત્નીએ તાજું તાજું પોતું માર્યું હશે

અમદાવાદના રાયપુર વિસ્તારમાં પખાલીની પોળ પાસે ‘લાંબા પાડાની પોળ’ આવેલી છે. તોફાન વખતે લાંબા પાડાની પોળના છોકરા તોફાન કરીને ભાગી જતા અને ખીજવાયેલી પોલીસના હાથમાં પખાલીની પોળના છોકરાઓ આવી જાય તેને માર ખાવો પડતો. ત્યારથી કહેવત પડી કે “પાડાના વાંકે પખાલીને ડામ” - વિનોદ ભટ્ટ

કોઇએ મને પૂછ્યું કે આકાશમાં તારા કેટલા છે..?
તો મેં એને પૂછ્યું કે ધરતી પર તારા કેટલા છે..?
બોલો બિચારો છોભીલો પડી ગયો...

એક મિત્રને વેલણથી બચવા માટે સલાહ આપી કે રોટી મેકર લઇ લે. 5-6 દિવસ પછી ફોન આવ્યો, “વોશીંગ મશીન કઈ કંપનીનું લેવાય?”

કોરોનાથી બચવા રોજ સવારે લસણ અને  મૂળા ખાવા. લસણ અને મૂળાથી આમ તો કોઈ ફાયદો નથી, પણ બીજા લોકો તમારાથી દૂર રહેશે...

ચિત્રગુપ્ત(યમને): તમે પૃથ્વી પર ગયાં હતા તો શું થયું?
યમ: મહારાજ, પૃથ્વી પર ઘણા લોકો માસ્ક પહેરીને ફરતા હતા. એટલે હું તમે આપેલી યાદીમાંથી ઘણાને ઓળખીં શક્યો નહિ. માટે હું એટલાને જ ઉપાડી લાવ્યો કે જેમણે માસ્ક પહેર્યા નહોતા...

મહામારીના એક વરસ પછી પણ દવાઓ નથી મળતી, એ માટે ડોકટરોને ગાળો નહિ આપો,
હોસ્પિટલોમાં બેડ નથી મળતા તો ડોકટરોને મારો નહિ, તમે ડોકટરોને મત નહોતો આપ્યો.
તમે હોસ્પિટલો માટે લડ્યા જ ક્યારે છો? તમે તો ફક્ત મંદિર-મસ્જિદ માટે જ લડ્યા છો...

એક સુરતી લાલો દાતણ લેવા ગીયો.
સુરતીલાલો: બેન, દાતણ કેમ આઈપા..?
દાતણવાળી: 10 રુપિયાની ત્રણ હળી...
સુરતીલાલો: કંઈ ઓછું કરહે ટો ટનેય લઇ જાવા...
દાતણવાળીએ પછી સુરતી લાલાને બરાબરની સુરતી સંભળાવી
સુરતીલાલાને હજુ એ નથી સમજાતું કે દાતણવાળીએ એને આટલી બધી ગાળો કેમ આઈપી...

https://suratiundhiyu.wordpress.com/

આ "ટમને હમજાયું..??, ટમેં હુરત આવો તો હમજન પડી જહે...

ટૂંકું ને ટચ: જો શ્વાસની અવરજવર ચાલુ રાખવી હોય તો માણસોની અવરજવર બંધ કરવી પડશે

સરકારે શિક્ષકોને મૃતદેહ ગણતરીની કામગીરી સોંપી. એક શિક્ષક મૃતદેહો ગણવા ગયા. સ્મશાને પહોંચ્યા. ગણતરી શરૂ કરી ત્યાં એક મડદું ઉભું થયું ને બોલ્યું કે સાહેબ તમે તો અમારે ઘરે વસ્તી ગણતરીમાં આવ્યા હતા, પછી અનાજ વિતરણમાં પણ આવ્યા હતા. કોરોના વેકશીનમાં પણ તમે જ હતા, ચૂંટણીમાં પણ તમે જ હતા. હવે પાછા મડદા ગણવા પણ તમે જ આવ્યા? સરકારને કહો કે કોક દિવસ છોકરાઓને ભણાવવાનું કામ આપે, નહિ તો ગુજરાત ભણશે ક્યારે? આટલું બોલી મડદું પાછુ સુઈ ગયું...

માખી અને મચ્છરના લગ્ન થયા. બીજા દિવસે માખી ખૂબ જ રડતી હતી. માખીની બહેનપણી એ આવીને પૂછ્યે શું થયું? માખી બોલી મેં રાત્રે ગુડ નાઈટ ચાલુ કરી દીધુ અને તારા જીજાજી ઉકલી ગયા...

A Medical Fact....

At one point Vijay Mallya had Piles of Cash.
Now the Cash has gone and only the Piles remain.
This condition is medically called King Fissure!!!

Patient: after vaccination can I be 100% safe??
Doctor: People wish you a happy married life at the time of marriage. It is similar assurance about the vaccination too. One should be lucky in either case...

સાહિત્ય પ્રેમી દુકાનદારની દુકાન પર બોર્ડ માર્યું હતુ કે જો તમે શુધ્ધ ગુજરાતીમાં વાત કરશો તો 10 % વળતર મળશે.
ગીધુકાકા: બે સુક્ષ્માતિસૂક્ષ્મ મુકુટ વિષાણુ આગમન-નિર્ગમન અવરોધક મુખોષ્ટનાસિકાદી રક્ષણાર્થ કર્ણદ્વય સમર્થીત વસ્ત્રપટ્ટીકા આપો ને...
દુકાનદાર: કાકા તમે અંગ્રેજીમાં બોલો તો 15 % વળતર આપીશ
ગીધુકાકા: બે માસ્ક આપોને...

ચંપા: તને ખબર છે પુરુષો બ્લુટુથ જેવા હોય છે
ચંપી: એટલે?
ચંપા: પત્ની સાથે હોય ત્યાં સુધી કનેક્ટેડ અને જેવી પત્ની દૂર જાય એટલે "સર્ચિંગ ફોર ન્યુ ડીવાઈસ"...

દારૂના બે પેગ પી લેવા...એની માને....દારૂ નો વહીવટ ઇઝી છે. રેમડેસીવીર મળવામા અઘરા છે.
નવો દારુ: રમ+દેસી(પોટલી)+બીયર = રમદેસીબીયર

https://suratiundhiyu.wordpress.com/

દેશનું સૌભાગ્ય તો જુવો પરીક્ષાઓ રદ થાય છે પણ ચૂંટણીઓ રદ નથી થતી....

આ તો સમય સમયની વાત  છે, હું  ભણતો ત્યારે મારી વખતે બોર્ડની પરીક્ષા અઘરી હતી. હવે બોર્ડને પરીક્ષા લેવી અઘરી થઇ ગઇ...

માત્ર બીમાર માણસોને ઓક્સિજન પૂરો પાડવામાં માણસ વિખેરાઇ ગયો. વિચાર કરો, આખી દુનિયાને ઓક્સિજન પૂરો પડવાની વ્યવસ્થા કેવી હશે. ઈશ્વરનો આભાર માનો અને એક વૃક્ષ વાવો...

કોરોનાથી આપણે પાગલ થઈ રહ્યા છે. આપણે ગાંડા થઈ ગયા છે. હું એક રેસ્ટોરન્ટનાં બાથરૂમમાં ગયો. મેં મારી કોણીથી દરવાજો ખોલ્યો, મેં મારા પગથી શૌચાલયની બેઠક નીચી કરી, મેં ચાવીથી પાણીનો નળ ફેરવ્યો, 20 સેકન્ડ સુધી સાબુથી મારા હાથ ધોયા, પછી બાથરૂમનો દરવાજો મારી કોણીથી ખોલ્યો અને પછી હું મારા ટેબલ પર પાછો ફર્યો. પણ........... મુતરવાનું તો ભૂલી ગયો..!!

બાપુએ કાર માટે બેંકમાંથી લોન લીધી. હપ્તા નહિ ભરાયા એટલે બેંકવાળા કાર લઇ ગયા. બાપુ ત્યારના વિચાર કરે છે કે લોન લઈને લગ્ન કર્યા હોત તો કેટલું સારું પડતે?

https://suratiundhiyu.wordpress.com/